# પુલ્પિટ હેલ્પસ

ભાગ - 3



રેવ. બી. એસ. પરમાર

75.

29BGP2

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

# Pulpit Helps

## પુલ્પિટ હેલ્પસ

ભાગ - ૩

ઉપદેશ માટે
ઉપયોગી
ઉદાહરણો

: સંકલનકાર :
રેવ. બી. એસ. પરમાર

: પ્રકાશક :
ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી
સાહિત્ય સેવા સદન,
અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૨૬૪૪૫૨૮૧

# Pulpit Helps

## પુલ્પિટ હેલ્પસ

ભાગ - ૩

ઉપદેશ માટે
ઉપયોગી
ઉદાહરણો

ભાગ-૩ પ્રથમ આવૃતિ નકલ ૧૦૦૦ ૧૯૯૮
ભાગ-૩ દ્વિતિય આવૃતિ નકલ ૧૦૦૦ ૨૦૦૬

કિંમત રૂા. ૩૫-૦૦

: મુદ્રક :
સ્ક્રીનડોટ પ્રિન્ટર્સ
૪, દિવ્ય વસુંધરા કોમ્પ્લેક્ષ, મીરઝાપુર કોર્ટની સામે,
મીરઝાપુર, અમદાવાદ-૩૮૦૦૦૧.
ફોન : ૫૫૪૪૬૬૨૯

## સ્વ. શ્રી મણીલાલ લાલશંકર ક્રિશ્ચિયન જીવન ઝરમર


શ્રી મણીલાલ લાલશંકર ક્રિશ્ચિયન


શ્રીમતી સાલોમીબહેન મોતીલાલ ક્રિશ્ચિયન

શ્રી મણીલાલ લાલશંકર ક્રિશ્ચિયનનો જન્મ ૮મી ઓકટોબર, ૧૯૧૦માં અમદાવાદ મુકામે થયો હતો. તેમના પિતાશ્રી દાહોદમાં દુકાળનાં સમયમાં સામાજિક તથા સુવાર્તિક કાર્ય કરતા હતા. તેઓએ મેટ્રિક સુધીનો અભ્યાસ કર્યો હતો. તેઓ મહેનતુ હતા. સાથે તેઓ પ્રેમાળ હતા.

તેઓનું અવસાન તા. ૨૫-૫-૧૯૭૭ના રોજ થયેલ હતું.

સાલોમીબહેનનાં પિતાશ્રી ઉપદેશક/સુવાર્તિક હોવાને કારણે અને બદલી થતી રહેતી હોવાના કારણે જુદા જુદા મિશન પરાઓમાં રહેવાની અને મિશન શાળાઓમાં શિક્ષિકા તરીકે કામ કરવાની તેમને તક મળેલી. પોરડા, પેટલાદ, બ્રુકહીલ, ગ્લેસ્પીપુર, પંડોળી વિગેરે જગ્યાંઓએ તેમણે શિક્ષિકા તરીકે કામ કરેલું હતું.

૧૯૩૭માં તેઓનું લગ્ન અમદાવાદ ખાતે શ્રી મણીલાલ લાલશંકર ક્રિશ્ચિયન સાથે થયું હતું. તેમને એક દીકરો અને એક દીકરી હતાં. તેઓને પોતાનાં બાળકો તરફ પુષ્કળ પ્રેમ અને લાગણી હતાં અને ખૂબ જ મુશ્કેલી ઉઠાવીને અને શિસ્તમય શિક્ષણ આપીને મોટા કર્યા, ભણાવ્યાં, લગ્ન કરાવ્યા અને જીવનમાં સ્થિર કર્યા. તેઓ શાંત સ્વભાવનાં ઉદારદિલના સન્નારી હતા. હંમેશા બીજાઓને મદદરૂપ થવા તૈયાર રહેતા.

તેઓનું અવસાન તા. સપ્ટેમ્બર ૫, ૧૯૯૦ના રોજ થયેલ હતું.

આ પુસ્તકના પ્રકાશન માટે રૂા. ૧૫૦૦૦/- શ્રી અને શ્રીમતી શ્રી પૉલ વિશ્વાસ તરફથી મળેલ છે. - આભાર.

## બે બોલ

પુલ્પિટ હેલ્પ્સ ભાગ-૩ની બીજી આવૃતિ ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી આનંદ સાથે સમાજના હાથમાં મૂકે છે. રેવ. બી. એસ. પરમાર સાહેબે આજ વિષય ઉપર કુલ પાંચ ભાગ આપણને આપ્યાં છે.

રેવ. પરમારસાહેબ અભ્યાસી વ્યક્તિ હતા. તેમના ખ્રિસ્તીબંધુમાં પ્રગટ થયેલા લેખો તેમના અભ્યાસની સાક્ષી પૂરે છે. તેઓના સંદેશા સાંભળવાની મને તક મળી હતી. ઉપરાંત મેથોડિસ્ટ ચર્ચ, શાહપુરના ચર્ચ બુલેટીનમાં પ્રગટ થતાં ટૂંકા તથા હૃદયસ્પર્શી મનનો ને વાંચવાની તક મને મળી હતી. તેઓ સ્વભાવે શાંત છતાં સરળ હતા. તેઓમાં રમુજવૃતિ ભારે હતી.

રેવ. બી. એસ. પરમારસાહેબ મેથોડિસ્ટ મંડળીના પાળક અને આગેવાન હતા. પરંતુ તેમના પ્રત્યે સમાજના તમામ લોકો આદર, માન ધરાવતા હતા. આંતરમંડળીની તમામ વ્યવસ્થામાં તેઓને હંમેશા માન સાથે સ્વીકારવામાં આવતા હતા.

પ્રભુના આ સેવકે તેઓને મળેલ તાલંતોનો ખૂબ સમજપૂર્વક ઉપયોગ કર્યો છે. આ દ્વારા તેમણે સમાજની ખૂબ મહત્વની સેવા કરી છે.

રેવ. પરમાર સાહેબના આ પુસ્તકને તમે આનંદથી વધાવી લેશો, ઉપરાંત તેમના બીજા પુસ્તકો પણ ખરીદીને વાંચશો અને બીજાઓને ભેટ આપશો. મારી આશાને ખાત્રી છે કે, પ્રભુમાં આ સેવકના આ પુસ્તક (પુસ્તકો) દ્વારા તેના વાચકોને અવશ્ય આશીર્વાદ પ્રભુ આપશે.

આ પુસ્તકના પ્રકાશન પેટે શ્રી પૉલ વિશ્વાસ (નૈરોબી) તરફથી સ્વ. સાસુ -સસરા શ્રીમતી સાલોમીબહેન મોતીલાલ ક્રિશ્ચિયન તથા સ્વ. મણીલાલ લાલશંકર ક્રિશ્ચિયનના સ્મરણાર્થે રૂા. ૧૫૦૦૦/- શ્રી જયંતભાઈ આર. દેસાઈ તરફથી રૂા. ૪૦૦૦/- તથા શ્રીમતી મેરીબહેન બી. પરમાર તરફથી રૂા. ૨૦૦૦/- મળેલ છે. જેઓનો આ સમયે આભાર માનું છું.

**રેવ. હેમંતકુમાર જે. પરમાર**
સેક્રેટરી

**સાહિત્ય સેવા સદન**
એલીસબ્રીજ,
અમદાવાદ-૩૮૦૦૦૬
મે, ૨૦૦૬

# મારું ઋણ

મેથોડિસ્ટ મિશનમાં એક અદના સેવક અને સુવાર્તિક એવા મારા પિતાશ્રી, રામોલ ગામના વતની શ્રી. સ્વ. સોમચંદભાઈ પ્રેમાભાઈએ ૧૯૧૧ની સાલમાં રૂપિયા નવના પગારથી મિશનમાં સેવાની શરૂઆત કરી હતી અને ૧૯૬૦માં અલિન્દ્રા ગામે મરણ પામ્યા ત્યાં સુધી તેઓ ઉપદેશક તરીકે રહ્યા. તેમનો છેલ્લો પગાર રૂપિયા ૨૬/- હતો. ૧૯૬૦માં તેઓ મરણ પામ્યા ત્યારે તેમની બચાવેલી મુડી રૂા. ૯૦૦/- હતી, જે તેમણે મારા લગ્ન માટે બચાવી રાખ્યા હતા.

મારી મા પાનીબાઈ મારા પિતાની સાથે મિશનની સ્કૂલમાં શિક્ષિકા હતા. મારી ૪-૫ વર્ષની ઉંમર હશે ત્યારે જ મેં માની છત્રછાયા ગુમાવી. મોટી ખડોલમાં તેમનું અવસાન થયું અને મહુધાના કબરસ્તાનમાં તેમને દફનાવવામાં આવ્યાં હતાં. બીજા વર્ષે મારા પિતાએ મને ગોધરાની બોર્ડીંગમાં મૂકી દીધો. ગોધરા, નડીઆદ અને વડોદરાની હોસ્ટેલોમાં રહીને ભણ્યો. મા અને બાપ એમ બંનેની ગરજ મારા પિતાએ પૂરી પાડી મારું લાલન-પાલન કર્યું.

રોજ દિવસમાં ત્રણ વખત ઘૂંટણે પડીને બાઈબલ વાંચતા અને પ્રાર્થના કરતા એવા મારા પિતાને મેં જોયા છે. ઓછું ભણેલા પણ ધાર્મિક, પ્રભુને સમર્પિત અને સેવામાં વિશ્વાસુ એવાં મારાં માત-પિતાએ મારામાં સીંચેલા ખ્રિસ્તી સંસ્કારો, મારા જીવનનું કરેલું ઘડતર અને સુવાર્તાની સોંપેલી મશાલ - આ બધાનું ઋણ માત્ર થોડા શબ્દોમાં કેવી રીતે અદા કરી શકાય? ગદ્દ ગદ્દ હૈયે હું તે બંનેને સલામ કરું છું.

મારા માતા-પિતાની સુવાર્તાની અધૂરી રહેલી સેવા આગળ વધારવા પ્રભુએ મને યોગ્ય ગણી તેની સેવામાં સામેલ કર્યો એથી પ્રભુ બાપનો હું અત્યંત ઋણી છું. પ્રભુના જે સેવકોએ મારા જીવનમાં રસ લીધો અને આ સેવામાં સ્થિર થવામાં મદદ કરી એ સર્વ સેવકોનો પણ હું ખૂબ ઋણી છું.

તેઓનું ઋણ ચૂકવવા માટે આભારના શબ્દો સિવાય મારી પાસે બીજું કશું નથી.

મારી પાળકીય સેવાનાં વર્ષો હવે લગભગ પૂરાં થવા આવ્યાં છે. પાછલા વર્ષોમાં ગોધરા, નડીઆદ, આણંદ અને હાલ અમદાવાદની શાહપુર મંડળીમાં સેવા કરવાનો ઉત્તમ અવસર મળ્યો. મારી સેવા દ્વારા આ મંડળીઓને મેં જે કંઈ આપ્યું છે તેના કરતાં વધારે એ મંડળીઓએ આદર, માન, સન્માન અને એ ઉપરાંત અમારી જરૂરિયાતો માટે નાણાં પૂરાં પાડ્યાં છે. આ બધાં માટે હું આ મંડળીઓનો અત્યંત ઋણી છું. ઉમરેઠ, નડીઆદ અને અમદાવાદની ડિસ્ટ્રીકટો ઉપર ડિસ્ટ્રીકટ સુપ્રિન્ટેન્ડેન્ટ તરીકે સાથી પાળકો સાથે કામ કરવાનો આનંદ કંઈ ઓર જ હતો. આ બધી વ્યવસ્થા માટે ગુજરાત રીજીનલ કોન્ફરન્સનો હું ખૂબ ઋણી છું.

આ અગાઉ પુલ્પિટ હેલ્પ્સના બે ભાગ પ્રગટ થઈ ચૂક્યા છે. પાળકો, બોધકો અને લેમેનોએ બંને ભાગને સહર્ષ વધાવ્યા. ઘણાં જણ આ પુસ્તકોના ઉપયોગ વિષે મારી આગળ વાત કરે છે ત્યારે મને આનંદ થાય છે. આવા વિશાળ વાચક વર્ગનો હું ઋણી છું, જેમણે મને આ ત્રીજો ભાગ લખવાની પ્રેરણા પમાડી.

ટ્રાકટ એન્ડ બુક સોસાયટીએ આ પુસ્તકો છાપવા માટે નાણાં ઊભાં કર્યાં અને પુસ્તકો છપાવ્યાં એ માટે સોસાયટીનો તથા દાનવીરોનો પણ હું ઋણી છું.

આ પુસ્તકો પાળકો-બોધકો અને ઉપદેશકોને તથા સમસ્ત ખ્રિસ્તી સમાજને ઉપયોગી બની રહે એ જ મારી આશા અને પ્રાર્થના છે.

પુલ્પિટ હેલ્પ્સનું આ ત્રીજું પુસ્તક એક એવા સુવાર્તિકને અર્પણ કરું છું જેમને હું ઓળખું છું, કારણ કે તે મારા પિતા છે.

રેવ. બી. એસ. પરમાર

Dedicated to

**A Preacher I Know**

There are men who toil to build a name,
Who squander life for wealth and fame.
I know a man who had no gold,
Whose Treasure was a brother's soul.
For three score years and more than ten.
He lived his life for other men,
In rural church and humble home
With scarce a day to call his own
No choir in robes behind him sang,
No chime in roof above him rang.
He said no lines that men prepare,
But from his heart he read his prayer
A thousand souls were waiting there,
The day he went their joy to share,
A thousand souls he showed the way
To life and love and endless day.

મેથોડિસ્ટ ચર્ચ **બી. એસ. પરમાર**
શાહપુર, અમદાવાદ.
જાન્યુઆરી ૧૯૯૮

# અનુક્રમણિકા


| ક્રમ | | પાન નંબર |
|---|---|---|
| ૧ | સુવિચાર | ૧ |
| ૨ | ઈસ્ટર કેલેન્ડર | ૪ |
| ૩ | નવા વર્ષનો ખુલ્લો દરવાજો | ૫ |
| ૪ | હવે મને સમજણ પડી | ૭ |
| ૫ | પ્રાર્થનાનો જવાબ | ૮ |
| ૬ | ખોવાયેલું દાતરડું | ૯ |
| ૭ | પ્રેમની જ્યોત | ૧૧ |
| ૮ | જાદુઈ શબ્દ | ૧૨ |
| ૯ | ઈશ્વરની સુંદર દુનિયા | ૧૩ |
| ૧૦ | નાના મિજાગરા ઉપર મોટા દરવાજા | ૧૪ |
| ૧૧ | દુનિયાની સૌથી સુંદર ચીજ | ૧૫ |
| ૧૨ | દેવું કેવી રીતે વાળી આપવું | ૧૬ |
| ૧૩ | ક્વાયર માટે દસ આજ્ઞાઓ | ૧૭ |
| ૧૪ | વી હેવ એ સ્ટોરી | ૧૯ |
| ૧૫ | ઈંટોનું નવું દેવળ | ૨૦ |
| ૧૬ | નાના છોડવા ઉપર પગ મૂકશો નહિ | ૨૧ |
| ૧૭ | ખ્રિસ્તની પ્રતિમા ઉપસાવો | ૨૨ |
| ૧૮ | ભજન સેવાની સંગત | ૨૩ |
| ૧૯ | પૂરી તૈયારી સાથે | ૨૫ |
| ૨૦ | શંકાની દવા | ૨૬ |
| ૨૧ | મરણની વ્યાખ્યા | ૨૮ |
| ૨૨ | રેસ કોર્સ ક્રિશ્ચિયન | ૩૦ |
| ૨૩ | દુશ્મનને ગુમાવો | ૩૧ |

| | | |
|---|---|---|
| ૨૪ | દુશ્મન ઉપર પ્રેમ કરો | ૩૩ |
| ૨૫ | દુશ્મન સાથેનું વર્તન | ૩૫ |
| ૨૬ | અભિપ્રાય | ૩૬ |
| ૨૭ | શું આવું બની શકે? | ૩૭ |
| ૨૮ | સુષુપ્ત શક્તિને આહ્‌વાન | ૩૮ |
| ૨૯ | ઉત્સાહ | ૪૦ |
| ૩૦ | વિશ્વાસની પરિપૂર્ણતા | ૪૧ |
| ૩૧ | પ્રભુનો પ્રકાશ ફરી અમારી મુલાકાતે આવશે. | ૪૩ |
| ૩૨ | વિશ્વાસ અને કાર્ય | ૪૫ |
| ૩૩ | અંત સુધી વિશ્વાસ | ૪૭ |
| ૩૪ | એક પાળકની ભૂલ | ૪૯ |
| ૩૫ | સૂર્યને આથમવા ન દો | ૫૧ |
| ૩૬ | બરફ જેવાં શ્વેત | ૫૩ |
| ૩૭ | ચાંદીના સીક્કા | ૫૪ |
| ૩૮ | ઠઠ્ઠા-મશ્કરી | ૫૬ |
| ૩૯ | સ્વર્ગ ક્યાં આવ્યું? | ૫૯ |
| ૪૦ | સ્વર્ગમાં પ્રવેશ | ૬૦ |
| ૪૧ | ઓનેસ્ટી ઈઝ ધ બેસ્ટ પોલીસી | ૬૧ |
| ૪૨ | માન-સન્માન ગુમાવશો નહિ | ૬૩ |
| ૪૩ | તેણે પોતાને નમ્ર કર્યો | ૬૪ |
| ૪૪ | બે ઝરા | ૬૫ |
| ૪૫ | કપ પકડી રાખવા માટે નથી | ૬૬ |
| ૪૬ | ઈશ્વરના ન્યાયમાં વિલંબ | ૬૭ |
| ૪૭ | ભલાઈ તથા દયા મારી સાથે આવશે | ૬૯ |
| ૪૮ | મજબૂત મંડળી | ૭૧ |
| ૪૯ | અબ્રાહમ લિંકન | ૭૨ |

| | | |
|---|---|---|
| ૫૦ | હેટીનાં સત્તાવન પેની ..................... | ૭૮ |
| ૫૧ | પવિત્ર પડછાયો ..................... | ૭૯ |
| ૫૨ | મરતો ચોર અને જીવતો ચોર ..................... | ૮૧ |
| ૫૩ | આધુનિક ચમત્કાર ..................... | ૮૨ |
| ૫૪ | સ્વર્ગ, માનાં ચરણોમાં ..................... | ૮૪ |
| ૫૫ | માની મમતા ..................... | ૮૫ |
| ૫૬ | જીમી આવ્યો છે ..................... | ૮૬ |
| ૫૭ | માના પ્રેમનો પ્રવાહ ..................... | ૮૭ |
| ૫૮ | માતાની અસરો અને બદલો ..................... | ૮૮ |
| ૫૯ | માતાને ઋણ દર્શાન ..................... | ૯૦ |
| ૬૦ | જૂનું તો થયું રે દેવળ જૂનું તો થયું ..................... | ૯૨ |
| ૬૧ | ફરી એ જ જગાએ જાળો નાખો ..................... | ૯૩ |
| ૬૨ | તો યોગ્ય સમયે લણીશું ..................... | ૯૫ |
| ૬૩ | તું તારી ઓરડીમાં પેસ ..................... | ૯૭ |
| ૬૪ | સંદેશાનું સામર્થ્ય ..................... | ૯૯ |
| ૬૫ | નકારાયેલો ઉપદેશક ..................... | ૧૦૦ |
| ૬૬ | છાપેલા સંદેશાનું મૂલ્ય ..................... | ૧૦૨ |
| ૬૭ | ચર્ચના ધાર્મિક ઝગડાઓ ..................... | ૧૦૩ |
| ૬૮ | ગરીબ છતાં ધનવાન ..................... | ૧૦૫ |
| ૬૯ | ધનવાન છતાં ગરીબ ..................... | ૧૦૬ |
| ૭૦ | તે (યોહાન) પ્રકાશતો દીવો હતો ..................... | ૧૦૭ |
| ૭૧ | પડછાયો ..................... | ૧૦૮ |
| ૭૨ | મુક્તિના સમાચાર ..................... | ૧૦૯ |
| ૭૩ | માખણનું વજન ઓછું કેમ ..................... | ૧૧૦ |
| ૭૪ | પાપનો પગાર ..................... | ૧૧૧ |
| ૭૫ | ગીતો ગાતાં શીખો ..................... | ૧૧૨ |

| | | |
|---|---|---|
| ૭૬ | પીંછાં એકઠાં કરો | ૧૧૪ |
| ૭૭ | મારા દીકરા તરફ દોરડું ફેંકો | ૧૧૬ |
| ૭૮ | હડસન ટેલરનો ભાઈ | ૧૧૭ |
| ૭૯ | કબરોને શણગારો | ૧૧૮ |
| ૮૦ | અરે હજારો જીભોથી... | ૧૧૯ |
| ૮૧ | સારી પત્ની ક્યાં મળે? | ૧૨૦ |
| ૮૨ | હું કરી શકું છું... પણ | ૧૨૧ |
| ૮૩ | ત્રીજા વર્ગના મુસાફરો | ૧૨૨ |
| ૮૪ | વ્યક્તિગત સ્પર્શ | ૧૨૩ |
| ૮૫ | ગીતોનું મહત્ત્વ | ૧૨૪ |
| ૮૬ | ક્રિસ્ટમસ કેરલ્સ | ૧૨૫ |
| ૮૭ | સૂણો દૂતો ગાય છે | ૧૨૬ |
| ૮૮ | આવો વિશ્વાસીઓ જયાનંદ કરીને | ૧૨૭ |
| ૮૯ | કેવી શાંત નિર્મળ રાત | ૧૨૮ |
| ૯૦ | ઉત્તમ ભેટ | ૧૩૦ |
| ૯૧ | ફ્રેન્કલીન ડી. રૂઝવેલ્ટ | ૧૩૧ |
| ૯૨ | ઈસુ મુજ આત્માના વાલ | ૧૩૨ |
| ૯૩ | ઈસુએ મારા હૃદયમાંનું તોફાન શાંત કર્યું છે | ૧૩૩ |
| ૯૪ | એક મીનીટ | ૧૩૪ |
| ૯૫ | કારણ કે મારી પાસે પહેરવા સારુ ખમીસ નથી | ૧૩૫ |
| ૯૬ | ઓ બાપ, આ દોષ તેઓને માથે ન મૂક | ૧૩૬ |
| ૯૭ | માનવી, ચંદ્ર ઉપર | ૧૩૭ |
| ૯૮ | દેવની સાથે સમાધાન કરો | ૧૩૮ |
| ૯૯ | સુખનો આધાર | ૧૩૯ |
| ૧૦૦ | જ્યારે હું નિર્બળ છું ત્યારે | ૧૪૦ |
| ૧૦૧ | ગ્રેટ મેન ઓફ ગોડ | ૧૪૧ |

| | | |
|---|---|---|
| ૧૦૨ | સત્ય મળ્યું છે | ૧૪૩ |
| ૧૦૩ | સોનાની ચેઈન | ૧૪૫ |
| ૧૦૪ | મધર ટેરેસા | ૧૪૭ |
| ૧૦૫ | છેલ્લા શબ્દો | ૧૪૮ |
| ૧૦૬ | હેન્ડલનું મસાયા | ૧૪૯ |
| ૧૦૭ | એક મોટો પ્રશ્ન | ૧૫૦ |
| ૧૦૮ | આંતરિક મનુષ્યત્વ | ૧૫૧ |
| ૧૦૯ | નાની ભેટ | ૧૫૨ |
| ૧૧૦ | પડદા પાછળનો રોલ | ૧૫૩ |
| ૧૧૧ | નવ પેની ચમત્કાર | ૧૫૫ |
| ૧૧૨ | બુલંદ નિર્ધાર | ૧૫૬ |
| ૧૧૩ | ઈસુના પક્ષમાં ઊભા રહો | ૧૫૭ |
| ૧૧૪ | જ્યારે ફરજ બોલાવે ત્યારે | ૧૫૯ |
| ૧૧૫ | એક નાનો પત્ર | ૧૬૦ |
| ૧૧૬ | કરૂણતામાંથી સર્જાયેલો આશીર્વાદ | ૧૬૧ |
| ૧૧૭ | એક ખુલ્લો પત્ર, - ખ્રિસ્તીઓ વિચારો | ૧૬૨ |
| ૧૧૮ | સ્વપ્ન સાકાર થયું | ૧૬૩ |
| ૧૧૯ | એસ્પેરીન | ૧૬૪ |
| ૧૨૦ | તેની પ્રાર્થના સાંભળવામાં આવી | ૧૬૫ |
| ૧૨૧ | ટપાલનો થેલો | ૧૬૬ |
| ૧૨૨ | દસ રૂપિયાની નોટ | ૧૬૭ |
| ૧૨૩ | તમે શું માનો છો | ૧૬૯ |
| ૧૨૪ | આજે પગારનો દિવસ છે | ૧૭૦ |
| ૧૨૫ | મૂસાનો ચુકાદો | ૧૭૧ |

# સંદેશાની રૂપરેખા


| ક્રમ | | પાન નંબર |
|---|---|---|
| ૧. | નવું વરસ | ૧૭૩ |
| ૨. | નવા વર્ષે ઈશ્વરનું વચન | ૧૭૫ |
| ૩. | વિદાયગીરીમાં આનંદ | ૧૭૭ |
| ૪. | પવિત્ર આત્મા | ૧૭૯ |
| ૫. | પાંચ કપ | ૧૮૨ |
| ૬. | ભજનસેવા | ૧૮૩ |
| ૭. | જેનો ઉત્તર ના મળ્યો હોય એવી પ્રાર્થનાઓ | ૧૮૪ |
| ૮. | પાસ્ખાપર્વ | ૧૮૬ |
| ૯. | પાઉલની મુલાકાતો | ૧૮૮ |
| ૧૦. | યહોવાનો અગ્નિ | ૧૯૦ |
| ૧૧. | યહોશુઆના માર્ગમાં વિઘ્નો | ૧૯૧ |
| ૧૨. | નાતાલની અજાયબીઓ | ૧૯૨ |
| ૧૩. | નાતાલ | ૧૯૩ |
| ૧૪. | અંત્યોખની મંડળી | ૧૯૪ |
| ૧૫. | ઈસુની ખાલી કબર મંડળીનું પારણું છે. | ૧૯૬ |
| ૧૬. | તેઓ મારા પ્રભુને લઈ ગયા છે. | ૧૯૭ |
| ૧૭. | ઈબ્રાહીમ વેદી તરફ પાછો આવ્યો | ૧૯૮ |
| ૧૮. | ઈસુની પાછળ ચાલતાં ટોળાં | ૨૦૦ |
| ૧૯. | ઉડાઉ દીકરો | ૨૦૨ |
| ૨૦. | દફનક્રિયા | ૨૦૩ |
| ૨૧. | મરણ શું છે ? | ૨૦૪ |
| ૨૨. | સ્વર્ગ | ૨૦૫ |
| ૨૩. | હું ક્યાં નાસી જાઉં ? | ૨૦૬ |

૨૪. લોટની પસંદગી .......................... ૨૦૭
૨૫. વધસ્તંભે ત્રણ અજાયબીઓ અને વધસ્તંભ નીચે ત્રણ બદલાણ .......................... ૨૦૯
૨૬. બાઈબલની ધન્યતા .......................... ૨૧૧
૨૭. બાઈબલની બારીઓ .......................... ૨૧૩
૨૮. સંતાન વિહોણી માતાઓ .......................... ૨૧૫
૨૯. દુઃખ અને આનંદ મિશ્રિત મરિયમ .......................... ૨૧૭
૩૦. પ્રભુ ઈસુનું બીજું આગમન .......................... ૨૧૯
૩૧. વિધવાઓ .......................... ૨૨૧
૩૨. જેને સાંભળવાને કાન છે તે સાંભળે .......................... ૨૨૩
૩૩. લગ્નવાદીઓને .......................... ૨૨૫
૩૪. તેણે પોતાને ખાલી કર્યો .......................... ૨૨૬
૩૫. બેથલેહેમનો માર્ગ .......................... ૨૨૮
૩૬. રોટલી ભાંગતાં તે ઓળખાઈ ગયો. .......................... ૨૩૦
૩૭. પિતર ભાઈઓની વચમાં ઊભો થયો. .......................... ૨૩૨
૩૮. No Man .......................... ૨૩૪
૩૯. ત્રણ સવાલ .......................... ૨૩૫
૪૦. ઈતિહાસનો મહાન બનાવ .......................... ૨૩૭
૪૧. ત્રણ પ્યાલા .......................... ૨૩૯
૪૨. પાપની ભયંકરતા .......................... ૨૪૧
૪૩. હલવાનની કન્યા સ્વર્ગે ઊંચકાઈ જશે. .......................... ૨૪૩
૪૪. દેવનાં વચનોની અસર .......................... ૨૪૫
૪૫. જુઓ, આ માણસ .......................... ૨૪૬

# ૧. સુવિચાર

૧. મહાન કાર્યો માટે ઈશ્વર મહાન માણસોનો નહિ, પણ સમર્પિત વ્યક્તિઓનો ઉપયોગ કરે છે.

૨. પાણી ખેંચવાના પંપને વ્હાઈટ વોશ કરવાથી પાણી સ્વચ્છ બની જતું નથી.

૩. માણસ સલાહ આપે છે, પણ ઈશ્વર દોરવણી આપે છે.

૪. જે ઈશ્વર ભૂખને ઉત્પન્ન કરી શકે છે તે ઈશ્વર જેની ભૂખ છે તે વસ્તુને પણ આપી શકે છે.

૫. નમ્રતા એક એવી ચંચળ ચીજ છે કે જે સમયે તમે એમ કહો કે મારામાં નમ્રતા છે એ જ ક્ષણે તે ચાલી જાય છે.

૬. ઈશ્વર જ્યાં પૂર્ણવિરામ મૂકે ત્યાં માણસે કદી પ્રશ્નાર્થચિહ્ન મૂકવું જોઈએ નહિ.

૭. ઈશ્વર જ્યારે માણસનું માપ લે છે ત્યારે તેની માપપટ્ટી તે માણસના માથાની ફરતે (આજુબાજુ) નહિ, પણ હૃદયની આજુબાજુ મૂકે છે.

૮. માણસ પક્ષીઓની માફક આકાશમાં ઊડતાં શીખ્યો છે અને માછલીઓની માફક પાણીમાં તરતાં શીખ્યો છે, પણ માણસ, માણસની માફક પૃથ્વી પર ચાલતાં ક્યારે શીખશે?

૯. માણસને ઈશ્વરે ઉછીનું જીવન આપ્યું છે, અને આભારીપણું એ તો માત્ર એનું વ્યાજ છે, જે માણસે નિયમિત ચૂકવતા રહેવાનું છે.

૧૦. જો માણસને એની ભૂલો માટે એક પછી એક દૂર કરતાં રહીશું તો એક સમય એવો આવશે કે આપણી સાથે ઊભો રહેનાર કોઈ નહિ હોય.

૧૧. ઈશ્વર પાસે જે કંઈ હતું તે બધું જ તેણે એક લૂગડામાં લપેટીને બેથલેહેમની ગભાણમાં આપી દીધું.

૧૨. મીણબત્તીને બંને છેડેથી સળગાવશો નહિ, નહિ તો જલદી બળી જશે.

૧૩. ખ્રિસ્તી શિષ્યપણાની કસોટી વિજયવંત પ્રવેશમાં નહિ, પણ ગેથસેમાનેમાં અને ગલગથા ઉપર થાય છે.

૧૪. એક જુવાને પૂછ્યું - વધસ્તંભે જડાવું એટલે શું? વૃદ્ધ માણસે જવાબ આપ્યો - ત્રણ બાબતો - **પહેલી** વધસ્તંભે લટકેલા માણસનું મોં એક જ દિશામાં હોય છે.

**બીજી** - હવે તે પાછો ફરી શકે એમ નથી અને **ત્રીજી** - હવે એને પોતાની કોઈ મહેચ્છા કે યોજના નથી.

૧૫. જો તમે ધીરજથી અને સંપૂર્ણ સ્વાર્પણથી વધસ્તંભ ઊંચકશો તો અંતે વધસ્તંભ તમને ઊંચકી લેશે.

૧૬. પામસન્ડેના દિવસે હોસાન્નાના પોકારો કરતાં લોકોના ટોળા દ્વારા જગતને જીતવામાં આવ્યું નથી. પણ ગુડફ્રાઈડેના દિવસે જેને બધાએ તજી દીધો હતો એવા કચડાયેલા અને વિંધાયેલા ઈસુ દ્વારા જગતને જીતવામાં આવ્યું છે.

૧૭. ઈસુની કબર ઉપરનો પથ્થર દૂતે એટલા માટે નહોતો ખસેડ્યો કે જેથી ઈસુ કબરમાંથી બહાર નીકળી શકે, પરંતુ એટલા માટે ખસેડ્યો કે જેથી શિષ્યો અંદર જઈ શકે.

૧૮. હસમુખો ચહેરો એ સારામાં સારો ભલામણપત્ર છે. દરેક ચહેરો એ પુસ્તક છે જેને લોકો વાંચે છે, ગોએથ આ પ્રમાણે લખે છેઃ

"કેટલાક ચહેરા કોરા હોય છે. કેટલાક ઉપર માત્ર તારીખ એકલી જ લખેલી હોય છે, જ્યારે કેટલાક ચહેરા ઉપર આખો ઇતિહાસ લખેલો હોય છે."

૧૯. જે માણસ કેટલેક અંશે બીજાને માટે જીવતો નથી, એવો માણસ ભાગ્યે જ પોતાને માટે જીવી શકે છે.

૨૦. ડાહ્યા માણસે એ જાણી લેવું જોઈએ કે તે સિદ્ધાંતો માટે લડે છે કે પછી પોતાની નબળાઈઓનો બચાવ કરવા.

❖ ❖ ❖

## ૨. ઈસ્ટર કેલેન્ડર

| | |
|---|---|
| ૧૯૯૮ | ૨, એપ્રિલ |
| ૧૯૯૯ | ૪, એપ્રિલ |
| ૨૦૦૦ | ૨૩, એપ્રિલ |
| ૨૦૦૧ | ૧૫, એપ્રિલ |
| ૨૦૦૨ | ૩૧, માર્ચ |
| ૨૦૦૩ | ૨૦, એપ્રિલ |
| ૨૦૦૪ | ૧૧, એપ્રિલ |
| ૨૦૦૫ | ૨૭, માર્ચ |
| ૨૦૦૬ | ૧૬, એપ્રિલ |
| ૨૦૦૭ | ૮, એપ્રિલ |
| ૨૦૦૮ | ૨૩, માર્ચ |
| ૨૦૦૯ | ૧૨, એપ્રિલ |
| ૨૦૧૦ | ૪, એપ્રિલ |

❖ ❖ ❖

## ૩. નવા વર્ષનો ખુલ્લો દરવાજો

લેટિન ભાષાના "જાનુઆ" શબ્દ ઉપરથી "જાન્યુઆરી" શબ્દ ઊતરી આવ્યો છે. "જાનુઆ"નો અર્થ થાય છે "દરવાજો".

આપણે નવા વર્ષના ખુલ્લા દરવાજા આગળ આવીને ઊભા છીએ. આ દરવાજામાં થઈને વર્ષના બાર મહિનામાં પ્રવેશ કરવાનો છે. નવા વર્ષના આ દરવાજાનું નામ છે - નવી તકો. નવી તકોનો દરવાજો આપણી આગળ ખુલ્લો મૂકવામાં આવ્યો છે.

એડિનબર્ગની યુનિવર્સિટિમાં એક અમેરિકન વિદ્યાર્થી મેડીકલ લાઈનમાં પોસ્ટ ગ્રેજ્યુએટનો અભ્યાસ કરતો હતો. વર્ષ પૂરું થયું અને હવે પાછા જવાનો સમય થયો, ત્યારે તે વખતના પ્રખ્યાત આગેવાન અને પ્રોફેસર હેનરી ડ્રમન્ડે આ વિદ્યાર્થીને છેલ્લી વિદાય આપવા બોલાવ્યો. વિદ્યાર્થીને આભિનંદનને બદલે હેનરી ડ્રમન્ડના છેલ્લી વિદાયના શબ્દો આવા હતાઃ-

"તેં એડીનબર્ગમાં રહીને તને મળેલી સારી તક ગુમાવી છે. તું માત્ર નામનો ખ્રિસ્તી છે. તારી લેબોરેટરીમાં તારી સાથે જ અભ્યાસ કરતો વિદ્યાર્થી નાસ્તિક છે છતાં ખ્રિસ્તને ખાતર તેને જીતવા માટે તેં કશું જ કર્યું નથી. નમૂનાથી કે શબ્દોથી તેને ખ્રિસ્તની પાસે લાવવા માટે તેં કશું જ કર્યું નહિ. આખું વર્ષ વીતી ગયું અને તને મળેલી તક તેં ગુમાવી દીધી. મને તારે માટે અફસોસ થાય છે."

પેલો અમેરિકન વિદ્યાર્થી અચાનક આ ઠપકો સાંભળીને સ્તબ્ધ બની ગયો. પછી તેણે પોતાના મનમાં નિર્ણય કર્યો કે તે બીજા બાર મહિના એડિનબર્ગમાં જ રહીને પ્રેક્ટિસ કરશે, જેથી પોતે ગુમાવેલી તક પાછી મેળવી શકે અને તેનો ઉપયોગ કરે.

ત્યાર પછીની આવતી વસંત ઋતુમાં તે ફરી હેનરી ડ્રમન્ડને મળ્યો. ડ્રમન્ડે આશ્ચર્ય પામતાં પૂછ્યું, શું તું તારા દેશમાં પાછો ગયો નથી? હજી અહીં કેમ છે? પેલા વિદ્યાર્થીએ જવાબ આપ્યો, ના, સાહેબ, મેં નિર્ણય કર્યો હતો કે હું અહીં વધારે સમય રોકાઈશ અને અગાઉ મેં ગુમાવેલી તક પાછી મેળવીને તેનો ઉપયોગ કરીશ.

અને તેણે નવી તકનો ઉપયોગ કર્યો. વર્ષના અંતે એક રવિવારની રાત્રિ સભામાં જ્યાં હેનરી ડ્રમન્ડે સંદેશો આપ્યો હતો તે સભામાં પેલો નાસ્તિક વિદ્યાર્થી ઊભો થયો અને જાહેરમાં સાક્ષી આપી કે મેં ઈસુ ખ્રિસ્તને મારા તારનાર તરીકે સ્વીકાર્યા છે, એટલું જ નહિ પણ જ્યાં જરૂર હોય ત્યાં પોતાને મેડીકલ મિશનરી તરીકે મોકલવા તેણે હેનરી ડ્રમન્ડને વિનંતી કરી.

આ શાનું પરિણામ હતું? પેલા અમેરિકન વિદ્યાર્થીની મહેનતનું પરિણામ હતું. તેણે પોતાને મળેલી નવી તકનો ઉપયોગ કરીને એક નાસ્તિકને ખ્રિસ્તી મિશનરી બનાવ્યો.

બધા લોકોને ગુમાવેલી તક પાછી મળતી નથી, પણ નવું વર્ષ એક નવી તક છે. નવા વર્ષનો દરવાજો આપણી આગળ ખુલ્લો મૂકવામાં આવ્યો છે.

માળીની વિનંતી છે કે, "સાહેબ, આટલું વર્ષ તેને રહેવા દો."

❖ ❖ ❖

# ૪. હવે મને સમજણ પડી

આફ્રિકામાં કામ કરતા એક મિશનરીની પાસે એક મુસ્લિમ નોકર હતો. એક દિવસે બંને જણ મોટરસાઈકલ ઉપર જતા હતા. રસ્તામાં વાતો કરતાં કરતાં આ મિશનરી પેલા નોકરને ખ્રિસ્તી વિશ્વાસ વિષે સમજાવતા હતા, પરંતુ એ બધું જાણે બહેરા કાને અથડાતું હોય એમ લાગતું હતું, કારણ કે પેલા છોકરાને મિશનરીની વાતમાં કોઈ રસ નહોતો.

આગળ જતાં તેમની મોટરસાઈકલમાં ગરબડ ઊભી થઈ અને બંને જણ નીચે ઊતરીને ધકેલવા લાગ્યા. એટલામાં ત્યાંથી એક ટ્રક પસાર થઈ. મિશનરીએ આ ટ્રક રોકવા અને મદદ કરવા ઘણા પ્રયત્નો કર્યા પણ તેમાં બેઠેલા બે આફ્રિકનોએ તેની પરવા કર્યા વગર ટ્રક દોડાવી મૂકી.

થોડીવાર પછી મિશનરીની બાઈક રીપેર થઈ અને રસ્તા ઉપર દોડવા લાગી. આગળ જતાં તેમણે જોયું તો પેલી ટ્રક એક કાદવના ખાડામાં ખચકાઈ પડી હતી. મિશનરીનો નોકર ખુશી થતાં બોલી ઊઠયો, હાશ, તેઓ આપણી આગળ નીકળી ગયા હતા, પણ હવે આપણે તેમની આગળ નીકળી જઈશું. મિશનરીએ કહ્યું, નહિ, તેઓ મુશ્કેલીમાં છે, આપણે થોભવું જોઈએ અને તેમને મદદ કરવી જોઈએ. એમ કહીને પોતાની મોટરસાઈકલ ટ્રકની પાસેના રસ્તા ઉપર ઊભી કરી દીધી અને નીચે ઊતરીને પેલી ટ્રકને બહાર કાઢવામાં મદદ કરી. ટ્રક ચાલુ થઈ એટલે તેઓ બંને જણ ફરી પોતાની મોટરસાઈકલ ઉપર બેઠા. ત્યારે પેલા મુસ્લિમ નોકરે કહ્યું, સાહેબ, અત્યાર સુધી તમે મને જે સમજાવવા પ્રયત્ન કરતા હતા તે હવે મને સમજાય છે. હવે મને તમારા કહેવાની સમજણ પડી.

❖ ❖ ❖

## ૫. પ્રાર્થનાનો જવાબ

તૂટેલા અને ડૂબેલા વહાણમાંથી ગમે તેમ કરીને બચી ગયેલો એક મુસાફર એક ટાપુ ઉપર પહોંચ્યો. આ નિર્જન ટાપુ ઉપર તેના સિવાય બીજું કોઈ જ નહોતું. ઠંડીથી રક્ષણ મેળવવા માટે તેણે આમતેમથી લાકડાં ભેગાં કરીને રહી શકાય એવું ઝૂંપડું તૈયાર કર્યું. તે રોજ પ્રાર્થના કરતો હતો કે કોઈ રીતે તેનો અહીંથી બચાવ થાય, કોઈ વહાણ આ તરફ આવે અને તેને અહીંથી લઈ જાય. પણ દરિયાથી ટાપુ થોડો દૂર હતો અને કોઈ વહાણ આવે તોપણ કેવી રીતે ખબર પડે!

એક દિવસે આ મુસાફર ખોરાકની શોધમાં બહાર ગયો હતો, અને પાછો આવીને જુએ છે તો તેનું ઝૂંપડું આગમાં લપેટાઈ ગયું હતું. તૂટેલા વહાણમાંથી તેણે જે કંઈ બચાવ્યું હતુ તે બધું જ આગમાં બળીને ભસ્મ થઈ ગયું.

પરંતુ આ દુઃખદ ઘટના તેને માટે આશીર્વાદિત પુરવાર થઈ. ઈશ્વરના અજાયબ જ્ઞાનમાં તેને થયેલું નુકસાન એ તો એની પ્રાર્થનાનો જવાબ હતો.

બીજા દિવસે એક વહાણનો કપ્તાન તેને શોધતો શોધતો આવ્યો અને તેને મળીને કહ્યું, અમે અહીંથી પસાર થતા હતા ત્યારે અમે અહીં ધુમાડાના ગોટા જોયા અને અમને લાગ્યું કે અહીં કોઈ માણસ હશે જે મદદ માટે બોલાવે છે. તેથી અમે તમારી મદદ માટે રોકાયા.

બળતા ઝૂંપડાનો ધુમાડો બચાવ માટે મદદની નિશાની બની ગયો.

"જેઓ તેના ઉપર પ્રેમ કરે છે તેઓને માટે એકંદરે સઘળું હિતકારક નીવડે છે."

❖ ❖ ❖

# ૬. ખોવાયેલું દાતરડું

અબ્રાહમ લિંકન વિષેની વાત છે. સને ૧૮૩૪માં જ્યારે તેઓ ઈલીનોઈસમાં પાર્લામેન્ટની ચૂંટણી લડતા હતા તે વખતે વોટ માગવા માટે એક ખેડૂતની પાસે ગયા. તે વખતે ખેડૂત ખેતરમાં કામ કરતો હતો. તેઓ વાત કરતા હતા એટલામાં જમવાનો ઘંટ વાગ્યો. ખેડૂતે લિંકનને જમવા આમંત્રણ આપ્યું, પરંતુ લિંકને નમ્રતાથી ના પાડી, અને ખેડૂતને કહ્યું, તમારું દાતરડુ મને આપો અને તમે જમી લો એટલામાં હું ખેતરમાંથી ઘાસ કાપીશ.

ખેડૂત જમીને પાછો આવ્યો ત્યારે લિંકન ત્યાં ન હતા પણ ત્રણ લાઈનમાં સરસ રીતે ઘાસ કાપેલુ હતુ, અને દાતરડું ઝાંપાના પથ્થર ઉપર મૂકેલું હતું.

આ વાતને ૩૦ વર્ષ વીતી ગયાં. એક વખતે પેલો ખેડૂત અને તેની પત્ની વોશીંગ્ટનમાં આવ્યા, જે વખતે અબ્રાહમ લિંકન અમેરિકાના પ્રેસીડેન્ટ હતા. વોશીંગ્ટનના વ્હાઈટ હાઉસમાં એક પાર્ટી હતી તેમાં આ ખેડૂત દંપતી ભાગ લેવા આવ્યાં હતાં. બધા લોકોની સાથે આ ખેડૂત પણ પ્રેસિડેન્ટની સાથે હસ્તધૂનન કરવા માટે લાઈનમાં ઊભો હતો. ૩૦ વર્ષ પછી મી. લિંકન પોતાને ઓળખશે કે કેમ તે વિષે તેના મનમાં શંકા હતી, કારણ કે ત્યાર પછી તેઓ કદી મળ્યા નહોતા.

પરંતુ મી. લિંકનની યાદદાસ્ત ગજબની હતી. દૂર લાઈનમાં ઊભેલા ખેડૂતને મી. લિંકને તરત ઓળખી લીધો. મી. લિંકને એક માણસને બોલાવીને તેને સૂચના આપી કે લાઈનમાં ઊભેલા પેલા ખેડૂત દંપતીને અંદરના ઓરડામાં બેસાડો. થોડીવાર પછી મી. લિંકન

અંદરના ઓરડામાં આવ્યા અને ખેડૂતનું નામ દઈને તેમને ઉમળકાથી ભેટ્યા અને આવકાર્યા.

ખેડૂતે આશ્ચર્યથી પૂછ્યું, મી. લિંકન, આટલાં વર્ષો પછી પણ શું હું તમને યાદ છું? લિંકને જવાબ આપ્યો, ચોક્કસ, તમે મને યાદ છો, અને પછી તે દિવસે ખેતરમાં કાપેલા ઘાસ વિષેની બધી વાત કહી સંભળાવી. બંને જણ ખૂબ હસ્યા. પછી ખેડૂતે પૂછ્યું, પણ મી. લિંકન, પેલા દાતરડાનું તમે શું કર્યું? લિંકને હસીને કહ્યું, હા મને યાદ છે, એ દારતડું મેં આગળના ઝાંપાના ઊંચા પથ્થર ઉપર મૂક્યું હતું. બંને જણ છૂટા પડ્યા. ખેડૂતે પાછા આવીને પોતાના ખેતરમાંના ઝાંપાના ઊંચા પથ્થર (પીલર) ઉપર જોયું તો પેલું દાતરડું હજુ ત્યાં હતું. ત્રીસ વર્ષથી એ ત્યાં જ હતું જ્યાં મી. લિંકને તેને મૂક્યું હતું.

❖ ❖ ❖

# ૭. પ્રેમની જ્યોત

લોખંડનો એક નાનો ટુકડો હતો, આમ તો નાનો હતો, પણ ખૂબ મજબૂત હતો. ઘણા બધાએ તેને તોડવાનો પ્રયત્ન કર્યો હતો, પણ એ પ્રયત્નો નિષ્ફળ રહ્યા હતા.

કુહાડી બોલી, હું આ લોખંડના ટુકડાને સીધો કરીશ. પછી જોરથી કુહાડીએ લોખંડના એ ટુકડા ઉપર ઘા કર્યો. એક પછી એક ઘા કરતાં કુહાડીની ધાર બુઠ્ઠી થઈ ગઈ, પણ લોખંડનો ટુકડો હતો એનો એ જ રહ્યો.

કરવત બોલી, આ ટુકડો મને સોંપી દો, હું તેના ટુકડા કરીશ. પછી કરવતે પોતાના દાંતો વડે આમથી તેમ ઘા કરવા માંડ્યા. અનેક ઘસરકા કર્યા પછી કરવતના દાંતા ઘસાઈ ગયા, પણ લોખંડનો ટુકડો એવો ને એવો જ હતો.

હથોડી હસીને બોલી, તમને કોઈને આમાં સફળતા નહિ મળે. હવે મારો હાથ અજમાવા દો અને જુઓ કે લોખંડના ટુકડાની શી દશા થાય છે!

હથોડીના એક પછી એક ઘા આ ટુકડા ઉપર પડવા છતાં લોખંડનો ટુકડો જેવો હતો તેવો જ રહ્યો.

પછી, નાની અને મૃદુ એવી દીવાની જ્યોત બોલી, હું પ્રયત્ન કરી જોઉં? બધાએ આ જ્યોતની હાંસી ઉડાવી, અમે જે ના કરી શક્યા એ તું શું કરવાની ? પણ આ જ્યોતે ધીમે ધીમે લોખંડના ટુકડાની ફરતે ભરડો લીધો, તેને પોતાની છાતીએ લગાડી દીધો અને જ્યાં સુધી લોખંડનો ટુકડો ઓગળ્યો નહિ ત્યાં સુધી એને છોડ્યો નહિ.

કેટલાંક હૃદયો એવાં કઠણ હોય છે કે ગુસ્સો, ઠપકો, સતાવણી, ચેતવણી કે ઉપદેશ પણ તેમને અસર કરી શકતાં નથી. પરંતુ આ બધા કરતાં એક એવી ચીજ છે જેમાં લોખંડના ટુકડા જેવા કઠણ હૃદયોને ઓગાળવાની શક્તિ રહેલી છે અને એ છે **પ્રેમ.** પ્રેમની જ્યોત

૧ કોરિંથી ૧૩મો અધ્યાય

❖ ❖ ❖

# ૮. જાદુઈ શબ્દ

જૂના જમાનામાં ઓરગનને વગાડવા માટે ધમણ નાખવી પડતી હતી. ઓરગન વગાડનાર સૂરો દબાવે અને સામે બેઠેલો છોકરો હાથથી ધમણ નાખે એટલે સુરીલા શબ્દો પેદા થાય.

એક રવિવારની ભજનસેવા પછી ધમણ નાખનાર છોકરાએ ઓરગન વગાડનારને કહ્યું આજે **"આપણે"** સરસ વગાડ્યું, કેમ બરાબર ને!

ઓરગન વગાડનાર આશ્ચર્ય અને ગુસ્સાથી બોલ્યો, આ **'આપણે'** એટલે શું? **'આપણે'** ક્યાંથી લાવ્યો? ઓરગન તો **'મેં'** વગાડ્યું છે.

બીજા રવિવારે ઓરગન વગાડનાર આવીને ખુરશી ઉપર બેઠો. ઓરગનને ઠીક ઠાક કર્યું. બધી ચાવીઓ તપાસી જોઈ. ગીત શરુ થયું, બધા સૂરો દબાવી જોયા, પણ ઓરગનમાંથી કશો જ અવાજ નીકળ્યો નહિ. ઓરગનીસ્ટ અસહાય અને વીવશ સ્થિતિમાં બેસી રહ્યો. એટલામાં પડદા પાછળથી અવાજ આવ્યો, સાહેબ, **'હું'** કે **'આપણે'**? આ અવાજ ધમણ નાખનાર છોકરાનો હતો. ઓરગનીસ્ટ પરિસ્થિતિ સમજી ગયો અને બોલ્યો, **'આપણે'**. આ જાદુઈ શબ્દની અસર થઈ અને ઓરગન વાગવા માંડ્યું. મધુર સૂરો રેલાયા.

**'આપણે'** એ જાદુઈ શબ્દ છે. એમાં જાદુ છે, શક્તિ છે. જૂના ઓરગનમાંથી જૂની દુનિયામાંથી સંગીત કાઢવું હોય, તો આ જાદુઈ શબ્દનો ઉપયોગ કરો - **'આપણે'**.

"હું કરું, હું કરું" એ અજ્ઞાનતા છોડીને **"આપણે"**ની સામુહિક જવાબદારી ઉપાડીએ તો ઘણાં કામો સફળ થશે. ઘણા બધાનો સહકાર મળી શકશે.

❖ ❖ ❖

# ૯. ઈશ્વરની સુંદર દુનિયા

એક વૃદ્ધ સાધુની આ વાત છે. વૃદ્ધાવસ્થાએ આ સાધુ પહાડો, ટેકરીઓ, ઝરણાં ઓળંગતો ઓળંગતો મુસાફરી કરતો હતો. કોઈ મુસાફરે તેને પૂછ્યું કે સાધુજી, આટલી ઉંમરે આ કષ્ટ શા માટે ઊઠાવો છો? હવે તો તમારે આરામ કરવો જોઈએ.

સાધુએ જવાબ આપ્યો, ભાઈ, હું અત્યાર સુધી એવું માનતો હતો આ જગતની સુંદરતા જોવી એ પાપ છે અને તેથી જગતની સુંદરતા પ્રતિ મેં મારી આંખો બંધ રાખી હતી. પછી હું માંદો પડ્યો અને મને લાગ્યું કે હું મરી ગયો છું. હું મરણના દરવાજા આગળ આવીને ઊભો રહ્યો. ત્યાં એક દૂતે આવીને મને કહ્યું, ભાઈ, તમે ઈશ્વરની બનાવેલી સુંદર દુનિયામાંથી આવો છો, તો ત્યાંની સુંદર બાબતો વિષે મને કહો. એ બધામાં તમને કઈ ચીજ વધુ સુંદર અને પ્રિય લાગી! પછી હું તમને અહીં સ્વર્ગની સુંદર સુંદર જગાઓ અને ચીજો બતાવીશ.

મને શરમ લાગી. કારણ કે આટલાં બધાં વર્ષો હું જગતમાં રહ્યો છતાં જગતની સુંદરતા વિષે મેં કદી જોયું કે વિચાર્યુ નથી, હું દૂતને કશો જવાબ આપી શક્યો નહિ.

માંદગીમાંથી સાજા થયા પછી મેં નિર્ણય કર્યો કે મારાં બાકીનાં વર્ષો હું મુસાફરીમાં ગાળીશ અને ઈશ્વરે બનાવેલી સુંદર દુનિયા જોઈશ. આ જગતમાં ઈશ્વરે મૂકેલી સુંદરતા ઈશ્વરનો મહિમા પ્રગટ કરે છે.

આ જગતમાં ઈશ્વરે બનાવેલી સુંદરતા જોવા માટે દૂર દૂર જવાની જરૂર નથી. રોજના આપણા જીવનમાં અને આપણી આજુબાજુ સુંદરતા જોવા મળશે. સુંદરતા જોવાની ટેવ પાડો. સુંદરતામાં ઈશ્વરનાં દર્શન થશે.

❖ ❖ ❖

# ૧૦. નાના મિજાગરા ઉપર મોટા દરવાજા

પાસ્ટર રોલેન્ડ ડી. પુરી ફ્રાન્સના લીઓન્સમાંની મંડળીના પાળક હતા. એક વિરોધી ચળવળમાં ભાગ લેવાના આરોપસર તેમને જેલમાં પૂરવામાં આવ્યા.

જ્યારે તેઓ જેલમાંથી છૂટ્યા ત્યારે તેમની સાથે એક નાની બેગ હતી. આ બેગમાં નાના-મોટા, નકામા એવા જાત જાતના કાગળો ભર્યા હતા. પડીકાં બાંધવાના કાગળ અને સીગરેટના પાકીટના કાગળો અને એવું બધું આ બેગમાં ભર્યું હતું.

આપણને આ કાગળો નકામાં લાગે, પણ જાણીને અજાયબી લાગે કે આ પાળકે જેલમાં રહીને છાની રીતે આ કાગળના ટુકડાઓ ઉપર ૧લા પિતરના પત્રની કોમેન્ટ્રી લખી હતી. જેલમાં તેઓને કોઈ પ્રકારના કાગળ કે કલમ રાખવાની પરવાનગી નહોતી, પણ કેટલાક સાથી કેદીઓ પાસેથી અને કેટલાક બહારથી તેમને મળ્યા જે તેમણે એકત્ર કરીને તેનો ઉપયોગ કર્યો હતો. જ્યારે તેમને કોઈ રીતે પેન મળી ત્યારે તેમનો વિજય થયો અને પિતરના ૧લા પત્રની કોમેન્ટ્રી બહાર પડી.

મોટા મોટા દરવાજા નાના મિજાગરા ઉપર ફરે છે અને ઉઘાડ-બંધ થાય છે. અને આ દરવાજાના નાના કાણા મારફતે અહીંથી છેક અનંતકાળ સુધી પહોંચતા મોટા મોટા પુલો બાંધવામાં આવ્યા છે.

❖ ❖ ❖

# ૧૧. દુનિયાની સૌથી સુંદર ચીજ

એક ચિત્રકારને દુનિયાની સૌથી સુંદર ચીજ દોરવાની ઈચ્છા હતી, આ માટે તેણે ઘણી શોધ કરી, ઘણા લોકોને પૂછ્યું કે દુનિયાની સૌથી સુંદર વસ્તુ કઈ?

એક પાળકની મુલાકાત થઈ. તેણે પાળકને પૂછ્યું કે દુનિયાની સૌથી સુંદર વસ્તુ કઈ છે? પાળકે જવાબ આપ્યો - વિશ્વાસ, વિશ્વાસ. વિશ્વાસ એ જ દુનિયાની સુંદર ચીજ છે.

ત્યાર પછી આ ચિત્રકારે એક જુવાન સૈનિકને મળીને તેને પૂછ્યું કે દુનિયાની સુંદર ચીજ કઈ? સૈનિકે જવાબ આપ્યો કે - શાંતિ, શાંતિ સૌથી સુંદર ચીજ છે.

હજી વધુ તપાસ કરવા ચિત્રકારે એક યુવાન યુવતીને મળીને તેને એજ સવાલ પૂછ્યો. યુવતીએ જવાબ આપ્યો - પ્રેમ, પ્રેમ એ જ દુનિયામાં સુંદર ચીજ કહી શકાય.

ચિત્રકાર વિચારવા લાગ્યો કે એવું કયું ચિત્ર દોરી શકાય જેમાં વિશ્વાસ, શાંતિ અને પ્રેમ એ ત્રણેનો સમાવેશ થઈ શકે!

એક સાંજે તે ફરીને ઘેર પાછો આવ્યો ત્યારે ઘરમાં તેને એનો જવાબ મળી ગયો.

પોતાનાં બાળકોની તેજસ્વી આંખોમાં તેણે વિશ્વાસ જોયો. પોતાની વિશ્વાસુ પત્નીની પ્રેમભરી નજરમાં તેને પ્રેમ દેખાયો અને ત્યાં એના ઘરમાં શાંતિ હતી. તેની શોધ પૂરી થઈ. દુનિયાની સૌથી સુંદર વસ્તુ તેને મળી ગઈ. - **ઘર.**

મહાન લેખક જોન રસ્કીન જણાવે છે કે ઘરમાં તેની મા પાસેથી તે ત્રણ બાબતો શીખ્યો હતો. (૧) પ્રેરક બુદ્ધિની શાંતિ, (૨) અધિકારીઓની આધિનતા અને (૩) ઈશ્વરમાં વિશ્વાસ.

❖ ❖ ❖

# ૧૨. દેવું કેવી રીતે વાળી આપવું!

એક અમેરિકન જુવાન બર્લીનમાં સંગીતનો અભ્યાસ કરતો હતો. નાણાંની તંગીમાં હતો. કોઈ જગાએથી નાણાંની મદદ મળી રહે તો પોતાનો અભ્યાસ આગળ કરી શકે. આ સમય દરમિયાન મહાન સંગીતકાર પેડરેવસ્કી બર્લીનમાં હતા, અને તેમણે આ જુવાનની નાણાંભીડ વિષે સાંભળ્યું. તેને પોતાની પાસે બોલાવ્યો અને તેને ઉછીનાં નાણાં આપીને કહ્યું કે તું તારો અભ્યાસ પૂરો કર.

ચાલીસ વર્ષ પછી પેડરેવસ્કી બોસ્ટનમાં હતા. તે સમયે એક ખૂબ જ સફળ બનેલો અને પ્રખ્યાત થયેલો એવો સંગીતકાર તેમને મળવા આવ્યો. આ સંગીતકાર તે પેલો જુવાન હતો, જે એક વખતે નાણાંભીડમાં હતો. તેણે લીધેલાં ઉછીનાં નાણાં વ્યાજ સાથે વાળી આપવા માટે ચેક લખીને પેડરેવસ્કીને આપ્યો.

પેડરેવસ્કીએ ચેક લેવાની ના પાડતાં કહ્યું, મારે હવે એની જરૂર નથી, અને હવે તારે પણ નાણાંની કોઈ ભીડ નથી. માટે એક કામ કર. જેમ ચાલીસ વર્ષો પહેલાં તું નાણાંની તંગીમાં હતો, એવો કોઈ સંગીતનો વિદ્યાર્થી જો આજે તંગીમાં હોય અને નાણાંની તંગીને કારણે સંગીતનો અભ્યાસ પૂરો કરવામાં મુશ્કેલી અનુભવતો હોય તો એવા વિદ્યાર્થીને શોધી કાઢીને આ નાણાં તેને આપ, જેથી તે પોતાનો અભ્યાસ પૂરો કરી શકે. મારા મિત્ર, દેવું વાળી આપવાનો આ સૌથી ઉત્તમ માર્ગ છે.

સરખાવો પ્રભુ ઈસુનું શિક્ષણ - માથ્થી ૧૦:૮

"તમે મફત પામ્યા, મફત આપો."

❖❖❖

## ૧૩. ક્વાયર માટે દસ આજ્ઞાઓ

**પહેલી આજ્ઞાઃ-** તમારા ક્વાયરમાં એક જ ક્વાયર ડાયરેક્ટર હોય. બધા જ ડાયરેક્ટર બનવા પ્રયત્ન કરશો નહિ. એક બસ છે.

**બીજી આજ્ઞાઃ-** તમે યાદ રાખશો કે તમે શા માટે ગાઓ છો? પાળક તમારી પ્રસંશા કરે માટે તમે ગાતાં નથી, ક્વાયર ડાયરેક્ટર વખાણ કરે અથવા તમારા સાથી ક્વાયર મેમ્બર તમારા રાગની પ્રસંશા કરે માટે તમે ક્વાયરમાં ગાતાં નથી, પણ ઈશ્વરને મહિમા મળે માટે ગાઓ છો તે યાદ રાખો.

**ત્રીજી આજ્ઞા;-** ગીતોની પ્રેક્ટિસ કરતી વખતે અને ગાતી વખતે તમારી ધીરજ અને સહનશીલતાને પવિત્ર અને આનંદિત રાખો. નાની નાની વાતોમાં અકળાઈ જશો નહિ. તમારી અધીરાઈ ગાયકગણમાં અસંતોષ પેદા કરશે અને અસંતોષી ક્વાયર દેવને મહિમા આપે એ રીતે કદી ગાઈ શકશે નહિ.

**ચોથી આજ્ઞાઃ-** તમારા ક્વાયરના સાથી સભ્યને માન આપવાનું યાદ રાખશો, જેથી તમે લાંબા સમય સુધી સાથે સાથે ક્વાયરમાં સેવા આપી શકો. અન્ય સભ્ય પ્રત્યેની તમારી નાની ટીકા, તેમની સામે જોવાની તમારી વિકૃત દૃષ્ટિ, તમારા કરતાં બીજાને ઉતરતા ગણવાની તમારી મનોવૃત્તિ- એ બધી તમારી મૂર્ખાઈ ગણાશે. જેને કારણે ગાયકગણમાં એક્તા અને પ્રેમભાવ ઓછાં થતાં ક્વાયર તૂટી જશે.

**પાંચમી આજ્ઞાઃ-** ક્વાયરની પ્રેક્ટિસમાં અને રવિવારની ભજનસેવામાં નિયમિત હાજર રહેવાનું યાદ રાખશો. ક્વાયરના સભ્યોની અવાર-નવારની ગેરહાજરી અને અનિયમિતતા સારામાં સારા ક્વાયરને મારી નાખવા માટે બસ છે.

**છઠ્ઠી આજ્ઞાઃ-** ક્વાયરમાં ગાતી વખતે મોં ખોલીને અને હૃદયના ભાવથી ઈશ્વરને મહિમા મળે એ રીતે ગાઓ. માણસોને રાજી કરવા ખાલી ધમાધમ કરશો નહિ.

**સાતમી આજ્ઞાઃ-** તમારા ક્વાયરમાં તમારી પાસે બેઠેલી વ્યક્તિના અવાજને દાબી દેવાનો પ્રયત્ન કરશો નહિ. તેના સુંદર કંઠની ઈર્ષા કરશો નહિ, તમે તમારી પૂરી શક્તિ વાપરીને સારામાં સારું ગાવાનો યત્ન કરો.

**આઠમી આજ્ઞાઃ-** ક્વાયરના અન્ય સભ્યોના અવાજ વિષે અથવા તેમની ગાવાની રીત વિષે ફરિયાદ કરશો નહિ. જેટલા બની શકે એટલા તમે પોતાને અંકુશમાં રાખો.

**નવમી આજ્ઞાઃ-** અન્ય સભ્યો વિષે બહાર ખોટી વાતો કરશો નહિ અથવા જૂઠ્ઠી અફવા ફેલાવશો નહિ. એના બદલે તેમના માટેની સારી સાક્ષી ઊભી કરો.

**દસમી આજ્ઞાઃ-** ગાતી વખતે તમારું મોં હસતું રાખો. આનંદિત રાખો, આત્મામાં ઉત્સાહી બનો, હોઠો ઉપર પ્રાર્થના રાખો અને હૃદયમાં આભારીભાવ રાખો. તમને ક્વાયરમાં ગાવાની અને સેવા કરવાની તક મળી છે તે માટે આભારની લાગણી પ્રદર્શીત કરો.

"મારા, હે આત્મા,

સ્તવનો ઈશનાં નિશદિન ગા."

❖ ❖ ❖

# ૧૪. We have a story

ઘાયલ થયેલા એક દર્દીને ડૉ. શ્વાર્ટ્ઝની હોસ્પિટલમાં લાવવામાં આવ્યો. હોસ્પિટલનો કંપાઉન્ડર આ દર્દીને ઓળખી ગયો. અગાઉ તે આ હોસ્પિટલમાં આવી ગયો હતો. આ કંપાઉન્ડરે ડૉ. શ્વાર્ટ્ઝને વિનંતી કરતાં કહ્યું કે, ડૉ. સાહેબ આ દર્દીને આપણી હોસ્પિટલમાં દાખલ કરશો નહિ. અગાઉ તે દર્દી તરીકે અહીં આવ્યો હતો. અને સાજો થયો ત્યારે હોસ્પિટલમાંથી દવાઓ ચોરીને જતો રહ્યો હતો અને એ દવાઓ ગામમાં વેચી દીધી હતી. આવા ચોરને ફરી આપણી હોસ્પિટલમાં રાખવો ઉચિત નથી.

ડૉ. શ્વાર્ટ્ઝે કહ્યું, કોઈ વ્યક્તિ પોતાનું દર્દ લઈને ઈસુની પાસે જાય તો ઈસુ તેને શું કહે? શું ઈસુ તેને કાઢી મૂકશે? જવાબ છે. ના. માટે કંપાઉન્ડર, જલદી કર, સમય બગાડ્યા વગર આ દર્દીને ઓપરેશન ટેબલ ઉપર લઈ જા.

ઈસુની પાસે આવેલી કોઈ પણ વ્યક્તિને ઈસુએ કદી આ સવાલ પૂછ્યો નથી કે તેં કેટલાં પાપ કર્યાં છે. અને કેવાં પાપ કર્યાં છે! ઈસુએ માત્ર એટલું જ કહ્યું છેઃ "શાંતિએ જા, હવેથી પાપ કરતી ના - કરતો ના."

હેનરી અર્નેસ્ટ નીકોલ નામના કવિએ લખેલું ગીત મંડળી ઉત્સાહથી ગાય છે -

"We have a story to tell to the nations,<br>
That shall turn their hearts to the right,<br>
A story of Truth and Mercy<br>
A story of Peace and Light."

જેની પાસે આવી "story" હોય તેનું વલણ દુઃખ અને દર્દથી પીડાતી વ્યક્તિ પ્રત્યે કેવું હોય!

❖ ❖ ❖

# ૧૫. ઈંટોનું નવું દેવળ

ન્યૂયોર્કના રોચેસ્ટરમાં એક જૂનું દેવળ આવેલું હતું. આ દેવળ નાનું હતું અને મંડળીના લોકો વારંવાર આ ચર્ચમાં મિટીંગો ભરીને ચર્ચાઓ કરતા હતા કે હવે આપણે નવું ચર્ચ બનાવવું જોઈએ. પરંતુ ચર્ચાઓ કરીને બધા છૂટા પડી જતા હતા, કોઈ આગેવાની લેવા અને પોતાનો ભાગ ભજવવા તૈયાર થતું નહોતું. કેટલોક સમય વીતી ગયો.

એક વહેલી સવારે પાળકના ઘરના દરવાજાની ઘંટડી રણકી. પાળકે બહાર આવીને જોયું તો એક નાની ઉંમરનો છોકરો ઘરના બારણા આગળ ઊભો હતો, અને એના હાથમાં બે ઈંટો હતી. તેણે પાળકને જણાવ્યું કે નવું ચર્ચ બાંધવા માટે તે આ ઈંટો લાવ્યો છે. પાળકે બંને ઈંટો લઈને બાજુ ઉપર મૂકી અને છોકરાનો આભાર માની તેને વિદાય કર્યો. પોતાનો સવારનો નાસ્તો પતાવીને પાળક મંડળીના કુટુંબોમાં ફરવા લાગ્યા અને દરેકને કહેવા લાગ્યા કે આપણું નવું દેવળ હવે બંધાઈ જશે, કારણ કે ઈંટોનો પહેલો જથ્થો આવી ગયો છે અને ગ્રાઉન્ડમાં ગોઠવ્યો છે. બીજો ઈંટોનો જથ્થો થોડા સમયમાં આવી જશે. ઉત્તેજનદાયક સમાચાર સાંભળીને લોકોના મનમાં ઉત્સાહ વધવા માંડ્યો, તેમનામાં હિંમત આવી અને પછી તો દરેક જણ કામ કરવા લાગ્યા અને દાનનો પ્રવાહ શરૂ થઈ ગયો અને એક સુંદર, મોટું ઈંટોનું દેવળ તૈયાર થઈ ગયું.

નાના છોકરાની બે ઈંટોએ ચમત્કાર સર્જ્યો. સુવાર્તામાંના પેલા છોકરાની પાંચ રોટલી અને બે માછલીઓએ ચમત્કાર સર્જ્યો હતો.

વિલ્યમ કેરીને કોઈએ એક ઉછીનું પુસ્તક વાંચવા આપ્યું અને આ પુસ્તકે તેને મિશનરી બનાવ્યો.

એક વૃદ્ધ માણસે મૂડીને થોડા ઉત્તેજનના સારા શબ્દો કહ્યા અને આ શબ્દોએ મૂડીને ખ્રિસ્તના ચરણે આણ્યા.

❖ ❖ ❖

## ૧૬. નાના છોડવા ઉપર પગ મૂકશો નહિ

દૂરની એકાંત જગામાં એક નાના ઘરમાં એક નાનો છોકરો ખૂબ બીમાર હતો. તેની વિધવા મા ડૉક્ટરને બોલાવવા માટે રાત્રીના અંધકારમાં અને વરસતા વરસાદમાં પાંચ માઈલ ચાલીને પાસેના ગામમાં પહોંચી. રાત્રીના સમયે ડૉક્ટરની જવાની ઈચ્છા નહોતી, પણ એક માના આગ્રહ આગળ તેને નમી જવું પડ્યું. રસ્તામાં જતાં ડૉક્ટર વિચાર કરે છે કે હું આવી અંધારી રાત્રે એક ગરીબ છોકરાની સારવાર કરવા જાઉં છું તો ખરો, પણ મને ફીના પૈસા મળશે કે કેમ! અને કદાપી મારી સારવારથી છોકરો બચી જશે તોપણ એ છોકરો મોટો થઈને એક ગરીબ મજૂર જ બનવાનો છે. આવા જીવનને બચાવવાનો અર્થ પણ શો!

ગમે તેમ પણ ડૉક્ટરે એ છોકરાની સારવાર કરી અને છોકરો બચી ગયો.

ઘણાં વર્ષો પછી આ છોકરો મોટો થઈને અદાલતનો ન્યાયાધીશ બન્યો, જેનું નામ લોઈડ જ્યોર્જ.

વૃદ્ધ ડૉક્ટરે તેને મળીને કહ્યું મને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો કે તે રાત્રે દૂરના ખેતરમાં જેનું જીવન હું બચાવવા ગયો હતો તે રાષ્ટ્રનો આગેવાન છે.

બાળકોને મારી પાસે આવવા દો. તેઓને વારો મા. આ નાનાઓમાંથી કોઈને ઠોકર ખવડાવશો નહિ. કોઈને ધિક્કારશો નહિ, કોને ખબર એમાંથી કોણ- ક્યારે શું બનશે! એકદમ કોઈ બાળક માટે નિર્ણય બાંધી દેશો નહિ કે આ બાળક જીવવા માટે લાયક છે અને આ બાળક મરવા માટે લાયક છે.

નાના છોકરાને પૂછવામાં આવ્યું: બાગમાંનું આ ઝાડ વાંકું વળી ગયેલું કેમ છે? છોકરાએ જવાબ આપ્યો, કદાપિ જ્યારે તે નાનો છોડ હશે ત્યારે કોઈએ તેના ઉપર પગ મૂકી દીધો હશે.

કોઈ નાના છોડવા ઉપર પગ મૂકશો નહિ.

❖ ❖ ❖

## ૧૭. ખ્રિસ્તની પ્રતિમા ઉપસાવો

વિકટર ડેવિડ બ્રેનરને ૧૯ વર્ષની ઉંમરે અમેરિકામાં ડાયમેકરનું કામ મળ્યું, તેથી રશિયાથી અમેરિકા આવીને વસ્યો. આજે તે અમેરિકાનો મોટો શીલ્પશાસ્ત્રી ગણાય છે. આ બ્રેનરે અમેરિકાના ચલણ - પેની ઉપર અમેરિકાના પ્રેસિડેન્ટ અબ્રાહમ લિંકનનો ચહેરો કંડાર્યો હતો. શા માટે બ્રેનરે નાનો સીક્કો - પેની પસંદ કર્યો, એનું કારણ તે આપે છે કે નાનો સિક્કો સામાન્યમાં સામાન્ય માણસના ખીસ્સામાં પણ હોય શકે, અને એ રીતે લિંકનનો ચહેરો સામાન્ય માણસ પણ પોતાના ખીસ્સામાં રાખી શકે. આવા સામાન્ય માણસો વિષે લિંકને કહ્યું હતું કે ઈશ્વર સામાન્ય માણસો ઉપર વધારે પ્રેમ કરતા હોવા જોઈએ, કારણ કે ઈશ્વરે સામાન્ય માણસોને વધારે સંખ્યામાં બનાવ્યા છે. બ્રેનરનો એવો ખ્યાલ હતો કે ગરીબ અને સામાન્ય માણસ પોતાના ખીસ્સામાં રહેલ પેનીને જુએ - લિંકનનો ચહેરો જુએ - ત્યારે નિરાશ થયેલો - હતાશ થયેલો એવો ગરીબ અને સામાન્ય માણસ પણ મહાન પ્રેસિડેન્ટ લિંકનનો ચહેરો જોઈને દિલાસો અને ઉત્તેજન મેળવી શકે.

પ્રેરિત પાઉલ લખે છે કે "ખ્રિસ્તને પહેરી લો" લોકોના હૃદયમાં ખ્રિસ્તની પ્રતિમા ઉપસાવો, જેથી ગરીબ અને સામાન્ય માણસ પણ તેનાથી હિંમત, ઉત્તેજન અને દિલાસો મેળવી શકે.

❖ ❖ ❖

# ૧૮. ભજનસેવાની સંગત

આગળ પડતા એક આગેવાને કહ્યું, હું વર્ષમાં ચાર વખત ચર્ચમાં જાઉ છું. આ ચાર પ્રસંગો આ પ્રમાણે છેઃ

૧. જે રવિવારે વરસાદ હોય, તોફાન અને વાવાઝોડુ હોય તે રવિવારે જાઉં છું.

૨. જે રવિવારે અમારા ચર્ચના પાળક ગેરહાજર હોય તે રવિવારે જાઉં છું.

૩. જ્યારે કોઈ નવા વક્તા સંદેશો આપવાના હોય ત્યારે જાઉં છું,

૪. અને, જે રવિવારે મારા પાળક પોતે સંદેશો આપવાના હોય ત્યારે ચર્ચમાં જાઉં છું.

આ ચાર પ્રસંગોએ ચર્ચની ભક્તિસભામાં હાજર રહેવું એનો અર્થ તે બધા જ રવિવારોએ આ વ્યક્તિ ચર્ચમાં હાજર હોય છે. નિયમિત હાજરી.

★ ★ ★

### શા માટે લોકો ચર્ચમાં આવે છે?

આર્ચ બીશપ ફેનલોન, રાજા લુઈસ ૧૪માના પાદરી હતા - ચેપલેઈન હતા. એક રવિવારે રાજા લુઈસ ૧૪માએ ભક્તિસભામાં જોયું તો કોઈ જ લોકો દેવળમાં હાજર નહોતા. માત્ર બે જ જણ હાજર હતા. એક પોતે અને બીજા ચેપલેઈન બીશપ ફેનલોન. રાજાને આશ્ચર્ય થયું. તેમણે બીશપને પૂછ્યું, આ બધા લોકોને શું થયું? આજે કેમ કોઈ આવ્યા નથી? બીશપ ફેનલોને જવાબ આપ્યો, મેજેસ્ટી, મેં ગઈકાલે એવી જાહેરાત કરી હતી કે આવતી કાલની ભક્તિસભામાં આપ હાજર રહેવાના નથી. રાજાએ સવાલ કર્યો, શા માટે એવી જાહેરાત કરી? બીશપ ફેનલોને જણાવ્યું, કે મારે એ જોવું હતું અને આપને પણ બતાવવું હતું કે કોણ આત્માથી અને સત્યતાથી ઈશ્વરનું ભજન કરવા

આવે છે અને કોણ રાજાને છેતરવા અને ખુશ કરવા માટે ચર્ચમાં આવે છે અને આજે આપે એ જોઈ લીધું.

કોઈને છેતરવા અને ખુશ કરવાના ઈરાદાથી તો આપણે ચર્ચમાં નથી જતા ને!

ચર્ચમાં જવાનું મુખ્ય કારણ આ હોવું જોઈએ,

"અમે ઈસુનાં દર્શન કરવા માગીએ છીએ."

★ ★ ★

ઓલિવર વેન્ડેલ હોલ્મ્સ આ પ્રમાણે લખે છેઃ-

"હું નિયમિત ચર્ચની ભક્તિસભામાં હાજર રહું છું. ભક્તિભાવવાળા લોકોની સંગતમાં મને આનંદ આવે છે. એમની વિચારસરણીથી હું કદાપી જુદો પડતો હોઉં, પણ એમની સંગતથી જુદો પડવા માગતો નથી. મારા હૃદયના ખૂણામાં એક નાનો છોડવો છે, જેને દર અઠવાડિયે પાણી પીવડાવવું પડે છે જેથી તે સુકાય ના જાય."

★ ★ ★

સને ૧૭૯૪ની સાલમાં ગ્રાન્ટ થોબર્ન, અમેરિકા આવ્યો, એના ખીસ્સામાં માત્ર ત્રણ સેન્ટ અને કામ કરવાનાં થોડાં હથિયારો હતાં. તે ઓછું ભણેલો હતો, પણ તેના ઘરમાં તેને ધાર્મિક શિક્ષણ મળ્યું હતું. અમેરિકામાં તે નિયમિત ચર્ચમાં જતો હતો. તેણે તેના મિત્રોને કહ્યું, તમારે જ્યાં જવું હોય ત્યાં જાઓ, પણ રવિવારે હું ચર્ચમાં જઈશ. સ્કોટલેન્ડના દરિયા કિનારે જ્યારે હું અને મારા પિતા છૂટા પડ્યા ત્યારે મારા પિતાના વિદાયના શબ્દો હતાઃ "દીકરા, સાબ્બાથ દિવસ પવિત્ર પાળવાને યાદ રાખજે." અને હું તે ભૂલ્યો નથી.

શું તમે ભૂલી ગયા છો?

❖ ❖ ❖

# ૧૯. પૂરી તૈયારી સાથે

અમેરિકામાં પ્રથમ વખત આવનાર એક જુવાનને ફોર્મ ભરવાનું હતું, તેમાં કેટલાક પ્રશ્નોના ઉત્તર ભરવાના હતા. એક ધારાશાસ્ત્રી આ પ્રશ્નોના ઉત્તર ભરવામાં તેની મદદ કરી રહ્યા હતા. આ ધારાશાસ્ત્રીએ યુવાનને કહ્યું, તમે પરદેશી છો અને એ નાતે તમને અમેરિકાની સરકાર કેટલીક છૂટછાટો આપશે, કેટલીક ફરજોમાંથી મુક્તિ આપશે. ત્યારે આ જુવાને તેમની સામે જોઈને ઉત્તર આપ્યો, જ્યારે હું અમેરિકામાં આવ્યો છું ત્યારે પૂરી તૈયારી સાથે આવ્યો છું, જો અમેરિકા દેશને કાર્લ કલાઉસના બલિદાનની જરૂર પડે તો કાર્લ કલાઉસન તૈયાર છે.

શું ખ્રિસ્ત ઈસુને આપણે આવો ઉત્તર આપી શકીએ કે "હું તૈયાર છું?"

★ ★ ★

એક જુવાન ઓહાઈઓમાં કોલસાની ખાણમાં કામ કરતો હતો. એણે વિશ્વયુદ્ધમાં સૈનિક તરીકે જોડાવાનો પોકાર સાંભળ્યો અને પોતાનું કામ છોડીને સૈનિક તરીકે લશ્કરમાં ભરતી થઈ ગયો. સૈનિક તરીકેની બધી જ તાલીમ તેણે મેળવી લીધી. આ જુવાનનું નામ હતું - **જોન રાઈટ.** પોતાની હોંશિયારી અને બહાદુરીથી તે આગળ અને આગળ વધતો ગયો.

એક દિવસે તેના અધિકારીએ તેને બોલાવીને કહ્યું, જોન, ખૂબ જોખમવાળુ એક કામ હું તને સોંપવા માગું છું. જેમાં જીવનું જોખમ છે, શું તું એ કરીશ? તેણે જવાબ આપ્યો: "જ્યારે જોન રાઈટ અહીં આવ્યો ત્યારે પૂરી તૈયારી સાથે આવ્યો છે."

શું પાળકો આ પ્રમાણે કહી શકે કે હું પૂરી તૈયારી સાથે આ સેવામાં આવ્યો છું ?

❖ ❖ ❖

## ૨૦. શંકાની દવા

ઈશ્વરવિદ્યાનો એક વિદ્યાર્થી એક વખતે મનની બેચેની સાથે ડૉ. આર્ચીબોલ્ડ એલેકઝાંડરની પાસે મળવા આવ્યો. એના મનમાં શંકા જાગી હતી કે ખરેખર મારું બદલાણ થયું છે કે કેમ! ડૉ. આર્ચીબોલ્ડે તેને સમજાવ્યું કે તમે પસ્તાવો કર્યો છે અને વિશ્વાસ શું છે એ પણ જાણો છો અને ઈસુ ઉપર વિશ્વાસ કર્યો છે પછી શંકા શા માટે લાવો છો? જાઓ અને જઈને અભ્યાસમાં મન લગાડો. શંકા દૂર કરવાનો સૌથી સારો ઉપાય એ છે કે કામ કરો. કામમાં મન પરોવો.

શંકાશીલ થોમસ વિષેની એક દંતકથા આ પ્રમાણે છે. પ્રભુ ઈસુના સ્વર્ગારોહણ પછી થોમાનું મન ફરી પાછુ શંકાના વમળમાં ઘેરાઈ ગયું. શંકાના આ વિચારોમાંથી નીકળવા માટે તેણે વિચાર્યું કે આ વિષે બીજા પ્રેરિતોને વાત કરું અને તેમની સલાહ મેળવું. આથી તે પ્રેરિત પાઉલને મળવા ગયો, પણ પાઉલ ગ્રીક લોકોની ભૂલો સુધારવામાં મશગૂલ હતા અને એની પાસે થોમાની વાત સાંભળવાનો વખત નહોતો. ફિલીપને ત્યાં ગયો અને જોયું તો ફિલીપ ઈથીઓપીઆ લોકો માટે સુવાર્તા લખવાના કામમાં બીઝી હતો. પિતરની તપાસ કરી તો જાણવા મળ્યું કે તે કાઈસારીઆમાં સુવાર્તા પ્રચાર માટે ગયો હતો. કોઈની પાસે બીચારા થોમાની વાત સાંભળવાનો વખત નહોતો. આથી થોમાએ વિચાર્યું કે જોપ્પા જઈને બહેન દરકાસને વાત કરું તો એ મને મદદ કરશે. થોમા જોપ્પા ગયો ત્યારે ખબર પડી કે દરકાસ બીમાર છે અને હજી ગરીબો મધ્યેની એની સેવા ઘણી બાકી છે. આથી થોમા નિરાશ થઈને યરૂશાલેમ પાછો આવ્યો. માર્ગમાં તે વિચારવા લાગ્યો કે મને એકલાને જ આવી શંકાઓ કેમ જાગે છે, બીજા કોઈ પ્રેરિતોને શંકાની આવી તકલીફ નથી. પછી એને એનું કારણ સમજાયું કે બીજા પ્રેરિતો પોતપોતાના કામમાં ગુંથાયેલા રહે છે અને શંકા લાવવાનો પણ એમની પાસે સમય નથી.

જ્યારે હું નવરો ભૂત જેવો આમથી તેમ ફર્યા કરું છું, અને નવરાશના સમયમાં મારા મનમાં જાતજાતની શંકાઓ પેદા થાય છે.

આથી તેજ ઘડીએ થોમાએ પાર્થીઅનો મધ્યે સુવાર્તાપ્રચાર કરવાનો નિર્ણય કર્યો અને કામની શરૂઆત કરી દીધી. દંતકથા કહે છે કે ત્યાર પછી કદી થોમાના મનમાં શંકા ઉદ્ભવી નથી.

Cure for doubt it, go to work

★ ★ ★

"I had a littele Tea Party
This afternoon at three
It was very small -
Three guests in all -
Just, **I**, **My self** and **me.**
Myself ate up all the sandwiches,
while I drank up the Tea,
It was also I who ate the pie
and passed the cake to me."

❖ ❖ ❖

# ૨૧. મરણની વ્યાખ્યા

બિશપ સી. ડબલ્યુ સ્મીથની દફનવિધિ પ્રસંગે સંદેશો આપતા બિશપ ડબલ્યુ. એ. કોએલે એક વાત કરી કે એક નાની છોકરી કબરસ્તાનમાં થઈને પસાર થતી હતી, તેને કોઈએ પૂછ્યું કે તેને કબરસ્તાનમાંથી જતા બીક નથી લાગતી? ત્યારે એ નાની છોકરીએ જવાબ આપ્યો કે ના, મારા ઘેર જવાનો આ ટૂંકો રસ્તો છે. પછી બીશપ કોએલે ઊંચા અવાજે કહ્યું, ઓ ચાર્લ્સ સ્મીથ, તમે પણ ઘેર જવા માટે આ ટૂંકો રસ્તો પસાર કર્યો છે.

આપણે કહીએ છીએ કે સૂર્ય આથમી ગયો, પણ સૂર્ય કદી આથમતો નથી. સાંજનું વાતાવરણ અને દેખાવ એવો આભાસ ઊભો કરે છે કે જાણે સૂર્ય આથમી ગયો હોય. પ્રભુ ઈસુ પર વિશ્વાસ કરનાર માટે ઊંઘ એ મરણનો આભાસ ઊભો કરે છે પણ ખરેખર એ મરણ નથી, માત્ર થોડીવાર માટે ઊભો કરાયેલો આભાસ છે. રાત પછી સવાર થાય છે અને સૂર્ય ફરી દેખાય છે.

ડૉ. આમોસ આર. વેલ્સ આ સત્યને બીજી રીતે સમજાવે છે. તેઓ કહે છે કે એક વહાણ દરિયા કિનારે લંગર નાખીને પડ્યું છે. સમય થતાં વહાણ હંકારવા માટે તૈયાર કરવામાં આવે છે.

વહાણમાં ભરવાના માલને તુતક ઉપર લાવવામાં આવે છે, વહાણ ચાલક એન્જિન ચાલુ કરે છે. વરાળ બહાર નીકળે છે, ધુમાડો ઊંચે ચડવા માંડે છે. પછી કેપ્ટન હુકમ આપે છે, વહાણનાં દોરડાં ઢીલાં કરવામાં અને છોડવામાં આવે છે. હવે વહાણ દોરડાંના બંધનમાંથી મુક્ત થાય છે. અને ધીમે ધીમે આગળ વધે છે. પાટિયાં હટાવી લેવામાં આવે છે અને જોતજોતામાં વહાણ દરિયામાં વહેવા માંડે છે. વહાણને હંમેશ માટે બંદર ઉપર બાંધી રાખવા માટે બનાવવામાં આવ્યું નથી. બંદર એ તો વહાણના થોડીવાર આરામ માટેની જગા છે, અથવા માલ ભરવા માટેની જગા છે. વહાણને

તો દરિયામાં રહેવા માટે અને એક દેશથી બીજા દેશની મુસાફરી માટે બનાવવામાં આવ્યું છે.

એમ જ આ જગતરૂપી ગોદીમાં થોડી વારને માટે આત્માને શરીરરુપી વહાણમાં બાંધવામાં આવ્યો છે. જગતરૂપી આ ગોદીમાં - બંદર ઉપર તે જ્ઞાન, અનુભવ, ડહાપણ અને ચારિત્ર્ય અને ભક્તિભાવરૂપી માલનો ભરાવો કરે છે, અને મરણ માત્ર વહાણ સાથે બાંધેલાં દોરડાંને ઢીલાં કરીને છોડે છે. તે વહાણનો નાશ કરતું નથી.

માણસને આગળ હંકારી જવા માટે જ ઉત્પન્ન કરવામાં આવેલું છે.

મૂએલામાં તમે જીવતાંને કેમ શોધો છો? પૃથ્વી ઉપરના બે દિવસ - એક સૌથી દુઃખનો દિવસ અને બીજો સૌથી આનંદનો દિવસ. આ બંને દિવસ વચ્ચે માત્ર એક જ દિવસનું અંતર પડે છે. ગુડફ્રાઈડે અને ઈસ્ટર વચ્ચે માત્ર એક જ દિવસનું અંતર છે.

❖ ❖ ❖

# ૨૨. રેસ કોર્સ ક્રિશ્ચિયન

શરતના મેદાનમાં [Race-Course] દોડનાર ઘોડો જુસ્સામાં આવીને ૩ મીનીટમાં એક માઈલ દોડી શકશે, પણ એ જ ઘોડાને સડક પર ખડ્ડુક-ખડ્ડુક દોડવાનું હોય તો ૧ કલાકમાં સાત માઈલ દોડતાં તેને ભારે મુશ્કેલી પડશે. આવા ઘોડા શરતના મેદાનમાં દોડવા માટે સારા છે, પણ સડક ઉપર દોડવા માટે નકામા છે.

કેટલાક ખ્રિસ્તીઓ આવા રેસ-કોર્સના ઘોડા જેવા હોય છે. મંડળીઓમાં કેટલાક સભાસદો એવા છે જેઓ ત્રણ મીનીટમાં ૧ માઈલ દોડી શકશે - પણ ક્યારે? જ્યારે કોઈ ધર્મજાગૃતિની મોટી સભા હોય, કોઈ મોટા વક્તા સંદેશો આપવાના હોય, જ્યાં ખૂબ લોકો એક યા બીજા કારણથી આવતા હોય - એવી સભાઓમાં તેઓ ઝડપથી દોડી શકશે - ત્રણ મીનીટમાં એક માઈલ - ખૂબ જુસ્સામાં દોડશે. ભાડુ ખર્ચીને પણ બીજા ગામે કે શહેરમાં જશે - પરંતુ -

પોતાની મંડળીમાં પ્રાર્થના મીટીંગ હોય કે શાસ્ત્રાભ્યાસની મીટીંગ હોય ત્યારે તેઓ એક કલાકમાં સાત માઈલ પણ દોડી શકશે નહિ. આવા ખ્રિસ્તીઓને આપણે રેસ-કોર્સ, ખ્રિસ્તીઓ તરીકે ગણાવી શકીએ. મોટી મોટી સભાઓમાં ભરતી કરવા માટે - શરતના મેદાનમાં દોડવા માટે તેઓ સારા છે, પણ નાની નાની પ્રાર્થના મીટીંગો માટે - સડક ઉપર ખડ્ડુક-ખડ્ડુક દોડવા માટે તેઓ નકામા છે.

"An ounce of solid home work is worth more than a pound of convention enthusiasm."

❖ ❖ ❖

## ૨૩. દુશ્મનને ગુમાવો

ફી મેથોડિસ્ટ મેગેઝીનમાં જોન વેસ્લીની માફી માગવા અંગેની એક રસિક વાત પ્રગટ થઈ હતી. જોસફ બ્રેડફોર્ડ નામનો વેસ્લીનો એક સાથી મિત્ર હતો. બંને જણ ઘણી વખત સાથે મુસાફરી કરતા. જોસફ, વેસ્લી માટે બધું જ કરી છૂટવા તૈયાર હતો, પણ વેસ્લીના આગ્રહ આગળ તે કદી ઝૂકતો નહિ.

એક દિવસે જોન વેસ્લી એક મીટીંગમાં સંદેશો આપવાના હતા. મીટીંગ શરૂ થાય તે પહેલાં તેમણે જોસફને કહ્યું, જોસફ, આ કાગળ ટપાલમાં નાખી આવ.

જોસફ : મીટીંગ પૂરી થાય પછી કાગળ નાખી આવીશ.

વેસ્લી : ના, હમણાં જ લઈને જા.

જોસફ : મારે તમારો સંદેશો સાંભળવો છે, અને મીટીંગ પછી પૂરતો સમય મળશે.

વેસ્લી : જોસફ, તું હમણાં જ જા એવો મારો આગ્રહ છે.

જોસફ : હું હમણાં જવાનો નથી.

વેસ્લી : શું તું નહિ જા?

જોસફ : ના, સાહેબ.

વેસ્લી : જો તું હમણાં જ ટપાલ નાખવા ના જવાનો હોય, તો આજથી આપણે બંને છૂટા પડી જઈએ.

જોસફ : ભલે સાહેબ, જેવી તમારી ઇચ્છા અને જોસફ ત્યાંથી ચાલ્યો ગયો.

રાત્રે બંને જણ એક જ રૂમમાં સૂઈ ગયા. બંને જણ સવારે ૪ વાગે ઊઠતા હતા, બીજી સવારે બંને જણ ૪ વાગે ઊઠી ગયા. જોસફને જોઈને જોન વેસ્લીએ કહ્યું,

વેસ્લી : જોસફ, મેં તને રાત્રે કહ્યું હતું કે હવે આપણે સાથે રહી શકીએ એમ નથી, જુદા પડીએ, એનું તે શું કર્યું?

જોસફ : હા સાહેબ, એમ જ કરીશું.

વેસ્લી : આપણે જુદા પડી જ જવું જોઈએ.

જોસફ : ભલે, સાહેબ તમે જઈ શકો છો.

વેસ્લી : જોસફ, તારે મારી માફી માગવી જોઈએ. શું તું માફી માગવા તૈયાર છે?

જોસફ : ના, સાહેબ.

વેસ્લી : જોસફ, જો તું મારી માફી માગવા તૈયાર ના હો, તો હું તારી માફી માગીશ.

વેસ્લીની માફી માગવાની વાત સાંભળીને જોસફ પીગળી ગયો. તેની આંખોમાં આંસુ આવી ગયાં અને વેસ્લીની આગળ નમી પડ્યો.

જોસફ, જોન વેસ્લીનો દુશ્મન નહોતો, પણ મિત્ર હતો. જોન વેસ્લીએ માફી માગવાની વાત કરીને જોસફની મિત્રતા બચાવી લીધી અને જોસફને દુશ્મન થતો પણ બચાવી લીધો.

દુશ્મનને જીતી લેવાનો સરળ ઉપાય છે, તેના પ્રત્યે ભલાઈ બતાવીને. તમારા દુશ્મનો ઉપર પ્રેમ કરો, જેઓ તમારો ધિક્કાર કરે છે તેઓની સાથે માયાળુપણે વર્તો. આ સહેલું નથી, પણ ડહાપણભર્યું છે.

❖ ❖ ❖

## ૨૪. દુશ્મન ઉપર પ્રેમ કરો

સેમ્યુલ એમ. ઝવેમરે દૈનિક પેપરમાં જાહેરાત આપી કે જેઓ ખ્રિસ્તી ધર્મ વિષે જાણવા માગતા હોય તેઓ ૨૫ સેન્ટ મોકલી આપે તો તેઓને અરબી ભાષામાં લખેલી બે-ત્રણ બુકલેટ મોકલી આપવામાં આવશે. આ જાહેરાતનો સૌથી પહેલો પ્રત્યુત્તર આપનાર ડો. મહમદ સીદકી હતા, જેઓ પોતે "એલ-મીનર" નામના પેપરના તંત્રી હતા અને ખ્રિસ્તી ધર્મના મોટા અને કટર વિરોધી હતા. ઈજિપ્તના બીજાં બધાં પેપરો કરતાં તેમના પેપરમાં ખ્રિસ્તી ધર્મ વિષેનાં ઘણાં વિરોધી લખાણો છપાતાં.

જ્યારે તેઓને ઝવેમરે પુસ્તકો મોકલ્યાં ત્યારે તે વાંચીને તેમણે ઝવેમરને ફરી કાગળ લખ્યો, તેમાં લખ્યું કે સુર્વાતાઓમાં લખાયેલી ઘણી બધી વાતો અમારા મુસ્લિમોની સમજમાં આવતી નથી અને એ અશક્ય બાબતો છે. દા.ત., દુશ્મનો ઉપર પ્રેમ કરવાની વાત કોણે સાંભળી છે? અને આવી વાત કેવી રીતે બની શકે? આ અશક્ય છે.

સેમ્યુલ ઝવેમરે તેમને જવાબ આપ્યો, આ ક્ષણે પણ હું મારા દુશ્મન ઉપર પ્રેમ કરું છું. તમે મારા દુશ્મન છો. તમે તમારા પેપરમાં ઈસુની મા મરિયમ વિશે શરમજનક વાતો છાપી છે. જે મરિયમ પવિત્ર અને ડાઘ વગરની હતી તેના વિષે આવી વાતો છાપનાર મારા દુશ્મન અને પાપ રહિત એવા ઈસુ ખ્રિસ્ત મારા પ્રભુ વિશે જે અપમાનજનક વાતો લખી છે, તેથી તમે મારા દુશ્મન નહિ તો બીજુ શું?

પરંતુ ડૉ. સીદકી, હું તમારા ઉપર પ્રેમ કરું છું. ઈસુ ખ્રિસ્તને લીધે હું તમારા ઉપર પ્રેમ કરું છું, અને એટલા માટે જ હું ઈજિપ્તમાં આવ્યો છું. તમારા તરફ પીઠ ફેરવવાને બદલે હું તમારો આવકાર કરું છું. હું ઈશ્વરને વિંનતી કરું છું કે પ્રભુ ઈસુમાં અને તેના વધસ્તંભમાં રહેલો પ્રેમ અને પરાક્રમ તમે સમજી શકો.

ડૉ. સીદકી પાસે આનો કોઈ ઉત્તર નહોતો. તેમને સમજાયું કે દુશ્મનો ઉપર પ્રેમ કરવાની ઈસુની વાત માણસની પહોંચ બહાર નથી. એ તદ્દન અશક્ય નથી. સેમ્યુલ ઝવેમર દુશ્મન ઉપર પણ પ્રેમ રાખી શકે છે.

★ ★ ★

જ્યારે મધર ટેરેસાએ કાયદેસર ગર્ભપાતની રાષ્ટ્રીય ચેતનાને ઘૃણાસ્પદ ગણાવી ત્યારે અમેરિકાના પ્રેસીડેન્ટ બીલ કલીન્ટનનો પ્રત્યાઘાત આ હતો -

"ઉત્તમ જીવન જીવતી વ્યક્તિ વિરુદ્ધ કોઈ દલીલબાજી ન હોઈ શકે."

★ ★ ★

"પિતાની ઝૂંપડી વચ્ચે
પુત્રો પાંચ સમાય છે,
પણ - પુત્રોના પાંચ મહેલોમાં
પિતા એક સમાય ના."

❖ ❖ ❖

## ૨૫. દુશ્મન સાથેનું વર્તન

અમેરિકામાં થયેલા બળવા વખતના યુદ્ધ દરમિયાનની આ ઘટના છે.

પેન્સીનવેલિયાના બેપ્ટીસ્ટ ચર્ચના પાળક રેવ. પીટર મીલર ૬૦ માઈલ દૂરથી મુસાફરી કરીને ફિલાડેલ્ફીયા શહેરમાં આવ્યા. જનરલ વોશીંગ્ટન પાસે જઈને એક માણસના બચાવ માટે અપીલ કરવા લાગ્યા, જે માણસને રાજદ્રોહ માટે મરણની સજા ફરમાવવામાં આવી હતી.

જનરલ વોશીંગ્ટને જવાબ આપ્યો, મી. મીલર મને માફ કરો, હું તમારા મિત્રને માફી આપી શકું એમ નથી.

રેવ. પીટર મીલર બોલ્યા - મિત્ર! મારો મિત્ર! અરે એના જેવો કોઈ દુશ્મન આ જગતમાં મારે નથી. એણે મને બહુ નુકસાન પહોંચાડ્યું છે.

જનરલે આશ્ચયથી પૂછ્યું, તો પછી તમારા આવા દુશ્મનના જીવને બચાવવા માટે ૬૦ માઈલ દૂરથી અહીં શા માટે આવ્યા?

પાળક મીલરે કહ્યું, માત્ર પ્રભુ ઈસુની આજ્ઞાને લીધે, "તમારા વૈરીઓ ઉપર પ્રેમ કરો. તેમનું ભલું ઇચ્છો, સામું વેર વાળશો નહિ."

જનરલ વોશીંગ્ટન, પાળકના વલણ અને વર્તનથી ખૂબ પ્રભાવીત થયા. અને માફીપત્ર ઉપર સહી કરીને તેમને આપ્યો.

જ્યારે રેવ. મીલરે આ માફીપત્ર પેલા માણસના હાથમાં મૂક્યો ત્યારે તે ભાંગી પડ્યો, અને મીલરના પગોમાં પડીને એક બાળકની જેમ રડવા લાગ્યો.

આ છે દુશ્મનનો પ્રત્યેના માયાળુ વર્તનનું પરિણામ.

સારાથી ભૂંડાનો પરાજ્ય કરો.

❖ ❖ ❖

# ૨૬. અભિપ્રાય

ડૉ. આર્થર ટી. પીયરસન, જનરલ રોબર્ટ લી વિષેની આ વાત કહે છેઃ-

એક દિવસે જનરલ રોબર્ટ લી એક ઓફિસર વિષે અમેરિકાના પ્રેસિડેન્ટ સાથે વાત કરતા હતા. જનરલ લીએ આ ઓફિસર વિષે બહુ સારી અને ઉત્તમ બાબતો પ્રેસીડેન્ટને જણાવી. તેમણે ઓફિસરનાં ખૂબ વખાણ કર્યા. તેની બહાદુરી, તેની વિશ્વનીયતા તથા તેના સ્વાર્પણ વિષે પેટ ભરીને તેનાં વખાણ કર્યાં.

પાસે ઊભેલા અને આ સાંભળી રહેલા બીજા એક ઓફિસરે જનરલ લીને આશ્ચય પામીને કહ્યું, અરે, જનરલ, શું તમને ખબર નથી કે જે ઓફિસર વિષે તમે પ્રેસીડેન્ટની આગળ વખાણ કરતા હતા તે માણસ તમારો કટ્ટર વિરોધી છે. દુશ્મન છે, અને તમને નીચા પાડવાની અને નીચા દેખાડવાની એક પણ તક એ જવા દેતો નથી.

હા, જનરલે જવાબ આપ્યો, મને ખબર છે, પરંતુ પ્રેસીડેન્ટે તે માણસના વિષે મારો અભિપ્રાય પૂછ્યો, મારા વિષે મેં મારો અભિપ્રાય આપ્યો છે. મારા વિષે તેનો જે અભિપ્રાય હોય તે.

બીજાઓ - ખાસ કરીને તમારા વિરોધી હોય, તેઓ વિષે તમારો શોં અભિપ્રાય છે? નિખાલસ રીતે અભિપ્રાય આપી શકો?

❖ ❖ ❖

# ૨૭. શું આવું બની શકે?

ઘણાં વર્ષો પહેલાંની આ વાત છે. તે સમયના ન્યાયાધીશ મી. ગ્લેડસ્ટનની ઓફિસમાંથી એક માણસે એક રાત્રે નાણાં ચોરી જવાનો પ્રયત્ન કર્યો. આ માણસે મી. ગ્લેડસનને ધમકી આપી હતી. આ વિષે કોઈને કશું નહિ કહેવા માટે ધમકી આપી હતી.

મી. ગ્લેડસને આ માણસને કસ્ટડીમાં મોકલવાને બદલે પોલીસ સ્ટેશનમાં હાજર કર્યો. પોલીસ સ્ટેશનમાં આ માણસની તપાસ કરવામાં આવી. પૂછપરછ કરવામાં આવી. મી. ગ્લેડસને પોતાના વકીલને સૂચના આપી કે બરાબર ધ્યાન રાખજો કે પોલીસ સ્ટેશનમાં આ માણસને પોતાનો બચાવ કરવાનો પૂરતો મોકો આપવામાં આવે.

માણસનો ગુનો સાબિત થયો અને તેને જેલમાં મોકલવામાં આવ્યો.

અવારનવાર મી. ગ્લેડસન જેલના સુપ્રિન્ટેન્ડેન્ટ પાસેથી માહિતી મેળવતા હતા કે જેલમાં આ માણસનું વર્તન કેવું છે?

જ્યારે તેમને આ માણસ વિષે સંતોષકારક વર્તનનો જવાબ મળ્યો ત્યારે તેમણે તે વખતના ગૃહપ્રધાન લોર્ડ પાલ્મરસ્ટનને વિનંતી કરતો પત્ર લખ્યો કે આ માણસને છોડી મૂકવામાં આવે.

હવે, આવું કરવામાં આપણને કોઈ દુનિયાઈ ડહાપણ દેખાતું ના હોય પણ તો પછી ખ્રિસ્તીપણું શા કામનું! ખ્રિસ્તી પ્રેમ અને માફીનું સ્થાન ક્યાં?

❖ ❖ ❖

# ૨૮. સુષુપ્ત શક્તિને આહ્‌વાન

એક આઈરીશ જુવાન ઓફિસર ભારતમાં રહીને ભારતની ભાષા અને રીતરિવાજોનો અભ્યાસ કરતો હતો. અભ્યાસ કર્યા પછી એ જ લોકોમાં તે સેવાકાર્ય કરવા માગતો હતો.

એક દિવસે તે પોતાના ઘરમાં બેઠો હતો, તે વખતે એક માણસ દોડતો આવ્યો અને જણાવ્યું કે ગામમાં આગ લાગી છે. અને તમે આવીને મદદ કરો. તરત આ આઈરીશ જુવાન ગામમાં દોડી ગયો. ગામમાં આવીને તેણે આગેવાનને પૂછ્યું કે જે ઘરમાં આગ લાગી છે એ ઘરનાં બધાં જ માણસોને બહાર કાઢીને બચાવી લેવામાં આવ્યા છે કે કેમ! આગેવાને જણાવ્યું કે બીજાં બધાં તો બહાર નીકળી ગયાં છે, પણ એક બાઈ હજી ઘરમાં જ છે જે બહાર નીકળવાની ના પાડે છે. આ જુવાન એ બળતા ઘરમાં અંદર દાખલ થયો અને જોયું તો એક સ્ત્રી એક ખૂણામાં અનાજના એક મોટા કોથળા ઉપર બેઠી હતી. આ જુવાને આ સ્ત્રીને બહાર આવવા સમજાવી પણ સ્ત્રીએ ના પાડી. તેણે કહ્યું, આ અનાજનો કોથળો એ જ મારી મિલ્કત છે. જો હું બહાર આવું અને જીવું તો હું ભૂખે મરી જઈશ. આ સ્ત્રી બહાર ભૂખે મરવા કરતાં અંદર બળીને મરવાનું વધારે પસંદ કરતી હતી. ઘણી વિનંતીઓ અને સમજાવટ છતાં જ્યારે આ સ્ત્રી ત્યાંથી ઊભી થવા માગતી નહોતી, ત્યારે આ જુવાને પેલો અનાજનો કોથળો જોર કરીને પોતાના ખભે ઊંચકી લીધો અને બહાર આવ્યો, તેની પાછળ પેલી સ્ત્રી પણ બહાર આવી.

બીજા દિવસે આ જુવાન પોતાના ઘરમાં બેસીને વિચારતો હતો કે પેલો અનાજનો કોથળો ખાસ્સો ભારે હતો. મેં કેટલું અનાજ કેટલો ભાર ઊંચક્યો હતો તેની તપાસ તો કરું! આમ વિચારી તે ફરી પેલા ગામમાં ગયો. પેલી સ્ત્રીને શોધી કાઢી, પેલો અનાજનો કોથળો પણ મળ્યો. તેણે નીચા વળીને પેલો અનાજનો કોથળો ઊંચકવા પ્રયત્ન કર્યો, તો કોથળો

જમીનથી એક તલભાર પણ ઊંચકાયો નહિ. તેણે વધુ જોર કર્યું. પણ અનાજનો કોથળો હલતો પણ નહોતો.

તેને નવાઈ લાગી. ગઈ કાલે તો મેં આ કોથળો ઊંચકીને ખભે મૂક્યો હતો અને ઘરમાંથી બહાર આણ્યો હતો, પણ આજે તો મારાથી ઊંચકાતો પણ નથી. આનું કારણ શું?

તમે આનું કારણ કહી શકો છો?

આનું કારણ એ છે કે તે દિવસે ભારે કટોકટી ઊભી થઈ હતી અને આ પરિસ્થિતિએ આ જુવાનની સુષુપ્ત રહેલી શક્તિઓને આહ્‌વાન આપીને જગાડી હતી, પરિણામે તેની સુતેલી શક્તિ જાગી ઊઠી. પડકારને પહોંચી વળવા તેની શક્તિ બેઠી થઈ અને પરિણામે તે ભારે અનાજનો કોથળો ઊંચકી શક્યો હતો. આજની પરિસ્થિતિ જુદી છે. આજની પરિસ્થિતિ એની શક્તિને આહ્‌વાન આપીને જગાડી શક્તી નથી.

પરિસ્થિતિ તમારી દફનાવાઈ ગયેલી શક્તિઓને જાગૃત કરે છે, આહ્‌વાન આપે છે. પરિણામે તમે અશક્ય લાગતું કામ આસાનીથી કરી શકો છો.

પરિસ્થિતિ આવશે ત્યારે તમારે શું બોલવું એ વિષે ચિંતા કરતા ના, તમારે શું બોલવું એ કહેવામાં આવશે, તમારે શું કરવું એ પ્રભુ પવિત્ર આત્મા તમને જણાવશે. તમારે શું લખવું એ પ્રગટ કરવામાં આવશે. તમારી સુષુપ્ત શક્તિને જગાડવામાં આવશે.

❖ ❖ ❖

# ૨૯. ઉત્સાહ

એક સદ્‌ગૃહસ્થ પોતાના ૧૩ વર્ષના દીકરાને લઈને એક મોટા મેળામાં - પ્રદર્શન મેળામાં ગયા. થોડી વારમાં છોકરો તેમનાથી વિખૂટો પડી ગયો. કોઈએ સલાહ આપી કે વચ્ચેના માર્ગે આગળ જાઓ. કદાપી ત્યાં ખાવાના સ્ટોલ આગળ છોકરો મળી આવશે. બાપે કહ્યું, ના, ત્યાં નહિ, પણ કદાપી વીજળી ઘર આગળ હોય. મારો તેર વર્ષનો આ દીકરો વીજળી વિષે વિચારે છે. વીજળી વિષે વાંચે છે, વીજળી વિષે વાતો કરે છે અને મારા કરતાં વીજળી વિષે વધારે સમજે છે. તપાસ કરી તો વીજળી ઘરના ઉપરના માળેથી છોકરો મળી આવ્યો. ત્યાં ઈલેક્ટ્રિક સાયન્સના કેટલાક નિષ્ણાતો અગત્યની ચર્ચા કરતા હતા અને આ છોકરો તેઓની સાથે બેસીને ચર્ચા સાંભળતો હતો. આ છોકરાએ પાછળથી તેના બાપાને જણાવ્યું કે આ નિષ્ણાંતોએ મને વીજળી વિષેની વાતો એવી રીતે સમજાવી કે જાણે હું તેઓમાંનો એક ના હોઉં!

કોઈ પણ કામ પ્રત્યેનો ઉત્સાહ એ કામનું પીઠબળ છે. ઉત્સાહમાં શક્તિ અને સામર્થ્ય છે. કોઈપણ ડોકટર જો પોતાના ધંધામાં ઉત્સાહ અને રસ ન બતાવે તો તે સફળ ડોકટર બની શક્તો નથી. એમ જ કોઈ પણ ધંધાદારી, રમતવીર, વિદ્યાર્થી કે કોઈપણ ક્ષેત્ર લો, એમાં પડેલી વ્યક્તિ પોતાના વિષયમાં ઉત્સાહ - રસ ન બતાવે તો તે સફળ થઈ શક્તો નથી. પાળકને માટે એટલું જ સાચું છે. જો પાળક પોતાના કાર્યમાં - ઉત્સાહી ન ન બને તો તે સફળ પાળક બની શકશે નહિ.

'Enthusiasm' - (ઉત્સાહ) - શબ્દ ગ્રીક શબ્દમાંથી ઊતરી આવ્યો છે. જેનો અર્થ થાય છે "અગ્નિનું પ્રગટ થવું" પવિત્ર આત્મા માણસના હૃદયમાં અગ્નિ પ્રગટાવે છે, અને આવા અગ્નિ સિવાય ખ્રિસ્તી જીવનમાં કશું જ હાંસલ થઈ શક્તું નથી.

એક વ્યક્તિએ કહ્યું છે કે બીજાને સુવાર્તા આપનાર વ્યક્તિનું હૃદય લાલ અને ગરમ હોવું જોઈએ. અગ્નિથી તપેલું હૃદય. મહાન અને સફળ થઈ ગયેલા માણસોની સફળતાનું આજ રહસ્ય છે. એક માણસે કહ્યું છે કે જ્યાં સુધી તમે તમારા કાર્યમાં ઓતપ્રોત ન થાઓ ત્યાં સુધી કશું મેળવી શકો નહિ. ફિલીપ બ્રુક્સે કહ્યું છે કે તમારો ઉત્સાહ ગુમાઈ ન જાય માટે કાળજી રાખો.

હેનરી માર્ટીનના જીવનની મહત્વકાંક્ષા હતી - ''ઈશ્વરને માટે બળી જવાની'' "To burn out for God."

ફોકસે કહ્યું કે દરેક કવેકરે દસ માઈલ સુધી પ્રકાશ ફેલાય ત્યાં સુધી બળવું જોઈએ. ઘણા મિશનરીઓએ ૧૦૦-૧૦૦ માઈલ સુધી પ્રકાશ પાથર્યો છે.

જોન વાનમેકરને કોઈએ પૂછ્યું, તમારી સફળતા કોને આભારી છે? તેમણે જવાબ આપ્યો, ''વિચારવું, મહેનત કરવી, પ્રયત્ન કરવો અને ઈશ્વર ઉપર વિશ્વાસ રાખવો'' એ મારી સફળતાનું બળ છે.

ઉત્સાહને અવળે માર્ગે કામ કરતો અટકાવવો એ પણ એટલું જ અગત્યનું છે. ઈશ્વરને માટે, મંડળીને માટે અને બીજાઓની ભલાઈને માટે ઉત્સાહ વધારો.

❖ ❖ ❖

# ૩૦. વિશ્વાસની પરિપૂર્ણતા

સાલ્વેશન આર્મીના જનરલ વિલ્યમ બુથનાં પત્ની મીસીસ વિલ્યમ બુથ ઈ.સ. ૧૮૯૦માં મરણ પથારીએ હતાં. તેમણે પોતાના મિત્રોને અને કુટુંબના નોકરોને પોતાની પથારી પાસે બોલાવ્યા. દરેકને તેમણે કંઈ ને કંઈ નાનો સંદેશો આપ્યો. તેમની એક મિત્ર મીસીસ ડુટોન પણ તે વખતે ત્યાં હાજર હતાં. તેમને સંબોધીને મીસીસ બુથે કહ્યું, તારા દીકરા ટોમ માટે પ્રાર્થના કરતી રહેજે, અને કોઈક દિવસે ટોમનું બદલાણ થશે. વહેલો કે મોડો તે ઈશ્વર ભણી પાછો ફરશે. ટોમ ઉડાઉ દીકરાના જેવો હતો. દારૂ પીવામાં મશગૂલ રહેતો અને આખા લુઈસ શહેરમાં તેની છાપ એક "લોફર"ની હતી.

૧૯૦૫ના નવેમ્બરની ૪થી તારીખે ટોમ, લુઈસના મિશનક્ષેત્રમાં આવ્યો અને ત્યાં ખ્રિસ્તી બન્યો. તેનું બદલાણ થયું. થોડા દિવસ પછી તે એક જૂનું "war cry" - સાલ્વેશન આર્મીનું સમાચારપત્ર લાવ્યો જે મીસીસ બુથના મરણના થોડા દિવસો પછી બહાર પડ્યું હતું અને એમાં મીસીસ બુથે પોતાની માને પ્રાર્થના કરવાની શિખામણ અને ઉત્તેજન આપ્યું હતું તેની નોંધ લખેલી હતી. અને એની માએ ટોમને માટે પ્રાર્થનાઓ કરી. પરિણામે વર્ષો પછી પણ ટોમનું બદલાણ થયું, અને મીસીસ બુથનો વિશ્વાસ પરિપૂર્ણ થયો.

'Faith' ની વ્યાખ્યા આપતાં ફિલીપ બ્રુક્સ જણાવે છે :

F = Forsaking
A = All
I = I
T = Take
H = Him.

❖ ❖ ❖

# ૩૧. પ્રભુનો પ્રકાશ ફરી અમારી મુલાકાતે આવશે

દેવળની ચાવી રાખનાર અને તેને સાફસૂફ કરનાર બહેનને એક મિશનરીએ કહ્યું, "ચર્ચની ચાવી મને આપી દો, હવે ચર્ચને ખુલ્લું રાખવાની કોઈ જરુર નથી."

મદ્રાસ પાસેના એક નાના ગામમાં બનેલી વર્ષો પહેલાંની આ ઘટના છે. આ ગામના ઘણા બધા લોકોએ ઈસુ પર વિશ્વાસ કરીને બાપ્તિસ્મા લીધું હતું અને ત્યાં મંડળી અને દેવળ બાંધવામાં આવ્યું હતું. પરંતુ વખત જતાં બદલાણ પામેલા આ સ્થાનિક ખ્રિસ્તીઓએ પીછેહઠ કરી અને પાછા પોતપોતાના દેવી-દેવતાની પૂજામાં સરી પડ્યા. હવે આ ગામમાં આ એક જ ગરીબ બાઈ ખ્રિસ્તી તરીકે રહી હતી. જેની સાથે મિશનરી વાત કરી રહ્યા હતા: "મને ચાવી આપી દો, હવે ચર્ચ ખુલ્લું રાખવાની કોઈ જરૂર નથી. વળી અહીંથી ત્રણ માઈલ દૂર મંડળી છે, જ્યાં ભજનસેવા ચાલે છે. જેને ભજન કરવા જવું હોય તે ત્યાં જઈ શકે છે."

પેલી બહેનના ચહેરા ઉપર દુ:ખ દેખાઈ આવ્યું. તેણે મિશનરીને વિનંતી કરી, સાહેબ, મારી પાસેથી દેવળની ચાવી લઈ લેશો નહિ. બીજું કોઈ ના આવે તો ભલે, હું એકલી રોજ દેવળમાં જઈશ, દેવળને વાળીઝૂડીને સાફ રાખીશ અને એમાં દીવા સળગતા રાખીશ અને પ્રભુને પ્રાર્થના કરીશ કે પ્રભુનો પ્રકાશ કોઈ વખતે અમારી મુલાકાતે આવે.

બહેનની આગ્રહભરી વિનંતીને ધ્યાનમાં લઈ મિશનરીએ ચર્ચની ચાવી તે બહેન પાસે જ રહેવા દીધી. કેટલોક વખત પસાર થઈ ગયો અને પ્રભુનો સમય આવ્યો. અને એક દિવસે આ ચર્ચ પસ્તાવો કરનાર અને પ્રભુના ચરણોમાં ઢળેલા એવા લોકોથી ખીચોખીચ ભરાઈ ગયું અને એ જ મિશનરીએ ત્યાં સંદેશો આપ્યો.

પેલી સામાન્ય અને ગરીબ બાઈના વિશ્વાસના પરિણામ સ્વરૂપે ઈશ્વરે ભરપૂર ફસલ આપી.

નબૂખાદનેસ્સારનું લશ્કર યરૂશાલેમને ઘેરો ઘાલીને પડ્યું હતું. વિનાશની નીશાનીઓ બધે દેખાતી હતી એવા સમયે યિર્મેયાહ પ્રબોધકે વિશ્વાસથી પોતાના એક સગા પાસેથી અનાથોથમાં ખેતર વેચાતું લીધું. અનાથોથ નાનુ ગામ. યરૂશાલેમથી બે માઈલ દૂર હતું. બાઈબલમાં આપેલી આ નાની ઘટના યિર્મેયાહના વિશ્વાસની સાક્ષી પૂરે છે કે યરૂશાલેમનો નાશ થયા પછી અને બંદિવાસ પછી લોકો પોતાના વતનમાં પાછા ફરશે અને ફરીથી ખેતરો, દ્રાક્ષાવાડીઓ અને ઘરો ખરીદવામાં અને વેચવામાં આવશે.

ઇતિહાસનું પુનરાવર્તન થાય છે.

આંતરિક લડાઈ વખતે મી. રીચાર્ડ ઓગ્લેસ્બી જેઓ ત્રીજી વખત ઈલીનોઈસ પ્રાંતના ગવર્નર તરીકે ચૂંટાઈ આવ્યા હતા. તેઓ બહુ નિરાશ અને અશાંત બની ગયા હતા, કારણ કે આંતરિક લડાઈમાં તેમનું યુનિયન લશ્કર પીછેહઠ કરી રહ્યું હતું. આથી નિરાશ થયેલા અને હતાશા અનુભવતા ગવર્નરે વ્હાઈટ હાઉસમાં પત્ર લખ્યો. એમાં તેમણે અમેરિકાના પ્રેસીડેન્ટ અબ્રાહમ લીંકનને જણાવ્યું કે "મને લાગે છે કે અમે બધું ગુમાવી દીધું છે." જ્યારે પ્રેસીડેન્ટે આ પત્ર વાંચ્યો ત્યારે તેમણે એક અજાયબ શબ્દોમાં લખેલો તાર રવાના કર્યો. આ તારમાં પ્રેસીડેન્ટ અબ્રાહમ લીંકને લખ્યું હતું : વહાલા ડીક, નિર્ગમન ૧૪:૧૩ વાંચો. જ્યાં લખ્યું છે - "બીહો મા, ઊભા રહો, ને યહોવા આજે તમારે માટે જે બચાવ કરશે તે જુઓ...."

"જે આપણે જોઈ શક્તા નથી તેમાં માનવું એ વિશ્વાસ, અને આવા વિશ્વાસનો જે બદલો છે તે, જેમાં આપણે માનીએ છીએ તેને નજરો નજર જોવું."

❖ ❖ ❖

# ૩૨. વિશ્વાસ અને કાર્ય

યાકૂબ પોતાના પત્રમાં લખે છે કે "કાર્યો વગરનો વિશ્વાસ નિર્જીવ છે." વિશ્વાસ કરવો એનો મતલબ એવો નથી કે વિશ્વાસ કર્યા પછી માણસે કશું જ કરવાનું નહિ. હાથપગ જોડીને બેસી રહેનારને ઈશ્વર પણ મદદ કરતો નથી.

એક સવારે બે નાની છોકરીઓ સ્કૂલે જતી હતી. ઘેરથી મોડી નીકળવાને કારણે મોડી પડી હતી. અને મનમાં બીક હતી કે સ્કૂલમાં મોડા પહોંચીશું તો ઠપકો સાંભળવો પડશે.

એક છોકરીએ બીજીને કહ્યું, ચાલ, આપણે અહીં ઘૂંટણે પડીને પ્રાર્થના કરીએ કે પ્રભુ આપણને સ્કૂલે વહેલા પહોંચાડી દે.

બીજી છોકરીએ કહ્યું, ના, એના કરતાં આપણે દોડવા માંડીએ, અને દોડતાં દોડતાં પ્રાર્થના કરીએ કે પ્રભુ આપણને સમયસર પહોંચાડે.

પ્રાર્થના વિષે આ બે છોકરીઓમાંથી કોના વિચારો સાચા ગણી શકાય? વિશ્વાસ વિષે કોનો અર્થ સાચો ગણાય? અલબત, બીજી છોકરીનો વિચાર સાચી દિશાનો કહી શકાય.

મી. ડી. એલ. મૂડી આ વાત લખે છે: એક વખતે તેઓ કેટલાક ધનવાન એવા અમેરિકન ખ્રિસ્તીઓના ગ્રુપમાં ગયા. ત્યાં તેમણે જોયું તો આ લોકો પ્રાર્થના કરતા હતા. શાને માટે? તેમના દેવળના બાંધકામમાં ૫૦૦ ડોલરનું દેવું થયું હતું, અને આ દેવું કોઈ રીતે ભરાય જાય એ માટે તેઓ પ્રભુને પ્રાર્થના કરતા હતા. મૂડીએ તેઓને કહ્યું, "ગૃહસ્થો, જો હું તમારી જગાએ હોઉં તો આ ૫૦૦ ડોલર માટે ઈશ્વરને તકલીફ ના આપું." મતલબ કે આટલી રકમ તમે પોતે ભરી શકો છો. તમે પોતે ભરતા નથી અને ઈશ્વર પાસે માગો છો.

કાર્યો વગરનો વિશ્વાસ એ પાંખ વગરના પક્ષી જેવો છે. આવું પાંખ વગરનું પંખી તેના બીજા સાથી પક્ષી સાથે પૃથ્વી પર - જમીન પર કૂદકા તો ભરી શકે. પણ તેની સાથે આકાશમાં કદી ઊડી શકે નહિ. આથી જ્યારે વિશ્વાસ અને કાર્યો ભેગાં મળે છે ત્યારે માણસનો આત્મા પર્વતો ઓળંગીને પેલે પાર સદાના વિસામા સુધી ઉડી શકે છે.

★ ★ ★

## સંસારની હસતી-રડતી ફિલ્મ

દીકરાનાં લગ્ન થયાં -

માના હરખનો પાર નહોતો -

પુત્રવધૂ પિયર છોડીને સાસરે આવતાં રડતી હતી.

થોડા દિવસો પછી -

દીકરો વહુને લઈને જુદો રહેવા ચાલ્યો ગયો,

પુત્રવધૂ હસતી હતી -

અને મા રડતી હતી.

❖ ❖ ❖

# ૩૩. અંત સુધી વિશ્વાસુ

"જે અંત સુધી ટકશે તે જ તારણ પામશે." જે અંત સુધી વિશ્વાસુ રહેશે તે તેનો બદલો પામશે.

બે ભાઈઓ ફ્રાન્સના લશ્કરમાં સાથે હતા. લડાઈનો સમય હતો. યુદ્ધના મેદાનમાં આ બેમાંથી એક ભાઈને ગોળી વાગી અને તે ત્યાં ઢળી પડ્યો. બીજો ભાઈ દૂરના મોરચા ઉપર હતો. તેને આ ખબર મળી. તેણે ઓફિસરને મળીને વિનંતી કરી કે તે જઈને પોતાના ભાઈને લઈ આવે.

ઓફિસરે કહ્યું, હવે તો તે મરી ગયો હશે. એના મૃતદેહને લાવવા માટે તારે આટલું મોટું જોખમ ઊઠાવવાની શી જરૂર! ત્યાં ગોળીઓની રમઝટ ચાલે છે અને એવી જગાએ તું એક મૃતદેહને લેવા જાય. એવું જોખમ ઊઠાવે એવી મારી ઈચ્છા નથી. પણ આ ભાઈએ આગ્રહપૂર્વક રજા આપવાની માગણી કરી. આથી ઓફિસરે તેને જવાની પરવાનગી આપી.

આ ભાઈ સરહદ ઉપર પહોંચ્યો, જ્યાં એનો ભાઈ ઘાયલ અવસ્થામાં પડેલો હતો. તેણે પોતાના ભાઈના માથાને પોતાના ખભા ઉપર લીધું, અને એટલામાં જ ઘાયલ ભાઈ મરણ પામ્યો.

ઓફિસરે પેલા બીજા ભાઈને કહ્યું, જોયું ને, હું નહોતો કહેતો કે તે મરણ પામ્યો હશે. તેં નકામુ જોખમ ઊઠાવ્યું. શબ સિવાય બીજું શું તારા હાથમાં આવ્યું?

ના, સાહેબ, ઘણું બધું મારા હાથમાં આવ્યું અને મને ઘણો બદલો મળ્યો. જ્યારે મેં મારા ભાઈના માથાને ઊંચકીને મારા ખભા ઉપર મૂક્યું ત્યારે મારા ભાઈએ બહુ ધીમેથી કહ્યું, "ટોમ, મને ખાતરી હતી કે તું જરૂર આવીશ. તું જરૂર આવીશ, મારા ભાઈ..." આ સાથે તે મરણ પામ્યો.

ટોમે કહ્યું, સાહેબ, મેં મારા ભાઈની ખાતરી સાચી પાડી છે, એના વિશ્વાસને મેં ધક્કો પહોંચાડ્યો નથી. એની ઇચ્છા પૂર્ણ થઈ છે, અને મને એનો પૂરો સંતોષ છે, અને મારો સંતોષ એ મારા વિશ્વાસુપણાનો બદલો છે.

કદાપી કોઈ આપણી રાહ જુએ છે. આપણે તેમને વિશ્વાસુ રહીએ એવું તે ઇચ્છે છે. અંત સુધી વિશ્વાસુ રહીએ એવી આશા રાખે છે. અને માણસો ઉપરાંત આપણો કેપ્ટન - પ્રભુ ઈસુ ખાસ આપણી પાસે એ આશા રાખે છે. ''તું મરણપર્યંત વિશ્વાસુ થઈ રહે.''

આટલાન્ટીક મહાસાગરમાં એક વહાણ બરફના પહાડ સાથે ટકરાઈને ભાંગી ગયું. ઘણા બચીને નીકળી ગયા. પણ ત્રણ માણસો તેમાં મરી ગયા. આ ત્રણ કોણ હતા અને કેમ મરણ પામ્યા?

આ ત્રણે જણ પોસ્ટ ક્લાર્ક હતા. વહાણમાં લઈ જવાતી ટપાલ અને રજિસ્ટરોના ઈનચાર્જ હતા. જ્યારે બીજા લોકો વહાણમાં કૂદી પડવા લાગ્યા ત્યારે આ ત્રણે ક્લાર્કો અગત્યનાં રજિસ્ટરો વહાણના ઊંચા માળીયા ઉપર ગોઠવવાના કામમાં મશગૂલ રહ્યા, જેથી આ અગત્યનાં રજિસ્ટરોનો કોઈ રીતે નાશ ન થાય, અને સલામત પહોંચી શકે. રજિસ્ટર પોસ્ટના આ ૨૦૦ કોથળા ઊંચા માળીયે ચઢાવીને તેઓ પોતાની ફરજ પ્રત્યે અંત સુધી વિશ્વાસુ રહ્યા.

પોસ્ટ માસ્ટર જનરલ હીચકોકે આ ત્રણેના વિશ્વાસુપણાનાં વખાણ કર્યા. શાબાશી આપી અને તેમના કુટુંબને દરેકને ૨૦૦૦/- ડોલર આપ્યા.

''તું મરણપર્યંત વિશ્વાસુ થઈ રહે, અને હું તને જીવનનો મુગટ આપીશ.'' પ્રકટીકરણ ૨:૧૦

❖ ❖ ❖

# ૩૪. એક પાળકની ભૂલ

જોન બ્રોડબેન્કસ બોરેહામમાં એક મંડળીના પાળક હતા. એમની એક ગંભીર ભૂલ વિષેની આ વાત છે.

કોઈ પણ વ્યક્તિ એમની પાસે વિનંતી લઈને આવે અથવા આમંત્રણ આપવા આવે તો તેઓ કોઈને 'ના' પાડી શકતા નહોતા. એક વખતે બીજી કોઈ મંડળીમાં તેમને રાત્રિ સભાઓ ચલાવવા માટે આમંત્રણ મળ્યું. એ સ્વીકારીને ત્યાં ગયા. ત્યાં સભાઓ ઘણી સારી થઈ. પછી કોઈ ક્લબમાં બોલવાનું આમંત્રણ મળ્યું, અને કોઈ પાર્ટીમાં આમંત્રણ મળ્યું. બધે તેઓ સારો સંદેશો આપતા. લોકો વખાણતા. પછી તો તેમને વધારે અને વધારે બહારનાં આમંત્રણો મળતાં ગયાં અને તેઓ કોઈને ના પાડ્યા વગર સ્વીકારતા ગયા. પરિણામે પોતાના ઘરકુટુંબ પ્રત્યે અને પોતાની મંડળી પ્રત્યે બેપરવા બનતા ગયા. ઓછું ધ્યાન આપવા લાગ્યા.

એક દિવસે સાંજના સમયે તેઓ એકલા ફરવા નીકળ્યા હતા. રસ્તામાં એક માણસ મળ્યો જે પોતાના નાના કૂતરાને લઈને ફરવા નીકળ્યો હતો. પાળકે પૂછ્યું, આ કૂતરામાં શું ખામી છે ? પેલા માણસે જવાબ આપ્યો, આમ તો બધું બરાબર છે. પણ જ્યારે આ કૂતરો નાનો હતો ત્યારે હમેશાં અમારી સાથે જ રહેતો, પણ હમણાં હમણાં એને એક ખરાબ ટેવ પડી છે. જેની અને તેની પાછળ એ ચાલ્યો જાય છે. અમારે એને વારંવાર શોધવો પડે છે. ગમે તે હોય - બધાની પાછળ એ દોડી જાય છે. અને તમે જાણો છો? જે કૂતરો બધાની પાછળ દોડી જતો હોય તે કોઈને માટે સારો કૂતરો ગણી શકાય નહિ.

"The dog that follows everybody is no good to anybody."

આ છેલ્લું વાક્ય પાળકના હૃદયમાં તીરની માફક ચોંટી ગયું. સોંસરું ઊતરી ગયું.

પાળકે પેલા માણસ પાસે કૂતરાની માગણી કરી અને કૂતરો તેમને આપવામાં આવ્યો. તેમણે કૂતરાને કહ્યું, હવે આપણે બંને જણ નવેસરથી આપણામાં સુધારો લાવીએ. તેમણે કૂતરાને એક જ માલિકની પાછળ ચાલતા શીખવ્યું અને પોતે નિર્ણય કર્યો કે હવેથી તેઓ પોતાની સેવાઓ પોતાના કુટુંબને અને પોતાની મંડળીને આપશે. પોતાની મંડળીના ભોગે બીજાઓની સેવા કરવા દોડી જશે નહિ.

અવારનવાર પોતાની મંડળી છોડીને બહાર ફરતા પાળકો માટે આ કેટલો મોટો બોધપાઠ છે. ઈશ્વરે આપણને આપણા કુટુંબમાં અને આપણી મંડળીમાં સેવાની પૂરતી તકો આપી છે, છતાં આપણે બહાર તકો શોધતા ફરીએ છીએ.

વોટર લૂની લડાઈમાં એક સૈનિકને બંદૂકો સંભાળવાની ખાસ અગત્યની જવાબદારી સોંપવામાં આવી હતી. લડાઈ પૂરી થયા પછી કોઈએ તેને પૂછ્યું, "જ્યારે લડાઈ ચાલુ હોય ત્યારે તમે શું જોતા હતા?" સૈનિકે જવાબ આપ્યો, "ત્યાં જોવાનું શું હોય. માત્ર ધૂળ અને ધૂમાડો." "તમે ત્યાં શું કરતા હતા?" બીજો સવાલ પૂછાયો, "કરવાનું શું? હું હમેશાં મારી બંદૂકો પાસે ઊભો રહેતો હતો."

વહાલાઓ - તમે કશું જુઓ કે ના જુઓ, કશું કરો કે ના કરો, આ સાચું કે પેલું સાચું એ તમે ભલે ના જાણો, સમય તમારી તરફેણમાં છે કે વિરુદ્ધમાં એ ભલે ના જાણો - ગમે તે હોય - પણ તમારી બંદૂકની પાસે ઊભા રહો. એ તમારી વફાદારી છે - એ ફરજ છે.

❖ ❖ ❖

# ૩૫. સૂર્યને આથમવા ન દો

કોઈ કારણસર બીશપ જોન ઓફ કોન્સ્ટાન્ટીનોપલ અને નીકોટાસ નામના એક સદ્ગ્રહસ્થ વચ્ચે ઉગ્ર શબ્દ વિવાદ થયો. બંને ગુસ્સામાં આવીને છૂટા પડ્યા. નીકોટાસ નામના માણસે ખોટી રીતે બીશપ જોનને ઉશ્કેર્યા હતા અને ગુસ્સે કર્યા હતા. આખો દિવસ પસાર થયો અને સાંજ પડવા આવી. બીશપ જોનને બાઈબલનું વાક્ય યાદ આવ્યું.

"ગુસ્સે થાઓ પણ પાપ ના કરો. તમારા ગુસ્સા ઉપર સૂર્યને આથમવા ન દો." (એફે. ૪:૨૬)

બીશપ જોન એક નાની ચિઠ્ઠી લખીને એક માણસને નીકોટાસ પાસે મોકલ્યો. ચિઠ્ઠીમાં લખ્યું હતું, "વહાલા મિત્ર, સૂર્ય આથમવા આવ્યો છે."

નીકોટાસ આ લખાણનો અર્થ અને મર્મ સમજી ગયો, તરત દોડતો બીશપ જોન પાસે ગયો, અને સૂર્ય આથમી જાય તે પહેલાં બંને વચ્ચે સુખદ સમધાન થયું.

★ ★ ★

સ્ટુઅર્ટ મિસુરી રાજ્યના ગવર્નર હતા. એક વખતે તેમની આગળ માફીની યાચના લઈને એક માણસ હાજર થયો. આ માણસને તેના ગુના માટે કોર્ટે સજા ફરમાવી હતી. તેથી ગવર્નરની માફી મેળવવા તે આવ્યો હતો. ગવર્નરે આ માણસને ઓળખી લીધો. વર્ષો પહેલાં એક સ્ટીમબોટમાં બંને જણ સાથે કામ કરતા હતા. તે વખતે આ માણસ સ્ટીમબોટમાં અગત્યની ફરજ બજાવતો હતો, અને સ્ટુઅર્ટ નાના છોકરા તરીકે તેના હાથ નીચે કેબીનમાં કેબીનબોય તરીકે કામ કરતા હતા.

ગવર્નર સ્ટુઅર્ટે આ માણસને ધારી ધારીને જોયા પછી બોલ્યાઃ તું મને એક વચન આપ, કે ફરી કદી લાકડાની સોટી તારા હાથમાં નહિ લે, અને એક માંદા છોકરાને તોફાની રાત્રિમાં માર મારીને એની કેબીનમાંથી બહાર નહિ કાઢે. કારણ કે કોઈક દિવસે એ છોકરો રાજ્યનો ગવર્નર હશે અને તારે એની આગળ તારા બીજા કોઈ ગુનાની માફી મેળવવા હાજર થવું પડશે. તે દિવસે જે માંદા છોકરાને તોફાની રાત્રિએ તેં માર મારીને કેબીનની બહાર કાઢી મૂક્યો હતો એ છોકરો હું પોતે છું, પણ એની અત્યારે ચિંતા કરીશ નહિ. આ રહ્યો તારો માફીપત્ર.

જ્યારે મિશનરીઓ સૌ પ્રથમ વખત લેબ્રાડોરમાં આવ્યા ત્યારે ત્યાંની એસ્કીમોની ભાષામાં માફી માટેનો યોગ્ય શબ્દ તેઓને મળ્યો નહિ. આથી તેમણે તેને માટે એક નવો શબ્દ બનાવ્યો, જેનો અર્થ એવો થતો હતો કે ‘‘જેના વિષે ફરી વિચાર કરી શકાય નહિ તે.’’ “Not being able to think about it any more.”

આવી માફી યુસફે તેના ભાઈઓને આપી, આવી માફી પ્રભુ ઈસુએ આપી અને એવી જ માફી એકબીજાને આપવાની છે.

❖ ❖ ❖

# ૩૬. બરફ જેવાં શ્વેત

એક ઉપદેશક આ વાત જણાવે છે :

દક્ષિણ આફ્રિકામાં લડાઈના વખતમાં હું મુખ્ય માર્ગ ઉપર ઊભો રહીને ત્યાંથી પસાર થતા લશ્કરને જોતો હતો. લશ્કરના માણસોએ લાલ કોટ પહેર્યા હતા અને કૂચ કરી રહ્યા હતા. એક મિત્રએ આવીને પૂછ્યું, જવાનોએ કયા રંગના કપડાં પહેર્યાં છે? મેં જવાબ આપ્યો, કેમ? લાલ રંગનાં. પેલા મિત્રએ મને લાલ રંગનો એક કાચનો ટુકડો આપીને કહ્યું, હવે આ કાચના ટુકડા દ્વારા ફરી જુઓ અને કહો કે કયા રંગનાં કપડાં જવાનોએ પહેર્યાં છે. અને મારા આશ્ચર્ય વચ્ચે મેં જ્યારે કાચના લાલ ટુકડા મારફતે જોયું તો સફેદ કપડાં પહેરેલા જવાનો મારી આંખ આગળથી પસાર થતા મેં જોયા.

નવાઈ લાગશે, પણ તમે આ પ્રયોગ કરી જુઓ. લાલ રંગનું કપડું લો, અને તેને લાલ રંગના કાચમાંથી જુઓ અને કપડું સફેદ દેખાશે.

આપણાં પાપ સંબંધી એવું જ છે. જો કે આપણાં પાપ લાલ વસ્ત્રોનાં જેવાં હશે તોપણ ખ્રિસ્તના લાલ રક્ત દ્વારા તે ઊન જેવા - બરફ જેવાં શ્વેત બની જશે. ખ્રિસ્તનું રક્ત આપણને સઘળાં પાપમાંથી મુક્ત કરે છે. આપણા લાલ લોહી જેવાં પાપોને ઊન જેવાં શ્વેત બનાવે છે - માફી આપે છે.

❖ ❖ ❖

# ૩૭. ચાંદીના સીક્કા

ડો. ચાર્લ્સ એલ. ગુડેલે ભક્તિસભામાં સંદેશો આપવાની શરૂઆત કરી. સંદેશા માટેનું જે આધારવાક્ય હતુ તે બીજો તીમોથી ૪:૧૪.

"એલેકસાંદર કંસારાએ મને બહુ નુકસાન કર્યું છે." "Alexander the Coppersmith did me much evil"

હું તમને આ ખાતરીપૂર્વક કહુ છું, કારણ કે ગયા રવિવારે દાનાર્પણની પ્લેટમાં સૌથી વધારે Copper - કાંસાના સીક્કા હતા. એક સેન્ટ, એક પેની - એવા નાના નાના કાંસાના બહુ સીક્કા હતા. હવે તમે તમારા બધા જ આવા નાના નાના કાંસાના સીક્કા મંડળીને આપી દો એ પણ વ્યાજબી ના કહેવાય. બજારમાં જાઓ ત્યારે ત્યાં પેપર ખરીદવું હોય કે છૂટા પૈસાની જરૂર હોય તો એ કામ માટે તમારા કાંસાના નાના સીક્કા રહેવા દો. અને ચર્ચમાં ચાંદીના મોટા સીક્કા નાખો.

આજે પણ આ સાચું નથી?

Copper Smith મંડળીને ઘણું નુકસાન પહોંચાડે છે. દાનાર્પણમાં નાના નાના સીક્કા, ફાટેલી નોટો એ બધું ઈશ્વરને નામે અપાય છે અને મોટા સીક્કા અને નોટો નીકળતી નથી.

★ ★ ★

**એક ચર્ચના નોટીસબોર્ડ ઉપર લખ્યું હતું:-**

તમે જે દાન આપો છો તે આ વર્ષે આપવાનું ભૂલતા નહિ, અને હા, જો શક્ય હોય તો તેમાં થોડો વધારો કરશો.

એક જણે પૂછ્યું : શું મારે દર વર્ષે - દર મહિને દાન આપ્યા જ કરવાનું?

જવાબ મળ્યો : જ્યાં સુધી પ્રભુ તમને આપવાનું બંધ ના કરે ત્યાં સુધી આપો.

ભક્તિસભામાં દાનાર્પણ લેતા પહેલાં પાળકે જાહેરાત કરી: ''આજે મારી ઇચ્છા છે કે તમે દરેક જણ એવી રીતે દાન આપો, જાણે તમે ઈસુના વિંધાયેલા હાથમાં દાન મૂકતા હો.'' પ્લેટ ફરતી હતી. એક સ્ત્રીએ આઠ આના પ્લેટમાં મૂકવા હાથમાં પકડી રાખ્યા હતા જ્યારે પ્લેટ તેની લાઈનમાં આવી ત્યારે તેણે વિચાર્યું શું ઈસુના વિંધાયેલા હાથમાં હું આઠ આના જ મૂકું? ના. અને તેણે રૂા. ૧૦/-ની નોટ ઈસુના વિંધાયેલા હાથમાં મૂકી. અને તે દિવસે હંમેશના કરતાં ચાર ગણું દાન થયું.

દાન આપતાં જો આપણે ઉપર પ્રમાણે વિચારી સમજીને દાન આપીએ તો એનું મૂલ્ય અનેક ગણું વધી જશે.

★ ★ ★

૧૯૦૦ વર્ષથી યહૂદીઓમાં ચાલતી કહેવત:

તંદુરસ્તીના સમયોમાં તમે જે આપો છો તે **સોનુ** છે

માંદગીના સમયોમાં આપો છો તે **ચાંદી** છે.

અને મરણ પછી આપો છો તે **સીસા** સમાન છે.

**ચાંદીના ત્રીસ સીક્કા :**

"Still as of old,

Man by himself is Priced,

For thirty Pieces Judas Sold

Himself, Not Christ."

ચાંદીના ત્રીસ સીક્કાથી યહૂદાએ ઈસુને નહિ, પણ પોતાને વેચ્યો.

❖ ❖ ❖

# ૩૮. ઠઠ્ઠા-મશ્કરી

“અને તેઓએ કાંટાનો મુગટ ગૂંથીને તેના માથા પર મૂક્યો, ને તેના જમણા હાથમાં સોટી આપી, ને તેની સામા ઘૂંટણ ટેકીને તેના ઠઠ્ઠા કરતાં કહ્યું, કે ઓ યહૂદીઓના રાજા સલામ”. માથ્થી ૨૭:૨૯.

ગુડફ્રાઈડેના દિવસે લોકોએ ઈસુની ઠઠ્ઠા-મશ્કરી કરી - પણ એ વાત ત્યાં જ પતી ગઈ નથી. દુનિયાએ આજે પણ સારા લોકોની અને સારાં કામોની ઠઠ્ઠા મશ્કરી કરવાનું ચાલુ જ રાખ્યું છે.

જ્યારે શરૂઆતમાં હોડી સાથે વરાળયંત્ર જોડીને તેને ચાલુ કરવામાં આવી ત્યારે કેટલાક લોકોએ કહ્યું, ચાલો, પેલા છટકેલા મગજવાળા માણસને જોવા જઈએ. જે વરાળયંત્રથી હોડીને ચલાવવાના મીથ્યા ફાંફાં મારે છે. અને લોકોનું ટોળું હડસન નદી તરફ દોડી ગયું. અને હજારો લોકોની હાજરીમાં “એ છટકેલા મગજવાળા માણસે” હોડી સાથે યંત્ર જોડ્યું અને હોડી ચાલવા લાગી.

અમેરિકામાં પ્રથમ વખતે મિશનરી ચળવળ શરૂ થઈ ત્યારે એ મિશનરીઓની મજાક અને મશ્કરી કરતાં લોકોએ કહ્યું હતું: કેટલીક પ્રેમઘેલી છોકરીઓ અને કેટલાક ગાંડા માણસો વડે શું તમે અમેરિકાનું બદલાણ કરવા નીકળ્યા છો? આવા માણસો દુનિયાનું પરિવર્તન કરી શકે એવી તમે આશા રાખો છો? તે વ્યર્થ છે.

જ્યારે પહેલી વખતે સ્ટીમબોટ આટલાન્ટીક મહાસાગર ઓળંગવાની હતી ત્યારે એક પત્રિકા બહાર પાડવામાં આવી હતી, જેમાં લખ્યું હતું કે આવી નકામી યોજના કદી સફળ થવાની નથી.

વૈજ્ઞાનિક એડીસનની શોધો પ્રત્યે પણ શરૂઆતમાં લોકોના વિચારો અને માનસ આવું મશ્કરીભર્યું હતું.

મોટાભાગના નવા અને જુવાન લેખકોના લખાણો પ્રત્યે લોકોએ હાસ્ય જ કર્યું છે એની તેમની હસ્તપ્રતો અસ્વીકૃત થઈને પાછી ફરી છે. કાર્લીના પુસ્તક પ્રત્યે લોકોએ શરૂઆતમાં ખૂબ ટીકાઓ અને મશ્કરીઓ કરી હતી.

વર્ડઝવર્થની શરૂઆતની કવિતાની પણ ટીકાઓ થઈ હતી અને જડ માણસની સાથે સરખાવવામાં આવ્યા હતા. ટેનીસનનો શરૂઆતનો કવિતા સંગ્રહ જેનું મથાળું હતું - "બે ભાઈઓની કવિતા" નિષ્ફળ નીવડ્યો હતો. ઈરવીંગ્સના પ્રથમ પુસ્તકની હસ્તપ્રતને છાપવાનો ઈન્કાર થયો હતો. મીસ એલીનકોટે એક લેખ લખીને પબ્લીશરને છાપવા માટે આપ્યો ત્યારે પબ્લીશરે તેને શિખામણ આપી, કે મેડમ, તમે તમારા શીખવવાના કામમાં જ ધ્યાન આપો તો સારું.

જ્યારે ડી. ઈઝરાયેલીએ પહેલી વખતે પાર્લામેન્ટમાં બોલવાનો પ્રયત્ન કર્યો ત્યારે તેઓ બહુ ઊંચા અવાજે બોલતા હતા. તેથી લોકો હસવા લાગ્યા. ત્યારે ડી. ઈઝરાયેલીએ ટકોર કરી કે, "અત્યારે તમે મને સાંભળવા માગતા નથી, પણ એક સમય આવશે જ્યારે તમે મને સાંભળશો." અને એ સમય આવ્યો.

જેનીફર જેણે રસીની શોધ કરી હતી તેને શરૂઆતમાં લોકોએ વિચિત્ર માણસ ગણીને હસી કાઢ્યો હતો.

ડૉ. જોન હન્ટરની અણુ ઉપરની શોધને એક ડોકટરે હસી કાઢી હતી.

ઘણા બધા સારાં માણસોને, સારાં કામોને અને સત્યોને લોકોએ શરૂઆતમાં હસી કાઢ્યાં છે. તેઓની ઠઠ્ઠા-મશ્કરીઓ કરી છે, પણ અંતે તેઓ મહિમાના મુગટ સમાન પુરવાર થયા છે.

"ખ્રિસ્તીઓ", "પ્યુરિટન", "મેથોડિસ્ટ" વિગેરેને જે નામો આપવામાં આવ્યાં તે મશ્કરીમાં અપાયાં હતાં, પણ આજે તેઓનાં નામો જીતાયેલા સૈન્યના બેનર ઉપર લખાઈ ચૂક્યાં છે.

દુનિયાના ઘણા નામાકિંત બની ગયેલા યોદ્ધાઓ, પ્રબોધકો, લેખકો અને કલાકારો શરૂઆતે મશ્કરીના બારણામાં થઈને પસાર થયા છે. બીજાની મશ્કરી કરનાર બનવા કરતાં મશ્કરીનો ભોગ બનવું સારું છે.

વધસ્તંભ ઉપર ઈસુની મશ્કરીઓ કરવામાં આવી. ઠઠ્ઠા કરવામાં આવ્યા, પણ ત્રીજે દિવસે ઈસુ મરણમાંથી સજીવન થયા ત્યારે મશ્કરીઓ કરનારનાં મોં બંધ થયા.

"દેવે તેને મૂએલામાંથી ઊઠાડીને તેને ઘણો ઊંચો કર્યો, અને સર્વનામો કરતાં તેણે તેને એવું શ્રેષ્ઠ નામ આપ્યું કે આકાશમાંનાં, ભૂમિ પરનાં તથા ભૂમિ તળેનાં સર્વ ઈસુને નામે ઘૂંટણે પડીને નમે, અને દેવ બાપના મહિમાને અર્થે દરેક જીભ કબૂલ કરે કે ઈસુ ખ્રિસ્ત પ્રભુ છે." (ફિલીપી ૨:૯-૧૦)

જ્યારે પ્રથમ વખતે રોમમાં ખ્રિસ્તી ધર્મની ઓળખ આપવામાં આવી ત્યારે એક વૃદ્ધ રોમને કહ્યું:

"આ ધર્મ અને તેની પ્રથા ટકી શકે એમ નથી, કારણ કે તેનો પાયો વધસ્તંભ ઉપર નાખવામાં આવ્યો છે, કારણ કે આ ધર્મના આગેવાનના મરણ ઉપર તેનો પાયો છે, એક આફત ઉપર પાયો છે, માટે ટકી શકે નહિ." અને છતાં આજે ખ્રિસ્તી ધર્મ ટકી રહ્યો છે, અને એ વધસ્તંભ "વહાલો" અને "મનહર" લાગી રહ્યો છે.

❖ ❖ ❖

# ૩૯. સ્વર્ગ ક્યાં આવ્યું?

એક પાળક સાહેબે રવિવારે 'સ્વર્ગ' વિષે સુંદર સંદેશો આપ્યો. લોકો ખુશ થઈ ગયા. બીજા દિવસે એક ભાઈ આવ્યા, પાળકનાં વખાણ કર્યા, પછી કહ્યું, પણ સાહેબ, તમે એ તો કહ્યું નહિ કે સ્વર્ગ ક્યાં આવ્યું?

પાળકે કહ્યું, સ્વર્ગ ક્યાં આવ્યું તે હું તમને બતાવું. -

જુઓ, અહીંથી જમણી તરફના રસ્તે જાઓ, પછી થોડે આગળ ગયા પછી ડાબી તરફ વળશો. ત્યાં થોડા નાનાં નાનાં ઘરો આવેલા છે. એમાંના એક નાના ઘરમાં આપણી મંડળીની સભાસદ બહેન રહે છે. આ બહેન ગરીબ છે, વિધવા છે અને માંદી છે. ઘરના એક ખૂણામાં આ બહેન ખાટલા ઉપર સૂતી છે અને બીજા ખૂણામાં તેનાં બે માંદાં બાળકો સૂતાં છે. હું હમણાં જ ત્યાંથી આવ્યો. તેમના ઘરમાં દીવો સળગતો નથી, ચૂલો સળગતો નથી, ખાવાની વ્યવસ્થા નથી. ઓઢવા-પાથરવાનાં પૂરતાં કપડાં નથી.

તમે પહેલાં બજારમાં જઈને થોડી ખાવાની વસ્તુઓ, થોડી દવા, વગેરે લઈ આવો, પછી તે બાઈના ઘેર જાઓ, ત્યાં જઈને તે બાઈ અને છોકરાં પાસે બેસો. તેમને ખાવાનું તથા દવા આપો. તેમની સાથે બેસીને ગીતશાસ્ત્ર ૨૩ વાંચો. તેમના ખાટલા આગળ ઘૂંટણે પડીને તેઓના માટે પ્રાર્થના કરો -

એટલે તમને સ્વર્ગ ક્યાં છે એની ખબર પડશે.

ઈશ્વરનું ભજન કરતી વખતે આપણને સ્વર્ગના આનંદ અને સુખનો અનુભવ થાય છે, પરંતુ કાર્યક્ષેત્રમાં કામ કરતાં સ્વર્ગના પ્રેમ અને સેવાનો અનુભવ થાય છે.

❖ ❖ ❖

## ૪૦. સ્વર્ગમાં પ્રવેશ

કેટલાક મિત્રો મુસાફરી કરતાં કરતાં એક હોટલમાં આવ્યા. તેમાંના એક મિત્રને સરસ મઝાની સગવડવાળી રૂમ મળી ગઈ. બીજાઓને હોટલના માલિકે કહ્યું, માફ કરજો, જગા નથી. આ મિત્રોએ પેલા મિત્રને પૂછ્યું, આ હોટલમાં જગા નથી તેથી અમને રૂમ મળી નહિ, જ્યારે તમને કેવી રીતે રૂમ મળી ગઈ. પેલા મિત્રએ જવાબ આપ્યો, બહુ સહેલું છે, અહીં આવતાં પહેલાં ઘેરથી મેં ટેલિગ્રાફ મોકલ્યો હતો કે હું આવું છું અને મારે રૂમ જોઈએ છીએ. આથી હું અહીં આવ્યો ત્યારે મારા માટે રૂમ તૈયાર હતી.

સ્વર્ગમાં દાખલ થયા માટે એવું જ છે. તમારે તમારું નામ અગાઉથી સ્વર્ગમાં મોકલવું જરૂરી છે, જેથી તે નામ રજિસ્ટરમાં લખવામાં આવે. અને તમે ત્યાં જાઓ ત્યારે તમારી રૂમ તૈયાર હોય.

"હલવાનના જીવન પુસ્તકમાં જેઓનાં નામ લખાયેલાં છે તેઓને જ ત્યાં પ્રવેશ મળશે." (પ્રકટીકરણ ૨૧:૨૭)

★ ★ ★

એક માણસે બીશપને સવાલ પૂછ્યો, બીશપ સાહેબ, તમે મને બતાવી શકશો કે સ્વર્ગ ક્યાં આવ્યું?

બીશપે જવાબ આપ્યો - બહુ સહેલું છે -

"You have olny to turn to the

**right** and go **straight** ahead."

"Right" - "જમણી તરફ" એવો અર્થ થાય અને **"ખરી-સાચી દિશામાં"** એવો અર્થ પણ થાય. તમે સાચી દિશામાં સાચા માર્ગે વળો અને આગળ ચાલો તો સ્વર્ગે પહોંચી શકાય. straight - ચાલો - સીધા ચાલો. તમારી ચાલ વાંકીચૂકી ના હોય.

❖ ❖ ❖

## ૪૧. ઓનેસ્ટી ઈઝ ધ બેસ્ટ પોલીસી

આ સોનેરી વાક્ય આપણે ઘણીવાર સાંભળીએ છીએ - વાંચીએ છીએ, પરંતુ આજના દરેક ક્ષેત્રમાં જુઓ તો ઓનેસ્ટી - પ્રમાણિક્તા - જોવા મળતી નથી. જાણે માણસે પ્રમાણિક્તા ગુમાવી દીધી હોય એવું લાગે છે. આમ છતાં, અંધારી રાતે દૂર દૂર ટમટમતા દીવાની જેમ, પ્રમાણિક્તાના દાખલા મળી આવે છે. પ્રમાણિક્તા તદ્દન મરી પરવારી નથી.

ડેવીડ લીવીંગસ્ટને એમના કુટુંબના માણસોને આ પ્રમાણે કહ્યું હતું:

મારા એક વડદાદા દેશને ખાતર લડાઈમાં ખમી ગયા હતા - શહીદ બની ગયા હતા, પણ તેનું મને અભિમાન નથી. પરંતુ લીવીંગસ્ટન કુટુંબની પ્રણાલિકા વિષે મારા એક વડદાદાએ મરણપથારીએથી જે કહ્યું હતું. તેમાં હું અભિમાન ધરાવું છું. તેમણે કહ્યું હતું - "મેં આપણા કુટુંબની બધી પ્રણાલિકાઓ તપાસી જોઈ છે, અને આપણા કુટુંબમાં કોઈ અપ્રમાણિક વ્યક્તિ પાકી હોય એવું મારી તપાસમાં આવ્યું નથી. આથી જો તમારાંમાનો કોઈ અપ્રમાણિક્તા આચરશે તો એનું કારણ એ નહિ હોય કે તે આપણા લોહીમાં છે. મતલબ કે આપણા લોહીમાં અપ્રમાણિક્તા નથી. માટે, પ્રમાણિક રહેજો."

★ ★ ★

ગુલામોના બજારમાં એક સુંદર અને જુવાન ગુલામ છોકરો વેચાવા માટે ઊભો હતો. એક ભલા માણસને આ કોમળ એવા જુવાનની દયા આવી અને કોઈ નિર્દયી અને ક્રૂર માણસ એને ખરીદી ના જાય અને તેને

દુઃખી દુઃખી ના કરે, એવા હેતુથી તેમણે પાસે જઈને એ છોકરાને પૂછ્યું - "હું તને ખરીદીને લઈ જાઉં તો તું પ્રમાણિક તો રહીશ ને!"

છોકરાએ આ માણસની સામે જોઈને કહ્યું "સાહેબ તમે મને ખરીદો કે ના ખરીદો, પણ હું પ્રમાણિક જ રહીશ."

★ ★ ★

અબ્રાહમ લીંકન તેમની યુવાનીના સમયમાં એક સ્ટોરમાં કામ કરતા હતા. એક દિવસે તેમને માલૂમ પડ્યું કે કોઈ એક ગ્રાહક પાસેથી તેમણે છ સેન્ટ વધારાના લીધા છે. સાંજે સ્ટોર બંધ થયા પછી ત્રણ માઈલ ચાલીને પેલા ગ્રાહકને છ સેન્ટ પાછા આપવા માટે ગયા.

બીજી એક વખતે બીજા કોઈ ગ્રાહકને ચા આપતી વખતે ઓછી ચા ભૂલથી અપાઈ ગઈ. ત્રાજવામાં જોતાં માલૂમ પડ્યું કે ભૂલથી ઓછું વજન મૂકયું છે. ફરી સાંજે ઉપડ્યા અને પેલા ગ્રાહકને બાકીની ચા આપી આવ્યા.

તેઓની આવી વર્તણૂક જોઈને બીજા સાથી મિત્રોએ તેમને **"પ્રમાણિક"** નું બિરુદ આપ્યું.

Honesty, is right and wise.

❖ ❖ ❖

# ૪૨. માન-સન્માન ગુમાવશો નહિ

અગ્નિ, પાણી અને માન એ ત્રણે મિત્રો હતા. એક વાર તેઓ ચર્ચા કરતા હતા. અગ્નિ કદી એક જગાએ રહેતો નથી, એમ જ પાણી પણ વહ્યા કરે છે. સ્થિર રહેતું નથી. આ બંને જણે માનને પોતાની સાથે મુસાફરીએ આવવા સમજાવ્યું. માન માની ગયું.

મુસાફરીએ નીકળતાં પહેલાં તેઓએ નક્કી કર્યું કે આપણે દરેક પોતપોતાને માટે કોઈ ખાસ નિશાની નક્કી કરીએ, જેથી કદાપી માર્ગમાં વિખૂટાં પડી જઈએ તો એ નિશાની દ્વારા એક બીજાને શોધી શકાય.

અગ્નિએ પોતાની નિશાની આપતાં કહ્યું, જો હું અલગ પડી જાઉં તો મારી નિશાની છે **ધૂમાડો**. યાદ રાખજો, જ્યાં કહી તમે ધૂમાડો જુઓ, તો ત્યાં જ હું હોઈશ. મને ત્યાં શોધજો. હું ત્યાં મળીશ.

પાણીએ પોતાની નિશાની આપતાં કહ્યું, જો તમે મને ખોઈ નાખો - ગુમાવી દો તો - અથવા હું ખોવાઈ જાઉં, તો જ્યાં જ્યાં **લીલું ઘાસ હોય, હરિયાળી હોય** એવી જગાએ મને શોધજો. સૂકી અને ખડકાળ થઈ ગયેલી જમીન હોય ત્યાં મને શોધશો નહિ. હરિયાળી-લીલોતરીવાળી જમીન હોય ત્યાં હું હોઈશ. ત્યાં તપાસ કરજો.

માન બોલ્યું, મારા વિષે સાંભળો, યાદ રાખજો કે હમેશાં મને તમારી દૃષ્ટિમાં રાખજો, મારા ઉપરથી તમારી નજર હટાવશો નહિ. યાદ રાખો, જો એકવાર તમે મને ખોઈ બેસશો, તો ફરી કદી તમે મને મેળવી શકશો નહિ. મને પામવાના તમારા પ્રયત્નો મિથ્યા જશે. માટે મને સાચવજો.

❖ ❖ ❖

## ૪૩. "..... તેણે પોતાને નમ્ર કર્યો"

"તેણે નમ્રજનોને ઊંચા કર્યા છે, અને ગર્વિષ્ઠોને વિખેરી નાખ્યા છે." (લૂક ૧:૫૨)

ચીનના મહાન મિશનરી ડો. મોરિસનને તેમના કામમાં મદદ કરી શકે એવા એક મદદનીશની જરૂર હતી. તેમણે પોતાના સેક્રેટરીને આવા યોગ્ય માણસની શોધ કરવાની જવાબદારી સોંપી. એક જુવાન માણસ ઇન્ટર્વ્યુ માટે આવ્યો. તેને તપાસીને સેક્રેટરીએ કહ્યું. મી. તમે ડૉ. મોરિસનના મદદનીશ બની શકો એટલી અને એવી લાયકાત તમારામાં નથી, તેથી તમે તેમના મદદનીશ તો બની શકો એમ નથી, પરંતુ ડૉ. ને ઘરકામ માટે એક સારા નોકરની જરૂર છે. જો તમારી ઈચ્છા હોય તો ગોઠવી આપું.

પેલો જુવાન હસ્યો અને કહ્યું, "પ્રભુની સેવામાં ગમે તે કામ હશે તો ચાલશે." પાછળથી આ જુવાન ડો. મીલ્સ તરીકે જાણીતો બન્યો, અને ડો. મોરિસનના જેટલી જ તેની ખ્યાતિ અને લોકપ્રિયતા હતાં, એટલું જ તેનું માન હતું.

★ ★ ★

જમવાના ટેબલ ઉપર જમતાં જમતાં એક લક્ષાધિપતિ માણસ, જેણે સમાજને માટે ઘણાં સારાં કામો કર્યાં હતાં તેણે પ્રાર્થના વિષે બોલતાં કહ્યું, "હું પ્રાર્થનામાં માનતો નથી. મારે જે જોઈએ તે બધું મારી પાસે છે, પછી મારે પ્રાર્થનામાં કશું માગવાની શી જરૂર છે?"

આ સમયે સ્કોટીશ યુનિવર્સિટીના પ્રિન્સિપાલ ત્યાં હાજર હતા. તેમણે કહ્યું, તમારે એક બાબત માટે પ્રાર્થના કરવાની જરૂર છે. કઈ બાબત? તમારે નમ્રતા માટે પ્રાર્થના કરવાની જરૂર છે.

પ્રભુ નમ્રજનોને ચાહે છે.

❖ ❖ ❖

# ૪૪. બે ઝરા

એક વખતના ફ્રેન્ચ રિપબ્લીક પાર્ટીના પ્રેસીડેન્ટ ફોર મુળે ચમાર જાતીના હતા. પરંતુ તેઓ પોતાના આ નીચા કૂળને માટે કદી શરમાતા નહોતા. એના બદલે તેઓ અભિમાની ન બની જાય એ માટે સતત કાળજી રાખતા હતા. આથી તેમને સતત પોતાની જાતી યાદ રહે માટે ચમારનાં કપડાં તેઓ પોતાની નજર સમક્ષ રાખતા જેથી તેમને પોતાની નમ્રતા હમેશાં યાદ રહે.

★ ★ ★

એવું કહેવાય છે કે ચાર્લ્સ બ્રોન્ટે એટલો બધો અભિમાની હતો કે મરણ વખતે તેણે ડોકટરને બોલાવવાની ના પાડી અને એટલો અભિમાની હતો કે નીચે જમીન પર કે ખાટલા પર આડા પડીને સૂવાની પણ ના પાડી. આ રીતે તે ઊભો ઊભો જ મરી ગયો.

આજે પણ માણસો અભિમાનમાં આ રીતે જ મરી જાય છે. પિતર તેના પત્રમાં જણાવે છે કે આપણે નમ્રતાનાં વસ્ત્રો ધારણ કરીએ. મૂસા પૃથ્વીની પીઠ ઉપર નમ્ર માણસ હતો.

★ ★ ★

એક કવિ લખે છે :-

"પાસે પાસે વહેતા બે ઝરા મેં જોયા. એક ઝરો આનંદનો ઝરો હતો, અને બીજો ઝરો આંસુઓનો હતો. પછી એક વાણી બોલતી મેં સાંભળી - આ બે ઝરા સાથે સાથે માનવીના જીવનમાં વહેતા રહે છે. ઈશ્વર આ બંને ઝરાને સાથે વહેવા દે છે, જેથી ઈશ્વરનાં બાળકો એક ઝરામાંથી આભારીપણાનો પાઠ શીખે અને બીજામાંથી વિશ્વાસ અને ભરોસાનો પાઠ શીખે."

❖ ❖ ❖

# ૪૫. કપ પકડી રાખવા માટે નથી

પ્રભુભોજન વખતે લોકો વેદી આગળ ઘૂંટણે પડ્યા હતા. દ્રાક્ષારસનો કપ ફરતો હતો. એક જણ પીને પાસેની બીજી વ્યક્તિને આપે - અને એમ કપ આગળ ફરતો જતો હતો. એક ભાઈની પાસે કપ આવ્યો, તેઓ કપને પકડીને બેસી રહ્યા. થોડી મીનીટો પસાર થઈ પણ આ ભાઈ પાસેની બીજી વ્યક્તિને કપ આપે નહિ. પાળકે આ જોયું અને તેની પાસે જઈને ધીમેથી કહ્યું, ભાઈ, કપ આગળ મોકલો. આ કપ પકડી રાખવા માટે નથી. બીજાને આપો.

ઉપલી મેડીમાં શિષ્યોએ કપમાંથી પીધું અને કપ આગળ મોકલ્યો. સુવાર્તાનો કપ યરૂશાલેમથી અંત્યોખ મોકલ્યો. અંત્યોખના લોકોએ એ કપ સ્વીકાર્યો. એમાંથી પીધું અને એફેસસ, કોરિંથ અને ફિલીપીમાં મોકલ્યો. ત્યાંના માણસોએ સુવાર્તાનો એ કપ રોમ પહોંચાડ્યો. રોમથી બ્રિટન ગયો, ત્યાંના લોકોએ એ કપમાંથી પીધા પછી અમેરિકા મોકલ્યો. અમેરિકાએ જાપાન, ચીન અને ભારતના લોકો માટે મોકલ્યો.

સુવાર્તાનો કપ પકડી રાખવા માટે નથી. "Pass it on" જ્યાં હજી કપ પહોંચ્યો નથી ત્યાં એ કપ પહોંચાડવાની જવાબદારી આપણી છે - મંડળીની છે. પ્રભુની આજ્ઞા છે - જાઓ, જઈને સર્વ દેશના લોકોને સુવાર્તા પ્રગટ કરો.

❖ ❖ ❖

## ૪૬. ઈશ્વરના ન્યાયમાં વિલંબ

પશ્ચિમના દેશોમાં એક અધાર્મિક ખેડૂત હતો. તે પોતાના અધર્મીપણામાં અભિમાન કરતો હતો. એક વખતે તેણે એક સ્થાનિક પેપરના તંત્રીને આ પ્રમાણે પત્ર લખ્યોઃ

"સાહેબ, મેં મારા ખેતરમાં આ વર્ષે અખતરો કર્યો અને એમાં હું સફળ રહ્યો છું."

મેં રવિવારે મારા ખેતરને ખેડ્યું.

રવિવારે તેમાં વાવણી કરી

રવિવારના દિવસે જ પાણી પાયું.

રવિવારે જ નકામું ઘાસ કાઢી નાખ્યું.

રવિવારના દિવસે જ કાપણી કરી.

અને રવિવારના દિવસે જ બધું અનાજ ઘેર લાવ્યો. હવે મહે. તંત્રીશ્રી. આનું પરિણામ શું આવ્યું તે જાણો છો? તમે સાબ્બાથ દિવસ પવિત્ર પાળવા વિષે ઘણીવાર તમારા પેપરમાં લખો છો, પરંતુ રવિવારના મારા અખતરાનું પરિણામ વધારે સારું આવ્યું છે. આ ઓકટોબર માસમાં ફસલ વખતે મારી આજુબાજુના ખેડૂતોના ખેતર કરતાં મારા ખેતરમાં વધારે અનાજ પાક્યું છે. હવે તમે આનો ખુલાસો આપી શકો છો?"

આ પેપરનો તંત્રી સારો અને ધાર્મિક ખ્રિસ્તી માણસ હતો. આથી પેલા અધાર્મિક ખેડૂતે માન્યું કે તંત્રી પોતાની ભૂલ કબૂલ કરતો પત્ર મને

લખશે, અથવા બાઈબલની સાબ્બાથ દિવસ પવિત્ર પાળવાની આજ્ઞા ભૂલભરેલી છે એવી કોઈ સ્પષ્ટતા કરશે. તંત્રીએ કોઈ પત્ર લખ્યો નહિ. પરંતુ પોતાના બીજા અઠવાડિયાના પેપરમાં આ ખેડૂતની વાત લખી અને નીચે એક જ વાક્ય લખ્યું:

"God does not always settle His account in october."

''હમેશાં ઓકટોબરમાં જ ઈશ્વર પોતાનો હિસાબ ચૂકતે કરી દેતો નથી.'' (હબાકૂક : ૧, ૨, ૩)

❖ ❖ ❖

# ૪૭. ભલાઈ તથા દયા મારી સાથે આવશે

જર્મનીના એક ગરીબ છોકરા વિષેની આ દંતકથા છે.

ગરીબ વિધવા માનો આ એકનો એક દીકરો હતો. મહેનત મજૂરી કરી રોટલો પામતાં હતાં. જંગલમાં જઈને આ છોકરો લાકડાના એક વાસણમાં સ્ટ્રોબેરી વીણી લાવતો હતો. એક દિવસે આ પ્રમાણે તે સ્ટ્રોબેરી લઈને આવતો હતો ત્યારે પાછળથી એક ભલા અને વૃદ્ધ માણસે તેને બૂમ પાડીને ઊભો રાખ્યો અને છોકરાને કહ્યું, તારી આ સ્ટ્રોબેરીથી ભરેલી થાળી મને આપ અને આ મારી ખાલી થાળી તું લે તો મહેરબાની. છોકરાને આ વૃદ્ધ અને ભલા માણસની દયા આવી તેથી તેણે પોતાની સ્ટ્રોબેરી ભરેલી થાળી તેને આપી અને તેની ખાલી થાળી પોતે લઈ લીધી. ઘેર આવીને તેની માને બધી વાત કરી અને પેલા માણસે આપેલી ખાલી થાળી માને બતાવી.

માએ આશ્ચર્ય અને આનંદથી કહ્યુંઃ દીકરા, તારી ભલાઈનો બદલો તો જો તને જે ખાલી થાળી મળી તે તો સોનાની છે.

જે કોઈ તરસ્યા માણસને પાણીનું પ્યાલુ આપશે તે તેનો બદલો ખોશે નહિ.

★ ★ ★

ઘણાં વર્ષો ઉપર થઈ ગયેલા બીશપ જોયસ તેમના એક મિત્ર વિષે આ પ્રમાણે વાત કરે છે.

તેમનો આ મિત્ર રેલવેમાં મોટો ઓફિસર હતો, જ્યારે જ્યારે બીશપને રેલવેની ટીકીટની જરૂર પડે ત્યારે આ માણસ લાવી આપતો હતો. આ મિત્રતાની શરૂઆત વિષે બીશપ કહે છે કે જ્યારે હું એક ગામડાની મંડળીમાં પાળક હતો ત્યારે જે છોકરો મને રોજ ન્યૂઝ પેપર આપી જતો હતો તેને એક નવા વર્ષે મેં એક ડોલર ભેટમાં આપ્યો. તે

દિવસ અમારી મિત્રતાની શરૂઆતનો દિવસ હતો. અત્યારે હું બીશપ બન્યો છું અને પેલો ન્યૂઝપેપર લાવી આપનાર છોકરો હવે રેલવેમાં ઓફિસર છે. વર્ષો થયાં પણ આ ઓફિસર પેલો એક ડોલર ભૂલ્યો નથી. આ ઓફિસરે બીશપને કહ્યું, તમારે આ રેલવેમાં જે કંઈ જોઈએ તે તમને મળશે.

પેલા એક ડોલરે મંડળીની સેવા અને કાર્યો માટે ઘણું બધું વ્યાજ ચૂકવ્યું છે.

કોઈના પ્રત્યે બતાવેલી ભલાઈ, દયા અને માયાળુપણું તેનો બદલો ખોશે નહિ.

★ ★ ★

## પતિ - પત્ની

પત્ની, પતિને

પહેલા વર્ષે 'ચંદ્રમુખી' જેવી લાગે છે.

બીજા વર્ષે - 'સૂર્યમુખી' જેવી લાગે છે.

અને ત્રીજા વર્ષે - 'જ્વાળામુખી' જેવી લાગે છે.

પત્ની સામે પુરુષની

પહેલા વર્ષે સ્થિતિ - 'પ્રાણનાથ' જેવી હોય છે

બીજા વર્ષે 'નાથ' જેવી અને

ત્રીજા વર્ષે 'અનાથ' જેવી હોય છે.

❖ ❖ ❖

# ૪૮. મજબૂત મંડળી

કોઈ એક મંડળીના એક સભાસદને કોઈએ પૂછ્યું, શું તમારી મંડળી મજબૂત મંડળી છે? સભાસદે જવાબ આપ્યો - હા, ઘણી મજબૂત છે. બીજો સવાલ પૂછ્યો : મંડળીમાં કેટલા સભાસદો છે?

જવાબ મળ્યો : પંચોતેર સભાસદો છે.

શું પંચોતેર સભાસદો છે? હા.

ત્યારે તો તેઓ બધા પૈસાદાર માણસો હશે નહિ?

ના, તેઓ બધા ગરીબ અને સામાન્ય માણસો છે.

તો પછી તમે કેવી રીતે કહી શકો કે આ મંડળી મજબૂત મંડળી છે?

સભાસદે કહ્યું, કારણ કે મંડળીના સભાસદો પ્રમાણિક છે, ભક્તિભાવવાળા છે, એક બીજા સાથે શાંતિમાં અને ભાઈચારામાં રહે છે, એકબીજા ઉપર પ્રેમ કરે છે. અને મંડળીના માલિક અને પ્રભુને માટે સાથે મળીને કામ કરે છે.

ખરેખર, આવી મંડળી ચોક્કસ મજબૂત મંડળી કહી શકાય. સભ્ય સંખ્યા પંદરની હોય કે પાંચસોની હોય. તે મજબૂત મંડળી છે.

મજબૂત (strong) મંડળીનો આધાર તેની સભ્યસંખ્યા ઉપર કે તેના બજેટ ઉપર નહિ, પણ મંડળીના લોકોના વલણ ઉપર રહેલો છે.

❖ ❖ ❖

# ૪૯. અબ્રાહમ લિંકન

(૧) અબ્રાહમ લિંકનનું જીવનચરિત્ર લોહી અને આંસુથી લખાયું છે. લાખો લોકો તેને **"આશીર્વાદિત"** ગણાવે છે. લાખો આફ્રો-અમેરિકન જેઓ ગુલામીમાંથી મુક્ત થયા તેઓ તેને ઉદ્ધારક ગણે છે.

મી. લિંકન વિશ્વાસથી ભરપૂર એવી વ્યક્તિ હતા. ઈશ્વરમાં તેઓ શ્રદ્ધા રાખતા હતા. ઈસુ ખ્રિસ્તમાં વિશ્વાસ રાખતા, બાઈબલમાં માનતા હતા. માણસોમાં વિશ્વાસ રાખતા હતા, અને પોતાનામાં પણ વિશ્વાસ ધરાવતા હતા. જીવનમાં એવા સમયો પણ આવ્યા જ્યારે વિશ્વાસ ડગી જાય, પ્રેરકબુદ્ધિ કામ ન કરે. પરંતુ આવા કઠણ સમયોમાં પણ લિંકન અડગ રહ્યા હતા.

(૨) અમેરિકાના પ્રેસિડેન્ટ બન્યા તે અગાઉ એક વખતે સ્પ્રીન્ગ ફિલ્ડમાં તેઓના બે દીકરાઓને લઈને રસ્તા ઉપર ચાલતા જતા હતા. બંને નાના દીકરાઓએ બાપના એક એક હાથની આંગળી પકડી હતી, અને બંને છોકરા જોર જોરથી રડતા હતા. એક માણસ તેમને રસ્તામાં મળ્યા અને પૂછ્યું, કે આ બંને છોકરાઓ કેમ રડે છે?

લિંકને જવાબ આપ્યો, આખી દુનિયાનું રડવાનું જે કારણ છે એ જ આ બંને જણનું રડવાનું કારણ છે. મારી પાસે ત્રણ સોપારી છે અને દરેક છોકરાને બબ્બે સોપારી જોઈએ છીએ.

(૩) અબ્રાહમ લિંકનમાં બધા લોકોને જે બાબત આશ્ચર્યજનક લાગતી હતી તે એ હતી કે લિંકને કદી સ્કૂલ કે કોલેજમાં જઈને ઉચ્ચ કેળવણી લીધી નહોતી. છતાં ઉત્તમ રીતે અંગ્રેજી લખી શકે છે, શુદ્ધ ઉચ્ચારોમાં અને સાદી-સરળ ભાષામાં અંગ્રેજી બોલી શકે છે. ગેટસબર્ગનું એમનું વ્યાખ્યાન અને બીજા ભાષણો અંગ્રેજી ભાષાનો ઉત્તમ નમૂનો પૂરો

પાડે છે. લીંકનની શુદ્ધ અંગ્રેજી ભાષાનો ખુલાસો એવો આપવામાં આવે છે કે નાનપણથી જ લીંકન બાઈબલ વાંચતા હતા. બાઈબલની ભાષા અને તેનાં વાક્યોએ લીંકનના મનમાં એવી પકડ જમાવી હતી, એવી રીતે યાદ રહી ગયાં હતાં કે જરૂર પડી ત્યારે તે બહાર નીકળવા લાગ્યાં.

બ્લુમીંગટનમાં લીંકન અને ડગ્લાસની પ્રખ્યાત ચર્ચા - વાદવિવાદ જાણીતાં છે. એ વિષે એક વૃદ્ધ માણસ, જે તે વખતે ત્યાં હાજર હતો તેમણે જણાવ્યું કે, મને યાદ છે કે જાણે ઉપદેશક બાઈબલનાં વાક્યો ટાંકતા હોય એવી રીતે લીંકન તેમના ભાષણમાં બાઈબલનાં વાક્યો ટાંકતા હતા.

"Lincoln quoted scripture like a Preacher."

(૪) જ્યારે મી. લીંકને ઉદ્‌ઘાટન વખતે પોતાનું સૌથી પ્રથમ ભાષણ આપ્યું ત્યારે લીંકનના મિત્ર અને સેનેટર ઈ. ડી. બેકરે લીંકનની ઓળખવિધિ કરાવી હતી. ઓળખવિધિ પછી લીંકન આમ તેમ જોતા હતા કે મારી હેટ ક્યાં મૂકું! આ વખતે લીંકનની પાછળની ખુરસીમાં મી. ડગ્લાસ બેઠા હતા. આ ડગ્લાસ લીંકનના મોટા હરીફ હતા અને રાજકિય વિરોધી હતા. આ ડગ્લાસે મી. લીંકનની હેટ મૂકવાની મૂંઝવણ જોઈ અને મી. લીંકનના હાથમાંથી હેટ પોતે લઈ લીધી અને પાસે બેઠેલાં મીસીસ બ્રાઉન, જે લીંકનનાં દૂરનાં બહેન અને પ્રેસીડેન્ટ પાર્ટીના સભ્ય હતા તેમને ધીમેથી કહ્યું, "હું અમેરિકાનો પ્રેસીડેન્ટ તો બની શક્તો નથી, પણ ઓછામાં ઓછું પ્રેસીડેન્ટની હેટ તો પકડી રાખી શકું છું!"

(૫) લીંકન અને ડગ્લાસની ચર્ચા [Debate] ખૂબ જાણીતી અને પ્રખ્યાત છે. ઘણી અપક્ષપાતી સ્ત્રીઓ આ ચર્ચા સાંભળવા મોટા હોલમાં બેઠી હતી. આ સ્ત્રીઓમાંની મીસીસ વિલ્યમ ક્રોટી લખે છે કે -

"જ્યારે ડગ્લાસ બોલતા હતા ત્યારે મને મી. લીંકનની ખૂબ દયા આવતી હતી, પણ જ્યારે મી. લીંકન તેનો પ્રત્યુત્તર આપતા હતા ત્યારે

મને મી. ડગ્લાસની દયા આવવા લાગી. જાણે આ એક બૌદ્ધિક રમત હતી અને બંને જણ એકબીજાથી ઓછા ઉતરે એવા નહોતા."

**(૬) લીંકનની પ્રમાણિકતા :-**

લીંકને એક જગ્યાએ આ પ્રમાણે લખ્યું:

"જો તમારા નિર્ણયમાં તમે એક પ્રમાણિક વકીલ બની શક્યા ના હોય, તો વકીલાત કરવાનું છોડીને એક પ્રમાણિક માણસ બનો."

**(૭) લીંકનની નમ્રતા :**

"હાર્ટ ઓફ સોલ્જર" નામના પુસ્તકમાં જનરલ પીકેટનાં પત્ની મીસીસ પીકેટ જણાવે છે કે કેવી રીતે તેઓ સૌ પ્રથમ વાર મી. લીંકનને મળ્યાં હતાં તેઓ જણાવે છે :

એક લડાઈના વખતમાં મારા પતિ જનરલ પીકેટ લડાઈના મોરચા ઉપર હતા. ધમસાણ યુદ્ધ ચાલી રહ્યું હતું. તે વખતે સમાચાર આવ્યા કે જનરલ પીકેટ લડાઈમાં મરણ પામ્યા છે. હું આ માનવા તૈયાર નહોતી, પણ મને ખૂબ ચિંતા થતી હતી.

બીજા દિવસે મારા બારણે ટકોરા પડ્યા. મારા હાથમાં મારું નાનું બાળક હતું, તેને લઈને મેં બારણે જઈને બારણું ઉઘાડ્યું. બારણા આગળ એક ઊંચો-કદાવર માણસ ઊભો હતો. તેના કપડાં ગંદા હતાં, તેના મોં ઉપર ઉદાસીનતા હતી. આ માણસે મને પૂછ્યું: શું આજ મી. જ્યોર્જ પીકેટનું ઘર છે?

મેં જવાબ આપ્યો, હા, પણ મી. જ્યોર્જ પીકેટ ઘરમાં હાજર નથી.

પેલા માણસે જવાબ આપ્યો, મેડમ, હું જાણું છું. પણ મારે જગાની ખાતરી કરવી હતી. હું અબ્રાહમ લીંકન છું.

શું! પ્રેસીડેન્ટ અબ્રાહમ લીંકન!

ના, મેડમ, માત્ર અબ્રાહમ લીંકન, જ્યોર્જ પીકેટનો જૂનો મિત્ર.

મીસીસ પીકેટ માત્ર એટલું જ બોલી શક્યાં - હું મી. પીકેટની પત્ની છું અને આ મારું બાળક છે. તેઓ આગળ લખે છે - હું ફરી કદી મી. લીંકનને મળી નથી. આ અમારી પહેલી મુલાકાત હતી. પણ મી. લીંકનમાં પોતાના સૈનિકો માટેનો પ્રેમ અને માન મેં જોયાં અને મને ખૂબ દિલાસો મળ્યો.

**(૮) લીંકનના હૃદયમાં રહેલી દયાઃ**

એક દિવસે એક સેનેટરને લઈને એક બહેન મી. લીંકનને મળવા આવી. આ બહેનનો પતિ રાજકિય ગુનામાં પકડાયેલો એક કેદી હતો. આ કેદીને પકડીને તેની તપાસ થઈ હતી. અને તેને ગોળીએ મારવાની સજા જાહેર થઈ હતી. આ સ્ત્રી તેના પતિને માફી મળે એ માટે વિનંતી કરવા લીંકનની પાસે આવી હતી. લીંકને આ સ્ત્રીની બધી વાત સાંભળી અને પછી સ્ત્રીને પૂછ્યું, તારો પતિ કેવા પ્રકારનો પતિ હતો? શું તે ગુસ્સાવાળો હતો, તને કઠોર વચનો કહેતો હતો, તને અને બાળકોને મારતો હતો? તમારી સંભાળ લેતો હતો કે કેમ?

પેલી સ્ત્રીએ જવાબ આપ્યો, ના. ના. તે બહુ સારો અને ભલો માણસ છે મને અને બાળકોને તે ખૂબ ચાહે છે. અમે તેના વગર જીવી શકીશું નહિ.

બધા કાગળો તપાસીને મી. લીંકને પેલી સ્ત્રીને કહ્યું, ભલે, હું તારા પતિને માફી આપું છું અને તારે હવાલે કરું છું. પછી ઉમેર્યું, મેડમ, જો તારો પતિ તારા અને તારા કુટુંબને માટે પ્રેમાળ અને મદદરૂપ ના હોત તો મેં એને માફી આપી ના હોત.

પેલી સ્ત્રી આનંદના અતિરેકમાં ખૂબ રડવા લાગી. લીંકને તેને ઉદ્દેશીને કહ્યું, બહેન જલદી અહીંથી જતી રહે, નહિ તો મને પણ રડવું આવશે.

**(૯) એક બાળકને કારણે :**

એક ગરીબ બાઈના પતિએ પોતાને બદલે બીજા એક માણસને યુદ્ધમાં મોકલી આપ્યો હતો. આથી તે એમ સમજતો હતો કે હવે રાજ્ય તેની સેવા માગી શકે નહિ. પરંતુ પોલીસે આ માણસની ધરપકડ કરી અને લશ્કરમાં નહિ જવાના ગુના માટે તેને શિક્ષા ફરમાવવામાં આવી. તેની પત્ની તેના નાના બાળકને લઈને વ્હાઈટ હાઉસ આવી, જેથી પ્રેસીડેન્ટને ?:ગીને તેના પતિનો છુટકારો મેળવી શકે. ત્યાં ઘણાં બધાં માણસો પોતાની ફરિયાદો અને વિનંતીઓ લઈને પ્રેસીડેન્ટને મળવા આવ્યાં હતાં. આથી આ સ્ત્રીને ત્રણ દિવસ સુધી એક રૂમમાં બેસાડી રાખવામાં આવી. ત્રણ દિવસ પછી એક સાંજે મી. લીંકન એ રૂમ આગળથી પસાર થતા હતા ત્યારે તેમણે એક બાળકના રડવાનો અવાજ સાંભળ્યો. લીંકન તરત પાછા પોતાની ઓફિસમાં આવ્યા અને ઓફિસના પટાવાળા મી. દાનિયેલને બોલાવીને કહ્યું, દાનિયેલ, પાસેની રૂમમાં કોઈ સ્ત્રી પોતાના બાળક સાથે બેઠી છે? દાનિયેલે કહ્યું, જી, એક સ્ત્રી જીવન અને મરણનો સવાલ લઈને તમને મળવા માટે રાહ જોઈને બેઠી છે. લીંકને હુકમ કર્યો, હમણાં જ એને બોલાવી લાવ. સ્ત્રી લીંકનની પાસે આવી અને પોતાની કથની સંભળાવી. લીંકને તેની વાત સાંભળીને તેના પતિને માફી આપી. આ સ્ત્રી ખુશ થઈને બહાર નીકળી ત્યારે દાનિયેલે તેને કહ્યું, મેડમ, આ બધું આ બાળકને કારણે બન્યું. તેના રડવાના અવાજે લીંકનનું ધ્યાન ખેંચ્યુ અને તેના પતિને માફી મળી.

**બેથલેહેમની ગભાણમાં જન્મેલા બાળકને કારણે :**

દૂતો આકાશમાંથી ઊતરી આવ્યા. પૂર્વના જ્ઞાનીઓ બેથલેહેમ આવ્યા. હેરોદ અને આખું યરૂશાલેમ ગભરાયું, આપણને પાપની માફી મળી, નાતાલનો આનંદ મળ્યો - આ બધું એક બાળકને કારણે.

(૧૦) મી. લિંકન એક સમયે એક રાજકિય સભામાં જઈ રહ્યા હતા. એમના એક પ્રતિસ્પર્ધીએ એમને એક ઘોડો આપ્યો, જે ચાલવામાં બહુ મંદ હતો. એમના પ્રતિસ્પર્ધીની ઇચ્છા હતી કે આવા મંદ ઘોડા ઉપર લિંકન જાય તો સમયસર સભામાં પહોંચી શકે નહિ. પરંતુ કોઈપણ રીતે મી. લિંકન સમયસર સભામાં પહોંચી ગયા, જ્યારે તેઓ ઘોડા સાથે પાછા આવ્યા ત્યારે તેમણે પેલા પ્રતિસ્પર્ધીને કહ્યું, આ ઘોડો તમે દફનક્રિયાની વિધિ માટે રાખો. પેલા માણસે કહ્યું, ના, પણ શા માટે?

મી. લિંકને કહ્યું, જો તમે તમારી દફનક્રિયા વખતે તમારા શબને લઈ જવાતી ગાડીમાં આ મંદ ગતિવાળો ઘોડો જોડો, તો પુનરુત્થાનનો દિવસ આવી જાય ત્યાં સુધી તમારું શબ કબરસ્તાન સુધી પહોંચી શકશે નહિ.

❖ ❖ ❖

# ૫૦. હેટીનાં સત્તાવન પેની

નાની છોકરી હેટી એક નાની સન્ડેસ્કૂલમાં દાખલ થવા આવી, પરંતુ તેને ત્યાં દાખલ કરવામાં આવી નહિ. કારણ કે તે રૂમમાં વધારે છોકરાંને બેસવાની જગા નહોતી. હેટી નિરાશ થઈને પાછી જતી રહી. ત્યાર પછીના બે વર્ષમાં તે માંદી પડી અને આખરે તે મરણ પામી. તેના ખાટલાના તકિયા નીચેથી એક જૂની-ફાટેલી એવી નોટબુક મળી. આ નોટબુકમાં સત્તાવન પેની એક કવરમાં બીડીને મૂકેલાં હતાં. એક કાગળમાં આ પ્રમાણે લખેલું હતુંઃ "નાની રૂમ મોટી બનાવવાના કામમાં મદદરૂપ થવા માટે, જેથી તે સન્ડેસ્કૂલમાં વધારે બાળકો જઈ શકે." હેટી ગરીબ અને નાની છોકરી હતી. બે વર્ષ સુધી તેણે કામ કર્યું અને સત્તાવન પેની ભેગાં કર્યાં, જેથી સન્ડેસ્કૂલ મોટી બાંધી શકાય.

બીજા રવિવારે પાળકે આ વાત ભજનસેવામાં લોકોને જણાવી. લોકોએ આ કામ માટે દાનો આપવા માંડ્યાં. સમાચારપત્રોમાં હેટીની વાત છપાઈ અને તેનો વધુ પ્રચાર થયો અને પાંચ વર્ષમાં ૨ લાખ ૫૦ હજાર ડોલર ભેગા થયા. આજે ફિલાડેલ્ફીયામાં "બેપ્ટીસ્ટ ટેમ્પલ" નામનું મોટું ચર્ચ બીલ્ડીંગ ઊભું છે, જેમાં ૩૦૦૦ કરતાં વધારે માણસોને બેસવાની વ્યવસ્થા છે. એક ટેમ્પલ કોલેજ છે, જ્યાં ૧,૫૦૦ વિદ્યાર્થીનો સમાવેશ થઈ શકે છે. એક ટેમ્પલ હોસ્પિટલ અને ટેમ્પલ સન્ડેસ્કૂલનું વિશાળ મકાન છે, જ્યાં જેટલાં બાળકો આવે તે બધાંનો સમાવેશ કરી શકાય છે.

હેટી નાની છોકરી હતી, માત્ર સત્તાવન પેની હતાં, પણ એમાં રહેલી શક્તિનું માપ કોણ કાઢી શકે!

આરંભના નાના કામના દિવસને કોણે તુચ્છકાર્યો છે.

❖ ❖ ❖

# ૫૧. પવિત્ર પડછાયો

જેમીકાના એક મિશનરીએ એક છોકરાને સવાલ પૂછ્યો કે માથ્થી ૫:૫નો અર્થ શો છે? નમ્ર કોને કહેવાય? છોકરાએ જવાબ આપ્યો, "જે માણસ કઠણ અને કડક સવાલનો નમ્રતાથી જવાબ આપે તે માણસ નમ્ર કહેવાય."

નમ્ર માણસ ધિક્કારનો પ્રત્યુત્તર પ્રેમથી આપે છે, અમાયાળુપણાનો જવાબ મીઠાશથી આપે છે - આને નમ્ર માણસ કહી શકાય.

બહુ પહેલાંની એક વાત છે.

એક સંત માણસ આ પૃથ્વી ઉપર એટલી બધી નમ્રતાથી અને માયાળુપણે જીવતા હતા કે આવા માણસને જોવા માટે સ્વર્ગમાંથી દૂતો ઊતરી આવ્યા. આ માણસનું જીવન જોઈને તેઓને આશ્ચર્ય થયું.

દૂતોએ ઈશ્વરને કહ્યું, પ્રભુ, આ સંતને ચમત્કારો કરવાની શક્તિ-દાન આપો. પ્રભુએ દૂતોને સામેથી કહ્યું, તમે એ સંતને જ પૂછી જુઓને કે તેને ચમત્કારો કરવાનું દાન જોઈએ છે?

દૂતોએ એ સંતને પૂછ્યું, તમારે ચમત્કારો કરવાનું દાન જોઈએ છે? તમે કોઈ માંદા માણસને અડકો તો એ સાજો થઈ જાય - એવું સાજાપણાનું દાન જોઈએ છે?

સંતે જવાબ આપ્યો, ના, સાજાપણું આપવાનું કામ તો ઈશ્વરનું છે.

દૂતોએ ફરી પૂછ્યું, શું તમારે લોકોનું બદલાણ કરવાનું સામર્થ્ય જોઈએ છે?

સંતે કહ્યું, ના, એ તો પવિત્ર આત્માનું કામ છે. દૂતોએ આગ્રહ રાખ્યો કે તો પછી તમારે શું જોઈએ છે? સંતે કહ્યું, માત્ર પ્રભુની કૃપા. હું મારી જાણ બહાર લોકોનું ભલું કરી શકું.

પછી દૂતોએ પ્રભુની આજ્ઞાથી આ સંતને એવું દાન આપ્યું કે સંતનો પડછાયો તેની પાછળ કે આજુબાજુ પડે જ્યારે સંત તે જોઈ ના શકે એવે વખતે આ પડછાયો જેના ઉપર પડે તેને સાજાપણું મળે, દુ:ખ દર્દો મટી જાય, અને દિલાસો મળે.

આ રીતે સંતની જાણબહાર તેનો પડછાયો સૂકાઈ ગયેલા છોડને તાજો બનાવતો, ફૂલોમાં સુવાસ ભરતો, માંદા બાળકને સાજો કરતો અને દુ:ખી માતાને દિલાસો પમાડતો. પણ સંતને પોતાના પડછાયામાંથી લોકો માટે નીકળતા આશીર્વાદની કશી ખબર પડતી નહિ. લોકો આ સંતની નમ્રતા જોઈને તેને માન આપતા. લોકો તેનું નામ ભૂલી ગયા પણ તેને નવું નામ આપ્યું - **"પવિત્ર પડછાયો."**

❖ ❖ ❖



D-4

# ૫૨. મરતો ચોર અને જીવતો ચોર

ધાર્મિક હોવાનો ડોળ કરતા એક માણસ સાથે પાળકની થયેલી વાતચીત :-

પાળક : શું તમે મંડળી સાથે સંબંધ રાખો છો?

માણસ : ના, વધસ્તંભ ઉપર મરતો ચોર કોઈ મંડળીનો સભાસદ નહોતો, છતાં તે સ્વર્ગે ગયો.

પાળક : શું તમે પ્રભુભોજનમાં ભાગ લો છો?

માણસ : ના, વધસ્તંભે મરતા ચોરે કદી પ્રભુભોજન લીધું નહોતું અને છતાં ઈસુએ તેનો સ્વીકાર કર્યો.

પાળક : શું તમે દાન આપો છો?

માણસ : ના, મરતા ચોરે દાન આપ્યું નહોતુ અને એને માટે ઈસુએ એને ઠપકો આપ્યો નથી.

પાળક : વારુ, મિત્ર, વધસ્તંભ પરના ચોરમાં અને તમારામાં માત્ર આટલો જ ફેર છે - **પેલો મરતો ચોર હતો - તમે જીવતા ચોર છો.**

❖ ❖ ❖

# ૫૩. આધુનિક ચમત્કાર

મી. હાર્ડીએ તેના પડોશી મી. ક્લાર્કને કહ્યું, આજના જમાનામાં ચમત્કારો થતા નથી અને કોઈ ચમત્કારોમાં વિશ્વાસ ધરાવતું નથી. મી. ક્લાર્કે જવાબ આપ્યો, તમે ચમત્કાર કોને કહો છો એના ઉપર એનો આધાર છે, જો કે હું પોતે ચમત્કારોમાં વિશ્વાસ ધરાવું છું. મી. હાર્ડી માનવા તૈયાર નહોતા કે આજે પણ ચમત્કારો થઈ શકે છે. મી, ક્લાર્કે કહ્યું, મી. હાર્ડી, જો તમે ચમત્કાર જોવા માગતા હો તો મારી સાથે ચાલો, આજે રાત્રે હું તમને ચમત્કાર બતાવીશ.

રાત્રે ભોજન પછી બંને જણ ચાલવા લાગ્યા. ચાલતાં ચાલતાં શહેરના એક ભાગમાં આવ્યા, તેઓ એક હોલમાં દાખલ થયા. ત્યાં ઘણા બધા લોકો ભેગા થયા હતા. હાર્ડીએ મી. ક્લાર્કને પૂછ્યું, તમે મને અહીં કેમ લાવ્યા છો, અને આ બધુ શું છે? ક્લાર્કે કહ્યું, આ એક મીટીંગ છે, તમે શાંતિથી અહીં બેસો અને જુઓ તથા સાંભળો.

એક આગેવાને ગીતો ગવડાવ્યાં અને પ્રાર્થના કરાવી. ત્યાર પછી એક કદાવર માણસ ઊભો થયો અને તેના પહાડી અવાજમાં બુલંદ સ્વરે અડધા કલાક સુધી બોલ્યો. લોકોને વિનંતી કરી, આહવાન આપ્યું, પડકાર આપ્યો, આજ્ઞા કરી કે તેઓ પ્રભુ ઈસુની પાસે આવે. જ્યારે આ માણસ બોલી રહ્યો ત્યારે ઘણા સ્ત્રી-પુરુષો ઊઠીને આગળ ગયાં, ઘૂંટણે પડ્યાં, પ્રાર્થના કરી અને પોતાનાં જીવનો પ્રભુને સોંપ્યાં. હાર્ડીએ જોયું તો પેલા કદાવર માણસની આંખોમાં આંસુ હતાં.

સભા પૂરી થઈ અને મી. હાર્ડી તથા મી. ક્લાર્ક ઘેર જવા નીકળ્યા. મી. હાર્ડીએ પૂછ્યું, મી. ક્લાર્ક, આમાં ચમત્કાર ક્યાં આવ્યો? પેલો કદાવર માણસ ફાંકડુ બોલ્યો, પણ ચમત્કાર તો કશો થયો નહિ!

મી. ક્લાર્કે કહ્યું, જે કદાવર માણસને બુલંદ અવાજે બોલતો અને રડતો તમે જોયો એ માણસ નવ મહિના પહેલાં ધંધાદારી જુગારી અને

ચોર હતો, જુદી જુદી છ વખત તે જેલમાં રહી આવ્યો છે. પોલીસ સ્ટેશનમાં તેનું નામ ગુનેગારોના લીસ્ટમાં હતું. પરંતુ આજે એ બધું છોડીને તે એક ઉત્તમ કામમાં લાગ્યો છે. પોતાનું જૂનું જીવન અને ધંધો છોડીને એની માફક ખોવાયેલાં સ્ત્રી-પુરુષને પ્રભુની પાસે લાવવાના કામમાં રાત-દિવસ રચ્યો પચ્યો રહે છે. હવે તે ધાર્મિક, પ્રભુને સમર્પિત અને પ્રાર્થનાવાદી માણસ છે. શું આ ચમત્કાર નથી? જો ચમત્કાર થયો ના હોત તો તે માણસ આજે સાત્રે છે એવો કદી બની શકત?

હાર્ડી શાંત હતા. છેવટે તેમણે કહ્યું, મી. ક્લાર્ક, તમે સાચા છો. ચમત્કાર વગર આ બીજું કંઈ નથી. હવેથી હું ચમત્કારોમાં કદી અવિશ્વાસ નહિ લાવું.

★ ★ ★

એક ધનવાન આફ્રિકન માણસ કેટલાક લોકો સાથે રણની મુસાફરીમાં હતો. રણમાં અનાજ-ખોરાક ખૂટી પડ્યો. એક જણે ઉમ પૉલને કહ્યું, તમે તો ચમત્કારમાં માનો છો, તો શા માટે ખોરાકની વ્યવસ્થા નથી કરતા? જેમ એલિયાહને કાગડા મારફતે આકાશમાંથી દેવે ખોરાક મોકલ્યો, એમ આપણા માટે પણ સ્વર્ગમાંથી ખોરાક મંગાવો ને? ઉમ પૉલે જવાબ આપ્યો, એલિયાહ તો એક ખાસ સેવા કાર્ય માટે તેડાયેલો પ્રબોધક હતો, જ્યારે તમે તો ભૂખ્યા મૂર્ખ છો.

❖ ❖ ❖

# ૫૪. સ્વર્ગ, માના ચરણોમાં

કોઈકે ખરું જ કહ્યું છે, "સ્વર્ગ માના ચરણોમાં છે." દુનિયાના મહાન માણસોએ પણ પોતાની માને માન આપ્યું છે.

(૧) જ્યોર્જ વોશીંગ્ટન જ્યારે ૧૬ વર્ષની ઉંમરના હતા ત્યારે તેમણે નેવીમાં જોડાવાનો નિર્ણય કર્યો. તેમણે પોતાની પેટી અને બીજો સામાન આગળ મોકલી આપ્યો, અને ઘર છોડતાં પહેલાં તેઓ પોતાની માની વિદાય લેવા ગયા. પોતાનો દીકરો દૂર જતો હોવાને કારણે તેમની મા ખૂબ રડવા લાગ્યાં. જ્યોર્જનું હૃદય માના પ્રેમ અને લાગણી આગળ ઝૂકી ગયું. તેમણે નોકરને કહ્યું, જા, જઈને મારી પેટી અને સામાન પાછો લઈ આવ, માને દુઃખી કરીને હું જવા ઇચ્છતો નથી. માના સુખ અને આનંદ ખાતર તેમણે જવાનું માંડી વાળ્યુ. જ્યોર્જનો આ નિર્ણય ત્યાર બાદ સૈનિક અને પછી લશ્કરી અમલદાર અને મહાન આગેવાન બનવા તરફ દોરી ગયો.

★ ★ ★

(૨) અબ્રાહમ લિંકન તેમની મા ઉપર ખૂબ પ્રેમ કરતા હતા. જ્યારે લિંકન માત્ર નવ વર્ષના હતા ત્યારે તેમની મા મરણ પામ્યાં. પણ તેમણે લિંકનને ઘણા ઉમદા પાઠો શીખવ્યા હતા. ત્યાર પછીનાં વર્ષોમાં લિંકને કહ્યું, "હું અત્યારે જે કંઈ છું અને ભવિષ્યમાં બનીશ, એ બધું દૂત જેવી મારી માને આભારી છે. મારી માએ મારે માટે કરેલી પ્રાર્થનાઓ મને યાદ છે અને એ પ્રાર્થનાઓ મારી સાથે છે."

લિંકનનાં સાવકી મા પણ તેમને બહુ વહાલાં હતાં. લિંકનના પિતાના મરણ બાદ લિંકને તેમની સાવકી માને માટે બધી જ વ્યવસ્થાઓ પૂરી પાડી હતી.

❖ ❖ ❖

# પપ. માની મમતા

હેનરી ગ્રેડી, મહાન વક્તા અને એડીટરની ઉચ્ચ ખ્યાતિએ હતા, ત્યારે એક દિવસે તેમણે પોતાની વિધવા માને મળવા જવા ગાડી પકડી. ઘેર આવીને પોતાની માને તેમણે કહ્યું:

"મા, આજે રાત્રે હું ફરી એકવાર હું તમારો નાનો બાળક બની જવા ઇચ્છું છું. તમારા પગો ઉપર મારું માથું મૂકીને તમારા ખોળામાં સૂવા માગું છું, અને જેમ તમે પહેલાં મને વાર્તાઓ કહેતાં હતાં એવી વાર્તાઓ સાંભળવા માગું છું તમે પહેલાં મારે માટે બીસ્કીટ બનાવતાં હતાં, એવાં બીસ્કીટ તમારા હાથે ખાવાની ઇચ્છા થાય છે. અને મા, જેમ વર્ષો અગાઉ તમે ઘૂંટણે પડીને મારા માટે પ્રાર્થના કરતાં હતાં એમ જ આજે પણ તમે મારા માટે પ્રાર્થના કરો, અને અગાઉની જેમ જ, તમે પ્રાર્થના કરતાં હો ત્યારે હું ઊંઘી જાઉં."

ઓહ, હેનરીના જેવી કોને ઇચ્છા નહિ થતી હોય? મા, મને મારું બાળપણ પાછું આપો. તમારા ચરણોમાં મને સ્વર્ગનું સુખ મળે છે.

"મા, ઓ મા, તું કહાં ગઈ અમ્મા,
બચપન મેરા રોતા હે...."

★ ★ ★

ઓરિસન સ્વીટ નામનો લેખક સત્ય જ કહે છે કે,

"દુનિયા માત્ર સફળ પુત્રને જ જુએ છે અને વખાણે છે. પણ જે સીડી મારફતે તે આટલો ઊંચે ચડ્યો છે એ સીડી (એની મા)ને દુનિયા ભૂલી જાય છે. સફળ પુત્ર સ્ટેજ ઉપર દેખાય છે, જ્યારે મા પડદા પાછળ રહે છે."

❖ ❖ ❖

## ૫૬. જીમી આવ્યો છે

જે. એમ. ટેલર, શિકાગોના માલ્બર ડીલર એસોસિયેશનના પ્રમુખ હતા. તેમને આયર્લેન્ડમાં વાય. એમ.સી.એ. માં નવી નિમણૂક મળી. તેઓ ઘણા ખુશ થયા, કારણ કે આ સ્થળ તેમના ઘર - સ્કોટલેન્ડની નજદીકમાં હતું. ત્યાં તેમની ૮૪ વર્ષની મા રહેતાં હતાં. ઘણા વખતથી તેઓ માને મળ્યા નહોતા. તેમણે થોડા દિવસોની રજા લીધી, અને માને અગાઉથી જાણ કર્યા વગર તેઓ માને મળવા ઘેર ઉપડ્યા. વહેલી સવારે તેઓ પોતાના ઘર આગળ આવી ગયા. અંધારુ હોવાથી તેઓ ઘરની બહાર જ થોભ્યા. પછી થોડીવાર તેમણે ઘરની ચીમનીમાંથી નીકળતો ધૂમાડો જોયો, એટલે તેમને ખાતરી થઈ કે ઘરમાં હવે કોઈ જાગી ગયુ છે.

મી. ટેલર, ગ્લાસ્ગોમાં પોતાના બાળપણના દિવસો અને બાળપણની ટેવ મુજબ તેમણે જમીન પરથી મુઠી ભરીને ધૂળ લીધી, અને જોરથી એ ધૂળ રસોડાની બંધ બારી ઉપર ફેંકી.

તેમનાં માને પોતાના દીકરાના આવવાની કોઈ જ ખબર નહોતી, છતાં જ્યારે તેમણે બારી ઉપર ધૂળ ફેંકાવાનો અવાજ સાંભળ્યો, ત્યારે તેઓ પાછળ ફરીને પોતાના બીજા દીકરાને કહેવા લાગ્યાં, ‘‘મને લાગે છે જીમી આવ્યો છે.’’

..... અને જીમી બારણા આગળ ઊભો હતો.

કેવો અજાયબ પ્રેમ, કેવી લાગણી, કેવી ઓળખ.

❖ ❖ ❖

# ૫૭. માના પ્રેમનો પ્રવાહ

ડેન ક્રાઉફોર્ડ લખે છેઃ- મેં એક માને પાંચમી ગુલામગીરી પછી મુક્ત કરાવી. પાંચ વખત તેણે પોતાને ગુલામ તરીકે સ્વેચ્છાએ વેચી હતી, કારણ કે તેનો નાનો દીકરો ગુલામ હતો. આ દીકરો પાંચ વખત જુદા જુદા માલિકોને ત્યાં ગુલામ તરીકે વેચાયો હતો, અને જે જે માલિકને ત્યાં આ છોકરો વેચાય, એ માલિકને ત્યાં આ એની મા પણ સ્વેચ્છાએ ગુલામ તરીકે રહે, જેથી એમ કરીને તે પોતાના દીકરાની પાસે રહી શકે. પાંચમી વખત ગુલામ રહ્યા પછી તેની આ સાંકળ મેં તોડી નાખી. કેમ કે અમારી એક સભામાં તેનો આ છોકરો જે હવે ખાસ્સો મોટો થયો હતો, તેનું બદલાણ થયું. આ છોકરામાં તેની માનાં ઘણાં સારાં લક્ષણો ઊતરી આવ્યા હતાં.

કોઈકે લખ્યું છે કે જેમ બાપનો પાપી સ્વભાવ છોકરામાં ઊતરી આવે છે એમ જ માનાં ઉમદા ગુણો પણ બાળકોમાં આવે છે.

★ ★ ★

જોન બન્યનની "યાત્રાકારી" વાંચ્યા પછી એક છોકરાએ એની માને પૂછ્યું, આ પુસ્તકમાં કયું પાત્ર તેને સૌથી વધારે ગમે છે? માએ જવાબ આપ્યો, વાર્તામાંનો "ખ્રિસ્તી". તે જ તો વાર્તાનો હીરો છે. છોકરાએ જવાબ આપ્યો, મને તો ક્રિસ્ટીનાનું પાત્ર વધારે ગમ્યું, કારણ કે જ્યારે "ખ્રિસ્તી" યાત્રાએ નીકળ્યો ત્યારે તે એકલો જ નીકળ્યો, પણ જ્યારે ક્રિસ્ટીના મુસાફરીએ નીકળી ત્યારે તે બાળકોને સાથે લઈને નીકળી.

માના પ્રેમનો પ્રવાહ બાળકોની સાથે જ વહ્યા કરે છે. "તારી માનું તથા તારા બાપનું તું સન્માન કર."

❖ ❖ ❖

# ૫૮. માતાની અસરો અને બદલો

દરેક યુગનું સાહિત્ય માતાની કદર કરતી નોંધ લે છે, દરેક રાષ્ટ્રનો કાળક્રમ માતાના દેવાને જાણે છે અને સ્વીકારે છે. બાઈબલમાં અનેક ઉમદા અને ગુણવાન માતાની નોંધ લખાયેલી છે. ઈતિહાસ એવી માતાઓની પ્રેરણાથી ભરેલો છે.

**અબ્રાહમ લીંકનઃ** અમેરિકાના પ્રેસીડેન્ટ બન્યા પછી લખે છે - "હું જે કંઈ છું અને જે કંઈ આશા રાખું છું એ બધું મારી માને આભારી છે."

**થોમસ એ. એડીસનઃ** "મને ઘડનાર મારી મા છે. મારી માતા એટલી બધી સાચી હતી, મારા માટે એને એટલી ખાતરી હતી કે મને એવું લાગ્યુ કે મારું કોઈક એવું છે જેને માટે મારે જીવવું જોઈએ, અને એવી કોઈ વ્યક્તિ છે જેને મારે કદી નિરાશ કરવી જોઈએ નહિ."

**ડી. એલ. મૂડીઃ** મહાન સુવાર્તિક મૂડી કબૂલ કરે છે કે "મેં જે કંઈ મેળવ્યું છે એ બધું મારી માને આભારી છે."

**જીન પૉલ રીચરઃ** "જે માણસને મા છે એને માટે દુનિયાની બધી સ્ત્રીઓ પવિત્ર છે."

**બેન્જામીન વેસ્ટઃ** "મારી માના ચુંબનોએ મને મોટો ચિત્રકાર બનાવ્યો."

**રેવ. ડેવીડ જેમ્સઃ** એમની મા મરણ પામ્યાં હતાં, છતાં તેઓ લખે છે કે, "દર રવિવારે પુલ્પિટ ઉપર જતાં મને એવું લાગે છે, જાણે મારી માનો હાથ મારા ખભા ઉપર છે. અને જાણે મને કહે છે, મારા દીકરા, પ્રભુ તારી સાથે રહો."

કેવા મહાન વારસો, કેવી મહાન ખાતરી, માની કેવી મહાન અસર!

★ ★ ★

ઈસ્રાએલના પ્રબોધક, ન્યાયાધીશ અને મહાન આગેવાનની ઉજ્જવળ કારકિર્દીમાં એની વિશ્વાસુ માતા હાન્નાનો બદલો સમાયેલો હતો.

પર્વત ઉપર ઊભેલો મૂસા, એ એની ગરીબ હિબ્રૂ માનો બદલો હતો (Reward)

સંત ઓગસ્ટીનની મહાન સેવાઓ એ એની મા મોનીકાને મળેલો બદલો હતો.

જ્યોર્જ વોશીંગ્ટન એ ઈશ્વર તરફથી એની માને મળેલો બદલો હતો.

"Love of a mother
For her darling Child,
Love for a son
Though he is wayward and wild,
Love that brings Joy
and Tears to the eye,
This Love is something
That money can not buy."

★ ★ ★

જોન વેસ્લી અને એમની માતા સુસાન્ના વચ્ચેની મિત્રતા અને તેઓની વચ્ચેનો પ્રેમ અને લાગણીભર્યો પત્ર વ્યવહાર મેથોડિસ્ટ મંડળીનો વારસો છે.

જોન કવીન્સી અને એમની મા અબીગાઈલ આદમ વચ્ચે પણ એવો જ પ્રેમ અને લાગણીભર્યો પત્ર વ્યવહાર થતો હતો.

❖ ❖ ❖

# ૫૯. માતાને ઋણ દર્શન

## [Tribute to a mother]

ન્યૂયોર્કના પ્રખ્યાત સુવાર્તિક ગાયક મી. એફ. એ. મીલ્સના મા મરણ પામ્યાં. તેમની દફનવિધિ વખતે હોલ ખીચોખીચ ભરાયેલો હતો. આ દફનવિધિ વખતે મી. મીલ્સે તેમની માનું ઋણ ચૂકવતાં એક ગીત ગાયું. ગીતના શબ્દો હતાઃ-

"Oh, Mother, when I think of thee.
It is but a step of Calvary.
Thy gentle hand is on my brow
It is leading me to Jesus now."

સભામાં બેઠેલી મોટી મેદનીમાં લોકોની આંખો બંધ હતી, આંખોમાં આંસુ હતાં. જેમ ગીત ગવાતુ ગયું તેમ તેમ ગાનાર ભૂલાતો ગયો અને માનો ચહેરો બધાંની નજર આગળ આવવા લાગ્યો. પછી આખી સભા આ ગીતના પ્રત્યુત્તરમાં ગાવામાં જોડાઈ ગઈઃ-

"Yes, mother, when I think of thee,
It is but a step to calvary."

★ ★ ★

ન્યૂયોર્કમાં આવેલા એક મેથોડિસ્ટ એપીસ્કોપલ ચર્ચની એક બારીના કાચ ઉપર આ પ્રમાણે લખવામાં આવ્યું છેઃ

"એક સંત માતાને."

આ મા પ્રત્યેનું ઋણ છે.

જ્યારે વિલ્યમ હાવર્ડ ટાફટ યુનાઈટેડ સ્ટેટ ઓફ અમેરિકાના પ્રેસિડેન્ટ હતા તે વખતે મીલબરીના એક નાના ચર્ચ માટે તેમણે દાનનો ચેક

મોકલ્યો, સાથેની નાની ચિઠ્ઠીમાં તેમણે લખ્યું હતું,

"મારી માની યાદગીરીમાં."

આગળ લખ્યું હતું, "હું જાણું છું કે આવું કોઈ કામ હું કરું તો તે મારી માને ગમશે." આ છે માનું ઋણ.

**બાઈબલ અને માતા -**

**માતાની કદર કરો -** યોહાન ૧૯:૨૬, ૨૭

**માતા પ્રત્યેનું આપણું ઋણ -** રૂમી ૧૩:૭

**ઈશ્વર અને માતા -** માથ્થી ૧૫:૪

**પવિત્ર કુટુંબ -** યશાયા ૮:૧૮

**માની સેવાનો બદલો -** નિર્ગમન ૨:૯

**માની ઉમદા કિંમત -** નીતિ. ૩૧:૧૦-૧૩

**માનો નિયમ -** નીતિ. ૬:૨૦

❖ ❖ ❖

# ૬૦. જૂનું તો થયું રે દેવળ જૂનું તો થયું

અમેરિકાના ભૂતપૂર્વ પ્રેસીડેન્ટ જોન ક્વીન્સી આદમ ૮૦ વર્ષની ઉંમરના થયા. તે વખતની આ વાત છે. એક વખતે રસ્તામાં જતાં તેમના એક જૂના મિત્ર મળ્યા. મિત્રએ તેમને પૂછ્યું, ''સવારની સલામ, અને આજે જોન ક્વીન્સી આદમ કેમ છે?''

એક્સ પ્રેસીડેન્ટે ઉત્તરમાં કહ્યું, ''તમારો આભાર. જોન ક્વીન્સી આદમ પોતે ખૂબ મઝામાં છે, પણ જે ઘરમાં એ રહે છે એ ઘર ઘણું જૂનું અને ખખડી ગયેલું છે. એની હાલત ભંગાર જેવી થઈ ગઈ છે. પાયામાંથી હાલવા લાગ્યું છે. સમય અને વાતાવરણે તેના ઉપર અસર કરી છે. એનું છાપરૂં તૂટવા જેવું થઈ ગયું છે. તેની દિવાલોમાં ઠેર ઠેર તીરાડો પડી છે. હવે આ ઘર રહેવા જેવું રહ્યું નથી. અને મને લાગે છે કે હવે જોન ક્વીન્સી આદમે તેનું રહેઠાણ બદલવું જોઈએ. પણ હા, જોન ક્વીન્સી આદમ પોતે ખૂબ મઝામાં છે.''

આમાં જોન ક્વીન્સી આદમનો ઈશ્વર પ્રત્યેનો ભરપૂર વિશ્વાસ, મરણ પ્રત્યેના ઉમદા વિચારો અને ખ્યાલ અને જીવનના દરેક પ્રસંગોમાં ખુશ મીજાજમાં રહેવાનો સ્વભાવ જણાય આવે છે. હવે તે જૂના રહેઠાણને (શરીરને) બદલવા તૈયાર છે.

મરણ એટલે રહેઠાણ બદલવાની પ્રક્રિયા. મરણ એટલે પૃથ્વી અને સ્વર્ગની મુલાકાતનું કેન્દ્ર બિન્દુ. મરણ એટલે પિતાના ઘરની બીજી રૂમમાં જવાનો દરવાજો.

''તમારાં હૃદયોને વ્યાકુળ થવા ન દો અને બીવા પણ ન દો.''

❖ ❖ ❖

# ૬૧. ફરી એ જ જગાએ જાળો નાખો

લૂક ૫મા અધ્યાયમાંની વાત પ્રત્યે તમે ધ્યાન આપ્યું છે? આખી રાત મહેનત કરીને નિષ્ફળ અને હતાશ થયેલા શિષ્યોને ઈસુએ કહ્યું, ફરી એ જ જગાએ તમારી જાળો નાખો. નવી જગા હોય, નવી જાળો હોય, નવું અને બીજું કામ હોય તો કંઈક આશા અને હિંમત આવે, પણ આ તો એ જ જૂની જગા, એ જ જૂની જાળો અને એ જ કામ. પણ પ્રભુ એમાં પણ નવી આશા આપે છે. જૂની નિષ્ફળતા ઉપર વિજય મેળવો. ગઈ કાલે જેમાં નિષ્ફળતા મળી હતી તેમાં કદાપી આજે વિજય મળે. પ્રભુ એ જ કહેવા માગે છે. ફરી પ્રયત્ન કરો. ખંતથી કામમાં મચ્યા રહો. આગ્રહપૂર્વક કરો, અને સફળતા મળશે.

કરોળીયો જાળુ બાંધતાં અનેકવાર પડી જાય છે. પણ કામ છોડતો નથી અને સફળ થાય છે. પ્રયત્ન પડતો મૂકશો નહિ. પાછા ફરી જશો નહિ.

વર્ષો અગાઉ અરેબિયામાં આવેલું કૂવૈત ઇસ્લામનો ગઢ હતો. મિશનરી ડૉ. ઝ્વેમર, ડૉ. થોમસ અને રેવ. વાન એસ. જેઓએ કૂવૈતમાં પગપેસારો કરીને સુવાર્તા પહોંચાડવાના ઘણા પ્રયત્નો કર્યા. પરંતુ વારંવાર તેઓને અંદર આવવા દીધા નહીં. પંદર વર્ષના પ્રયત્નો પછી તેઓને લાગ્યું કે હવે અહીં પ્રવેશ કરવો મુશ્કેલ જ નહિ, પણ અશક્ય છે, જ્યારે રેવ. વાન એસ.ને શહેરમાંથી નીકળી જવાનું ફરમાન મળ્યું ત્યારે શહેરની હદ આગળ આવેલા એક નાના પહાડ ઉપર જઈને તે પ્રાર્થના કરવા લાગ્યા, કે પ્રભુ કોઈ રીતે કૂવૈતને સુવાર્તા માટે ખુલ્લું કરે.

બે વર્ષનો સમયગાળો વહી ગયો. એ દરમિયાન ડૉ. બેનેટને કૂવૈતના એક શેખની મુલાકાત બીજા કોઈ શહેરમાં થઈ. ડૉ. બેનેટે આ શેખનો

વિશ્વાસ જીતી લીધો. એવામાં મહમદિયન આગેવાનની દીકરી માંદી પડી. આથી પેલા શેખે ડો. બેનેટને તેની સારવાર માટે કૂવૈત બોલાવ્યા. ડૉકટરની સારવારથી છોકરી સાજી થઈ. આ બનાવથી ઉપકારવશ થઈ શેખે ખ્રિસ્તી મિશનરીઓ માટે કૂવૈત ખુલ્લુ કર્યું. એટલું જ નહિ, પણ બાઇબલના વેચાણ માટે એક દુકાન ભાડે આપી. અને છેવટે મિશનરી સેન્ટર માટે એક મોટો પ્લોટ વેચાણથી આપ્યો. અને નવાઈની વાત તો એ છે કે આ પ્લોટ, જે મિશન સેન્ટર બાંધવા માટે વેચાણથી આપવામાં આવ્યો તે બીજી કોઈ જગા નહિ, પણ જે પહાડ ઉપર રેવ. વાન એસ. પ્રાર્થના કરતા હતા, એ જ જગા આ હતી. રેવ વાન એસ.ની પ્રાર્થનાના પ્રત્યુત્તરમાં પ્રભુએ સુવાર્તા માટે કૂવૈત શહેર ખુલ્લું કર્યું.

લૂક ૧૮:૧માં લખ્યું છે કે, ''સર્વદા પ્રાર્થના કરવી અને કાયર થવું નહિ.'' જો તમે થાકશો નહિ, તો તમે લણશો. ભાઈઓ, પ્રભુના કામમાં સદા મચ્યા રહો, કેમ કે તમારું કામ નિરર્થક જવાનું નથી.

ભલે ગઈ કાલે તમે નિષ્ફળ ગયા હતા પણ આજે એ જ જગાએ ફરી જાળો નાખો.

❖ ❖ ❖

## ૬૨. .... તો યોગ્ય સમયે લણીશું

(૧) જુવાન થીઓડોર એડીસન એના પિતાની લેબોરેટરીમાં પ્રયોગ કરી રહ્યો હતો. જે કાચની બોટલથી તે પ્રયોગ કરતો હતો તે બોટલ અચાનક તૂટી ગઈ. એના કાચની રજકણો આમતેમ ઊડી અને થોડી એના હાથમાં વાગી પણ ખરી. તેણે તેના પિતા એડીસનને પૂછ્યું, પિતાજી, તમે જ્યારે શરૂઆતમાં પ્રયોગો કરતા હશો ત્યારે આમ જ કાચની બોટલો તૂટી હશે ખરું ને? પિતાએ જવાબ આપ્યો, હા, ઘણી બોટલ તૂટી હતી, પરંતુ મેં પ્રયોગ કરવાનું ચાલુ જ રાખ્યું, અને આખરે મને સફળતા મળી.

★ ★ ★

(૨) સાલ્વેશન આર્મીના એક કમાન્ડરને પૂછવામાં આવ્યું કે દારૂડિયા લોકો મધ્યે તમે કેવી રીતે સફળ થાઓ છો? તમારી સફળતાનું રહસ્ય શું છે? કમાન્ડરે જવાબ આપ્યો, "અમે એક વાર કોઈ દારૂડિયાને પકડીએ, પછી એને છોડતા નથી." મતલબ કે જ્યાં સુધી એ માણસમાં પરિવર્તન ના આવે ત્યાં સુધી એની સાથે કામ કર્યા કરવામાં આવે છે. કેવો મોટો પડકાર! ઘણી મંડળીઓ આવા લોકોના સંપર્કમાં આવે છે, પણ લાંબા સમય સુધી તેમને મંડળીમાં સાચવી રાખી શક્તી નથી. કોઈ પણ કાર્યમાં ખંતથી મચ્યા રહેવાથી આખરે સફળતા મળી શકે છે.

★ ★ ★

(૩) પ્રોફેસર હેનરી ડ્રમન્ડ આ વાત જણાવે છે. એક માણસને સોનાની ખાણ ક્યાં છે એની જાણ થઈ. સોના સુધી પહોંચવા માટે તેણે એક માઈલ લાંબી ટનલ ખોદાવી અને એની પાછળ ૧ લાખ ડોલરનો ખર્ચ કાઢ્યો. દોઢ વર્ષ સુધી મહેનત કર્યા પછી પણ સોનુ તેના હાથમાં આવ્યું નહિ. આથી નિરાશ થઈને તેણે પ્રયત્ન કરવાનું છોડી દીધું. બીજી

એક કંપનીએ આ કામ હાથમાં લીધું અને પેલા માણસે ખોદેલી ટનલને જ્યાં અધૂરી છોડી હતી ત્યાંથી આગળ ખોદવાનું શરૂ કર્યું. થોડા વાર આગળ ખોદકામ કરતાં જ એમને સોનાનો જથ્થો મળી આવ્યો.

જીવનમાં સફળતા કદાપી થોડાં ડગલાં જ આગળ હોઈ શકે. જો આપણે ડગલાં ભરવાનું છોડી દઈએ તો સફળતાથી વંચિત રહી જઈએ એ શક્ય છે. હજારો માણસોએ નિરાશામાં આગળ વધવાનું છોડી દીધું અને સફળતાથી વંચિત રહી ગયા. જેઓ પૂરતા પ્રમાણમાં આગળ ગયા તેઓના ચરણોમાં સફળતા આળોટવા લાગી.

પ્રભુ ઈસુએ પણ કહ્યું છેઃ "જેઓ અંત સુધી ટકશે એ જ તારણ પામશે." જેઓ ધીરજથી શરતમાં દોડતા રહે છે તેઓ વિજયને પામે છે.

જુઓ - આગ્રહી પ્રાર્થનાનું દ્રષ્ટાંત લૂક ૧૧:૫-૧૩, ૧૮:૧-૮

❖ ❖ ❖

# ૬૩. તું તારી ઓરડીમાં પેસ

(માથ્થી ૬: ૬)

(૧) એક મંડળીએ ડીસ્ટ્રીક્ટ સુપ્રિન્ટેન્ડેન્ટને જણાવ્યું કે અમારી મંડળી માટે પાળક આપો. ડી. સુ. એ સવાલ કર્યો કે કેવો મોટો પાળક તમારે જોઈએ છીએ? મંડળીના આગેવાને જવાબ આપ્યો કે એના કદની તો ખબર નથી, પણ એટલો મોટો હોવો જોઈએ કે જ્યારે તે પોતાના ઘૂંટણો પર હોય ત્યારે સ્વર્ગ સુધી પહોંચી શકે. એનો અર્થ છે કે તે પાળક એટલો પ્રાર્થનાવાદી હોય કે તેની પ્રાર્થનાઓ સ્વર્ગ સુધી પહોંચી શકે.

★ ★ ★

(૨) જ્યારે જનરલ ગોરડન એમના લશ્કર સાથે ખારટુમ (આફ્રિકામાં) હતા ત્યારે કહેવામાં આવે છે કે દરરોજ એક કલાક તેમના તંબુ ઉપર સફેદ રૂમાલ બાંધવામાં આવતો હતો. જ્યારે આ સફેદ રૂમાલ તેમના તંબૂ ઉપર બાંધેલો હોય ત્યારે કોઈ પણ માણસ - ગમે તેટલો મોટો ઓફિસર કેમ ના હોય - અને ગમે તેટલું અગત્યનું કામ કેમ ના હોય, પણ તેમના તંબૂ પાસે જવાની હિંમત કરે નહિ.

દરેક જણને ખબર હતી કે સફેદ રૂમાલ તંબૂ ઉપર દેખાય ત્યારે એ સમય જનરલ માટે પ્રાર્થનાનો સમય છે. અને જનરલ તંબૂમાં પોતાના ઘૂંટણો ઉપર પ્રાર્થનામાં નમેલા છે. જ્યાં સુધી પેલો સેફદ રૂમાલ ઉતારી લેવામાં આવે નહિ ત્યાં સુધી કોઈ જ તેમના તંબૂમાં પ્રવેશ કરી શકે નહિ.

★ ★ ★

(૩) સાધુ સુંદરસીંગ પ્રાર્થના ઉપર બોલતા કહેતા હતા કે મેં સમુદ્રકાંઠે બેસીને નિહાળ્યું છે કે સમુદ્રમાંની માછ્લીઓ થોડી થોડી વારે પાણીની સપાટી ઉપર આવતી હતી. આ માછ્લીઓ શ્વાસ લેવા માટે

સપાટી ઉપર આવતી હતી. સપાટી ઉપર આવ્યા સિવાય માછલીઓ પાણીના તળીયે વધારે વખત રહી શકતી નહિ.

એમ જ, આપણે જ્યાં કહી હોઈએ, પણ એ જરૂરી છે કે આત્મિક શ્વાસ લેવા માટે માણસે આત્મિક વાતાવરણમાં આવવું જોઈએ. આત્મિક શ્વાસ એ પ્રાર્થના છે. જો માણસ એ પ્રાર્થનારૂપી શ્વાસ લેવા માટે સપાટી ઉપર - ઈશ્વરની સંગતમાં - આવે નહિ તો ઉંડાણમાં તેનો આત્મા મરી જશે.

★ ★ ★

(૪) આપણે પ્રાર્થના પછી તેના ઉત્તર માટે રાહ જોતા નથી. એ વિષે એક સ્ત્રીની વાત આ પ્રમાણે છેઃ આ સ્ત્રીને સ્વપ્ન આવ્યું અને સ્વપ્નમાં તે મરણ પામી અને સ્વર્ગમાં ગઈ. એક દૂત સ્વર્ગમાંની અજાયબીઓ આ સ્ત્રીને બતાવતો હતો, ફરતાં ફરતાં તેઓ એક મોટા રૂમમાં આવ્યા, જ્યાં રૂમના એક ખૂણામાં ઘણાં પોટલાં ઉપર આ સ્ત્રીનું નામ લખેલું હતું. આ સ્ત્રીએ દૂતને ખુલાસો પૂછ્યો કે આ પોટલાં શાનાં છે, અને મારું નામ કેવી રીતે લખાયું છે? દૂતે ઉત્તર આપ્યો કે જ્યારે પૃથ્વી ઉપર માણસો પ્રાર્થના કરે છે ત્યારે તેનો ઉત્તર આપવાની તૈયારી અહીં થઈ જાય છે. પણ જ્યારે પ્રાર્થના કરનાર ઉત્તર માટે થોભતાં નથી ત્યારે તેમની પ્રાર્થનાનો ઉત્તર આમ પોટલાંમાં બાંધીને અહીં મૂકી રાખવામાં આવે છે. આમાં તમારું નામ કેટલીક જગાએ છે, કારણ કે તમે પ્રાર્થના કરી, પણ ઉત્તર માટે રાહ જોઈ નહોતી.

પ્રાર્થનાનો ઉત્તર મેળવવામાં મળેલી નિષ્ફળતાનો આ શું ઉત્તર નથી? હબાકૂક લખે છેઃ- "પ્રાર્થનાના ઉત્તર માટે હું તાકી રહીશ."

❖ ❖ ❖

# ૬૪. સંદેશાનું સામર્થ્ય

ડૉ. જે. એ. ડંકન એક અચ્છા વક્તા હતા.

એક અગત્યના પ્રસંગે તેમણે ખૂબ જ આત્મિક અને ડહાપણભર્યો સંદેશો આપ્યો. કોઈએ તેમને પૂછ્યું કે આવો ઉમદા અને આત્માથી ભરપૂર સંદેશા આપવા પાછળનું રહસ્ય શું છે?

તેમણે જવાબ આપ્યોઃ "૧૩ કલાકની પ્રાર્થના એ આ સંદેશાનું રહસ્ય છે."

ચાર્લ્સ સ્પર્જનને પૂછવામાં આવ્યું કે તમારી સફળતાનું કારણ શું? તેમણે ખુલાસો આપતાં કહ્યું, માત્ર ઘૂંટણોનું કામ છે. (પ્રાર્થના)

ડેવીડ લીવીંગસ્ટને બે પ્રસંગોએ ખૂબ સામર્થ્યથી ભરપૂર એવા સંદેશા આપ્યા, અને દરેક વખતે પાંચસો માણસોનું બદલાણ થયું. આ બંને સંદેશાઓ આપતાં પહેલાં આખી રાત તેમણે પ્રાર્થનામાં ગાળી હતી.

રેવ. સી. જી. ફીનીએ આખો દિવસ પ્રાર્થના અને ઉપવાસમાં ગાળ્યા બાદ રાત્રે એક મંડળીમાં સંદેશો આપ્યો. આ સંદેશો આત્માના સામર્થ્યથી એટલો બધો ભરપૂર હતો કે એક માણસ સિવાય મંડળીના બધાં જ માણસો પાપના પસ્તાવા સહિત મોટેથી બૂમો પાડતાં પાડતાં જમીન ઉપર આળોટવા લાગ્યાં. તેમની બૂમોનો અવાજ એટલો બધો થવા લાગ્યો કે મી. ફીનીએ તેમને રોકવા પડ્યા.

રેવ. ડેનીયલ સ્ટીલે આ પ્રમાણે કહ્યું છે :

તમારા ઘૂંટણો ઉપર પડો. મારી ઈચ્છા છે કે જો પ્રભુ મને સામર્થ આપે તો આખી દુનિયામાં ફરીને દરેક મેથોડિસ્ટને હું કહેવા માગું છું, કે તમારા બાપદાદાના પરાક્રમો ઉપર જીવવાનું છોડી દો, સંખ્યા અને આંકડામાં ગૌરવ લેવાનુ બંધ કરો, તમારી મીટીંગોની મીનીટ બુકો બાળી નાખો અને તમારા ઘૂંટણો ઉપર નમો. તમારા બાપદાદાઓની સફળતાનો મર્મ શોધો અને પછી પ્રાર્થનામાંથી ઊભા થઈને તારણનું બેનર લઈને નીકળી પડો.

❖ ❖ ❖

# ૬૫. નકારાયેલો ઉપદેશક

ડૉ. ડેવીડ લીવીંગસ્ટનના જીવનમાં ઉપદેશક તરીકેની તેમની શરૂઆત અને અંત એ બેની વચ્ચે આભ અને જમીનનો ફેર છે.

શરૂઆતમાં લીવીંગ્સ્ટનને એક રવિવારની સાંજની સભામાં સંદેશો આપવા માટે મોકલવામાં આવ્યા. સ્ટનફોર્ડ રીવરની આ નાની મંડળીમાં તેઓ ઉપદેશ આપવા ગયા. તેમણે બાઈબલમાંથી આધારવાક્ય પસંદ કર્યું. અને બહુ છટાથી વાંચી સંભળાવ્યું.... પણ પછી સંદેશામાં શું કહેવું એ સમજણ પડી નહિ. તેઓ ગોથાં ખાવા લાગ્યા. પછી હિંમત એકઠી કરીને સભાજનોને કહ્યું, મિત્ર, મારે જે કહેવાનું હતું એ બધું હું ભૂલી ગયો છું. આટલું કહીને પુલ્પિટ ઉપરથી ઊતરી ગયા અને ચેપલ છોડીને જતા રહ્યા.

આફ્રિકામાં મિશનરી તરીકે ગયા પછી તેમણે મી. બ્લેઈક ઉપર જે પહેલો કાગળ લખ્યો, તેમાં તેમણે લખ્યું હતું કે બહુ નબળો ઉપદેશક છું. અને બહુ નબળી રીતે સંદેશો પ્રગટ કરું છું. અહીંના કેટલાક માણસો એમ કહે છે કે જો અમને અગાઉથી ખબર પડે કે આજે આ જગાએ લીવીંગસ્ટન ભાષણ કરવાના છે, તો તેઓ સાંભળવા જવાનું ટાળશે - આ હતી શરૂઆત.

પરંતુ લીવીંગસ્ટનના અંત ભાગ વિષે પંચ નામનુ મેગેઝીન આ પ્રમાણે નોંધે છે :-

"Open the Abbey doors and bear him in,
To sleep with king and statesman,
chief and sage,
The Missionary come of weaver – kin,
But great by work that brooks no lower wage.

He needs no epitaph to guard a name, which men shall prize while worthy work is known,

He lived and died for good – be that his fame,

Let marble crumble : This is Livingstone"

"બાંધનારાઓએ જે પથ્થરને નકાર્યો હતો, તે જ ખૂણાનો મુખ્ય પથ્થર થયો છે."

★ ★ ★

મી. કોગેટ

મી. ડનલોપ

મી. જે. સી. પેની

આ ત્રણે નામો સાંભળ્યાં છે? આ ત્રણે માણસો મેથોડિસ્ટ હતા. શરૂઆતે ગરીબ હતા અને ફૂટપાથ ઉપર પોતાનો ધંધો શરૂ કર્યો હતો. પણ આ ત્રણે જણ પોતાની આવકમાંથી નિયમિત દશાંશ આપતા હતા.

આજે આ ત્રણેની મોટી મોટી કંપનીઓ છે. લાખો અને કરોડો રૂપિયાની આવક-જાવક થાય છે.

❖ ❖ ❖

# ૬૬. છાપેલા સંદેશાનું મૂલ્ય

ઇંગ્લેંડમાં એક બાઈ મરણ પથારીએ હતી. પાળકે તેની મુલાકાત લીધી, અને પૂછ્યું કે તમે કેવી રીતે ઈસુ ખ્રિસ્ત પાસે આવ્યાં અને તેનો તારનાર તરીકે સ્વીકાર કર્યો? આ બાઈએ ફાટેલો કાગળનો એક ટુકડો બતાવીને કહ્યું, આ કાગળ મારફતે હું ખ્રિસ્તની પાસે આવી. આ કાગળ અમેરિકન જર્નલમાંથી ફાડેલો હતો, જેમાં ચાર્લ્સ સ્પર્જનના ભાષણનો કેટલોક ભાગ છપાયેલો હતો. આ બાઈના કોઈ સગા જે ઓસ્ટ્રેલિયામાં હતા તેમણે કોઈ વસ્તુ આ કાગળમાં પેક કરીને મોકલી હતી. આ બાઈએ તે કાગળ કાઢીને વાંચ્યો અને એ સંદેશા મારફતે તે ખ્રિસ્તની પાસે આવી.

આ બનાવ ઉપર ખુલાસો આપતાં એક લેખકે કહ્યું, આ બાબતનો વિચાર કરો. આ સંદેશો ચાર્લ્સ સ્પર્જને ઇંગ્લાંડમાં આપ્યો હતો, અમેરિકામાં ત્યાંના જર્નલમાં તે છાપવામાં આવ્યો, અને કોઈક રીતે તે જર્નલ ઓસ્ટ્રેલિયામાં આવ્યું, ઓસ્ટ્રેલિયામાં આ સંદેશો છપાયેલો કાગળ પડીકું બનીને પાછો ઇંગ્લેંડમાં આવ્યો અને એક બાઈને પ્રભુ પાસે લાવવાનું નિમિત બન્યો.

જેઓ સંદેશો આપે છે, સુવાર્તા પ્રગટ કરે છે એ પાળકો-ઉપદેશકો માટે કેટલું બધું ઉત્તેજન પમાડનારી આ બાબત છે.

છાપેલા સંદેશાઓ, ટ્રાકટો, બુકલેટો, અને ચોપાનિયાંનો આત્માઓ જીતવા માટે પ્રભુ અજાયબ રીતે ઉપયોગ કરે છે.

❖ ❖ ❖

## ૬૭. ચર્ચના ધાર્મિક ઝગડાઓ

પ્રોફેસર હેનરી ડ્રમન્ડ બે મિશનરી કુટુંબોની વાત આ પ્રમાણે કહે છે :

પેસીફિક ટાપુના એક છેડે એક મિશનરી કુટુંબ રહેતું હતુ, અને બીજા છેડે બીજું મિશનરી કુટુંબ રહેતું હતું. બહારની દુનિયાની ખબરો તેમને ખાસ મળતી નહોતી. કોઈને એમ લાગે કે ટાપુના બે છેડા ઉપર વસેલાં આ બે મિશનરી કુટુંબો અવારનવાર મળતાં હશે, સંગત કરતાં હશે, વિચારોની આપલે કરતાં હશે, સાથે જમતાં હશે અને સાથે બેસીને પ્રાર્થના કરતાં હશે!

પણ એવું નહોતું. તેઓ કદી એકબીજાને મળતા નહિ અને વાતચીત પણ કરતા નહિ. અને એમનો વિખવાદ એટલો વધી ગયો કે તેઓ એકબીજાને ઓળખવા પણ તૈયાર નહોતા. શું થયું? શા માટે તેઓ અલગ અલગ રહેતા હતા? આ ઝઘડાનું કારણ એવું હતુ કે આ બંને મિશનરીઓ શરૂઆતમાં ત્યાંના લોકોની ભાષામાં નવા કરારનો તરજુમો સાથે બેસીને કરતા હતા. અને એમાં એક શબ્દના પ્રયોગ ઉપયોગ માટે તેમનામાં મતભેદ પડ્યો. ઈશ્વર માટે કયો શબ્દ વાપરવો એ બાબતે ઉગ્ર મતભેદ થયો, અને આ શબ્દ હતો **"દેવ પ્રેમ છે."** અને ત્યારથી તેમની વચ્ચેનો વ્યવહાર બંધ થઈ ગયો.

★ ★ ★

બે મંડળીઓના બે પાળકો વચ્ચે ઉગ્ર વાદવિવાદ થયો. આ વિવાદ ઝગડામાં પરિણમ્યો. ઉંમરમાં જે પાળક મોટા હતા તેમણે જુવાન પાળકને કહ્યું, મિત્ર, આપણે આપણો ઝગડો અહીં જ દફનાવી દઈએ તો સારું, કારણ કે આપણે બંને જણ ઈશ્વરનું જ કામ તો કરીએ છીએ! કેમ બરાબર ને!

જુવાન પાળકે માથું હલાવતાં કહ્યું, હા બરાબર છે. આપણે ઝગડવાને બદલે આપણી પૂરતી શક્તિ વાપરીને ઈશ્વરનું કામ કરીએ. તમે તમારી રીતે કરો અને હું મારી રીતે કરું!

★ ★ ★

લશ્કરનો આગેવાન સ્ટોનવેલ જેકસન એક રાત્રે પોતાના લશ્કરની ખાનગી તપાસ કરવા નીકળ્યો. ફરીને પાછો આવતાં એક તંબૂમાં એક સૈનિકને મરેલો પડેલો જોયો. તપાસ કરતાં માલૂમ પડ્યું કે લશ્કરના એક સૈનિકે તેને દુશ્મન સમજીને ઠાર માર્યો હતો.

મંડળીમાં બધા જ ખ્રિસ્ત ઈસુના સૈન્યના સૈનિકો છે. પણ કેટલી બધી વખત જાણતાં-અજાણતાં એક સૈનિક દ્વારા બીજા સૈનિકનું મોત થાય છે. એક બીજાની ટીકાઓથી, નિંદાઓથી, અપમાનોથી આપણે આપણા જ લશ્કરના સૈનિકને મારી નાખીએ છીએ.

★ ★ ★

એક માણસ ઉતાવળે ઉતાવળે ચર્ચ તરફ જતો હતો. કોઈએ પૂછ્યું, આમ ક્યાં જાઓ છો?

ચર્ચની મીટીંગમાં જાઉં છું.

ત્યાં શું થવાનું છે? એની તો ખબર નથી. તો પછી તમે શા માટે જાઓ છો?

હું ત્યાં વિરોધ કરવા જાઉં છું.

આ માણસનો જવાનો હેતુ માત્ર વિરોધ કરવાનો છે. એને મંડળીની પ્રગતિમાં રસ નથી, પ્રાર્થનામાં કે સંગતમાં કે વિશ્વાસનામામાં રસ નથી. રસ છે માત્ર વિરોધ કરવામાં.

❖ ❖ ❖

# ૬૮. ગરીબ છતાં ધનવાન

"જગત એના ગરીબ સંતોથી જેટલું ધનવાન બન્યું છે, એટલું એના ધનિકોના ધનથી બન્યું નથી."

દા.ત. ફ્રાન્સીસ ઓફ આસીસી, સંત ઝેવીયર, થોમસ એ. કેમ્પીસ, લુથર વિગેરે સંતોનાં ગીતો, પ્રવચનો અને કાર્યોએ જગતને ધનવાન બનાવ્યું છે. વળી ધર્મના શહીદો, ધર્મસુધારકો, પ્રબોધકો, શિક્ષકો વિગેરેએ જગતને અમૂલ્ય વારસો આપ્યો છે. આ સંતોએ જગતને પોતાનું લોહી, આંસુઓ, આત્મિક દ્રષ્ટિ, વિશ્વાસ અને આશા પમાડ્યાં છે.

જ્યારે જેરેમી ટેઈલરનું ઘર બળીને ખાખ થઈ ગયું, એની બધી સર-સામગ્રી નાશ પામી અને પહેરેલે લૂગડે ઘરની બહાર નીકળવું પડ્યું ત્યારે તેણે પોતાને અભિનંદન આપતાં કહ્યું, હું મારા દુશ્મનોનો આભાર માનું છું કે તેમણે મારે માટે સૂર્ય, ચંદ્ર, મારી પ્રેમાળ પત્ની, ઘણા મિત્રો, ઈશ્વરનાં વચનો, સુવાર્તા અને મારો ધર્મ, મારી આશા અને મારું સ્વર્ગ વગેરે મારે માટે રહેવા દીધાં છે.

"કોઈનું જીવન તેની પુષ્કળ મિલકતમાં સમાયેલું નથી."

એક ગરીબ નીગ્રો હસતો હસતો ચાલ્યો જતો હતો. એક બીઝનેસમેન સામો મળ્યો. તેણે નીગ્રોને પૂછ્યું, તું પૈસાદાર થવા ઇચ્છે છે? નીગ્રોએ ઉત્તર આપ્યો, ના, કારણ કે પૈસાદાર માણસો હસતા નથી.

❖ ❖ ❖

# ૬૯. ધનવાન છતાં ગરીબ

અમેરિકાના એક ધનવાન કુટુંબે એક જાપાનીસ જુવાન છોકરાને પોતાના ઘરમાં નોકર તરીકે રાખ્યો. આ છોકરાનું કામ રોજ બારી-બારણાં સાફ કરવાનું અને ફર્નીચરને સાફ રાખવાનું હતું. આ જુવાન ખૂબ વિશ્વાસુપણે કામ કરતો હતો. 'સોલ' નામથી તે આ કુટુંબમાં જાણીતો બન્યો. ચાર વર્ષની સેવા-ચાકરી પછી તે ત્યાંથી જતો રહ્યો. ત્યાર પછી તેના વિશે કશું સાંભળવા મળ્યું નહિ.

કેટલાક વર્ષો પછી આ અમેરિકન કુટુંબની દીકરી યુરોપના પ્રવાસે ગઈ. ત્યાં બર્લીનમાં એક મોટી પાર્ટીમાં તે ભાગીદાર થઈ. ત્યાં પેલા જુવાન 'સોલ' ની ઓળખ "લેફટેનન્ટ કારોયાતામી" તરીકે આપવામાં આવી. ત્યાં એ દીકરીને ખબર પડી કે આ મી. કારો ખૂબ ધનવાન માણસ છે અને જાપાનના શહેનશાહનો ભત્રીજો થાય છે અને તેના શહેનશાહ કાકાની ભલામણથી તેને જર્મન લશ્કરમાં ઉચ્ચ હોદ્દા ઉપર નિમણૂક મળી હતી.

પેલી જુવાન બહેને તેને પૂછ્યું, તમે આવા મોટા કુટુંબના નબીરા હોવા છતાં અમારા ઘરમાં સામાન્ય નોકર તરીકેની કામગીરી કેમ સ્વીકારી? જુવાને જવાબ આપ્યો, જો કે હું ધનવાન કુટુંબનો હોવા છતાં મને ખાતરી હતી કે મારા દેશની વધુ સારી સેવા કરવા માટે મારે અમેરિકન રીતરિવાજોનો અભ્યાસ કરવો જરૂરી છે, અને એથી જ હું તમારા ઘરમાં નોકર તરીકે રહ્યો હતો.

આ બનાવ કેટલું બધું કહી જાય છે!

"તે (ઈસુ) ધનવાન છતાં આપણે માટે ગરીબ બન્યો". માણસ બનીને માણસ જાતનો અભ્યાસ કર્યો, તેના અનુભવોમાંથી પસાર થયો. અને આપણી પેઠે દરેક રીતે પરીક્ષણ પામેલો બન્યો.

# ૭૦. તે (યોહાન) પ્રકાશતો દીવો હતો

લૂન બર્ગના ડ્યુકે દેશના ચલણી સીક્કા ઉપર બળતા દીવાનું પ્રતિક મૂકાવ્યું. અને એની નીચે ચાર શબ્દો કોતરાવ્યા. A.S.M.C. જેનો અર્થ છે - 'Aliis Serviens Meipsum Contero' - મતલબ કે "By giving light to others, I Consume myself." "હું પોતે બળીને બીજાને પ્રકાશ આપું છું."

બળતા દીવામાં આ કેટલું મોટુ સત્ય સમાયેલું છે. ઈશ્વરની અને માનવજાતની સેવામાં માણસે પોતે બળી જવું પડે છે, તો જ પ્રકાશ ફેલાવી શકાય! યોહાન કહે છે: **"હું ઘટતો જાઉં."**

★ ★ ★

ગીફસી સ્મીથ મોટા ઉપદેશક હતા. લંડનમાં એક બહેનને તેઓના સંદેશાઓનું ખૂબ આકર્ષણ હતું. તેમણે મી. સ્મીથને લખ્યું કે "અહીં એક નાની મીટીંગ રાખવામાં આવી છે અને મારી ઈચ્છા છે કે તમે આવો અને સંદેશો આપો. આ બહુ નાની સભા છે અને એમાં તમારે કશું ગુમાવવાનું કે ખર્ચવાનું નથી."

મી. સ્મીથે જવાબ લખ્યો કે, "માફ કરજો, હું આવીશ નહિ. અને મારા ત્યાં આવવાનો કશો અર્થ પણ નથી. એ સભામાં જો મારે કશું જ ગુમાવવાનું કે ખર્ચવાનું ના હોય, તો મારા ત્યાં આવવા છતાં કોઈને કશો લાભ થવાનો નથી."

જેની કિંમત ચૂકવવી ના પડે એવી સેવાથી કોઈને ફાયદો નથી. સસ્તો ધર્મ-સસ્તી સુવાર્તા પ્રગટ કરવાની જરૂર નથી.

❖ ❖ ❖

## ૭૧. પડછાયો

એવું કહેવામાં આવે છે કે મહાન શીલ્પી માઈકલ એન્જેલો જ્યારે કોઈ કૃતિ ઘડવા બેસતો ત્યારે તેના માથા ઉપર ટોપી પહેરતો અને એ ટોપી ઉપર સળગતી મીણબતી મૂકતો, જેથી તેના કામ ઉપર - ઘડાતી કૃતિ ઉપર પોતાનો પડછાયો પડે નહિ.

જેઓ પ્રભુની સેવામાં છે એવા પાળકો, બોધકો, સુવાર્તિકો અને મિશનરીઓ માટે આમાં બહુ મોટો બોધપાઠ સમાયેલો છે. ઘણી વખત આપણે એવી રીતે કામ કરીએ છીએ કે આપણા કામ ઉપર અને ખ્રિસ્ત ઈસુ ઉપર આપણો પોતાનો પડછાયો પડે છે, જેથી આપણે આગળ દેખાઈએ છીએ અને આપણું કામ અને ઈસુ ખ્રિસ્ત જેની સેવા કરીએ છીએ તે આપણા પડછાયામાં ઢંકાય જાય છે. સેવકો વધસ્તંભની પાછળ રહે એ જરૂરનું છે, જેથી લોકો ઈસુ ખ્રિસ્તને જોઈ શકે. યહૂદાની કડવાશ, ઘૃણા અને સ્વાર્થે ઈસુના પ્રેમ, દયા અને માફીને ઢાંકી દીધાં. શું આપણે આપણા પ્રભુ ઉપર આપણો પડછાયો પડવા દઈએ છીએ?

❖ ❖ ❖

## ૭૨. મુક્તિના સમાચાર

મી. વિલ્બર ફોર્સ જ્યારે બ્રીટીશ રાજ્યમાંથી ગુલામી પ્રથા નાબૂદ કરવાનું બીલ પાર્લામેન્ટમાં લડી રહ્યા હતા, ત્યારે સર્વત્ર ખૂબ ઉત્તેજના ફેલાઈ ગઈ હતી. બધા લોકો ગુલામી દૂર થાય એમ ઈચ્છતા હતા અને એમાં જેઓ ગુલામો હતા તેઓ કાગડોળે નિર્ણયની રાહ જોઈ રહ્યા હતા. જે વહાણ દ્વારા એ સમાચાર આવવાના હતા તે વહાણની રાહ જોતા બધા લોકો દરિયા કિનારે પહોંચી ગયા. દૂરથી વહાણ આવતું દેખાયું અને લોકોમાં વધુ ઉત્તેજના વ્યાપી ગઈ કે કેવા સમાચાર હશે! શું બીલ પાર્લામેન્ટમાં પસાર થઈ ગયું હશે કે પછી નિષ્ફળતા મળી હશે! વહાણ નજદીક આવ્યું ત્યારે વહાણના કપ્તાને ઈન્તેજારીમાં ઊભેલા લોકોના મોટા ટોળાને દૂરથી જોયું અને તેણે જોરથી બૂમ પાડી - **મુક્ત** - **મુક્ત** - **મુક્ત**. લોકોના ટોળાએ આ આનંદના સમાચાર સાંભળ્યા અને વધાવી લીધા અને બધે જ એ સમાચાર ફેલાઈ ગયા.

જેઓ ખ્રિસ્ત પરના વિશ્વાસને કારણે પાપના બંધનમાંથી મુક્ત થયા છે તેઓને માટે પણ મુક્તિના સમાચાર આનંદદાયક જ છે.

★ ★ ★

નોંધ કરવામાં આવી છે કે વિકટોરિયા રાણીના પિતા કેન્ટના ડ્યુક, જ્યારે મરણ પથારીએ હતા, ત્યારે તેમને પોતાના આત્માની ચિંતા થવા લાગી.

સારવાર કરનાર ડૉકટરે તેમને દિલાસો આપતાં કહ્યું કે તમે યાદ કરો કે તમે કેવા મોટા રાજ્યના રાજા છો? દુનિયામાં તમારું નામ જાણીતું છે. ત્યારે ડ્યુકે તેમને અટકાવતાં કહ્યું, ના, જો મારું તારણ થવાનું હોય તો એક પ્રિન્સ તરીકે નહિ, પણ એક પાપી તરીકે.

❖ ❖ ❖

# ૭૩. માખણનું વજન ઓછું કેમ!

એક ગામમાં એક બેકરીવાળો માણસ હતો. તેને પોતાની બેકરીમાં બનતી બ્રેડ માટે માખણ જોઈએ, તે બાજુના ખેતરમાં જે ખેડૂત હતો તેની પાસેથી તે માખણ લાવીને વાપરતો.

થોડા દિવસો પછી આ બેકરીવાળાને શક પડ્યો કે ખેડૂત માખણ ઓછું આપે છે. આથી તેણે માખણને ઘેર લાવીને જોખવા માંડ્યું, તો માલૂમ પડ્યું કે અગાઉની શરત પ્રમાણે ખેડૂત પૂરું ૧ કિલો માખણ આપતો નથી, પણ ઓછું આપે છે. રોજ આવું બનવા લાગ્યું. આથી બેકરીવાળાએ ગુસ્સે થઈને ખેડૂત સામે કોર્ટમાં કેસ માંડ્યો.

જજ્જે ખેડૂતને સવાલ પૂછ્યો કે, તારી પાસે માખણ જોખવા માટેનાં કાટલાં હશે જ ખરું ને! ખેડૂતે જવાબ આપ્યો, ના, નામદાર નથી.

જજ્જે ફરી પૂછ્યું કે જો તારી પાસે વજન જોખવાના કાટલાં નથી, તો પછી જે માખણ તું વેચે છે એને કેવી રીતે જોખે છે? ખેડૂતે જવાબ આપ્યો, નામદાર, એ બહુ સહેલું છે. આ બેકરીવાળો માણસ માખણના બદલામાં મને ૧ કિલો લોટ આપતો હતો. હવે માખણ જોખતી વખતે હું એક ત્રાજવામાં એનો આપેલો લોટ મૂકતો હતો અને બીજા ત્રાજવામાં માખણ મૂકતો હતો અને એ રીતે એને માખણ જોખીને આપતો હતો. આથી જો એણે મને ૧ કિલો લોટ આપ્યો હોય, તો માખણ પણ બરાબર એટલું જ થાય. તેથી નામદાર સાહેબ, જો મારા માખણનું વજન ઓછું હોય, તો એને માટે હું જવાબદાર નથી, પણ બેકરીવાળો પોતે જ જવાબદાર છે. કદાપી એ જ મને લોટ ઓછો આપતો હશે.

પોતાનું પાપ પોતાને જ નુકસાન પહોંચાડે છે.

❖ ❖ ❖

# ૭૪. પાપનો પગાર

એક ચર્ચના બુલેટીન બોર્ડ ઉપર આ પ્રમાણે જાહેરાત લખવામાં આવી હતી.

"There is no reduction in the wages of sin."

પાપનો જે પગાર છે, જે વેતન છે, એમાં કદી ઘટાડો થતો નથી.

યુદ્ધના સમયમાં મંદી આવે ત્યારે ઘણાના પગારો ઓછા કરી દેવામાં આવે છે.

વર્ષો પહેતાં મેથોડિસ્ટ ચર્ચમાં નાણાંની તંગી ઊભી થતાં પાળકોના પગારમાં 'કટ' આવ્યો હતો. પાળકોએ આને મજાકમાં ''કોન્લીકટ'' એવું નામ આપ્યું હતું, કારણ કે તે વખતે કોન્લી સાહેબ કોન્ફરન્સના ખજાનચી હતા.

પણ શેતાન એક એવો બાહોશ માલિક છે, જે ગમે તેવી પરિસ્થિતિ આવે પણ પાપના વેતનમાં કદી 'કટ' કરતો નથી. ''પાપનો મુસારો મરણ છે.'' - આ નિયમ અફર છે, તેમાં કોઈ ફેરફાર થતો નથી.

એક માણસ મરણ પથારીએ હતો. મરતાં અગાઉ તેણે ઉપદેશ કરવાની ઇચ્છા પ્રગટ કરી. તેણે ઉપદેશ આપતાં કહ્યું, જે માણસ અપ્રમાણિકપણે મહિને દસ હજાર રૂપિયા કમાય છેએના કરતાં જે માણસ પ્રમાણિકપણે મહિને પાંચ હજાર કમાય છે તે વધારે સારો અને ધનવાન માણસ છે. તેણે આગળ કહ્યું, મેં અપ્રમાણિકપણે ઘણું ધન ભેગુ કર્યું, અને ઘણા મિત્રો બનાવ્યા, પરંતુ જ્યારે હું મરણપથારીએ પડ્યો ત્યારે મારાં માબાપ ઉપરાંત મારી મંડળી મારી પડખે ઊભી રહી. બીજા બધા છોડીને જતા રહ્યા.

માટે, તમારાં માબાપ અને તમારી મંડળીને વળગી રહો.

❖ ❖ ❖

# ૭૫. ગીતો ગાતાં શીખો

ડૉ. આર્ચીબોલ્ડ અલેકઝાંડર હોગ ખૂબ શક્તિશાળી - Powerful - માણસ હોવા છતાં, ખૂબ જ નમ્ર માણસ હતા. એમણે કદી સત્તા કે સ્થાનની માગણી કરી નથી, પણ અચાનક જ તેમને માન, સ્થાન અને સત્તા મળ્યાં હતાં.

પરંતુ ડૉ. હોગને ગીતો ગાતાં બહુ ફાવતું નહિ. તેઓ પોતાને સંગીતમાં અને ગીતોમાં ખૂબ નબળી વ્યક્તિ ગણતા હતા. ચર્ચમાં પણ તે ખાસ ગીતો ગાતા નહિ.

પરંતુ અચાનક એક રવિવારે ચર્ચમાં તેમણે ગીતો ગાવાનું શરૂ કર્યું, અને પછી તો નિયમિત ગીતો ગાવા લાગ્યા. મંડળીના લોકોનું ધ્યાન દોરાયું કે ડૉ. હોગ હમણાં હમણાંથી ખૂબ આનંદ અને ઉત્સાહથી ભજનસેવામાં ગીતો ગાય છે.

મહિલા મંડળની બહેનોએ મીસીસ હોગને તેનું કારણ પૂછ્યું, ત્યારે તેમણે જવાબમાં આ પ્રમાણે જણાવ્યું:

ડૉ. હોગને એક રાત્રે સ્વપ્ન આવ્યું અને સ્વપ્નમાં તે મરણ પામ્યા અને બહાદુરીપૂર્વક સ્વર્ગના દરવાજા આગળ જઈને ઊભા રહ્યા અને દરવાજો ખખડાવ્યો. પિતરે દરવાજો ઉઘાડ્યો અને પૂછ્યું - "કોણ બહાર ઊભું છે?"

ડૉ. હોગે તેમના સ્વભાવની વિરુદ્ધનો ઉત્તર આપતાં કહ્યું, "રેવરન્ડ આર્ચીબોલ્ડ અલેકઝાંડર હોગ, ડી. ડી. એલ. એલ. ડી. વેસ્ટર્ન થિઓલોજીકલ કોલેજના પ્રોફેસર અને નોર્થ પ્રેસબીટેરિયન ચર્ચના પાસ્ટર."

પિતરે માથું ધુણાવ્યું, અને કહ્યું, "મી. મેં તમારા વિષે કદી સાંભળ્યું નથી. તમે કોના દીકરા છો?"

ડૉ. હોગે જવાબ આપ્યો, "રેવરન્ડ ચાર્લ્સ હોગ, ડી. ડી. એલ. એલ. ડી. પ્રિન્સ્ટન થિઓલોજીકલ સેમિનરીના પ્રોફેસરનો હું દીકરો છું."

પિતરે ખુશ થતાં કહ્યું, "ઓહ, વહાલા વૃદ્ધ ડૉ. હોગના તમે દીકરા છો? તેઓના વિષે તો મેં ઘણું બધું સાંભળ્યું છે, પણ જુવાન, તમારા વિષે મેં કદી સાંભળ્યું નથી."

પિતરે આગળ પૂછ્યું, તમારે શું જોઈએ છે? મારે અંદર સ્વર્ગમાં દાખલ થવું છે.

શા માટે તમારે સ્વર્ગમાં આવવું છે? ડૉ. હોગે કહ્યું, મારે સ્વર્ગમાં આવીને અનંતકાળ સુધી ઈશ્વરની સ્તુતિનાં ગીતો ગાવાં છે.

પિતરે કહ્યું, શા માટે ગીતો ગાવાં છે, તમને ગીત ગાતાં આવડે છે?

ડૉ. હોગે ઉત્તર આપ્યો, ના, મને ગાતાં આવડતું નથી.

પિતરે કહ્યું, જો તમને ગીતો ગાતાં આવડતું નથી, તો પછી સ્વર્ગમાં શા માટે આવવું છે?

અને ડૉ. હોગ આ સવાલનો જવાબ આપી શક્યા નહિ. થોડીવાર તેઓ શાંત ઊભા રહ્યા, પછી પિતરને પૂછ્યું, પિતર, હવે આનું શું કરવાનું? કોઈ ઉપાય?

પિતરે કહ્યું, ડૉ. હોગ, તમે હજી મરણ પામ્યા નથી. આ તો માત્ર સ્વપ્ન છે, પણ તમને ચેતવણી આપવા માટે આ સ્વપ્ન છે.

પણ મી. હોગ, યાદ રાખજો, જ્યારે ફરી તમે અહીં આવો, ત્યારે જો તમને ગીત ગાતાં આવડતું નહિ હોય તો સ્વર્ગમાં પ્રવેશ મળશે નહિ.

.... અને ડૉ. હોગ જાગી ગયા. અને ત્યારથી ગીતો ગાવાનું શરૂ કરી દીધું. ખૂબ આનંદ-ઉત્સાહ અને હૃદયના ઉમળકાથી ગીતો ગાવા લાગ્યા.

❖ ❖ ❖

## ૭૬. પીછાં એકઠાં કરો

એક નાના ગામમાં, એક નાની મંડળી અને તેમાં એક પાળક સાહેબ.

કોઈ કારણસર મંડળીની એક બહેને પાળક સાહેબ વિરુદ્ધ જૂઠી વાતોનો પ્રચાર શરૂ કર્યો, અને આખા ગામમાં એ જૂઠી વાતો ફેલાઈ ગઈ.

છ મહિના પછી આ બાઈ માંદી પડી, અને તેણે કબૂલાત કરી કે જે વાતો પાળકની વિરુદ્ધ તે બોલી છે, તે બધી જૂઠી છે અને એમાં કંઈ જ સત્ય નથી. સાજા થયા પછી આ બાઈ પાળક પાસે માફી માગવા માટે આવી. પાળકે કહ્યું, જરૂર ખુશીથી, હું તમને માફી આપવા તૈયાર છું, પણ મારી ઇચ્છા છે કે મારે માટે તમે એક કામ કરો. બાઈ કામ કરવા તૈયાર થઈ. પાળકે કહ્યું. તમે ઘેર જાઓ, અને એક મરઘી કાપો, તેનાં બધાં પીછાં કાઢીને એક ડોલમાં ભરીને અહીં લાવો. બાઈએ એ પ્રમાણે કર્યું, અને પૂછ્યું, હવે?

પાળકે કહ્યું, હવે તમે ગામની એક એક ગલીમાં જાઓ અને આ પીછાં ત્યાં થોડે થોડે અંતરે વેરી નાખો. જો જો, ગામનો કોઈ ખૂણો બાકી ના રહેવો જોઈએ.

બાઈએ તે પ્રમાણે કર્યું, અને પૂછ્યું હવે?

પાળકે કહ્યું, હવે ફરી આખા ગામમાં ફરો અને એ બધાં પીછાં એકઠાં કરી લાવો, પણ જો જો, એકપણ પીછું ઓછું ના થવું જોઈએ.

બાઈએ પાળક સામે જોઈને કહ્યું, આ તો હવે અશક્ય છે. પવને બધાં પીછાં આમથી તેમ ઉડાડી દીધાં હશે, અને બધાં પીછાં એકઠાં કરવાં એ શક્ય નથી.

પાળકે કહ્યું, બહેન હું તમને રાજીખુશીથી માફી તો આપુ છું, પણ તમારા જૂઠા શબ્દોએ મને જે નુકસાન પહોંચાડ્યું છે, એને તમે ભરપાઈ કરી શકો એમ નથી.

મરતા ચોરને ઈસુએ માફી તો આપી, પણ એણે જેઓને નુકસાન પહોંચાડ્યું હતું એને તે કદી ભરપાઈ કરી શક્યો નથી.

અને તેથી જાખી દાણી ખરો રસ્તો અપનાવતાં કહે છેઃ ''જેનું મેં પડાવી લીધું છે તેને ચારગણું પાછું આપીશ.''

આ ખરો પસ્તાવો છે. ખરા પસ્તાવાની આ રીત છે. વેરાઈ ગયેલાં પીછાં એકઠાં કરવાં સહેલાં નથી, એમ જ ખરો પસ્તાવો કિંમત ચૂકવ્યા સિવાય થઈ શકતો નથી.

★ ★ ★

વોશીંગ્ટનમાં આવેલા મેટ્રોપોલીટન ચર્ચમાં એક જૂનું બાઈબલ છે. આ બાઈબલ જોન વેસ્લી વાપરતા હતા. આ બાઈબલમાંથી તેમણે ઉપદેશો કર્યા હતા.

આ બાઈબલના પહેલા પાને જોન વેસ્લીએ પોતાને હાથે એક વાક્ય લખ્યું છેઃ

**"Live to day"**

''આજનો દિવસ જીવો'' આજનો દિવસ એવી રીતે જીવો કે દિવસના અંતે તમને સંતોષ થાય કે આજે હું જીવ્યો.

❖ ❖ ❖

# ૭૭. મારા દીકરા તરફ દોરડું ફેંકો

અલેકઝાંડર મેકેન્ઝી, જેઓ વર્ષો સુધી બોસ્ટનના ખલાસીઓના મિત્રમંડળના પ્રમુખ રહ્યા હતા, તેઓ ખૂબ માનવંત વ્યક્તિ ગણાતા હતા.

તેઓના એક સંદેશામાં તેમણે પોતાની સાક્ષી આપતાં આ વાત કહી :

"મારા પિતા ખલાસી હતા. તેઓ ત્રણ વર્ષની મુસાફરી પછી જ્યારે પાછા આવ્યા ત્યારે હું નાનો છોકરો હતો. મારા પિતાનું વહાણ દરિયામાં ખાસ્સું દૂર હતું. એથી એક કસ્ટમના ઓફિસરે મને તેમની હોડીમાં બેસાડ્યો અને હોડી વહાણ તરફ હંકારી. જ્યારે અમારી હોડી વહાણની નજદીક પહોંચી ત્યારે મેં મારી ટોપી ઊંચી કરીને હલાવી. મારા પિતાએ મને જોયો, અને એક માણસને બોલાવીને કહ્યું, "મારા દીકરા તરફ દોરડું ફેંકો." દોરડું ફેંકવામાં આવ્યું, એ પકડીને હું વહાણમાં ચઢી ગયો અને થોડી પળોમાં હું મારા પિતાની બાહુમાં હતો.

એ જ રીતે જ્યારે કોઈ વ્યક્તિ પ્રભુની પાસે જવા માગે છે ત્યારે પ્રભુનો એ જ અવાજ સંભળાય છે - "દોરડું ફેંકો." મને પણ મારા સ્વર્ગીય પિતાનો અવાજ સંભળાયો કે મારા દીકરા તરફ દોરડું ફેંકો, મેં દોરડું પકડી લીધું અને એ મારા જીવનની પ્રેરણા બની ગયું છે."

જ્યારે કોઈ વ્યક્તિને સ્વર્ગીય બાપ પોતાના ભણી આવતો જુએ છે, ત્યારે તરત તે દોરડું ફેંકે છે. જો વ્યક્તિ પ્રભુની એ વાણી સાંભળે અને દોરડું પકડી લે તો થોડી જ પળોમાં તે બાપની ગોદમાં હશે.

❖ ❖ ❖

# ૭૮. હડસન ટેલરનો ભાઈ

ટેલર કુટુંબમાં બે દીકરાઓ હતા. મોટા દીકરાએ કહ્યું, મારે મારા કુટુંબનું નામ ઊંચુ કરવું છે, ખ્યાતિ મેળવવી છે અને નાણાં કમાવાં છે, આથી તેણે પાર્લામેન્ટ ભણી પોતાનું મોં દ્રઢ કર્યું.

નાના દીકરાએ કહ્યું, મારે પ્રભુ ઈસુની સેવા કરવી છે અને એ સેવામાં મારું જીવન સોંપી દેવું છે. આથી તેણે ચીન ભણી પોતાનું મોં દ્રઢ કર્યું.

વર્ષો પછી નાનો દીકરો, હડસન ટેલર, ચીનનો મહાન મિશનરી, લોકોનો પ્રિય અને દરેક ખંડમાં જેની ખ્યાતિ ફેલાઈ ગઈ હતી તે મરણ પામ્યો.

ઈતિહાસમાં મોટા દીકરાએ શું કર્યું તેની કોઈ ખાસ નોંધ લખવામાં આવી નથી. પણ એન. સાઈકલોપીડીઆમાં તેના વિષે આવી નોંધ મળે છેઃ "હડસન ટેલરનો ભાઈ."

આ જ માત્ર એની ઓળખ.

'જે કોઈ પોતાને ઊંચો કરવા માગશે તેને નીચો કરવામાં આવશે અને જે પોતાને નીચો કરશે તેને ઊંચો કરવામાં આવશે.'

'જે કોઈ પોતાનો જીવ બચાવવા માગશે તે તેને ખોશે, અને જે મારે લીધે પોતાનો જીવ ખોશે તે તેને બચાવશે.'

❖ ❖ ❖

# ૭૯. કબરોને શણગારો

દુનિયામાં એવા ઘણા બધા લોકો થઈ ગયા જેઓને અન્ય લોકો બરાબર સમજી શક્યા નહિ, તેઓની વાતોનો ખોટો ખુલાસો કરવામાં આવ્યો, તેમની મશ્કરીઓ કરવામાં આવી, તેમના ઉપર આક્ષેપો મૂકવામાં આવ્યા, તેમની સતાવણી કરવામાં આવી અને કેટલાકને મારી નાખવામાં પણ આવ્યા. પરંતુ તેઓના મરણ પછી લોકોએ તેમને માન આપ્યું છે. આવાં ઘણાં નામો યાદ આવે છે, જેમ કે, માર્ટિન લ્યુથર, જોન નોક્સ, કેલ્વીન, દાન્તે, અબ્રાહમ લીંકન, સાવોનારોલા, ગાંધીજી અને આવાં ઘણાં નામો ગણાવી શકાય. વર્ષો પછી ઝેકો સ્લોવાકિયાની સરકારે હુકમ બહાર પાડ્યો હતો કે બોહેમીયાના ધર્મસુધારક જોન હસનો ફોટો દરેક સ્કૂલોમાં મૂકવામાં આવે.

પિતાઓએ પ્રબોધકોને મારી નાખ્યા, પણ દીકરાઓ હવે તેઓની કબરોને શણગારે છે.

"પ્રભુ ઈસુના સમયમાં, રૂપાંતરનો પહાડ એ કાલવરી જવાના માર્ગે આવતો હતો,

આપણા સમયમાં કાલવરી એ રૂપાંતરના પહાડ તરફના માર્ગે આવે છે.

જો તમે રૂપાંતરના પહાડ ઉપર જવા માગતા હો તો કાલવરીનો માર્ગ પસાર કરવો જ રહ્યો."

❖ ❖ ❖

# ૮૦. અરે, હજારો જીભોથી....

મિસરના કોઈ રાજાએ એક ચતુર અને જ્ઞાની માણસના ઉપર બલિદાનનો બકરો મોકલી આપ્યો, અને સાથે જણાવ્યું કે આ બલિદાનમાં જે શ્રેષ્ઠ ભાગ હોય તે, અને જે સૌથી ખરાબ ભાગ હોય તે બંને પાછા મોકલી આપવા.

ચતુર માણસે બકરાની જીભ પાછી મોકલી આપી.

ખરાબ અને સારા બંને માટે જીભ કેટલી શક્તિશાળી છે એટલું બીજું કશું નથી.

યાકૂબ પોતાના પત્રમાં જીભના કાર્ય વિષે ઘણું બધુ લખે છે. પ્રભુ ઈસુએ પણ તેના સાંભળનારાઓને જીભના ઉપયોગ સંબંધી ચેતવણી આપી છે.

દર્દીની જીભ તપાસીને ડૉકટર એના શારીરિક રોગોનું નિદાન કરી શકે છે, અને તત્વજ્ઞાની મનના રોગનું નિદાન કરે છે.

"તારી જીભને બહુ છૂટ આપીશ નહિ, નહિ તો તે તને બંદિવાન બનાવશે."

ગીતકર્તા કહે છે - પ્રભુ મારા હોઠોની ચોકી રાખો.

આપણે ગીત તો ગાઈએ છીએ કે "અરે, હજારો જીભોથી, સ્તુતિ ખ્રિસ્તની ગાઉ...." પણ હકીકતમાં ઈશ્વરે આપેલી એક જીભનો આપણે શો ઉપયોગ કરીએ છીએ.

❖ ❖ ❖

# ૮૧. સારી પત્ની ક્યાં મળે?

વર્ષો પહેલાંની વાત છે. વાય.એમ.સી.એ.ની એક મીટીંગમાં ચર્ચા ચાલતી હતી. ચર્ચાનો વિષય હતો - થીઓડોર રૂઝવેલ્ટ - અમેરિકાના પ્રેસીડેન્ટ.

ચર્ચામાં દોરવણી આપતાં મી. એસ.ડબલ્યુ ગ્રેફલીને મી. રૂઝવેલ્ટની સફળતાનું રહસ્ય જણાવતાં કહ્યું કે આ મહાન માણસની સફળતાને હું પાંચ વિભાગમાં વહેંચી નાખું છું.

તેઓ 'Well bred' હતા. સારો ઉછેર થયો હતો.

'Well Fed' - સારો ખોરાક - સારી તંદુરસ્તી હતી.

'Well Read' સારું વાંચન - માનસિક સમૃદ્ધિ હતી.

'Well Wed' - લગ્ન જીવન - સારું હતું. સુખી હતું.

'Well Led' - પ્રભુના આત્માની સારી દોરવણી હતી.

મી. ગ્રેફલીન સમજાવી રહ્યા હતા ત્યારે એક જુવાને મી. રૂઝવેલ્ટના 'Well Wed'ના પાસાને ધ્યાન રાખી સવાલ પૂછ્યો, આવી છોકરી મને ક્યાં મળે?

ગ્રેફલીને પૂછ્યું, એવી સારી છોકરી તમે ક્યાં - કઈ જગામાં શોધો છો? જુવાને કહ્યું.

કલબોમાં, અને નાચગાનની પાર્ટીઓમાં.

મી. ગ્રેફલીને જવાબ આપ્યો, મિત્ર, પ્રાર્થનાવાદી અને પ્રભુને અર્પિત એવી કન્યા તમને કલબોમાં અને પાર્ટીઓમાં નહિ મળે. એવી કન્યા શોધવા માટે કોઈ ચર્ચમાં જાઓ. ધાર્મિક મીટીંગોમાં જાઓ ત્યાં મળશે.

તમે ખરી વસ્તુ શોધો છો, પણ ખોટી જગાએ.

સદ્‌ગુણી સ્ત્રી ક્યાં મળે? કોને મળે?

તેનું મૂલ્ય શું. નીતિવચન ૩૧.

❖ ❖ ❖

# ૮૨. હું કરી શકું છું..... પણ

એક મિત્રએ પેપરમાં જાહેરાત આપી કે તેમને એક સારા માળીની જરૂર છે.

થોડા દિવસ પછી તેમને એક કાગળ મળ્યો. તેમાં લખ્યું હતું, હું જોન સ્મીથ, માળીના કામમાં ખૂબ હોશિયાર અને અનુભવી છું. મને ફૂલ-ઝાડ વિષે સારું જ્ઞાન છે. બાગ બગીચાની માવજત કરતાં અને તેને સુંદર - સુશોભીત બનાવતાં મને આવડે છે....... વિગેરે વિગેરે - ઘણી બધી લાયકાતો અને શક્તિઓનું વર્ણન કાગળમાં લખ્યું હતું.

પેલા ભાઈ તો ખુશ થઈ ગયા. હા, આવા જ માણસની મારે જરૂર છે. મારા બગીચાને તે જરૂર સુંદર બનાવી દેશે.

પછી તેમણે કાગળની બીજી બાજુ જોયું તો ત્યાં માત્ર એટલું જ લખ્યું હતુંઃ- "પણ હું કામ કરીશ નહિ."

આનો શો ખુલાસો છે?

આજે આપણી મંડળીઓમાં એવા ઘણા બધા લોકો છે. જેઓ પૂરી લાયકાત ધરાવે છે, તેઓ મંડળીમાં સારામાં સારી સેવા કરી શકે છે, સારામાં સારું દાન આપી શકે છે.

સુવાર્તા પ્રગટ કરીને જગતને ઉથલ પાથલ કરવાની શક્તિ તેઓમાં છે -

પણ - "તેઓ કામ કરશે નહિ."

તેઓ ઘણું બધું કરી શકે એમ છે, પણ કરતા નથી.

❖ ❖ ❖

## ૮૩. ત્રીજા વર્ગના મુસાફરો

પહાડી વિસ્તારમાં જતી એક બસની ટીકીટ માટે લાઈન લાગી હતી. એક માણસે કાઉન્ટર ઉપર આવીને ટીકીટ માગી.

ક્લાર્કે પૂછ્યું - ફર્સ્ટ - સેકન્ડ કે થર્ડ ક્લાસની?

પેલા માણસે કહ્યું - શો ફેર પડે છે?

ક્લાર્ક હસ્યો અને પહેલાં વર્ગની ટીકીટ આપી.

બસ ઉપડી અને જ્યાં ઢાળનો ચઢાવ આવ્યો એટલે કંડકટરે બૂમ પાડી -

પહેલા વર્ગના મુસાફરો પોતાની સીટ ઉપર બેસી રહે,

બીજા વર્ગના મુસાફરો નીચે ઊતરીને ચાલવા માંડે, અને

ત્રીજા વર્ગના મુસાફરો નીચે ઊતરીને બસને ધક્કો મારે.

આજે આપણી મંડળીઓમાં ત્રીજા વર્ગના મુસાફરોની જરૂર છે, જેઓ બસને ધક્કો મારે, જેઓ કામ કરવા તૈયાર હોય, મહેનત કરવા તૈયાર હોય અને મંડળીના કામને આગળ ધપાવવા તૈયાર હોય.

❖ ❖ ❖

# ૮૪. વ્યક્તિગત સ્પર્શ

ધર્મજાગૃતિની સભામાં એક માણસ તેના પડોશીને માટે પ્રાર્થના કરતો હતો - "પ્રભુ મારા પડોશીને તમારી આંગળીથી સ્પર્શ કરો." એવામાં તેણે આંતરિક અવાજ સાંભળ્યો, "તું એ પ્રભુની આંગળી છે, જા જઈને તું તારા પડોશીને સ્પર્શ કર. તેની સાથે વાત કર."

પુલ્પિટ ઉપરથી લાંબા લાંબા સંદેશાઓ કરતાં ઘણી વખત વ્યક્તિગત વાતચીત સારું પરિણામ લાવી શકે છે.

ધાર્મિક ક્ષેત્રમાં, રાજકીય ક્ષેત્રમાં કે ધંધા રોજગારના ક્ષેત્રમાં વ્યક્તિગત વાતચીત - વ્યક્તિગત સંપર્ક વધુ સારું પરિણામ લાવે છે.

આંદ્રિયા એકલો હતો પણ તેના ભાઈની સાથે વ્યક્તિગત સંપર્ક દ્વારા તેને ઈસુની પાસે લાવી શક્યો. યોહાન અને ફિલીપ પણ એ જ રીત અજમાવે છે. જ્યારે ઇસ્રાએલી લોકોને મિસરમાંથી છોડાવવાના હતા ત્યારે ઈશ્વરે કોઈ કમિટી બનાવીને મિસરમાં મોકલી નથી, પણ માત્ર એક માણસને - મૂસાને મોકલ્યો હતો.

કોરિયાના મિશનરી ડો. હાર્બર નોંધે છે કે જ્યારે શેઓલની જેલમાં એક ઉપદેશકને ધકેલી દેવામાં આવ્યા ત્યારે તેમની સીથે બીજા અઢાર ગુનેગારો હતા. આ ઉપદેશક જેલમાં પાંચ મહિના સુધી રહ્યા, અને જ્યારે તેઓને છોડવામાં આવ્યા ત્યારે જેલમાંના અઢાર ગુનેગારો અઢાર ખ્રિસ્તીઓ હતા.

❖ ❖ ❖

# ૮૫. ગીતોનું મહત્ત્વ

ઇવેન્જલીકલ ખ્રિસ્તીઓને "People of the book" ''પુસ્તકના લોકો'' તરીકે ઓળખવામાં આવે છે. આ બે પુસ્તકો છે, બાઇબલ અને ભજનસંગ્રહ

ઈશ્વરનું ભજન કરવામાં ગીતોનું સ્થાન મહત્ત્વનું છે. ગીત એ વિશ્વાસ અને આનંદ પ્રગટ કરવાનું મહત્વનું પાસું છે.

કેટલાક ધર્મોમાં ગીતોનું સ્થાન હોતું નથી. પણ બાઈબલ કહે છે : આવો આપણે યહોવાની આગળ ગાઈએ...... અને ગીતોથી તેની આગળ હર્ષનાદ કરીએ. (ગી. શા. ૯૫)

ડી.એલ.મૂડી લખે છે કે ''ભજનસેવામાં સંદેશાનું જેટલું મહત્ત્વ છે એટલું જ મહત્ત્વ ગીતોનું છે. ઈશ્વરે મને ગીતો દ્વારા ઈશ્વરની સ્તુતિ કરવાની અગત્યતા સમજાવી છે. અને મારા જીવનમાં એનાથી આત્મિક વૃદ્ધિ થઈ છે.''

જૂના કરારમાં ઈસ્ત્રાએલીઓ ગીતો ગાતા હતા. નવા કરારમાં દૂતોને ગીતો ગાતા બતાવ્યા છે. - ''સૂણો દૂતો ગાય છે...'' ઈસુ તથા શિષ્યો ગીત ગાયા પછી જૈતુન પહાડ પર ગયા.

પાઉલ અને સીલાસ ફિલીપીની જેલમાં રાત્રે ગીતો ગાતા હતા. ગીતો દ્વારા ઘણાનું બદલાણ થયું છે. ઘણાને ઉત્તેજન, દિલાસો અને શાંત્વન પ્રાપ્ત થયાં છે.

લે હેસ્ટીંગ બ્રીસ્ટોલ નામનો માણસ લખે છે કે ખ્રિસ્તી જીવનમાં ગીતોનું મહત્ત્વ મને શરૂઆતથી જ સમજાયું છે, અને મારા ઘરમાં અમારી કોટુંબિક પ્રાર્થના અમે ગીત ગાઈને શરૂ કરીએ છીએ.

❖ ❖ ❖

## ૮૬. Christmas Carols

Carol શબ્દ Carola શબ્દમાંથી આવ્યો છે જેનો અર્થ થાય છે સમૂહ ડાન્સ. મધ્યયુગથી જ કેરલ્સને Sacred Folk Music તરીકે ઓળખવામાં આવે છે.

### (૧) આનંદ જગમાં તારક જન્મ્યો (૭૭)

વેસ્ટ મીનીસ્ટર એબેમાં બે સ્ટેચ્યુ સાથે સાથે મૂકવામાં આવેલાં છે. એક આઈઝેક વોટસનું જેમણે આ ગીત લખ્યું, અને બીજું જ્યોર્જ ફ્રેડ્રીક હેન્ડલનું જેમણે આ ગીતને કંપોઝ કરીને મ્યુઝિક આપ્યું.

બંને જણ લંડનમાં સાથે સાથે હતા. જ્યારે આ ગીત લખાયું અને કંપોઝ કરવામાં આવ્યું ત્યારે બેમાંથી કોઈને પણ ખ્યાલ નહોતો કે ભવિષ્યમાં આ ગીત ખૂબ પ્રખ્યાત Christmas Carol બની જશે.

૧૭૧૯ની સાલમાં જ્યારે આઈઝેક વોટસ ૪૦ વર્ષના હતા ત્યારે લંડનમાં આવેલા એબ્ને એસ્ટેટની પાસે એક ઝાડ નીચે બેસીને ગી.શા. ૯૮ને આધારે લખાયેલું આ ગીત પ્રખ્યાત ક્રિસ્ટમસ કેરલ બની ગયું છે.

આઈઝેક વોટસે જીવન દરમિયાન ૬૦૦ ગીતો લખ્યાં છે. તેઓ ૧૭૪૮માં એબ્ને એસ્ટેટમાં મરણ પામ્યા. બેનહીન ફીલ્ડમાં દફનાવ્યા અને વેસ્ટ મીનીસ્ટર એબેમાં કવિઓના કોર્નરમાં તેમનું સ્ટેચ્યુ મૂકવામાં આવ્યું છે. તેઓ લેટીન, ગ્રીક, ફ્રેન્ચ, હિબ્રૂ વગેરે ભાષાઓ શીખ્યા હતા.

❖ ❖ ❖

# ૮૭. (૨) સૂણો દૂતો ગાય છે..... (૬૨)

ઇંગ્લેંડના એંગ્લીકન દેવળના દરવાજા જોન વેસ્લી અને તેમના ભાઈ ચાર્લ્સ વેસ્લી માટે બંધ કરવામાં આવ્યા હતા. કારણ કે આ બંને મેથોડિસ્ટ પાળકો ''ઈશ્વરની મફત કૃપા'' ઉપર ભાર મૂકતા હતા.

ચર્ચ ઓફ ઇંગ્લાંડની ''બુક ઓફ કોમન પ્રેયર'' માં સમાવેશ કરવા માટે ચાર્લ્સ વેસ્લીએ આ ગીત લખ્યું હતું. આ ગીતને બુકમાંથી કાઢી નાખવા માટે ઘણા જણે ઘણા પ્રયત્નો કર્યા. પરંતુ આ ગીત એટલું પ્રખ્યાત બની ચૂક્યું હતું કે લોકોના વિરોધને કારણે આ ગીતને ભજનસંગ્રહમાંથી કાઢી શક્યા નહિ. ચાર્લ્સ વેસ્લીનું આ એક જ ગીત એવું છે જે ''બુક ઓફ કોમન પ્રેયર''માં સમાવેશ પામી શક્યું છે.

ચાર્લ્સ વેસ્લીએ લખેલાં લગભગ ૬૫૦૦ ગીતોમાંનું આ એક પ્રખ્યાત ક્રિસ્ટમસ કેરલ્સ છે. ગીતોના પ્રખ્યાત જાણીતા જોન જુલ્યસના મત પ્રમાણે અંગ્રેજી ભાષામાં ખૂબ જાણીતાં બનેલાં ચાર ગીતોમાંનું આ એક ગીત છે, અને આખી દુનિયામાં ગવાય છે.

સૂણો દૂતો ગાય છે.... શું આપણને તે સંભળાય છે?

❖ ❖ ❖

# ૮૮. આવો વિશ્વાસીઓ જયાનંદ કરીને.... (૭૦)

પહેલાંના જમાનામાં છાપવાનાં મશીનો નહોતાં, ટાઈપ રાઈટરો નહોતાં, ઝેરોક્ષ મશીનો પણ નહોતાં - એ સમયે કોઈ લખાણની કોપીઓ કરવી હોય તો હાથે લખીને જ કરવી પડતી. એવા કેટલાક પ્રોફેશનલ માણસો હતા જેઓ કોઈ પણ લખાણની જોઈએ એટલી કોપીઓ હાથે લખીને આપતા.

આવો એક કોપીરાઈટર હતો, જેનું નામ જોન ફ્રાન્સીસ વેડ હતું. તેણે ૧૭૫૦ની સાલમાં લેટીન ભાષામાં નાતાલનું આ ગીત લખ્યું. આ ગીત ખાસ કરીને પોર્ટુગલમાં આવેલી ઇંગ્લીશ રોમન કેથોલિક કોલેજ માટે લખવામાં આવ્યું હતું.

૧૭૮૫માં આ ગીતની એક નકલ લંડનમાં પોટુર્ગીઝ ચેપલ ઉપર મોકલવામાં આવી. ત્યાં ડ્યુક ઓફ લીડસ નામનો માણસ, જે સંગીતના પ્રોગ્રામો કરતો હતો. તેણે આ ગીત સાંભળ્યું. પછી તેણે તેના ગાયકગણને તે ગીત શીખવ્યું અને ત્યાર પછી વેડ્સનું આ ગીત આખી દુનિયામાં ક્રિસ્ટમસ કેરલ્સ તરીકે ફેલાઈ ગયું.

આ ગીતમાં બાઇબલના સિદ્ધાંતો કાવ્યની ભાષામાં મૂકવામાં આવ્યા છે. જેમ કે,

કુંવારીથી ઈસુનો જન્મ,

ખ્રિસ્તનું દેવત્વ,

આત્માનું અમરપણું, નવો જન્મ, વગેરે સિદ્ધાંતો વણી લેવામાં આવ્યા છે.

❖ ❖ ❖

# ૮૯. (૪) કેવી શાંત નિર્મળ રાત .... (૬૦)

આ ગીતના લેખક ફાધર જોસફ મોરનો જન્મ ૧૭૯૨માં થયો હતો. ૨૬ વર્ષની ઉંમરે તેઓ રોમન કેથોલિક ચર્ચના પ્રિસ્ટ બન્યા. ઓસ્ટ્રિયાના ઓબનફોર્ડ શહેરમાં સંત નિકોલસ ચર્ચમાં ત્રણ વર્ષ સુધી તેઓ પ્રિસ્ટ તરીકે રહ્યા હતા.

આ સંત નિકોલસ ચર્ચમાં ઓરગન વગાડનાર ૩૧ વર્ષના ગ્રુબર ફ્રાન્ઝ હતા. તેઓ પોતે શાળાના શિક્ષક હતા.

સને ૧૮૧૮ની નાતાલના થોડા અઠવાડિયા અગાઉ ફરતા કલાકારોની એક ટોળી ઓબર્નફોર્ડમાં આવી. તેઓ ઈસુના જન્મને લગતાં દ્રશ્ય ભજવતાં હતાં. આ ટોળી જોસફ મોરના કેથોલિક ચર્ચમાં આવી. જોસફ મોર ત્યાં હાજર હતા. તેઓના મન પર આ દ્રશ્યોની બહુ મોટી અસર પડી. તે જ રાત્રે પ્રોગ્રામ પૂરો થયા પછી ફાધર જોસફ મોર સલ્ઝબર્ગના પર્વતો તરફ મનની શાંતિ માટે અને ચિંતન-મનન માટે નીકળી પડ્યા.

શાંત રાત્રિ હતી, નિર્મળ રાત્રિ હતી, પવિત્ર રાત્રિ હતી, આખી માનવજાત નિંદ્રાધીન થયેલી હતી - આવા શાંત અને પવિત્ર વાતાવરણે જોસફ મોરને અજાયબ પ્રેરણા પમાડી અને એમના મનમાં શબ્દો ઊઠવા લાગ્યા. એક પછી એક કડીઓ ગોઠવાતી ગઈ :

"કેવી શાંત, નિર્મળ રાત,
નિદ્રાધીન માનવ જાત,
મરિયમ છે કુંવારી માત
પોઢ્યું છે શિશુ નવજાત
દિવ્ય શાંતિમાં...."

અડધી રાતે તેઓ ઘેર પાછા આવ્યા અને મનમાં ગોઠવાયેલા શબ્દોને કાગળ ઉપર ટપકાવી લીધા. બીજી સવારે ચર્ચના ઓરગનીસ્ટ ફ્રાન્ઝ ગ્રુબરને બોલાવી તેમને પોતે લખેલી આ કવિતા આપતાં કહ્યું, ‘‘લો, મારા તરફથી નાતાલની આ ભેટ.’’

ગ્રુબરે આ કવિતા સંગીતકારોને આપી, તેઓએ કંપોઝ કરી મ્યૂઝિક આપ્યું. નાતાલની આગલી સાંજે ચર્ચમાં પ્રાર્થના સભા હતી. ઓરગન રીપેર કરનાર માણસ ત્યાં હાજર હતો. ફ્રાન્ઝ ગ્રુબરે હાથમાં ગીટાર લીધી, અને ફાધર મોરને પોતાની પાસે ઊભા રાખ્યા અને ત્યાં આ કેથોલિક ચર્ચમાં દુનિયાનું સૌથી પ્રખ્યાત અને લોકપ્રિય ક્રિસ્ટમસ કેરલ પહેલી જ વખતે આ બે જાણે ગયું - ફાધર મોર અને ફ્રાન્ઝ ગ્રુબર.

ત્યાં જે ઓરગન રીપેર કરનાર માણસ હતો તેને આ ગીત ખૂબ ગમ્યું. તેણે આ ગીતના શબ્દો અને રાગ મોઢે કરી લીધા. ત્યાર પછી તેણે બીજા સંગીતકારોને ભેગા કર્યા અને આ ગીત શીખવ્યું. તેઓએ આખા યુરોપમાં ફરી ફરીને આ ગીત ગાયું. આ રીતે આ ગીત આખી દુનિયામાં જાણીતું બન્યું.

અંગ્રેજી ભાષામાં આ ગીતના જુદા જુદા આઠ તરજુમા થયેલા છે. જુદી જુદી ભાષામાં આ ગીત આખી દુનિયામાં ગવાય છે.

કેવી શાંત, નિર્મળ રાત....

❖ ❖ ❖

## ૯૦. ઉત્તમ ભેટ

એક શિકારી માણસને મિશનરીએ સુવાર્તા આપી. ખ્રિસ્તના પ્રેમનો સંદેશો તેના હૃદયને સ્પર્શી ગયો. તેણે કહ્યું, મારે પણ ઈસુ ખ્રિસ્તને કંઈક આપવું જોઈએ. હું મારો શિકારી કૂતરો ઈસુને ભેટ આપીશ. કૂતરો શિકારના કામમાં ખૂબ ઉપયોગી હતો અને તેને વહાલો હતો. મારી વહાલી વસ્તુ ભેટમાં આપીશ.

મિશનરીએ તે માણસને ઈસુ મહાન તારનાર છે તે વિષેની વાત આગળ જણાવી. ત્યારે શિકારીએ કહ્યું, ના, ફક્ત મારો કૂતરો જ નહિ, મારી બંદૂક પણ ઈસુને ભેટમાં આપી દઈશ. બંદૂક એ તો શિકારીની જીવાદોરી કહી શકાય છતાં તેણે બંદૂક અર્પણ કરવાનો નિર્ણય કર્યો.

હવે મિશનરીએ તેને ઈસુના વધસ્તંભ પરના બલિદાનની વાત કરી, તેણે વેઠેલા દુઃખોની હકીકત જણાવી ત્યારે શિકારીએ કહ્યું, હવે તો હું મારું જીવન પ્રભુને આપીશ. મારું સર્વસ્વ તેને આપીશ.

આ શિકારી આપવાની બાબતમાં સૌથી ઊંચી કક્ષાએ - ટોચે પહોંચ્યો.

શું આપણે એટલે સુધી પહોંચ્યા છીએ?

❖ ❖ ❖

# ૯૧. ફ્રેન્કલીન ડી. રૂઝવેલ્ટ

તેમની પાસે બધું જ હતું. ધન-દોલત, શક્તિ, સત્તા, સફળતા અને આગવું વ્યક્તિત્વ.

પરંતુ એક દિવસે તેમને પોલીયાનો હુમલો થયો. આ સમયે તેઓ કુટુંબ સાથે કેમ્પોબેલોમાં ઉનાળાની રજાઓ ગાળતા હતા.

તેમણે તેમની પત્નીને કહ્યું, એલિનોર, મને પોલીયાનું દર્દ થયું તે પહેલાં થોડી માંદગી જેવું લાગતું હતું, પણ હવે લાગે છે કે હું ફરી ઊભો થઈ શકીશ નહિ. હું મારા પગોને અને આંગળીઓને હુકમ કરું છું, પણ તેઓ મારો હુકમ માનતાં નથી. હવે હું મારા વિશ્વાસ ભણી ફર્યો છું. સહન કરવાની શક્તિ મળે માટે વિશ્વાસ તરફ વળ્યો છું. મને લાગે છે કે મારે આગ ઉપર ચાલવા જેવું છે. નમ્રતાનો પાઠ ભણવો અઘરો છે પણ હું ધીમે ધીમે એ શીખી રહ્યો છું.

આ જ ફ્રેન્કલીન ડી. રૂઝવેલ્ટે જીવનમાં ઘણી સફળતાઓ હાંસલ કરી હતી. આ એક વ્યક્તિ એવી થઈ ગઈ કે જે અમેરિકાના પ્રેસિડેન્ટ તરીકે ચાર વખત ચૂંટાઈ આવી હતી.

તેઓ પોતાના પગો ઉપર ફરી ચાલી શક્યા નહિ, પણ દુનિયાને ચાલતાં શીખવ્યું.

❖ ❖ ❖

# ૯૨. ઈસુ મુજ આત્માના વા'લ

ચાર્લ્સ વેસ્લી હતાશ સંજોગોમાં મૂકાઈ ગયા હતા. પોતાની વિટંબણાઓનો વિચાર કરતા તેઓ બારી પાસે બેઠા હતા. એવામાં ડરનું માર્યું એક નાનું પક્ષી અંદર ધસી આવ્યું. દીવાલ સાથે અથડાઈને ભયથી વેસ્લીના ઝભ્ભામાં લપાઈ ગયું. વેસ્લી ચમકી ગયા. તેમણે બહાર જોયું તો એક બાજ પક્ષી આ નાના પક્ષીની પાછળ પડ્યું હતું. પક્ષી ધ્રૂજતું હતું, તેને વેસ્લીએ પંપાળ્યુ. ગભરાયેલા આ નાના પક્ષીને વેસ્લીના ઝભ્ભામાં આશ્રય મળ્યો.

આ બનાવમાં ગભરાટથી નાસભાગ કરતા પક્ષીને સંતાવાની જગા મળે છે, આશારો મળે છે, એમાં વેસ્લીને ઈશ્વરના આશ્રયનાં દર્શન થયાં અને એ જ વખતે તેમણે આ ગીતના શબ્દો લખ્યાઃ

"ઈસુ મુજ આત્માના વા'લ,
તારો આશ્રય મુજને આલ
જ્યારે રેલ ચઢે ચોપાસ
ને તોફાન ઘેરે આસપાસ
ત્યારે તારક તું સંતાડ
જ્યાં લગ દૂર થાય સૌ રંજાડ
સલામત દોરી આકાશ
આખરે લે તારી પાસ." (ગીત. ૩૨૧)

ગીતકર્તા દાઉદ પણ પોતાનો એ જ અનુભવ લખે છેઃ "યહોવા મારો ગઢ તથા કિલ્લો છે. તે મારી સંતાવાની જગા છે."

❖ ❖ ❖

# ૯૩. ઈસુએ મારા હૃદયમાંનું તોફાન શાંત કર્યું છે

બાઈબલના ખૂબ જ પ્રખ્યાત શિક્ષક, અભ્યાસી અને ઉપદેશક વિલ્યમ બાર્કલેનું નામ ખૂબ જાણીતું છે. બાઈબલ ઉપરની તેમની ઘણી કોમેન્ટરીઓ બહાર પડી ચૂકી છે.

તેમની એકની એક દીકરીનાં લગ્ન થવાનાં હતાં. પણ લગ્નના થોડા દિવસો અગાઉ જ અચાનક આ દીકરી મરણ પામી. તેમના જીવનમાં એક તોફાન મચી રહ્યું.

થોડા દિવસો પછી આ બનાવ વિષે બોલતાં તેમણે આ પ્રમાણે કહ્યું:

"ઈસુએ સમુદ્રમાંનું તોફાન શાંત કર્યું કે નહિ તે મારે મન બહુ મહત્ત્વનું નથી. પણ વધુ મહત્ત્વની બાબત હું જાણું છું કે ઈસુએ મારા હૃદયમાંનું તોફાન શાંત કર્યું છે."

દીકરીના અચાનક મરણને કારણે હૃદયમાં જે તોફાન જાગ્યું હતું તેને ઈસુએ શાંત કર્યું છે - દિલાસો આપ્યો છે.

વિલ્યમ બાર્કલે પ્રભુની પાસે પોતાની દીકરીના મરણનો ખુલાસો માગતા નથી. આમ કેમ બન્યું એવો સામો સવાલ ઈશ્વરને પૂછતા નથી. પરંતુ ઈશ્વરની સાજાપણું આપતી કૃપા અને દયા જેનો તેમણે અનુભવ કર્યો એની સાક્ષી આપે છે.

માંદગી, મરણ અને દુઃખના સમયમાં આપણો અનુભવ અને સાક્ષી કેવાં છે? રાજા દાઉદે જાણ્યું કે જે બાળક માટે હું પ્રાર્થના કરતો હતો તે મરણ પામ્યું છે ત્યારે તે ઊઠ્યો, સ્નાન કર્યું, ભોજન કર્યું અને ભજન કર્યું. (૨ શમૂ. ૧૨)

❖ ❖ ❖

## ૯૪. એક મીનીટ

એક મીનીટ = ૬૦ સેકન્ડમાં શું શું બને?

૧ મીનીટમાં - માણસનું હૃદય ૭૨ વખત ધબકે છે.

૧ મીનીટમાં - ૧ લાખ ૧૭ હજાર પત્રો વહેંચાય છે.

૧ મીનીટમાં - કાચબો ૧૫ ફૂટ ચાલે છે.

૧ મીનીટમાં - ૧૨૭૦ ટન તમાકુ પીવાય છે.

૧ મીનીટમાં - જગતમાં ૯૦ બાળકો જન્મે છે.

૧ મીનીટમાં - ૨૦ યુગલો પરણે છે.

૧ મીનીટમાં - ૧ યુગલ છૂટાછેડા લે છે.

૧ મીનીટમાં - ૧૦૦ જેટલા માનવીઓ અકસ્માતમાં માર્યા જાય છે.

૧ મીનીટમાં - હર્મિંગ નામનું પક્ષી ૩,૩૦૦ વખત પાંખો ફફડાવે છે.

૧ મીનીટમાં - ૧૨૫ નવી કારોનું ઉત્પાદન થાય છે.

૧ મીનીટમાં - ઈંગ્લેંડમાં ૩૩,૩૩૩ કપ કોફી પીવાય છે.

૧ મીનીટમાં - પ્રકાશ ૧૧,૧૬૦,૦૦૦ માઈલ દૂર પહોંચે છે.

બીજા વિશ્વયુદ્ધમાં ૧ મીનીટમાં ૭ જવાનો શહીદ બન્યા હતા અને ૧૧ ઘવાયા હતા.

❖ ❖ ❖

## ૯૫. કારણ કે મારી પાસે પહેરવા સારું ખમીશ નથી

સ્ટેનફોર્ડ કેલી મિશનરી હતા. હેઈટીમાં નાની મંડળીના પાળક હતા. એમની મંડળીમાં બનેલો એક બનાવ તેઓ વર્ણવે છે :

એક રવિવારે એમની નાની મંડળીમાં દાનાર્પણ લેવાઈ ગયા પછી કોઈક માણસે આવીને ૧૩ ડોલરનું દાન આપ્યું. એ જમાનામાં ૧૩ ડોલર એટલે એક મજૂરની આખા મહિનાની આવક થઈ.

આવું ઉદાર દાન આપરના કોણ હશે એ જાણવાની તેમનામાં જીજ્ઞાસા જાગી. દાન આપનારને શોધવા લાગ્યા. પાછળથી ખબર પડી કે આ દાન આપનાર એમની મંડળીનો એક ખેડૂત હતો. મિશનરી આ ખેડૂતને ઘેર પહોંચી ગયા, અને આવું મોટું દાન આપવાનું કારણ પૂછ્યું. પ્રથમ તો ખેડૂતે કશું કહેવાનો ઈન્કાર કર્યો, પણ બહુ આગ્રહને કારણે ખેડૂતે મિશનરીને જણાવ્યું કે મેં મારો ઘોડો વેચી દીધો અને એમાંથી મને જે નાણાં મળ્યાં તેમાંથી મેં આ દાન આપ્યું હતું.

મિશનરીએ બીજો સવાલ પૂછ્યો કે આ દાન આપવા માટે તમે પોતે કેમ ચર્ચમાં આવ્યા નહિ. ત્યારે ખેડૂતનો શો જવાબ હતો જાણો છો? : ''કારણ કે મારી પાસે પહેરવા માટે સારું ખમીશ નથી.''

આત્મભોગ આપવો પડે એવું દાન આને કહી શકાય. કોઈકે ખરું કહ્યું છે :

"Your Standard of living is high, but your standard of giving is law."

❖ ❖ ❖

# ૯૬. ઓ બાપ, આ દોષ તેઓને માથે ન મૂક

૧૯૭૩ની સાલમાં યુગાન્ડામાં પાળક કેફા સેમ્પાનગી રવિવારની ભક્તિસભા ચલાવી રહ્યા હતા. બહાર ઈદી અમીનના પાંચ ગુપ્ત પોલીસો સંતાઈને બેઠા હતા. તેઓના હાથમાં તાકેલી બંદૂકો હતી. ઈદી અમીનના માણસોએ જેઓને મારી નાખ્યા હતા તેવા માણસોની વિધવાઓ પણ ચર્ચની ભક્તિસભામાં બેઠી હતી.

પાળક કેફા ભક્તિસભા પૂરી કરીને તેમની ઓફિસમાં ગયા. તેમની પાછળ પેલા પાંચે ગુપ્ત પોલીસો પણ ગયા. આમાંના એક આગેવાન પોલીસે પાળકને કહ્યું, અમે તમને મારી નાખવા માટે આવ્યા છીએ, તમારે કશું કહેવું છે?

પાળકે ગભરાયા વિના ઉત્તર આપ્યો, હા, હું તમારે માટે પ્રાર્થના કરવા માગું છું, જેથી મને મારી નાખવાનો દોષ પ્રભુ તમારે માથે ના મૂકે. પેલો આગેવાન આ સાંભળીને બોલ્યો, આવો પ્રેમ અમે કદી જોયો નથી. પછી તેણે પાળકને પ્રાર્થના કરવાનું કહ્યું. પાળકે પ્રાર્થના કરાવી. પ્રાર્થના પૂરી થયા પછી પાંચે ગુપ્ત પોલીસો ત્યાંથી ચાલ્યા ગયા. કેટલાક મહિનાઓ પછી પેલો આગેવાન ઈસુ ખ્રિસ્તને શરણે આવ્યો.

પ્રેમ, માફી અને પ્રાર્થના વેરીને બદલી શકે છે અને વેરીના ઈરાદાઓને પણ બદલી શકે છે.

પ્રે.કૃ. ૭માં સ્તેફન પોતાને મારનારાઓ માટે પ્રાર્થના કરે છે. પ્રભુ ઈસુએ વધસ્તંભ ઉપરથી પોતાને મારનારાઓ માટે માફીની પ્રાર્થના કરી.

❖ ❖ ❖

# ૯૭. માનવી, ચંદ્ર ઉપર

માનવી પ્રથમ વખતે ચંદ્ર ઉપર પહોંચ્યો, અને એની સપાટી ઉપર ચાલ્યો એ અવર્ણનિય બનાવ હતો.

આ બનાવ બન્યા પછી ન્યૂયોર્કની હેડન પ્લેનીટેરિયમ દ્વારા જાહેરાત આપવામાં આવી કે ચંદ્ર ઉપર જવા માગતા હોય તેઓ માટે ટીકીટ રીઝર્વ કરવામાં આવે છે. ૨,૪૦,૦૦૦ માઈલની મુસાફરી માટે તમારી ટીકીટ બુક કરાવો.

થોડા જ દિવસોમાં ૧૮૦૦૦ અરજીઓ આવી. જે માનસશાસ્ત્રીઓએ આ અરજીઓ તપાસી અને અભ્યાસ કર્યો. તેમણે જણાવ્યું કે આમાંના મોટાભાગના માણસો પૃથ્વી ઉપરની પોતાની જવાબદારીઓમાંથી છટકવા માગતા હતા. પૃથ્વી ઉપરના પ્રશ્નો, મુશ્કેલીઓ વગેરેથી દૂર ભાગવા ઈચ્છતા હતા. એક સ્ત્રીએ લખ્યું હતુંઃ "આ બીઝી દુનિયામાંથી દૂર જવું એટલે સ્વર્ગમાં જવા બરાબર છે. આ અશાંત પૃથ્વી ઉપરથી બીજે ક્યાંય દૂર ચાલ્યા જવું એ સરસ મઝાનું છે, શાંતિદાયક અને સલામત છે."

શું આપણે પૃથ્વી ઉપરની સેવાઓ, જવાબદારીઓ, પ્રશ્નો વગેરેથી કંટાળી ગયા છીએ? શું ચંદ્ર ઉપર જવાનો કે સ્વર્ગમાં જવાનો આપણો આ જ આશય છે?

ઈસુએ ખાતરી આપી છે કે, "જો કે જગતમાં તમને સંકટ છે, પણ હિંમત રાખો મેં જગતને જીત્યું છે, અને હું સદાકાળ તમારી સાથે છું."

❖ ❖ ❖

## ૯૮. દેવની સાથે સમાધાન કરો

ન્યૂયોર્કની એક જાણીતી કલબમાં એક માણસ સભ્ય થવા આવ્યો, પણ તેને સ્વીકારવામાં આવ્યો નહિ, કારણ કે તે યહૂદી હતો.

એક પાળકે બીજા રવિવારે આ બનાવને પુલ્પિટ ઉપરથી વખોડી કાઢ્યો, અને કહ્યું કે નૈતિક રીતે આ બરાબર નથી, કોઈ માણસને હલકો ગણવો એ બાઈબલની વિરૂદ્ધ છે. એ પાપ છે. આ સાંભળીને મંડળીના ઘણા લોકોનાં માથા શરમથી ઝૂકી ગયાં, કારણ કે એ મંડળીના ઘણા સભાસદો એ કલબના મેમ્બર હતા.

પાળકે આગળ કહ્યું, તમે જેઓ આ કલબના મેમ્બર છો, અને જો તમે તમારાં આ કૃત્ય માટે માફી ના મેળવો અને પસ્તાવો ના કરો, તો આજના પ્રભુભોજનમાં ભાગ લેવા તમને આમંત્રણ નથી. પ્રભુભોજન લેવા આવો તે પહેલાં દેવની સાથે સમાધાન કરો. પાળકે પોતાની આ વાત માટે બાઈબલમાંથી આધાર લીધો હતો. ૧ કોરિંથી ૧૧માં અધ્યાયને આધારે તેમણે લોકોને આ આહ્‌વાન આપ્યું.

આ નિયમ આજે પણ એટલો જ લાગુ પડે છે. આપણી અને ઈશ્વરની વચ્ચે એવી કોઈ બાબત હોય જેનુ સમાધાન થયું ના હોય તો મેજની સંગતમાં આવતાં પહેલાં તેનું સમાધાન કરો. એમ કરવાથી માફીનો ખરો અર્થ સમજાશે.

❖ ❖ ❖

# ૯૯. સુખનો આધાર

દુનિયામાં સૌથી સુખી દેશ કયો?

''ટાઈમ'' મેગેઝીને સર્વે કર્યો અને અહેવાલ આપ્યો કે સર્વે કરનારાઓએ આ સવાલનો જવાબ શોધવા પ્રયત્નો કર્યા. પરંતુ તેમાં તેઓને સફળતા મળી નહિ. મતલબ કે કયો દેશ સૌથી સુખી દેશ છે એ નક્કી કરવું મુશ્કેલ છે.

૧૯૯૨ની સાલમાં ''ગેલેપ'' સર્વે પ્રમાણે ફ્રાન્સને એ ખંડનો સુખી દેશ ગણાવવામાં આવ્યો હતો.

જર્મનીમાં આવો સર્વે કરવામાં આવ્યો. આ સર્વે પ્રમાણે આ દેશના ૧/૩ કરતાં પણ ઓછા લોકોએ એ સ્વીકાર્યું કે તેઓ સુખી છે.

બીજા એક સર્વે પ્રમાણે ગ્રેટ બ્રિટનમાં ૫૪ ટકાના લોકોએ જણાવ્યું કે બાહ્ય રીતે જોતાં અમારો દેશ સુખી ગણી શકાય. જ્યારે તેઓને પૂછવામાં આવ્યું કે શું તેઓ આ દેશ છોડી જવા માગે છે? ત્યારે ૪૭ ટકાના લોકોએ જવાબ આપ્યો કે આજની બપોરની ચા પીએ તે પહેલાં અમે આ દેશ છોડી દેવા તૈયાર છીએ.

આ બધા સર્વેનું તારણ શું? તારણ એ જ કે માણસનું ખરું સુખ, ખરો આનંદ અને આશા એ જે દેશમાં રહે છે એ દેશ ઉપર તેનો આધાર નથી. ભલે એ દેશમાં ધન-દોલત, સગવડો ગમે તેટલાં હોય.

ગી. શા. ૧૪૪:૧૫ ''જેઓનો દેવ યહોવા છે, તેઓ સુખી છે.''

❖ ❖ ❖

# ૧૦૦. જ્યારે હું નિર્બળ છું ત્યારે.

પ્રેરિત પાઉલનું આ વિધાન વિચિત્ર લાગે છે. ૨ કોરિંથી ૧૨:૧૦ માં તે આ વિધાન કરે છે. તે એમ કહેવા માગે છે કે જ્યારે મારી શક્તિઓ જતી રહે છે અને મને ભાન થાય કે હું નિર્બળ છું ત્યારે ઈશ્વરનું સામર્થ્ય મને બળવાન કરે છે અને તેની સહાયથી હું બધું કરી શકું છું.

ચાઈના આઈલેન્ડ મિશનના સ્થાપક હડસન ટેલરને એમના મિશનનું કાર્ય સફળ થતું લાગ્યું. તેમના કાર્યની મોટી અસરો પડી હતી.

એક મિત્રએ તેમની સાથે વાત કરતાં હડસન ટેલરનાં વખાણ કર્યાં, ત્યારે હડસને તેનો આ રીતે ઉત્તર આપ્યો.

"મને લાગે છે કે ઈશ્વર તેનું કામ કરવા માટે આખા જગતમાં નિર્બળમાં નિર્બળ માણસની શોધ કરી રહ્યા હતા, ત્યારે છેલ્લે તેમણે મને શોધી કાઢ્યો અને કહ્યું, હડસન, તું પૂરતો નબળો છે અને મારા કામ માટે ચાલશે. અને મને વાપર્યો."

પ્રભુના બધા જ મહાન સેવકો, મહાન યોદ્ધાઓ, નબળા માણસો હતા. તેમના સામર્થ્યનું રહસ્ય તેમની નબળાઈમાં હતું. હેબ્રી. ૧૧ માં જ્યાં વિશ્વાસના શૂરવીરો વિષે લખવામાં આવ્યું છે ત્યાં લખ્યું છે કે, "તેઓ નિર્બળતામાંથી સબળ થયા."

જ્યારે માણસ પોતાની નબળાઈની કબૂલાત કરે છે અને માત્ર ઈશ્વરના સામર્થ્ય ઉપર ભરોસો રાખે છે ત્યારે ઈશ્વરના બળથી તે બળવાન બને છે અને મહાન કાર્યો કરી શકે છે.

નબળા માણસોની સફળતાનું આજ રહસ્ય છે. એથી જ પ્રેરિત પાઉલ કહે છે કે "જ્યારે હું નિર્બળ છું ત્યારે હું બળવાન છું."

❖ ❖ ❖

# ૧૦૧. ગ્રેટ મેન ઓફ ગોડ

ગ્રેટ મેન ઓફ ગોડ, ડેવીડ બ્રેઈનાર્ડ વિષે કહેવાય છે કે અમેરિકાના ઇન્ડિયનો માટે તેમને ભારે બોજ હતો. તેઓની ભાષા તેમને આવડતી નહોતી. પણ તેઓના ઉદ્ધાર માટે પ્રાર્થના કરવાનું તેમણે શરૂ કર્યું.

અને એક દિવસે તો તેઓ જંગલમાં ગયા. ત્યાં હીમવર્ષા થતી હતી એવી સ્થિતિમાં તેમણે આખો દિવસ ત્યાં ઇન્ડિયનો માટે પ્રભુની આગળ મધ્યસ્થી કરી. ડેવીડ બ્રેઈનાર્ડ ફક્ત ૩૦ વર્ષ જીવ્યા હતા; પરંતુ ૧૭૪૩થી ૧૭૪૭ સુધીનાં પાંચ વર્ષ સુધી સતત તેમણે ઇન્ડિયનો માટે પ્રાર્થના ચાલુ રાખી. એ સમયથી દુનિયા ઉપર ડેવીડ બ્રેઈનાર્ડની ભારે અસર પડી હતી.

થોડા સમય પછી વિલ્યમ કેરીએ ડેવીડ બ્રેઈનાર્ડનું જીવન ચરિત્ર વાંચ્યું - તેમના ઉપર ભારે અસર પડી અને તેમણે મિશનરી તરીકે ભારત આવવાનો નિર્ણય કર્યો.

૨૦ વર્ષનો જુવાન પેસન - તેણે ડેવીડ બ્રેઈનાર્ડ વિષે વાંચ્યું અને તેણે કહ્યું કે, મારા જીવનમાં ડેવીડ બ્રેઈનાર્ડથી હું જેટલો પ્રભાવિત થયો છું એટલો બીજા કોઈથી થયો નથી.

મુરી મેકચેન નામના માણસ ઉપર પણ ડેવીડ બ્રેઈનાર્ડની ઘણી મોટી અસરો પડી હતી.

ડેવીડ બ્રેઈનાર્ડ, પ્રખ્યાત ઉપદેશક જોનાથાન એડવર્ડના ઘરમાં મરણ પામ્યા હતા.

એડવર્ડ કહે છે : "હું પ્રભુની સ્તુતિ કરું છું કે પ્રભુએ એની યોજનામાં એ નક્કી કર્યું કે ડેવીડ બ્રેઈનાર્ડ મારા ઘરમાં મરણ પામે, જેથી હું એ મહાન માનવીની પ્રાર્થનાઓ સાંભળી શકું અને એનાથી ઉત્તેજન પામું."

જે લોકો જીવતા ઈશ્વરને જાણતા નથી એવા લોકો માટે ડેવીડ બ્રેઈનાર્ડની માફક આજે કોણ રડશે ? કોણ મધ્યસ્થી કરશે ?

ડી.એલ. મૂડીની માફક એવા લોકો માટે કોનું હૃદય ભાંગી જશે ?

મોટા સમૂહની આગળ, જ્યોર્જ વ્હીટ ફિલ્ડની માફક ઊભા રહીને કોણ આંસુ સારશે ?

હારૂનની માફક કોણ છીંડામાં ઊભા રહેવા તૈયાર થશે ?

પ્રેરિત પાઉલની માફક મંડળી માટે કોણ આંસુ પાડીને રાત દિવસ મહેનત કરશે ?

બાઈબલનો મારો પ્રભુ કહે છે :-

''મેં એક એવા માણસને શોધ્યો જે મારી અને લોકોની વચમાં દીવાલ બનીને છીંડામાં ઊભો રહે - મધ્યસ્થી કરે - પણ મને એકે એવો માણસ મળ્યો નહિ.'' (હઝકીએલ ૨૨ઃ૩૦-૩૧)

❖ ❖ ❖

# ૧૦૨. સત્ય મળ્યું છે.

એક રવિવારે પ્રભુ ઈસુ એક ચર્ચની ભક્તિસભામાં ગયા. ચર્ચ પછી જોયું તો લોકો ખૂબ ગભરાયેલા હતા. ઈસુએ પૂછ્યું, આટલા બધા ગભરાઈ કેમ ગયા છો ? તમારી શી મુશ્કેલી છે ?

લોકોએ જવાબ આપ્યો કે આજે સંદેશામાં અમે નર્ક વિષે સાંભળ્યું, નર્કની ભયંકરતા વિષે સાંભળ્યું અને તેથી નર્કની બીકને કારણે અમે ગભરાઈ ગયા છીએ.

બીજા રવિવારે ઈસુ બીજા એક ચર્ચમાં ગયા. ત્યાં જોયું તો ત્યાં પણ સભા પછી લોકો ખૂબ ગભરાયેલા હતા. ઈસુએ પૂછ્યું, અરે, તમે આટલા બધા કેમ ડરી ગયા છો ?

લોકોએ જવાબ આપ્યો, આજે અમે સંદેશામાં સ્વર્ગ વિષે સાંભળ્યું. સ્વર્ગનાં અલૌકિક સુખો વિષે સાંભળ્યું, તેની સુંદરતા વિષે, તેના મહિમા વિષે સાંભળ્યું, અને હવે અમને બીક લાગે છે કે કદાપી આવું સુખ ગુમાવી તો નહિ દઈએ ને ! આવા સ્વર્ગના સુખથી અમે વંચીત તો નહિ રહી જઈએ ને !

ત્રીજા રવિવારે ઈસુ ત્રીજા એક ચર્ચમાં ગયા. ત્યાં લોકો ખૂબ આનંદમાં હતા, હરખાતા હતા. ઈસુએ તેમના આનંદનું કારણ પૂછ્યું તો લોકોએ કહ્યું કે, અમને સત્ય પ્રાપ્ત થયું છે.

ઈસુએ તેઓને આશીર્વાદ આપતાં કહ્યું, "ધન્ય છે તમને, તમે નર્કની બીકમાંથી બચી ગયા છો અને સ્વર્ગની ખાતરી પામી ચૂક્યા છો."

આ સત્ય શું છે ? ઈસુએ કહ્યું, "માર્ગ, સત્ય તથા જીવન હું છું." જેને આ સત્ય મળ્યું છે તેને નર્કની બીક નથી અને સ્વર્ગ ગુમાવવાની પણ બીક નથી.

મેડમ ડી. ગુમોન નામની એક સંત બાઈની પ્રાર્થના આ પ્રમાણે હતી :

''પ્રભુ, આવનાર દુનિયામાં તમે મને જે કંઈ આપવા માગો છો તે મારા મિત્રોને આપો, અને આ દુનિયામાં જે કંઈ આપવા માગો છો તે મારા દુશ્મનોને આપો. મને તો ફક્ત તમે જ આપો. હું તમને જ માગુ છું, તમને જ મેળવવા ઇચ્છું છું.''

જેને આ સત્ય મળ્યું છે તેના વિષે ગીતકર્તા એન.જે. જ્યેશ આ પ્રમાણે ગાય છે :

''જેને પ્રભુ ઈસુ જ એક સગું છે,
તેને જગમાં ઓછું કશું પણ શું છે?
કાંજે બધું વિશ્વ આ તો તેહનું છે
સગું તે વિના સહુ વ્યર્થ બધું છે.''

આંન્દ્રિયા કહે છે : 'મસીહ અમને મળ્યો છે.'

ફિલીપ કહે છે : 'નાઝરેથનો ઈસુ અમને મળ્યો છે.'

આ સત્ય શું આપને મળ્યું છે ? જો મળ્યું હોય તો અમને નર્કની બીક નથી, અને સ્વર્ગ ખોવાઈ જવાની પણ બીક નથી.

❖ ❖ ❖

# ૧૦૩. સોનાની ચેઈન

ચાર્લ્સ સ્પર્જન પોતાના સંદેશામાં આ વાત કહેતા હતા -

એક રાજાએ એક સોનીને બોલાવીને કહ્યું કે જા, જઈને અમુક લંબાઈની સોનાની ચેઈન બનાવી લાવ.

થોડા દિવસોમાં સોની ચેઈન લઈને પાછો આવ્યો. તેને એમ હતું કે રાજા મને ઈનામ આપશે, પણ રાજાએ ફરી હુકમ આપ્યો કે જા આ ચેઈનને બમણી લાંબી બનાવી લાવ. ફરી સોની ચેઈન બમણી લાંબી કરી લાવ્યો. રાજાએ ફરી કહ્યું, જા, હજી આ છે એના કરતાં બમણી લાંબી ચેઈન બનાવી લાવ.

ઘણા વખત સુધી આમ ચાલ્યું. પછી એક દિવસે રાજાએ હુકમ કર્યો, કે આ સોનીને એની પોતાની બનાવેલી ચેઈનથી બાંધો અને અગ્નિની ભઠ્ઠીમાં નાખી દો.

પાપનું પણ એવું જ છે. માણસ પોતે ગૂંથેલી પાપની જાળમાં પોતે જ ફસાઈ જાય છે. પાપનું વેતન મરણ છે. (રૂમી. ૬:૨૩) પણ ઈસુ ખ્રિસ્તને આશરે અનંતજીવન એ દેવનું દાન છે.

★ ★ ★

જોન હોપકીન્સના રીસર્ચર [ સંશોધન કરનાર ] કેરન બોલાની તારવણી પ્રમાણે -

૮૩ % માણસો બીજાનાં નામો ભૂલી જાય છે.

૬૦ % માણસો વસ્તુ ક્યાં મૂકી છે તે ભૂલી જાય છે.

૫૭ % માણસો ટેલિફોનના નંબરો ભૂલી જાય છે.

૫૩ % માણસો પોતે બોલેલા શબ્દો ભૂલી જાય છે.

૪૯ % માણસો બીજાએ કહેલી વાત ભૂલી જાય છે.

૪૨ % માણસો બીજાના જોયેલા ચહેરા ભૂલી જાય છે.

૩૮ % માણસો પોતે થોડા સમય પહેલાં કશું કર્યું હોય તે ભૂલી જાય છે.

ઈશ્વરને ભૂલી જનારા લોકોની ટકાવારી કેટલી હશે ?

દાઉદ ભક્ત લખે છે : "અમે અમારા દેવ યહોવાનું સ્મરણ કરીશું." ( ગી. શા. ૨૦:૭ )

❖ ❖ ❖

# ૧૦૪. મધર ટેરેસા

મધર ટેરેસા જ્યારે જુવાન હતાં ત્યારે તેમના ભાઈ લાઝરે ગુસ્સામાં મધરને પત્ર લખ્યો અને ઠપકો આપતાં લખ્યું કે, "નવયુવાન વયે તું બધું છોડીને ગરીબોની સેવામાં લાગી ગઈ છું, પણ તું આખી જિંદગી કઈ રીતે એની પાછળ હોમી દઈશ ?"

એના જવાબમાં મધર ટેરેસાએ લખ્યું, "તમે ત્યાં જે રાજાની સેવામાં છો એ રાજા તો ફક્ત ૨૪ લાખની વસ્તીનો જ રાજા છે... જ્યારે હું જેની સેવામાં લાગી છું એ તો આખી દુનિયાનો રાજા છે."

મધર ટેરેસા, જેમણે જગતને પ્રેમ, કરુણા અને સેવાનો સંદેશો અને નમૂનો પૂરો પાડ્યો, અનેક ગરીબ, નિરાધાર બાળકો, પુરુષો અને સ્ત્રીના આશ્રમો ચાલતા કર્યા -

એ મધર ટેરેસા જ્યારે મરણ પામ્યાં ત્યારે તેમની પોતાની ગણી શકાય એવી મિલકતમાં આટલી જ વસ્તુઓ હતી -

ત્રણ સફેદ સાડી, ૧ ડોલ, પેન, બાઈબલ અને થોડા કાગળો.

પ્રભુ ઈસુ મરણ પામ્યા ત્યારે એમની પોતાની ગણી શકાય એવી મિલકતમાં માત્ર સીવણ વગરનો એક ઝભ્ભો જ હતો - અને તે પણ સિપાઈઓએ ભાગ પાડીને વહેંચી લીધો.

વધારે ગરીબ કોણ ? મધર ટેરેસા કે મધર ટેરેસાનો પ્રભુ ?

❖ ❖ ❖

## ૧૦૫. છેલ્લા શબ્દો

કેટલાંક વર્ષો અગાઉ જર્મનીમાં એક હોસ્પિટલના ઓપરેશન થીએટરમાં એક જુવાન માણસને ઓપરેશન ટેબલ ઉપર સુવાડ્યો હતો. સર્જન પાસે ઊભા હતા. બીજા કેટલાક તાલીમાર્થીઓ પણ ત્યાં હતા.

ડૉક્ટરે પેલા જુવાનને કહ્યું, હું તારું ઓપરેશન કરું તે પહેલાં તારે જે કંઈ બોલવું હોય તે બોલ, કહેવું હોય તે કહે - બોલી નાખ. તારી બોલવાની આ છેલ્લી તક છે, અને યાદ રાખજે કે આ પૃથ્વી ઉપર અત્યારે તું જે કંઈ બોલીશ એ તારા છેલ્લા શબ્દો હશે.

ડૉક્ટરના કહેવાનો અર્થ આ જુવાન સમજી ગયો. કારણ કે તેની જીભમાં કેન્સર થયું હતુ અને ઓપરેશન દ્વારા ડૉક્ટર એની જીભને કાઢી નાખવાના હતા, તેથી હવે પછી તે કદી બોલી શકવાનો નહોતો.

આવી સ્થિતિમાં આ જુવાન શું બોલશે ? શું બોલવાનું પસંદ કરશે ?

થોડી વાર થોભીને આ જુવાન તેના છેલ્લા શબ્દો બોલ્યો :

"Thank you God for Jesus Chirst."

ઈસુને માટે હું ઈશ્વરનો આભાર માનું છું.

આવા સંજોગોમાં તમારા છેલ્લા શબ્દો કયા હોઈ શકે ?

સુખના અને આનંદના સમયમાં "Thank you" કહેવું સહેલું છે, પણ દુ:ખના સમયમાં અઘરું છે.

❖ ❖ ❖

# ૧૦૬. હેન્ડલનું મસાયાહ

૧૭૪૧ની વસંત ઋતુમાં એક વૃદ્ધ માણસ લંડનમાં રહેવા ગયો. એક-બે વરસની માંદગીને કારણે તેને લકવા થઈ ગયો હતો. હવે જીવનમાં તેને બહુ ઓછી આશા રહી હતી.

તે પોતાની રૂમમાં ગયો ત્યારે ત્યાં ટેબલ ઉપર ઘણા દિવસોથી પડેલું, ખોલ્યા વગરનું એક કવર પડી રહ્યું હતું. આ વૃદ્ધ માણસે એ કવર ખોલ્યું અને કાગળ વાંચ્યો. એમાં કોઈએ તેને સંગીતના શબ્દો લખવાની વિનંતી કરી હતી. આ વૃદ્ધે કાગળ વાંચીને બાજુ પર મૂકી દીધો. પરંતુ એ કાગળમાંની વિનંતી જોઈને એને પ્રેરણા મળી. તે બેઠો થયો અને સંગીતના શબ્દો લખવાની શરૂઆત કરી.

સતત ૨૪ દિવસ સુધી તેણે પોતાની ખુરશી અને ટેબલ છોડ્યાં નહિ. સતત લખતો જ રહ્યો, બસ લખતો જ રહ્યો.

અને આ ૨૪ દિવસમાં જ લખાયું તે દુનિયાનું સૌથી પ્રખ્યાત સંગીત બની ગયું.

આ વૃદ્ધ માણસનુ નામ **હેન્ડલ** અને તેણે જે સંગીત લખ્યું તે **મસાયાહ**, જે આખી દુનિયામાં હેન્ડલનું મસાયા તરીકે ખૂબ પ્રખ્યાતી પામ્યું છે. આ સંગીતમાં ઈશ્વરની સ્તુતિ કરવામાં આવી છે.

જ્યારે આ સંગીત વાગે ત્યારે રાણી વિકટોરિયા પણ પોતાની ખુરશીમાંથી ઊભાં થઈ જતાં.

❖ ❖ ❖

# ૧૦૭. એક મોટો પ્રશ્ન

અહીં એક એવા માણસની વાત છે જેના બધા દિવસો આનંદ વગરના હતા. તે બહુ દુઃખી હતો. એનું જીવન એટલું કઠીન બની ગયું હતું કે એક દિવસ તેણે પુલ ઉપરથી નદીમાં પડીને આપઘાત કરવાનો નિર્ણય કર્યો.

તેણે પુલ તરફ ચાલવાની છેલ્લી મુસાફરી શરૂ કરી. શરૂઆત કરતાં તેણે મનમાં નિર્ણય કર્યો કે હું પુલ સુધી પહોંચું એટલામાં જો રસ્તામાં મને કોઈ એવો માણસ મળે કે જે આનંદી હોય, સુખી હોય, તો હું મારો નિર્ણય બદલી નાખીશ અને આપઘાત કરીશ નહિ.

આ વાત અહીં પૂરી થાય છે, પરંતુ એક મોટો પ્રશ્ન મૂકીને જાય છે. આપણા દરેકને માટે આ પ્રશ્ન છે. ધારો કે આ માણસને જતાં રસ્તામાં તમે સામા મળ્યા હોત, તો શું તમને જોઈને તેણે આપઘાત કરવાનો નિર્ણય બદલ્યો હોત !

તમે આનંદી છો ? સુખી છો ? તમારો આનંદ અને સુખ શામાં સમાએલાં છે ?

"When you dig another out of his troubles, you find a place to bury your own."

"જ્યારે તમે કોઈને તેની મુશ્કેલીઓમાંથી ખોદીને બહાર કાઢો છો, ત્યારે ત્યાં જે ખાડો પડે છે એમાં તમારી પોતાની મુશ્કેલીઓ દાટી દેવા માટે તમને જગા મળે છે."

❖ ❖ ❖

# ૧૦૮. આંતરિક મનુષ્યત્વ

જો તમને એમ કહેવામાં આવે કે, તમે હવે કોઈ રીતે ઉપયોગી રહ્યા નથી. જીવનમાં તમે કશું જ કરી શકો એમ નથી. નકામા બની ગયા છો - તો તમે શું કરો ?

આવો જ પ્રશ્ન ૨૧ વર્ષના જુવાન ડેવીડ થોમસની સામે આવીને ઊભો રહ્યો. એના હૃદયની એવી બીમારી હતી જેનો કોઈ ઉપાય નહોતો.

પરંતુ નિરાશ થયા વગર એણે નિર્ણય કર્યો કે હવેથી તે અગાઉના કરતાં વધારે કામ કરશે. એને માટે જેટલું જીવન બાકી છે એમાં પોતાનાં બધાં કામ પૂરાં કરશે.

તે કૉલેજમાં ગયો. અભ્યાસ પૂરો કરીને તે પાળક બન્યો. પછી એની ખ્યાતિ એવી ફેલાઈ કે ઉપદેશ કરવા માટે તેને ઘણી જગાએથી આમંત્રણો મળવા લાગ્યાં. એક વખતે તો તેણે એક અઠવાડિયામાં ૮૦ કરતાં વધારે સંદેશાઓ આપ્યા. આપણને લાગે કે આટલો બધો પરિશ્રમ એના જીવનનો અંત લાવી દેશે. પરંતુ જાણે તેને નવી ને નવી શક્તિ મળતી ગઈ. પછી તો પોતે મોટર હંકારીને ઘણી લાંબી લાંબી મુસાફરીઓ કરવા લાગ્યો. ૭૦ વર્ષની ઉંમરે પણ તે મુસાફરીઓ કરતો, ઉપદેશો આપતો. આ માણસ ડૉ. ડી.પી. થોમસના જીવન અને કાર્યોની ઘણી અજાયબ અસરો પડી છે. એનું આંતરિક મનુષ્યત્વ ખૂબ બળવાન હતું.

પ્રેરિત પાઉલ પણ એવું જ કહે છે. જો કે અમે બાહ્ય રીતે નબળા છીએ, પણ અમારું આંતરિક મનુષ્યત્વ બળવાન છે.

❖ ❖ ❖

# ૧૦૯. નાની ભેટ

આ એક નાની ભેટ હતી. ફક્ત એક પુસ્તક. માએ પોતાના નાના દીકરાને એક પુસ્તકની નાની ભેટ આપી. દીકરાને આનંદ થયો, અને પુસ્તક વાંચવામાં મશગૂલ બની ગયો. માને પણ સંતોષ થયો કે હાશ, હવે નિરાંત થઈ. દીકરો વાંચવામાં તલ્લીન છે એથી હવે મને હેરાન કરશે નહિ.

આ પુસ્તક ખગોળવિદ્યા સંબંધીનું હતું. જ્યારે પેટ્રીકે આ પુસ્તક વાંચવાનું શરૂ કર્યું ત્યારે તેને આકાશના તારાઓ વિષે બહુ ઓછી જાણ હતી, પણ જ્યારે તેણે પુસ્તક પૂરું કર્યું ત્યારે મન, મગજ અને હૃદય જાણે જીતાઈ ગયાં. ત્યાં જ અને તે જ વખતે તેણે નિર્ણય કર્યો કે તે પોતે ખગોળશાસ્ત્રી બનશે.

અને ખરેખર પેટ્રીક મુર મોટો ખગોળશાસ્ત્રી બન્યો. આ બધાનું કારણ - માએ આપેલી પુસ્તકની નાની ભેટ. માને તે વખતે ખ્યાલ પણ નહિ હોય કે તેની આ નાની ભેટ આવું મોટું પરિણામ લાવશે.

તમારાં બાળકોને એવાં પુસ્તકની ભેટ આપો, જેનાથી તેઓનું જીવન ઘડાય. તમારી નાની ભેટ નકામી જવાની નથી. રોપેલું બી ગમે ત્યારે ઊગી નીકળશે.

❖ ❖ ❖

# ૧૧૦. પડદા પાછળનો રોલ

જીમી સીંમસન એક ગામડાના રસોઈઆના સાત દીકરાઓમાંનો સૌથી નાનો દીકરો હતો. જ્યારે તે ચાર વર્ષનો હતો ત્યારે ત્યાંની નિશાળમાં દાખલ થયો. સ્કૂલમાં તેનો અભ્યાસ જોઈને બધાને લાગ્યું કે જીમી ભણવામાં ખૂબ હોંશિયાર છે.

એ દિવસોમાં ગ્રાન્ટ કે સ્કોલરશીપની વ્યવસ્થા નહોતી. જો આ છોકરાને આગળ કોલેજમાં ભણવા મોકલવો હોય તો તેના કુટુંબે બધો જ ખર્ચ ઊઠાવવો પડે.

તેના પિતા તથા છ ભાઈઓએ જરા પણ આનાકાની કર્યા વગર નક્કી કર્યું કે ગમે તે થાય પણ જીમીને એડીનબર્ગ યુનિવર્સિટીમાં ભણવા મોકલવો. જીમી યુનિવર્સિટીમાં ગયો.

૧૮૩૨ની સાલમાં ૨૧ વર્ષની ઉંમરે જીમી ડોકટર બન્યો.

૨૪ વર્ષની ઉંમરે એડીનબર્ગની રોયલ મેડીકલ સોસાયટીના પ્રમુખ તરીકે ચૂંટાયો.

૨૮ વર્ષની ઉંમરે તે પ્રોફેસર બન્યો. અને આ બધા ઉપરાંત જેને માટે જીમી સીમસનને યાદ કરવામાં આવે છે તે તો તેણે કરેલી કલોરોફોમની શોધ અને તેનો ઉપયોગ. એનેસ્થેટીક તરીકે કલોરોફોમનો કેવી રીતે ઉપયોગ કરી શકાય એની શોધ કરનાર જીમી હતો.

ગામડાંના સામાન્ય રસોઈઆનો દીકરો જીમી "સર જેમ્સ યંગ સીમસન" તરીકે પ્રખ્યાતી પામ્યો. એના સમયનો એ સૌથી પ્રખ્યાત ડોકટર હતો.

જીમીની સફળ કારકીર્દિનો યશ કોને આપી શકાય !

આજે તેના પિતા અને બીન સ્વાર્થી તેના છ ભાઈઓ, જેમણે મહેનત મજૂરી કરીને જીમીને એડીનબર્ગની યુનિવર્સિટીમાં ભણવા મોકલ્યો તેઓ ભૂલાઈ ગયા છે. તેમનાં નામ પણ આપણે જાણતાં નથી.

પરંતુ એમાં જરા પણ શંકા નથી કે દુનિયાને કલોરોફોમના ઉપયોગનો જે આશીર્વાદ મળ્યો તેમાં જીમી ઉપરાંત તેના પિતા અને છ ભાઈઓનો પણ મોટો ફાળો રહેલો છે. જીમી સીમસનનો જેટલો ફાળો છે એટલો જ તેના પિતા અને છ ભાઈઓનો પણ ગણી શકાય. જો તેઓએ મહેનત-મજૂરી કરીને તેને ભણાવ્યો ન હોત તો જીમી કદી "સર જેમ્સ" બની શક્યો ના હોત. જીમી પડદા આગળ સ્ટેજ ઉપર દેખાય છે, જ્યારે તેના પિતા અને ભાઈઓ પડદા પાછળના કલાકારો છે.

★ ★ ★

કોઈકે પ્રેસીડેન્ટ વુડરો વિલ્સનને પૂછ્યું કે દસ મીનીટનું ભાષણ આપવા માટે એની તૈયારી માટે તમારે કેટલો સમય જોઈએ ?

પ્રેસીડેન્ટે કહ્યું - બે અઠવાડિયા.

અને બે કલાકનું ભાષણ કરવાનું હોય તો તૈયારી માટે કેટલો સમય જોઈએ ?

વુડરો વિલ્સને કહ્યું - હમણાં જ તૈયાર છું.

આ બાબત સ્પષ્ટ બતાવે છે કે બોલવા અથવા લખવાની કળા માટે લાંબુ લાંબુ બોલવું કે લખવું એમાં કળા નથી, પણ થોડા શબ્દોમાં ઘણું બધું કહી દેવું એમાં કળા છે.

પાળકોએ આ યાદ રાખવું જરૂરી છે.

❖ ❖ ❖

# ૧૧૧. નવ પેની ચમત્કાર

એક છોકરી ખૂબ માંદી હતી. ડૉક્ટરે પોતાની મહેનત કરી, પણ પછી તેની માને કહ્યું, હવે તો ચમત્કાર જ આ છોકરીને બચાવી શકે એમ છે. આ છોકરીના પાંચ વર્ષના નાના ભાઈએ આ સાંભળ્યું કે ચમત્કાર મારી બહેનને બચાવી શકે એમ છે. છોકરો દોડીને પોતાની રૂમમાં ગયો અને જે ડબ્બામાં એ પૈસા ભેગા કરતો હતો તે કાઢ્યા. એમાંથી ચાંદીની પેનીના ત્રણ સીક્કા અને એક પરદેશનો સીક્કો એટલું મળ્યું. આ બધું લઈને છોકરો દોડતો દોડતો દવાની દુકાને પહોંચ્યો. કેમીસ્ટને તેણે કહ્યું, મારી પાસે નવ પેની છે. એનો મને ચમત્કાર આપો.

કેમીસ્ટ છોકરાની આ માગણી સાંભળી આશ્ચર્યમાં પડી ગયો. પૂછ્યું તારે શા માટે નવ પેનીનો ચમત્કાર જોઈએ છીએ ? છોકરાએ કહ્યું, ડૉક્ટરે કહ્યું છે કે ચમત્કાર મારી બહેનને બચાવશે ને સાજી કરશે તેથી ચમત્કાર લેવા આવ્યો છું. પણ મારી પાસે ફક્ત નવ પેની જ છે. કેમીસ્ટ સમજી ગયો, પછી માયાળુપણે બોલ્યો, છોકરા, મને માફ કરજે, મારી પાસે એ દવા નથી. છોકરો નિરાશ થઈને ઊભો રહ્યો.

હવે કેમીસ્ટની દુકાનમાં એક અજાણ્યો માણસ બેઠો હતો તેણે આ બધી વાત સાંભળી. તેણે છોકરાને પૂછ્યું, તું ક્યાં રહે છે ? ચાલ હું તારે ઘેર આવવા માગું છું. આ માણસ છોકરા સાથે એના ઘેર ગયો. એ માણસે રડતી માને કહ્યું, હું એક સર્જન છું, અને તમને વાંધો ના હોય તો તમારી દીકરીને તપાસવા માગું છું. સર્જને તેને તપાસી અને કહ્યું, મેડમ, હું આ દીકરીને બચાવી શકીશ. પછી આ સર્જને છોકરીને કપડામાં વીંટાળીને પોતાની કારમાં તેની હોસ્પિટલમાં લઈ ગયો. તેની સારવાર કરી અને થોડા દિવસોમાં તે સાજી થઈ ગઈ.

નવ પેની ચમત્કારની આ વાત છે.

❖ ❖ ❖

# ૧૧૨. બુલંદ નિરધાર

સાલ્વેશન આર્મીના સ્થાપક જનરલ વિલ્યમ બુથ ૧૯૧૨માં મરણ પામ્યા, તેના થોડા અઠવાડિયાં અગાઉ તેમણે નિર્ણય જાહેર કર્યો કે -

"રડતી સ્ત્રીઓને માટે હું લડીશ, ભૂખ્યાં બાળકોને માટે હું લડીશ. કેદખાનામાં જતા કેદીઓ અને ગુનેગારો માટે હું લડતો રહીશ.

કોઈ દારૂડિયો હશે તેને માટે -

ગરીબને માટે -

ગલીઓમાં ભૂલી પડેલી છોકરીને માટે -

અને ઈશ્વરનો પ્રકાશ પામ્યા વગરના દરેક આત્માને માટે હું લડતો રહીશ."

આવો બુલંદ નિર્ણય જાણે કોઈ જુવાન માણસનો હોય એમ લાગે, પણ ના, ૮૩ વર્ષના વૃદ્ધ, શરીરે અશક્ત, આંખે બરાબર દેખાય નહિ - એવા એક વૃદ્ધ માણસ - વિલ્યમ બુથનો હતો. આ એમનો નિરધાર હતો. જુવાનને પણ શરમાવે એવો આ બુલંદ નિરધાર હતો.

પ્રેરિત પાઉલ પણ વૃદ્ધાવસ્થાએ લખે છે કે "હું સારી લડાઈ લડ્યો છું."

❖ ❖ ❖

# ૧૧૩. ઈસુના પક્ષમાં ઊભા રહો

પાળકનું નામ Dudley Tyng ડુડલી ટીંગ હતું. તેમના પિતા સ્તેફન પણ પાળક હતા. ટીંગ એક સારા વક્તા હતા. ૨૯ વર્ષની તેમની ઉંમરે એક રવિવારે ફિલાડેલ્ફિયામાં એક મોટી સભામાં પાંચ હજાર માણસોની મેદનીમાં રેવ. ટીંગે સંદેશો આપ્યો, ત્યારે આશીર્વાદ માંગવામાં આવે તે પહેલાં દર પાંચ માણસે એક માણસ પ્રાર્થનામાં હતા. રેવ. ટીંગ સ્પષ્ટ વક્તા હતા અને ગુલામગીરીની વિરુદ્ધમાં સ્પષ્ટ બોલતા.

આ ૧૮૫૮ની સાલની વાત છે. પાળકના ગુલામગીરી વિરુદ્ધના સંદેશાઓ મંડળીના લોકોને ગમતા નહોતા, કારણ કે ઘણા લોકો ગુલામો રાખતા હતા. આથી મંડળીના લોકોએ તેમને મંડળીના પાળકપદેથી રાજીનામું આપવા દબાણ કર્યું, તેમ છતાં રેવ. ટીંગ ગુલામોની પ્રથા વિરુદ્ધ બોલતા જ રહ્યા. આખરે એક કાવત્રામાં એક્સીડેન્ટ કરાવીને પાળકને ઘાયલ કરવામાં આવ્યા.

રેવ. ટીંગ મરણ પથારીએ હતા. તેમની બાજુમાં તેમના પાળક મિત્ર રેવ. જ્યોર્જ ડુફીલ્ડ બેઠા હતા. રેવ. ડુફીલ્ડ હમેશાં રેવ. ટીંગની પડખે ઊભા રહેતા હતા. મરણની થોડી ક્ષણો પહેલાં રેવ. ટીંગે પોતાના પાળક મિત્ર રેવ. ડુફીલ્ડની સામે જોયું અને ધીમેથી બોલ્યા :

"તેઓને કહો કે તેઓ ઈસુના પક્ષમાં ઊભા રહે."

મરનાર પાળકના આ છેલ્લા શબ્દો હતા અને સાંભળનાર રેવ. જ્યોર્જના હૃદયને વિંધનાર આ શબ્દો હતા. એ રાત્રે રેવ. જ્યોર્જને વારંવાર આ શબ્દો સંભળાવા લાગ્યા, "ઈસુના પક્ષમાં ઊભા રહો." આખરે તે ઊભા થયા, પેન અને કાગળ લીધાં અને શબ્દો લખવા માંડ્યા.

જ્યારે બધી લાઈનો લખાઈ ગઈ ત્યારે તેમણે વિચાર્યું કે આ ગીતના શબ્દો તેઓ પોતાના પાળક મિત્ર રેવ. ટીંગની દફનવિધિ પ્રસંગે વાંચશે. અને એમ જ બન્યું. અને એમ દુનિયાએ પ્રથમ વખતે આ ગીત સાંભળ્યું જે ગીત ત્યાર પછી ગાનારનાં અને સાંભળનારનાં હૃદયોને ઢંઢોળી નાખ્યાં છે :-

"Stand up stand up for Jesus,
Ye soldiers of the cross;
Lift high his royal banner,
It must not suffer loss."

[ભ.સં. ગીત - ૩૭૯]

આઈરીશ લોકો પ્રાર્થના કરતાં આ પ્રમાણે કહે છે :-

"May the road rise up to meet you,
May the wind be always at your back,
May the sunshine warm your face,
and the rain fall soft on your fields,
and when at last we meet again,
May God hold you in the Palm of His hand."

એકબીજાને માટેની કેવી સુંદર પ્રાર્થના, કેવો આશીર્વાદ, કેવી અજબ ભાવના. આવી ભાવના આપણામાં પ્રાગટ્ય હો.

❖ ❖ ❖

# ૧૧૪. જ્યારે ફરજ બોલાવે ત્યારે

૧૯૩૫ની સાલમાં એક જુવાન માણસ ગ્લાસગો કેથેડ્રલનો પાળક નીમાયો. ઘણા લોકોને આશ્ચર્ય થયું કે આવો જુવાન માણસ આવી મહત્ત્વની ભૂમિકા અને કઠણ જવાબદારી કેવી રીતે નીભાવશે !

પરંતુ આવું વિચારતા લોકોને તેનો જવાબ થોડા સમયમાં જ મળી ગયો.

ગ્લાસગો ગયા પછી એક દિવસે આ જુવાન પાળક લોચ લોમોન્ડ નદીના કિનારે ફરવા ગયો હતો, ત્યાં એક નાની છોકરી દોડતી આવી અને કહેવા લાગી કે એનો નાનો કૂતરો નદીમાં પડી ગયો છે. પેલા જુવાને જોયું તો ખરેખર કૂતરો પાણીમાં પડેલો હતો અને બહાર નીકળવા તરફડિયાં મારી રહ્યો હતો. કિનારેથી ૨૦ વાર દૂર તે પાણીમાં હતો.

કોઈ પણ જાતનો સમય બગાડ્યા વગર તે જુવાન તરત પાણીમાં કૂદી પડ્યો અને તરતો તરતો કૂતરા પાસે પહોંચ્યો અને મહામહેનતે કૂતરાને સહિસલામત પાણીમાંથી બહાર કાઢી, કિનારે લાવીને છોકરીને સોંપ્યો.

કોઈ કહેશે - એક છોકરીના નાના કૂતરાને પાણીમાંથી બચાવવો એને અને પાળકના કામને શો સંબંધ ! પણ સંબંધ છે.

આ બનાવ બતાવે છે કે આ જુવાનમાં કેટલી કરુણા છે, કેટલી હિંમત છે, મદદ કરવાની કેવી ભાવના છે, અને જ્યારે ફરજ બોલાવે, ત્યારે જોખમ ખેડવા તૈયાર છે, એને માટે આપવો પડતો ભોગ આપવા તૈયાર છે. પાળકની આ મોટી લાયકાત છે.

આ જુવાને ગ્લાસગો કેથેડ્રલની જવાબદારી ભરી જગા સંભાળી, ને છેવટે જનરલ એસેમ્બલીનો મોડરેટર બન્યો. એનું નામ - નેવીલ ડેવીડસન.

❖ ❖ ❖

## ૧૧૫. એક નાનો પત્ર

મી. એન્ડુ બ્રાન્ડ, જ્યારે નાનો છોકરો હતો, ત્યારનો પોતાનો એક યાદગાર અનુભવ કહે છે.

એક વૃદ્ધ વિધવા બાઈ જે વાંચી-લખી શકતી નહોતી તેની આ વાત છે.

એક દિવસે આ બાઈને એક પત્ર મળ્યો. આ બાઈનો એકનો એક દીકરો જે દૂર રહેતો હતો એના તરફથી આ પત્ર આવ્યો હતો. આ કાગળની સાથે એક પાઉન્ડની નોટ પણ હતી.

સાંજે જ્યારે એન્ડુ આ બાઈને ઘેર પહોંચ્યો ત્યારે પેલી બાઈએ આ કાગળ તેને વાંચી સંભળાવવા માટે આપ્યો. કાગળમાં લખ્યું હતું :-

"Dear Mother, if you are all right, I am all right."

- Bobby.

વહાલી મા, જો તમે મઝામાં હો, તો હું પણ મઝામાં છું. - બોબી.

એન્ડુએ આ કાગળ વાંચ્યો ત્યારે તેણે જોયું તો પેલી માની આંખોમાં આંસુ હતાં, અને એના ચહેરા ઉપર આનંદ અને ગર્વ હતો.

એકલવાયુ જીવન જીવતી માતાઓને કે પિતાઓને તેમનાં બાળકો તરફથી આવો નાનો અને સાદો - ૧૦ વાક્યોનો પણ કાગળ મળે ત્યારે તેમનું હૃદય ગીત ગાવા લાગે છે. તેમને ખાતરી થાય છે કે બાળકો અમને ભૂલી ગયાં નથી.

તમે, તમારી માને કે પિતાને છેલ્લે આવો કાગળ ક્યારે લખ્યો હતો ?

❖ ❖ ❖

## ૧૧૬. કરુણતામાંથી સર્જાયેલો આશીર્વાદ

ઓહાઈઓમાં જન્મેલો થોમસ નામનો છોકરો ત્યાંની એક ધર્મશાળાના માલિકનો છોકરો હતો. કુટુંબ ગરીબ હતું. ૧૨ વર્ષની ઉંમરે તે રોજી રોટી માટે ગાડીઓમાં ફરીને ન્યુઝ પેપરો વેચતો હતો. તેના ઘરની બાજુમાં એક ગાર્ડવાન પડી રહેતી હતી એમાં તે પોતાના ન્યુઝ પેપરો રાખતો હતો. આ ગાર્ડવાનમાં ભરાઈને તે ત્યાં ઇલેક્ટ્રિક અંગેના પોતાના શોખના પ્રયોગો કરતો હતો.

એક દિવસે તે આમ જ ગાર્ડવાનની નીચે ભરાયો હતો, એવામાં વાનનો ડ્રાઈવર આવ્યો અને ગાડી ચાલુ કરી. થોમસ ગભરાઈ ગયો. તેને લાગ્યું કે જાણે હમણાં બે પૈડાં વચ્ચે તે કચરાઈ જશે. એક સળીયો પકડીને તે લટકી રહ્યો હતો. વાનના ડ્રાઈવરને તેની ખબર પડી ગઈ, તેને પકડી પાડ્યો અને તેનો કાન ખેંચીને તેને બહાર કાઢ્યો. તે બચી તો ગયો પણ તે સમયથી તે બહેરો બની ગયો અને આખી જિંદગી તે બહેરો જ રહ્યો.

મોટી ઉંમરે તેણે લખ્યું કે બાર વર્ષની ઉંમરથી તેણે પક્ષીઓના ગાવાનો અવાજ સાંભળ્યો નથી ;

છતાં, લાખો લોકોને તેણે ગીત-સંગીત- મ્યુઝિક સંભળાવ્યું છે. તેણે ગ્રામોફોનની શોધ કરી, જે દ્વારા લોકો સંગીત-મ્યુઝિક સાંભળતા થયા. આ ગ્રામોફોનની શોધ કરનારનું નામ - થોમસ આલ્વા એડીસન.

મોટા મહાન આશીર્વાદો ઘણી વખત કોઈ કરુણતામાંથી, કોઈ કમનસીબીમાંથી સર્જાય છે અને થોમસ આલ્વા એડીસન એનું ઉદાહરણ છે.

❖ ❖ ❖

## ૧૧૭. એક ખુલ્લો પત્ર - ખ્રિસ્તીઓ, વિચારો

કેટલાંક વર્ષો ઉપર એક કોમ્યુનીસ્ટ ન્યુઝ પેપરમાં આ સમાચાર છપાયા હતા :-

અમારી માર્કસીસ્ટની ફિલોસોફી કરતાં ઈસુની સુવાર્તામાં માણસના જીવનને બદલવાનું વધારે સામર્થ્ય રહેલું છે. સુવાર્તા સમાજને બદલવાનું પાવરફુલ હથિયાર છે.

આમ છતાં, અમે સામ્યવાદીઓ તમને ખ્રિસ્તીઓને હરાવી શકીશું. અમે સંખ્યામાં થોડા છીએ, તમે ખ્રિસ્તીઓની સંખ્યા લાખોની છે, છતાં તમને હરાવીશું.

કારણ કે -

અમે અમારી આવકમાંથી જોઈએ એટલું રાખીને બાકીનું બધું અમારા સિદ્ધાંતોના પ્રચાર માટે આપી દઈએ છીએ. અમારા નાણાં, ઉપરાંત, અમારો વધારાનો સમય અને અમારી રજાઓ પણ અમે આપી દઈએ છીએ.

તમે ખ્રિસ્તીઓ, તમારી આવકમાંથી બહુ ઓછું તમારા સિદ્ધાંતોના પ્રચાર માટે આપો છો. ઈસુની પાવરફુલ સુવાર્તાના પ્રચાર માટે તમારાં થોડાં નાણાં અને થોડો સમય એ પૂરતું નથી. જો તમે તમારાં નાણાં અને સમયનો સુવાર્તાના કાર્ય માટે ભોગ આપવા તૈયાર નથી તો કોણ તમારી વાત માનશે. તમારા વિશ્વાસને કોણ કબૂલ રાખશે !

- વિચાર કરો. આપણે માટે ખુલ્લો પડકાર છે. આ પત્ર આપણને આત્મસંબોધન કરવા પ્રેરણા આપે છે.

❖ ❖ ❖

# ૧૧૮. સ્વપ્ન સાકાર થયું.

સને ૧૮૫૧ની સાલમાં એક જુવાન યુગલને ત્યાં એક દીકરાનું દાન મળ્યું. માબાપ ખુશ હતાં. જ્યારે તેઓ પ્રાર્થના કરવા ઘૂંટણે પડ્યાં ત્યારે માએ ધીમેથી તેના પતિના કાનમાં કહ્યું, ''મારી ઇચ્છા છે કે આપણો દીકરો મોટો થઈને મિશનરી બને.''

આ માને કદી ખબર પડી નહિ કે તેની ઇચ્છા - તેનું સ્વપ્ન સાકાર થયું છે, કારણ કે બાળક બે વર્ષનો હતો ત્યારે જ મા મરણ પામી. પણ તેનો પતિ જાણતો હતો કે તેની પત્નીની ઇચ્છા દીકરાને મિશનરી બનાવવાની હતી. આથી પત્નીની ઇચ્છા પૂરી થાય માટે તેણે બધા જ પ્રયત્નો કર્યા.

નાનો છોકરો બોબી મોટો થતો ગયો. તે તેના પિતાના પેટીઓ બનાવવાના ધંધામાં મદદ કરવા લાગ્યો. દિવસે તે કામ કરતો અને રાત્રે નિશાળમાં જતો. પછી તો તે કોલેજમાં ગયો. એમ.એ. થયો અને પછી ડૉક્ટર બનવાની તાલીમ લીધી અને ૨૪ વર્ષની ઉંમરે તેને મેડીકલ મિશનરી તરીકે દીક્ષા આપવામાં આવી.

જે દિવસે તેણે મિશનરી તરીકે આફ્રિકાની મુસાફરી શરૂ કરી તે દિવસ તેના જીવનનો ધન્ય દિવસ હતો. આફ્રિકામાં તે ''મિશનરી ડૉ. રોબર્ટ લો ઓફ લીવીંગસ્ટોનીઆ'' તરીકે પ્રખ્યાત થયો. તેણે ૭૦૦ કરતાં વધારે સ્કૂલો સ્થાપી. ઘણી કોલેજો અને હોસ્પિટલોના પાયા નાખ્યા. તે દેશ અને દેશના રાજા દ્વારા તેને ખૂબ માન આપવામાં આવ્યું. એક યુનિવર્સિટિને તેનું નામ આપવામાં આવ્યું.

ખરેખર, પેલી મા, જો કે જોવા જીવતી રહી નહિ, પણ તેનું સ્વપ્ન સાકાર બન્યું. તેની કલ્પના કરતાં વિશેષ.

❖ ❖ ❖

# ૧૧૯. એસ્પીરીન

કોરિયાની લડાઈ વખતે અમેરિકન જનરલે રેડિયો ઉપર અપીલ કરી કે લડાઈને કારણે ઘરબાર વગરના થઈ ગયેલા હજારો રક્ષણાર્થીઓ માટે દવા પૂરી પાડવા માટે નાણાંની જરૂર છે.

જેઓએ રેડિયો ઉપર આ અપીલ સાંભળી તેમાં આઠ વર્ષનો એક છોકરો પણ હતો. જેવી અપીલ પૂરી થઈ કે તરત તે દોડતો કેમીસ્ટની દુકાને પહોંચી ગયો અને ત્યાંથી એસ્પીરીનની એક બોટલ ખરીદી લાવ્યો, તેને પેક કરીને જનરલને પાર્સલ કરી.

કોઈક રીતે આ પાર્સલ સીધું જનરલની પાસે પહોંચ્યું. જનરલ બહુ વ્યસ્ત હતા, પણ એટલા બધા વ્યસ્ત નહિ કે આ છોકરાની ચીઠ્ઠી વાંચી ના શકે ! જ્યારે તેમણે પાર્સલ સાથેની ચીઠ્ઠી વાંચી ત્યારે તેઓનું હૃદય લાગણીથી ભરાઈ ગયું.

આ છોકરા વિષે - છોકરાના પાર્સલ વિષે કહેવા અને લોકોને જણાવવા માટે તેમણે ફરી રેડિયો ઉપર જાહેરાત કરી. આની બહુ મોટી અસર થઈ. આ છોકરાની એસ્પીરીનનું અજાયબ પરિણામ એ આવ્યું કે દવાઓથી ભરેલું એક વિમાન કોરિયા મોકલવામાં આવ્યું.

નાની મદદ, નાની સેવા, નાનું દાન - પણ કીંમતી છે, અને અજાયબ ફળો લાવે છે.

❖ ❖ ❖

## ૧૨૦. તેની પ્રાર્થના સાંભળવામાં આવી

નાતાલના એક કાર્ડ ઉપર લખાએલા આ શબ્દો વિચાર કરવા જેવા છે :-

તેણે શક્તિ-સામર્થ્ય માટે માગણી કરી, જેથી તે વધુ પ્રાપ્ત કરી શકે -

પણ તેને નબળો બનાવવામાં આવ્યો, જેથી તે આજ્ઞાકારી બની શકે.

તેણે તંદુરસ્તી માટે પ્રાર્થના કરી, જેથી તે મોટાં મોટાં કામો કરી શકે -

પણ તેને માંદગી આપવામાં આવી જેથી તે નાનું કામ પણ સારી રીતે કરે.

તેણે ધનવાન થવા માગણી કરી, જેથી તે સુખી બની શકે -

પણ તેને ગરીબાઈ આપવામાં આવી જેથી તેને ડહાપણ અને જ્ઞાન મળે.

તેની પ્રાર્થનાઓ સાંભળવામાં આવી, અને તેને ખૂબ આશીર્વાદ મળ્યો.

માબાપો માટે :

"Before your child has come to seven
Teach him well the way to heaven
Better still the truth will thrive
If he knows it when he is five
Best of all if, at your knee
He learns it when he is three."

❖ ❖ ❖

# ૧૨૧. ટપાલનો થેલો

"મેલો ઘેલો, થાજે ટપાલનો થેલો."

ટપાલનો થેલો કદી ધોવાતો હશે ? ખબર નહિ, પણ એ મોટે ભાગે મેલો જ હોય છે. પરંતુ એ મેલા ટપાલના થેલામાં જાતજાતના કાગળો - સમાચારો પડેલા હોય છે.

લગ્નની કંકોતરી એમાં છે,
તો મરણના સમાચારનો કાગળ પણ છે.
ઉઘરાણીવાળાનું બિલ એમાં છે,
તો મનીઓર્ડર પણ છે.
વકીલની નોટીસ એમાં છે,
તો કોઈનો પ્રેમપત્ર પણ છે.
વિદાય સમારંભનું આમંત્રણ એમાં છે,
તો મિલનસમારંભનું આમંત્રણ પણ છે.
આનંદના તેમ જ દુઃખના
મિલનના તેમ જ વિયોગના
આવવાના તેમ જ જવાના
જન્મના તેમ જ મરણના
લગ્નના તેમ જ છૂટાછેડાના
દેશના તેમ જ પરદેશના
મિત્રોના તેમ જ દુશ્મનોના -

એવા અનેક પત્રો અને સમાચારોથી ભરેલો ટપાલીનો થેલો ઘેર ઘેર ફરે છે અને સમાચારો વહેંચતો ફરે છે.

❖ ❖ ❖

# ૧૨૨. દસ રૂપિયાની નોટ

રસ્તામાં જતાં મને મળી,

દસ રૂપિયાની એક નોટ,

ગંદી, ફાટેલી અને સાંધેલી નોટ,

જોઈને હું હરખાઈ ઊઠ્યો.

હાશ, આજ તો ખાવાનું મળશે.

નોટ લઈને હું પહોંચ્યો દુકાને, નોટ ધરીને વટથી કહ્યું, થોડો લોટ, થોડું તેલ અને બીજું કંઈ આપ. દુકાનદારે મોઢું બગાડીને કહ્યું, નહિ ચાલે તારી આ ફાટેલી નોટ. હું નિરાશ થઈને પાછો ફર્યો.

ફરી આશા સાથે નોટ લઈને પહોંચ્યો પાનના ગલ્લે, અને નમ્રતાથી કહ્યું, છૂટા આપો.

પેલા માણસે નોટ સામે જોઈને કહ્યું, છૂટા નથી, અને તારી આ નોટ ચાલે એવી પણ નથી. હવે ?

પછીના રવિવારે નોટ લઈને ચર્ચમાં ગયો. પ્રભુને કહ્યું, પ્રભુ મારી પાસે આ એક જ નોટ છે. ફાટેલી અને સાંધેલી છે - ગંદી પણ છે - શું તમે એનો સ્વીકાર કરશો ? હા, પ્રભુ, હું જાણું છું કે તમે આ નોટનો સ્વીકાર કરશો જ. અને આ નોટની જેમ હું પણ ફાટેલો - સાંધેલો અને પાપથી ખરડાયેલો છું. હું જેવો છું તેવો પ્રભુ તમે આ નોટની સાથે મને પણ સ્વીકારો. હું છું તેવો જ, દેવના હલવાન, હું આવું છું. પ્રભુએ મને, અને મારી નોટ, બંનેને સ્વીકારી લીધાં.

## નોટ અને પરચુરણ

બજારમાં રૂા. ૧૦૦ ની નોટનું ચલણ અને વજન વધારે પડે. એનો ગર્વ પણ એટલો જ ભારે.

ગાડીમાં અને બસમાં - મુસાફરીમાં રૂા. ૧૦ ની નોટનું વર્ચસ્વ ઘણું. છૂટાની માથાકૂટ નહિ. બધે ચાલે.

પણ ચર્ચમાં તો પરચુરણનું વર્ચસ્વ વધારે. એનો ખણખણાટ અને રૂઆબ જોયાં છે ? ચાર માણસો એને ઊંચકવા અને ગણવા જોઈએ. અને વળી પ્રિસ્ટ એને પોતાના હાથમાં ઊંચકીને આશીર્વાદ માગે. ચર્ચ પછી છૂટા લેવાની લાઈન લાગે.

ચર્ચની ભજનસેવામાં - દાનાર્પણમાં - પરચૂરણનું જે વર્ચસ્વ છે, રૂઆબ છે, માગણી છે, ખણખણાટ છે, એટલો નોટનો નથી.

❖ ❖ ❖

# ૧૨૩. તમે શું માનો છો ?

એક બહેન, જે ઘણા વખતથી કોઈ એક મંડળીમાં સભાસદ હતાં, તેમને કોઈએ પૂછ્યું, તમે શું માનો છો ? તમારી ખ્રિસ્તી માન્યતા શું છે ? તમે સમજાવી શકશો ?

બહેને કહ્યું : મારી મંડળી જે માન્યતા ધરાવે છે તે જ હું માનું છું.

સવાલ : પણ તમારી મંડળીની શી માન્યતા છે ?

બહેન : હું જે માનું છું તે જ મારી મંડળી માને છે.

સવાલ : તમે અને તમારી મંડળી શું માનો છો ?

બહેન : અમારી બંનેની માન્યતા એક સરખી જ છે.

આ બહેન શું માને છે, ખ્રિસ્તી સિદ્ધાંતો શું છે તે સમજાવી શકતાં નથી.

શું તમે ઈશ્વરની તારણની યોજના સાદા શબ્દોમાં સમજાવી શકો છો ?

૨ તીમોથી ૩ જો અધ્યાય - પ્રેરિત પાઉલની તીમોથીને સલાહ છે કે "તું જે શીખ્યો છે અને જેની તને ખાતરી થઈ છે તેને વળગી રહે."

❖ ❖ ❖

## ૧૨૪. આજે પગારનો દિવસ છે.

એક સ્ત્રી રડતી રડતી આંસુઓ સાથે પોલીસ સ્ટેશનમાં દાખલ થઈ. ત્યાં અધિકારીને ફરિયાદ કરી કે સાહેબ, મારા પતિ ગૂમ થઈ ગયા છે, હું તેમના વગર જીવી શકું એમ નથી. મહેરબાની કરીને મને મારા પતિ શોધી આપો.

પોલીસ અધિકારીએ હમદર્દી બતાવતાં કહ્યું, બહેન તમે શાંત થાઓ, અને વિગતે વાત કરો, તો અમે જરૂર તમને તમારા પતિને શોધવામાં મદદ કરીશું.

હા, તો બહેન, બોલો, તમારા પતિ ક્યારે ગૂમ થયા ?

પત્ની બોલી, સાહેબ, એક અઠવાડિયા પહેલાં.

તો પછી તમે અત્યાર સુધી બેસી કેમ રહ્યાં, વહેલી ફરિયાદ કેમ ના નોંધાવી. શા માટે આજે આવ્યાં ?

પત્ની કહે - સાહેબ, કારણ કે આજે એમના પગારનો દિવસ છે, અને આજે મારે એમની સખત જરૂર છે.

કેટલા બધા લોકો આ સ્ત્રીની માફક જરૂર પડે તો જ ઈશ્વરને પોકારે છે - શોધે છે. જરૂરિયાતો માટે, માંદગી આવે, પરીક્ષા આવે, મુશ્કેલી આવે ત્યારે ઈશ્વરને શોધવા નીકળે છે. સુખના સમયમાં ઈશ્વર યાદ આવતા નથી.

❖ ❖ ❖

# ૧૨૫. મૂસાનો ચુકાદો

જૂના કરારમાં ગણના ૨૭માં સલોફહાદની પાંચ દીકરીઓની વાત મળે છે; જેમણે પોતાના બાપની મિલકતમાં ભાગ માગ્યો. આ અગાઉ બાપની મિલકતમાં દીકરીઓને ભાગ મળતો નહોતો. તેઓ બાપની મિલકતની વારસદાર ગણાતી નહિ. આ આખો કેસ મૂસાની પાસે આવ્યો. મૂસાએ ન્યાય કરીને નવો નિયમ જાહેર કર્યો કે ‘‘જો માણસ મરી જાય અને તેને દીકરો ના હોય તો દીકરી બાપની મિલકતની વારસદાર થાય.’’ (ગણના ૨૭:૮). મૂસાએ દીકરીઓનો હક સ્થાપિત કર્યો. ત્યારથી આ કાયદો બન્યો છે.

આજે પણ મૂસાએ આપેલા આ ચુકાદાને માન્ય ગણવામાં આવે છે, એને અધિકારયુક્ત ગણવામાં આવે છે.

૧૯૨૪ના ફેબ્રુઆરી માસના અમેરિકન બાર એસોસીએશનના જર્નલમાં હેનરી સી. કલાર્કે મૂસાના આ ચુકાદાને ટાંકીને જણાવ્યું કે સ્ત્રીઓને બાપની મિલકતના વારસદાર ગણાવતો મૂસાનો આ ચુકાદો અધિકારયુક્ત છે.

સલોફહાદની પાંચ દીકરીઓનો વિજય બતાવતો આ ચુકાદો આજે પણ ન્યાયની અદાલતો માન્ય રાખે છે.

❖ ❖ ❖

# Out lines of sermons

# સંદેશાની રૂપરેખા

મી. વ્હીટફીલ્ડના સંદેશાઓ સાંભળીને આવતા લોકો કહેતા હતા :
"મી. વ્હીટફીલ્ડ કેવા મહાન ઉપદેશક છે."

જ્યારે મી. જોનાથાન એડવર્ડના સંદેશાઓ સાંભળીને આવતા લોકો
કહેતા હતા કે, "તારણ પામવા માટે હું શું કરું ?"

*"Preacher, do not preach as superior approach, but preach as one beggar showing another beggar where to get food."*

# ૧. નવું વરસ

ઉત્પત્તિ ૧૨:૧-૯

"અને તેઓ કનાનમાં જવા નીકળ્યા, ને કનાન દેશમાં આવી પહોંચ્યા." કલમ ૫.

૧. ઈસ્રાએલીઓએ કનાન દેશમાં જવાની શરૂઆત કરી અને જ્યાં સુધી પહોંચ્યા નહિ ત્યાં સુધી મુસાફરી ચાલુ રાખી.

જીવનમાં સફળતા માટે બે મુખ્ય બાબતો :-

૧. ધ્યેય હોવું જોઈએ - શરૂઆત કરવી.

૨. શરૂઆત કર્યા પછી આગળ ચાલતા રહેવું.

ઈબ્રાહીમ હારાનમાં પહોંચ્યો ત્યાં તેના પિતા મરણ પામ્યા. તેને આગળ જવાની ઈચ્છા ના થાય એ સ્વાભાવિક છે કારણ કે :

૧. હારાનમાં એના બાપની કબર હતી.

૨. હારાન લીલોછમ અને રળિયામણો પ્રદેશ હતો. પુષ્કળ ઘાસ-ચારો, પાણી ત્યાં હતું.

પણ, ઈબ્રાહીમ ત્યાં અટકી ગયો નહિ અને આગળ ચાલ્યો અને કનાનમાં આવી પહોંચ્યો.

૨. કેટલાક કનાન તરફ - ધ્યેય તરફ ચાલવાની શરૂઆત કરે છે, પણ પહોંચી શકતા નથી, કારણ કે :

૧. શરૂઆત કરે છે, પણ માર્ગમાં મુશ્કેલીઓ આવતાં ત્યાં જ અટકી જાય છે.

૨. બીજા કેટલાક પહોંચી શકતા નથી, કારણ કે માર્ગમાં તેમનું ધ્યેય, વિચાર બદલાઈ જાય છે, દિશા બદલાઈ જાય છે, નિર્ણય બદલાઈ જાય છે.

૩. કેટલાક રસ્તામાં જ ઠરીઠામ થઈ જાય છે ત્યાં જ રહી જાય છે.

૪. કેટલાક પહોંચી શકતા નથી, કારણ કે તેઓ શરૂઆત જ કરતા નથી.

"તેઓ કનાનમાં આવી પહોંચ્યા." પ્રેરિત પાઉલ લખે છે :

મેં મારી દોડ પૂરી કરી છે."

એક હજાર માઈલની મુસાફરીની શરૂઆત પહેલા પગલાંથી થાય છે, પણ છેલ્લું પગલું ત્યાં પહોંચાડે છે. પહેલું પગલું જરૂરી છે, પણ એટલું પૂરતું નથી. છેલ્લા પગલાં સુધી ચાલવું જોઈએ.

અંત સુધી ટકશે એ જ તારણ પામશે.

❖ ❖ ❖

## ૨. નવા વરસે ઈશ્વરનું વચન

યિર્મેયાહ ૩૭ : ૧૭ માં સિદીકીયાહ રાજા સવાલ પૂછે છે: **"યહોવા તરફથી કંઈ વચન છે ?"** અને યિર્મેયાહ જવાબ આપે છે, **હા, છે.**

Is there any word from the Lord ? and Jermiah said, yes, there is.

૧૯૯૭ના જાન્યુઆરીની ૧લી તારીખે નેલ્સન વહાણની મુસાફરીમાં હતો અને ત્યાંથી તેણે પોતાના પિતાને પત્ર લખ્યો, "મારા વહાલા પિતા, મને ખાતરી છે કે આજના દિવસે તમે જરૂર મને પત્ર લખશો."

આજના દિવસે સ્વર્ગીય પિતાનો પત્ર છે - સંદેશો છે : કયો સંદેશો ?

૧. **પહેલો સંદેશો :** આપણે નવા વરસના દરવાજા આગળ આવીને ઊભા છીએ. આ દરવાજો **નવી તક**નો દરવાજો છે.

It is door of new opportunity

"જૂનું સર્વ જતું રહ્યું છે, જુઓ સઘળું નવું થયું છે."

નવું વર્ષ નવી તકો આપે છે, સાક્ષી આપવાની, કોઈને મદદ કરવાની, કોઈની મુલાકાત લેવાની, પસ્તાવો કરવાની. ગયા વર્ષે આ તકો ગુમાવી હોય તો આ નવી તક છે.

૨. **બીજો સંદેશો :** સમયનો સદ્‌ઉપયોગ કરો.

સાત સંત પુરુષોમાંના એક ચીલો નામના સંતને કોઈએ પૂછ્યું કે માણસ માટે અઘરામાં અઘરું કામ કયું છે ?

સંતે જવાબ આપ્યો : મળેલા સમયનો સદ્‌ઉપયોગ કરવાનું કામ અઘરું છે.

પ્રેરિત પાઉલ લખે છે કે સમયનો સદ્‌ઉપયોગ કરો. દરેકને સરખો સમય મળે છે. દિવસના ૧૨ કલાક.

"મીણબત્તીને બંને છેડેથી સળગાવશો નહિ. નહિ તો જલદી બળી જશો."

૩. **ત્રીજો સંદેશો :** નવા વરસમાં ઈશ્વર આપણી સાથે છે.

ગી. શા. ૪૬. ".... તોપણ સૈન્યોનો દેવ યહોવા આપણી સાથે છે."

તું તેનું નામ "ઇમાનુએલ" પાડશે, જેનો અર્થ છે **"દેવ આપણી સાથે"**

તું જ્યાં કહી જશે ત્યાં હું તારી સાથે છું.

શું નવા વર્ષે ઈશ્વર તરફથી કંઈ વચન છે ?

હા, છે.

❖ ❖ ❖

# ૩. વિદાયગીરીમાં આનંદ

ઈસુનું સ્વર્ગારોહણ (મે માસમાં)

શાસ્ત્ર વાચન પ્રે.કૃ. ૧; લૂક ૨૪:૫૦-૫૨; પ્રે. કૃ. ૨૦:૧૭-૧૮

"તેનું ભજન કરીને તેઓ બહુ આનંદ કરતા યરૂશાલેમ પાછા ફર્યા." લૂક ૨૪:૫૨.

પાઉલની વિદાયગીરી કરુણ-હ્રદયભેદક છે. બધા ભેટીને રડ્યાં. પ્રે.કૃ. ૨૦.

આપણાં સ્વજનોની વિદાયગીરી દુઃખ પમાડે છે.

પણ અહીં એવી વિદાયગીરી છે જેમાં આનંદ છે, ઉલ્લાસ છે. "તેઓ આનંદ કરતા પાછા ફર્યા."

**ઈસુની વિદાયગીરીમાં આનંદ કેમ ? શા માટે ?**

૧. ઈસુએ પોતાના સજીવન થયાની ખાતરી આપી. શિષ્યોને ખાતરી થઈ કે અમારો ગુરુ જીવે છે એ ખાતરીને કારણે તેઓ આનંદ કરે છે.

૨. ઈસુનું સ્વર્ગમાં જવું શિષ્યો માટે - મંડળી માટે લાભકારક હતું (યોહાન ૧૬:૭). માટે તેઓ આનંદ કરતા પાછા ફર્યા.

૩. શરીરમાં ઈસુને મર્યાદાઓ હતી, પણ હવે કોઈ મર્યાદા રહી નથી. ગમે ત્યારે ગમે ત્યાં હાજર થઈ શકે છે. તે સર્વત્ર છે. ઈસુના પ્રેમથી હવે કોઈ જુદાં પાડી શકશે નહિ.

૪. ઈસુના જવાને કારણે જ સંબોધક-પવિત્ર આત્મા મોકલવામાં આવ્યો. સંબોધક આવે માટે ઈસુનું જવું જરૂરી હતું.

૫. હવે ઈસુ, બાપને જમણે હાથે બેઠેલા છે. સર્વ સત્તા, મહત્ત્વ, ગૌરવ ધારણ કરીને મધ્યસ્થી કરે છે.

૬. તે પાછો આવવાનો છે.

"જેમ તમે એને જતાં જુઓ છો, તેમ જ તે પાછો આવશે." પ્રે. કૃ. ૧.

આ બધાં કારણોને લીધે શિષ્યો ઈસુની વિદાયગીરીમાં શોક કરતા નથી, પણ આનંદ કરે છે.

❖ ❖ ❖

# ૪. પવિત્ર આત્મા

મંડળીની સ્થાપના કેવી રીતે અને શાનાથી થઈ ?

મંડળીની સ્થાપના નાણાં ઉપર નહિ, સુંદર વ્યવસ્થા ઉપર નહિ, કોઈ કમિટિ ઉપર નહિ - પણ પવિત્ર આત્મા ઉપર. પવિત્ર આત્મા દ્વારા મંડળી અસ્તિત્વમાં આવી છે.

જોન વેસ્લી દઢપણે માનતા હતા કે પવિત્ર આત્માએ મેથોડિસ્ટ મંડળીને અસ્તિત્વમાં આણી છે.

**બાઈબલમાં પવિત્ર આત્માની ઉપમાઓ :**

૧. **પાણીની ઉપમા :** યોહાન ૭:૩૭-૪૪

જે તરસ્યો હોય તે મારી પાસે આવીને પીએ. તેનાં પેટમાંથી જીવતા પાણીની નદીઓ વહેશે. આ પાણીની નદી એ પવિત્ર આત્માનું સૂચક છે. જેમ કુદરતી તરસ છીપાવવા કુદરતી પાણીની જરૂર છે, એમ જ આત્મિક તરસ છીપાવવા પવિત્ર આત્માની જરૂર છે. પાણી બે કામ કરે છે. (a) તરસ મટાડે છે. (b) શુદ્ધ કરે છે. હઝકીએલ ૩૬:૫

૨. **તેલની ઉપમા :** નિર્ગમન ૩૦:૨૫, ૩૦; ૧ યોહાન ૨:૨૦-૨૭; પ્રે.કૃ. ૧૦:૩૮

તેલથી અભિષેક કરવામાં આવતો. એમ જ પવિત્ર આત્માનો અભિષેક. તેઓ અલાયદા માણસો છે.

**અભિષેકની કિંમત :** ઝખાર્યાહ ૨:૮; ૧ શમૂએલ ૧:૧૪; ગણના ૧૬.

જૂના કરારમાં અભિષેક કરવામાં તેલ અને પ્રાયશ્ચિતનું લોહી - એ બંનેનો ઉપયોગ થતો. લેવી ૮:૩૦

જેમ તેલ વગર મૂર્ખ કુંવારીકાઓની મશાલો હોલવાઈ ગઈ, એમ પવિત્ર આત્મા વગર તે દેવના રાજ્યમાં પેસી શકશે નહિ.

૩. **અગ્નિની ઉપમા :** નિર્ગમન ૧૯:૧૬-૨૫

"તે તમારું બાપ્તિસ્મા પવિત્ર આત્માએ તથા અગ્નિએ કરશે."

**જૂના કરારમાં અગ્નિ :**

(a) ઉત્પતિ ૧ માં અજવાળું થાઓ અને અજવાળું થયું. અજવાળું એ અગ્નિનું એક રૂપ છે.

(b) અગ્નિરૂપી તરવાર - એદનવાડીમાં મૂકી. રક્ષણ કરવા. ઉત્પતિ ૩:૨૪

(c) ધૂમાતી સગડી - બળતી મશાલમાં ઈશ્વરે ઈબ્રાહીમ સાથે કરાર કર્યો. ઉત્પતિ ૧૫:૧૭

(d) મૂસાને બળતા ઝાડવામાં દર્શન આપ્યું અને તેડું આપ્યું.

(e) અરણ્યની મુસાફરીમાં ઈસ્રાએલીઓને અગ્નિસ્તંભ રાત્રે દોરતો હતો.

(f) યશાયાહને અગ્નિથી શુદ્ધ કરવામાં આવ્યો.

(g) કાર્મેલ પર્વત ઉપર યહોવાના અગ્નિએ અર્પણને ભસ્મ કર્યું.

(h) સીનાય પહાડ ઉપર યહોવા અગ્નિ દ્વારા ઊતર્યો.

(i) અગ્નિરથ અને અગ્નિ ઘોડાઓ દ્વારા એલિયાહને ઉપર લઈ લેવામાં આવ્યો.

આ બધા બનાવોમાં યહોવાનો અગ્નિ કામ કરે છે.

આપણામાં અગ્નિ સળગે, અગ્નિનું બાપ્તિસ્મા પામીએ.

૪. **કબૂતરની ઉપમા :** માથ્થી ૩:૧૩-૧૭

ઈસુના બાપ્તિસ્મા વખતે પવિત્ર આત્મા કબૂતર રૂપે ઊતર્યો.

સમરૂની લોકો પોતાના ભજનસ્થાનમાં પવિત્ર આત્માને કબૂતરની પ્રતિમારૂપે રાખે છે.

કબૂતરની ઉપમા સમજવા ઉત્પતિ ૮મો અધ્યાય વાંચો. અહીં પવિત્ર આત્માના ત્રણ તબક્કા બતાવ્યા છે. પ્રથમ કાગડાને મોકલ્યો, પણ તે પાછો આવ્યો નહિ. ત્યાર પછી કબૂતરને મોકલ્યું, પણ તેને પૃથ્વી પર પગ મૂકવાની જગા મળી નહિ. આ પવિત્ર આત્માનો પહેલો તબક્કો હતો. પવિત્ર આત્માને માટે દુનિયા તૈયાર થઈ નહોતી. આદમથી ઈબ્રાહીમ સુધીનો જમાનો.

બીજી વખત કબૂતર મોકલ્યું. તે જૈતવૃક્ષનું પાંદડુ લઈને આવ્યું. આ બીજો તબક્કો. ઈબ્રાહીમથી ઈસુના જન્મ સુધીનો જમાનો. આ જમાનામાં અવારનવાર તેના સેવકો ઉપર પવિત્ર આત્મા આવતો હતો.

ત્રીજી વખત કબૂતર મોકલ્યું ત્યારે તે પાછું આવ્યું નહિ. આ ત્રીજો જમાનો. પ્રભુ ઈસુથી માંડીને આપણા સમય સુધી. પવિત્ર આત્માને મોકલી દેવામાં આવ્યો છે.

**કબૂતરનાં ગુણ લક્ષણો :**

એ આજ્ઞાંકીત છે, નમ્ર છે, સાલસ છે, કબૂતર દુઃખી પક્ષી ગણાય છે, તેના શોકમય અવાજમાં કરુણતા છે. પવિત્ર આત્માને ખિન્ન કરશો નહિ.

હે પવિત્રાત્મા, સ્વર્ગીય કબૂતર,
સચેત કરનાર તારા સામર્થ્ય સહિત
અમારાં આ જડ હૃદયોમાં,
પવિત્ર પ્રેમની જ્યોત જલાવ.

૫. **પવનની ઉપમા :** હઝકીએલ ૩૭મો અધ્યાય.

સૂકાં હાડકાં સજીવન થઈ શકે ? યહોવાહે પવનને હુકમ કર્યો. પવન ફુંકાયો ને સૂકાં હાડકાં સજીવન થયાં.

પવિત્ર આત્માનું એ જ કાર્ય છે. સૂકાં થયેલ હાડકાં - માનવી હૃદયોને તે સજીવન કરે છે.

❖ ❖ ❖

## ૫. પાંચ કપ

**પ્રભુભોજન માટે**

૧. **પ્રભુ ઈસુનો કપ-પ્યાલો** : માથ્થી ૨૬:૨૭

દુ:ખ અને સંકટનો પ્યાલો, માર અને મોતનો પ્યાલો. ઈસુએ પીધો. તમે પણ એમાંથી પીઓ. આ પ્યાલામાં ઈસુનું લોહી છે.

૨. **તારણનો પ્યાલો** : ગી.શા. ૧૧૬:૧૩

આ સુવાર્તાનો પ્યાલો છે. સુવાર્તા આ પ્યાલો ધરે છે, તેમાં તારણ છે.

૩. **આશીર્વાદનો પ્યાલો** : ગી. શા. ૨૩:૫

પ્રભુ પર વિશ્વાસ કરનારાઓનો આ પ્યાલો છે. ઊભરાતો અને છલકાતો પ્યાલો છે.

૪. **ન્યાયકામનો પ્યાલો** : ગી.શા. ૧૧:૬

દુષ્ટોના પ્યાલાનો ભાગ - એમાં શું સમાયેલું છે ? અગ્નિ, ગંધક અને ભયંકર લૂ. દુષ્ટોને આ પ્યાલો પીવો પડશે.

૫. **ઈશ્વરના કોપ અને ક્રોધનો પ્યાલો** : પ્રકટી. ૧૪:૯-૧૧.

કોને માટે આ પ્યાલો છે ? જેમણે ખ્રિસ્તનો અનાદર કર્યો છે, મૂર્તિપૂજા કરી છે તેઓનો આ પ્યાલો છે. આ પ્યાલામાં શું છે ? દેવનો કોપ, ક્રોધ, અગ્નિ, ગંધક અને પીડા તથા અશાંતિ તેમાં છે.

❖ ❖ ❖

# ૬. ભજનસેવા

કાર્લબાથ નામનો ઈશ્વરવિદ્યાનો તત્વજ્ઞાની કહે છે : "ઈશ્વરના પ્રકટીકરણને સમજવા માણસે ઈશ્વરના દ્વાર આગળ આવવાનું છે, પણ એક ફિલોસોફરની હેસિયતથી નહિ, તત્વજ્ઞાની તરીકે નહિ, પણ એક પસ્તાવિક પાપી માણસની પેઠે આવવાનું છે."

ભજન એટલે ઈશ્વરને માણસે આપેલો પ્રત્યુત્તર.

**ભજનના ત્રણ દાખલા :**

૧. **પસ્તાવિક ભજન :** ૨ શમૂએલ ૧૨

કલમ ૨૦ "ત્યારે દાઉદ જમીન પરથી ઊઠ્યો, ને સ્નાન કરીને અત્તર ચોળ્યું, પોતાનાં વસ્ત્રો બદલ્યાં અને યહોવાના ઘરમાં જઈને ભજન કર્યું." આ પસ્તાવિક માણસનું ભજન છે. તેમાં કબૂલાત છે, "મુજ પાપી પર દયા કર". સરખાવો ગી. શા. ૩૨

૨. **સ્વીકારનું ભજન :** અયૂબ ૧:૨૦

અયૂબનુ બધું જ નાશ પામ્યું ત્યારે પણ તેણે ભજન કર્યું. ઈશ્વર તરફથી જે મળ્યું - સુખ કે દુ:ખ તેનો રાજીખુશીથી સ્વીકાર કરવો એ ભજન છે. અયૂબે આ સઘળામાં પાપ કર્યું નહિ પણ બધું સ્વીકારી લીધું, દેવને દોષ દીધો નહિ.

૩. **સ્વાર્પણનું ભજન :** ઉત્પતિ ૨૨:૪

ઈબ્રાહીમ કહે છે: "હું તથા છોકરો ભજન કરીને પાછા આવીશું." ઈબ્રાહીમ પોતાના દીકરાનું અર્પણ કરવા આવ્યો છે પણ કહે છે "અમે ભજન કરીને પાછા આવીશું." ઈબ્રાહીમને મન અર્પણ- બલિદાન એટલે ભજન.

ઈશ્વર આપણી પાસે આવું ભજન માગે છે.

❖ ❖ ❖

## ૭. જેનો ઉત્તર ના મળ્યો હોય એવી પ્રાર્થનાઓ :

પ્રાર્થનાનો ઉત્તર નથી મળતો એ ફરિયાદ નવી નથી. ઘણા ભક્તોને પણ એ અનુભવ થયો છે.

૧. દાઉદભક્ત - ગી.શા. ૨૨:૨

૨. મૂસા - પુન. ૩:૨૬

૩. યિર્મેયાહ - યિર્મેયાહનો વિલાપ ૩:૪૪

૪. અયૂબ - અયૂબ ૩:૨૦

૫. પ્રેરિત પાઉલ - દેહનો કાંટો દૂર કરવા ત્રણ વખત પ્રાર્થના કરી, પણ પ્રભુએ કહ્યું, "મારી કૃપા તારે માટે બસ છે."

૬. હબાકૂક - હબ. ૧:૨

૭. પ્રભુ ઈસુને પણ એવો જ અનુભવ ગેથસેમાની વાડીમાં થયો હતો.

**ઈશ્વર આપણી પ્રાર્થનાનો ઉત્તર નથી આપતો એનાં કારણો -**

૧. યશાયાહ ૧:૧૫ - તમારા હાથ રક્તથી ભરેલા છે.

૨. યાકૂબ ૪:૧૩ - ખોટા ઈરાદાથી માગો છો.

૩. અયૂબ ૨૭:૮-૯ અધર્મી માણસની પ્રાર્થના સાંભળવામાં આવતી નથી.

૪. ગી.શા. ૬૬:૧૮ ભૂંડાઈ કરવાનો ઈરાદો રાખીને કરેલી પ્રાર્થના.

૫. માથ્થી ૬:૧૫. બીજાને ક્ષમા આપી ના હોય અને ક્ષમાની પ્રાર્થના કરીએ તો તે સાંભળવામાં આવશે નહિ.

૬. માથ્થી ૨૦:૨૨. માગણીના સંબંધમાં રહેલી અજ્ઞાનતા "તમે જે માગો છો તે સમજતા નથી."

૭. નિર્ગમન ૧૪:૧૫. પ્રાર્થના અને કાર્ય બંને સાથે જોડાયેલાં હોવાં જોઈએ. "ઇસ્રાએલપુત્રોને કહે કે તેઓ આગળ ચાલે."

નહેમ્યાહ ૪:૯ પ્રમાણે તેઓ પ્રાર્થના કરતા હતા તેમ જ કામ પણ કરતા હતા.

❖ ❖ ❖

# ૮. પાસ્ખા પર્વ

ઈસ્રાએલીઓને પર્વ પાળવાની આજ્ઞા હતી.

પહેલા મહિનામાં - પાસ્ખા પર્વ

ત્રીજા મહિનામાં - પચાસમાનું પર્વ

સાતમા મહિનામાં - માંડવા પર્વ

**પહેલા મહિનામાં પાસ્ખા પર્વ** નિર્ગમન ૧૨

સરખાવો ૧ કોરંથી ૫ઃ૭-૮

જૂના ખમીરથી નહિ પણ નિખાલસપણાની તથા સત્યની બેખમીર રોટલીથી પાળીએ.

૧. ઈસ્રાએલીઓ માટે પાસ્ખા પર્વ એટલે નવી શરૂઆતનું પર્વ.

ખ્રિસ્તીઓ માટે પણ તારણના અનુભવમાં આવ્યા પછી નવી શરૂઆત કરવાની. ૨ કોરંથી ૫ઃ૧૭

૨. કુટુંબ પ્રમાણે પાસ્ખા પર્વ પાળવાનું. એબરહિત, નિર્દોષ હલવાન હોવું જોઈએ પ્રેરિત પાઉલ કહે છે, “ખ્રિસ્ત આપણા પાસ્ખાનું હલવાન છે.”

૩. પાસ્ખાનું હલવાન સાંજે કાપવું અને ખાવું. નવા કરારમાં યોહાન ૬ઃ૫૩માં હલવાનનું માંસ ખાવાની અને લોહી પીવાની આજ્ઞા છે.

રોટલી અને દ્રાક્ષારસ ખાઓ અને પીઓ.

૪. હલવાનનું લોહી બારસાખો ઉપર છાંટવું. બચાવની એ નિશાની છે.

નવા કરારમાં ખ્રિસ્તનું લોહી બચાવની નિશાની છે.

**પાસ્ખા પર્વને આધારીત આવેલી ધર્મજાગૃતિ :**

(a) યહોશુઆ ૫:૧૦

(b) હિઝીકીયા તથા યોશીયાહ રાજાના સમયમાં ધર્મજાગૃતિ આવી ૨ રાજા ૨૩:૨૧

(c) એઝરાના સમયમાં - એઝરા ૬:૧૯

જૂના કરારનો યુગ પૂરો થયો ત્યારે પાસ્ખા પર્વને દિવસે દેવના હલવાનને વધસ્તંભે વધેરવામાં આવ્યા.

❖ ❖ ❖

# ૯. પાઉલની મુલાકાતો

ગલાતી ૧:૧૧-૨૪

પાઉલનું બદલાણ થયા પછી પાઉલે જે જે સ્થળોની મુલાકાત લીધી અને ત્યાં સાક્ષી આપી એ સ્થળો ખૂબ અગત્યનાં છે.

૧. **અરબસ્તાન ગયો :** પોતાનામાં જે કાર્ય થયું હતું તેનો ઊંડો વિચાર કરવા, તેને સમજવા અને ઈશ્વરની સાથે વાત કરવા - સંગત કરવા માટે તે એકલો અરબસ્તાનમાં ચાલ્યો ગયો.

૨. ત્યાર પછી તે ત્યાંથી **દમસ્ક** આવ્યો

યાદ રાખો કે આ દમસ્કના માર્ગે જતાં એને ઈસુ મળ્યા હતા. વળી દમસ્કમાં બધાં જ જાણતા હતા કે પાઉલ કેવો માણસ હતો. ખ્રિસ્ત વિરોધી હતો. આખુ દમસ્ક એનાથી ડરતું હતું એ દમસ્કમાં પાઉલ સૌ પ્રથમ સાક્ષી આપવા ગયો. આ કઠણ જગા છે. અજાણી જગામાં સાક્ષી આપવી સહેલી છે, પણ જ્યાં બધા ઓળખતા હોય - જ્યાં બધા એનું જૂનું જીવન જાણતા હોય ત્યાં સાક્ષી આપવી કઠણ છે, પણ પાઉલ ત્યાં ગયો.

૩. ત્યાર પછી તે **યરૂશાલેમ** ગયો.

યરૂશાલેમમાં યહૂદી અધિકારીઓ હતા, પાઉલના મિત્રો હતા - આ બધા પાઉલના બદલાણથી નારાજ હતા, તેઓ હવે તેના દુશ્મનો બની ગયા હતા. જાણે પાઉલે તેમને દગો દીધો હતો - એવું માનનારા લોકો મધ્યે પાઉલે જઈને સાક્ષી આપી. આ પણ કઠણ જગા છે.

યરૂશાલેમના ખ્રિસ્તીઓ, જેઓ પાઉલના ભૂતકાળથી બરાબર પરિચિત છે તેવા લોકોની પાસે પાઉલ ગયો, તે શરમાતો નથી, ગભરાતો નથી.

૪. ત્યાર પછી તે **સીરિયા** અને **કીલીકીઆના** પ્રાંતમાં આવ્યો.

આ પ્રાંત એ તો તેનું વતન છે. આ પ્રાંતમાં તાર્સસ આવેલું છે. જ્યાંનો તે વતની છે, જ્યાં ઉછરીને મોટો થયો છે, જ્યાં એના મિત્રો અને સગાંવહાલાં છે - ત્યાં પાઉલ આવ્યો, આ પણ કઠણ જગા છે.

પાઉલ એક એવો માણસ છે જ્યાં સુવાર્તાની સાક્ષી આપવા કઠણ જગાએ જવાનું પસંદ કરે છે.

❖ ❖ ❖

# ૧૦. યહોવાનો અગ્નિ

ન્યાયાધીશ ૬:૧૯-૨૪

**ત્રણ પ્રકારનો અગ્નિ :**

આજે મંડળીઓમાં આ ત્રણ પ્રકારના અગ્નિની જરૂર છે, જેથી મંડળીઓ સળગતી મંડળીઓ બને. સળગતા અને પ્રકાશતા ખ્રિસ્તીઓ બને.

૧. **બાપ્તિસ્માનો અગ્નિ** અથવા **અગ્નિનું બાપ્તિસ્મા** - યોહાન ૩:૧૧

"મારી પાછળ આવનાર - ઈસુ - તમારું બાપ્તિસ્મા પવિત્ર આત્માએ તથા અગ્નિએ કરશે."

પચાસમાના દિવસે પવિત્ર આત્મા અને અગ્નિ બંને ઊતરી આવ્યા. તેમણે શિષ્યોમાં એક એવી જ્યોત સળગાવી જે કદી હોલવાઈ નહિ. સાક્ષી આપતાં આપતાં તેઓ શહિદ બની ગયા.

૨. **ભસ્મ કરનાર અગ્નિ** - યશાયાહ ૬

યશાયાહને આ ભસ્મ કરનાર અગ્નિનો અનુભવ થયો, તેના હોઠોને શુદ્ધ કરવામાં આવ્યા. તેનો દોષ દૂર કરવામાં આવ્યો.

શુદ્ધ કરનાર અગ્નિની આજે જરૂર છે.

૩. **અભિષેક કરતો અગ્નિ**

શાદ્રાખ, મેશાક અને અબેદનગોનો આ અગ્નિએ અભિષેક કર્યો. આ અગ્નિ ભસ્મ કરનાર અગ્નિ નથી. ત્રણે જુવાનોને બાળ્યા નહિ, પણ પ્રકાશિત કર્યા. મોટી સાક્ષી ઊભી થઈ કે તેઓનો દેવ એ જ ખરો દેવ છે.

ઈશ્વરના આ અભિષેક કરનાર અગ્નિનો સ્પર્શ આપણને થાય એની જરૂર છે.

❖ ❖ ❖

# ૧૧. યહોશુઆના માર્ગમાં વિઘ્નો

અમેરિકાના ભૂતપૂર્વ પ્રેસીડેન્ટ થીઓડોર રૂઝવેલ્ટનો સૌથી પ્રિય બાઈબલમાંનો અધ્યાય તે યહોશુઆ પહેલો અધ્યાય હતો.

મૂસા પછી ઈશ્વરે યહોશુઆને ઈસ્રાએલીઓની આગેવાની સોંપી. વતન પ્રાપ્ત કરવા જતાં તેના માર્ગમાં ત્રણ મોટી અડચણો હતી.

૧. **દેશના લોકો રાક્ષસો જેવા છે,** બળવાન છે, તેઓને જીતી શકાય એમ નથી. નિર્ગમન ૧૩. "Giant"

૨. **યરદન નદી** - વતનના દેશમાં પહોંચતાં પહેલાં યરદન નદી તેમને ઓળંગવી પડે. આ મુશ્કેલ કામ હતું. મોટો પ્રશ્ન હતો. યહો. ૩:૧૫ "Jordan"

૩. **યરેખોનો કોટ** - યરદન ઊતર્યા પછી યરેખોમાં થઈને જવું પડે. યરેખોનો કોટ તેમને માટે મોટો પ્રશ્ન હતો. યરેખોનો ઊંચો કોટ તોડ્યા સિવાય શહેરમાં પ્રવેશ કરી શકાય નહિ. "Jericho"

આ બધા પ્રશ્નો - મુશ્કેલીઓ અને અડચણો હોવા છતાં યહોશુઆ હિંમત હાર્યો નહિ. ઈશ્વર ઉપરનો વિશ્વાસ ગુમાવ્યો નહિ. ઈશ્વરના વચન ઉપર શંકા લાવ્યો નહિ, પણ અડચણો પાર કરતો આગળ વધતો રહ્યો.

Giant, Jordan and Jericho આ ત્રણે અડચણોને યહોશુઆએ પાર કરી.

સરખાવો પ્રેરિત પાઉલનો અનુભવ ૨ કોરંથી ૧:૮-૧૦ તથા ૨ કોરંથી ૪:૮

❖ ❖ ❖

# ૧૨. નાતાલની અજાયબીઓ

ઈસુના જન્મદિન - નાતાલે ઘણી અજાયબીઓ સર્જી છે.

૧. એક કહેવત હતી કે છોકરાનો જન્મ થાય તો સર્વત્ર આનંદ થાય, પણ છોકરી જન્મે તો દુઃખ થાય. છોકરો જન્મે તો યહૂદી રીત પ્રમાણે ઘરને આંગણે વાજિંત્રો વગાડવામાં આવતાં.

ઈસુ ગભાણમાં જન્મ્યા, ત્યાં વાજિંત્રો વગાડનાર માણસો નહિ, પણ આકાશમાંથી ઊતરી આવેલા દૂતો હતા. તેઓએ ગીત ગાયુ - ''પરમ ઊંચામાં દેવને મહિમા...''

– નાતાલની અજાયબી

૨. વર્ષોથી યહૂદી લોકોની આશા હતી કે ઈસ્રાએલનો ઉદ્ધારનાર મસિહ યરૂશાલેમમાં આવશે - પણ ઈસુ તો બેથલેહેમમાં આવ્યા.

– નાતાલની અજાયબી

૩. મસિહ રાજમહેલમાં જન્મ લેશે - પણ ઈસુ તો ગભાણમાં જન્મ્યા.

– નાતાલની અજાયબી

૪. મસિહ આવશે ત્યારે આખું ઈસ્રાએલ આનંદ કરશે, તેને વધાવી લેશે - પણ થોડા ભરવાડો અને માગીઓ સિવાય કોઈને આનંદ થયો નહિ. કોઈ વધાવવા આવ્યું નહિ.

– નાતાલની અજાયબી

૫. મસિહ સફેદ ઘોડા ઉપર સવાર થશે. જ્યારે ઈસુ તો ગધેડા ઉપર સવાર થયા.

– નાતાલની અજાયબી

૬. મસિહ ઈસ્રાએલનો ઉદ્ધાર કરશે, દુશ્મનોનો સંહાર કરશે - જ્યારે ઈસુએ કહ્યું, તમારા દુશ્મનો ઉપર પ્રેમ કરો.

– નાતાલની અજાયબી

❖ ❖ ❖

# ૧૩. નાતાલ

ઈસુના જન્મની વાત ચારે સુવાર્તામાં આપવામાં આવી છે, પણ ચોથી સુવાર્તામાં આપવામાં આવેલી વાત થીઓલોજીની દૃષ્ટિએ લખવામાં આવી છે. અધ્યાય -૧.

**૧. ઈસુના અવતારધારણ પહેલાંનો મહિમા**

Pre-incarnet Christ

નાતાલ એ ઈસુની શરૂઆત નથી, એ તો ઇબ્રાહીમ પહેલાંથી છે. ''આદિ એ શબ્દ હતો.'' શબ્દ સદેહ થયો (કલમ ૧૪)

નીતિવચન ૮મા અધ્યાયમાં 'જ્ઞાન' 'Logos' કહે છે, સદાકાળથી, આરંભથી મને સ્થાપન કરવામાં આવેલું છે.

નાતાલે તો માત્ર શબ્દએ દેહધારણ કર્યો.

**૨. અવતારધારણની જરૂરિયાત :**

શા માટે શબ્દ સદેહ થયો ? કેમ ઈસુ માનવ દેહ લઈને પૃથ્વી પર આવ્યા ? કલમ ૧૮ દેવને પ્રગટ કરવા માટે પ્રેરિત પાઉલ લખે છે : જગતે પોતાના જ્ઞાનથી દેવને ઓળખ્યો નહિ, આથી દીકરો બાપની ગોદમાંથી નીચે આવ્યો અને બાપની ઓળખ આપી.

**૩. નાતાલની ટ્રેજેડી :**

(a) અંધારાએ અજવાળાને સ્વીકાર્યું નહિ (૧:૪)

(b) કલમ ૧૦. જગતે તેને ઓળખ્યો નહિ.

(c) કલમ ૧૧ પોતાના લોકોએ તેનો અંગીકાર કર્યો નહિ.

શું આપણે તેનો અંગીકાર કર્યો, તેનો સ્વીકાર કર્યો છે, તેને ઓળખ્યો છે ?

**ચોથી સુવાર્તાના ચાવીરૂપ શબ્દો**

Life - **જીવન.** તેનામાં જીવન હતું.

Light - તે જીવન માણસોનું **અજવાળું** હતું.

Darkness - **અંધારાએ** તેને સ્વીકાર્યું નહિ.

❖ ❖ ❖

# ૧૪. અંત્યોખની મંડળી

પ્રે. કૃ. ૧૧:૧૯-૨૬

અંત્યોખસના નામ ઉપરથી અંત્યોખ નામ પડ્યું. રૂમીઓના જમાનામાં ત્રીજા નંબરે ગણાતું શહેર હતું. ધર્મપિતૃ ખ્રિસોસ્તમની જન્મભૂમિ હતી.

**૧. શિષ્યો પ્રથમ અંત્યોખમાં ખ્રિસ્તી કહેવાયા. પ્રે. કૃ. ૧૧:૨૬**

તેઓનું જીવન, તેઓની વર્તણૂક અને ઘગશ જોઈને આ નામ આપ્યું. ખ્રિસ્તીઓ - એટલે ખ્રિસ્તને અનુસરનારા.

**૨. અંત્યોખ સુવાર્તાનું કેન્દ્ર હતું.**

અંત્યોખથી ચારે બાજુ સુવાર્તા ફેલાઈ. વિદેશીઓમાં સુવાર્તા પ્રગટ કરવાનું માધ્યમ તે અંત્યોખ હતું. પ્રે. કૃ. અધ્યાય ૧૩ માં મંડળીએ બાર્નાબાસ તથા શાઉલને સુવાર્તા માટે અલગ કર્યા. અંત્યોખની મંડળી સુવાર્તા પ્રચાર કરનારી અને મિશનરીઓ મોકલનારી મંડળી હતી.

**૩. મંડળીમાં કેટલાએક પ્રબોધકો અને ઉપદેશકો હતા. પ્રે. કૃ. ૧૩:૧**

મંડળી ફક્ત સાંભળનારી જ નહિ પણ ઉપદેશ કરતી મંડળી હતી. શાસ્ત્રનો અભ્યાસ કરનારી અને બીજાને શીખવનારી મંડળી હતી. દર્શન અને બોજવાળી મંડળી હતી.

**૪. પવિત્ર આત્માથી ભરપૂર મંડળી હતી**

આત્માની દોરવણી પ્રમાણે ચાલનારી અને કાર્ય કરનારી મંડળી હતી.

પવિત્ર આત્માએ તેઓને કહ્યું....

પવિત્ર આત્માના મોકલવાથી તેઓ ગયા...

પવિત્ર આત્માની પ્રેરણાથી કહ્યું...

આજે મંડળીઓમાં પવિત્ર આત્માના કાર્યની કેટલી મોટી જરૂર છે.

## ૫. બીજાને મદદ કરનારી મંડળી હતી

પ્રે. કૃ. ૧૩:૨૭-૩૦ દુકાળના સમયમાં મંડળી ચૂપચાપ બેસી રહી નહિ, પણ યહૂદિયામાંની મંડળીઓ ઉપર મદદ મોકલાવી. નાણાંની મદદ લઈને શાઉલ તથા બાર્નાબાસને મોકલવામાં આવ્યા. ઉદાર મંડળી હતી. બીજાઓની ચિંતા કરનારી મંડળી હતી.

આજની મંડળીઓ માટે અંત્યોખની મંડળી એક ઉમદા નમૂનો પૂરો પાડે છે.

❖ ❖ ❖

# ૧૫. ઈસુની ખાલી કબર મંડળીનું પારણું છે.

આ પારણામાંથી મંડળી અસ્તિત્વમાં આવી છે.

ઈસુના જન્મને કારણે અથવા ઈસુના મરણને કારણે મંડળી અસ્તિત્વમાં આવી નથી, પણ તેના પુનરુત્થાનને કારણે અસ્તિત્વમાં આવી છે.

**ઈસુના પુનરુત્થાનનો અર્થ :**

૧. ઈસુનું પુનરુત્થાન જાહેર કરે છે કે **ઈસુ એ દેવનો દીકરો છે.**

રૂમીઓના પત્રમાં લખ્યું છે "ઈસુને મરણમાંથી સજીવન કરીને દેવે તેને દેવના દીકરા તરીકે જાહેર કર્યો છે - સાબિત કર્યો છે.

ઈસુના પુનરુત્થાન પહેલાં શિષ્યોએ કદી ઈસુનું ભજન કર્યુ નથી, પણ પુનરુત્થાન પછી જ ભજન કર્યુ છે.

૨. ઈસુના પુનરુત્થાને સાબિત કર્યુ છે કે **મરણ પછી જીવન છે.** "હું જીવું છું. માટે તમે પણ જીવશો." અનંતજીવનની ખાતરી આપી છે.

પ્રેરિત પાઉલ લખે છે - "એ માટે મારા પ્રિય ભાઈઓ..." શાને માટે ?

પુનરુત્થાનને માટે, તેને કારણે મારા ભાઈઓ તમે સ્થિર તથા દૃઢ થાઓ અને પ્રભુના કામમાં સદા મચ્યા રહો.

ઈસુની કબર ખાલી છે.

❖ ❖ ❖

# ૧૬. તેઓ મારા પ્રભુને લઈ ગયા છે.

યોહાન ૨૦:૧૩

મરિયમ કહે છે - તેઓ મારા પ્રભુને લઈ ગયા છે.

૧. શું તમારા પ્રભુને તેઓ લઈ ગયા છે ?

(a) શું આજનું વિજ્ઞાન અને વિજ્ઞાનની શોધો અને હકીકતો તમારા પ્રભુને લઈ ગયા છે ? વિજ્ઞાનને કારણે તમારા વિશ્વાસમાં ઓટ આવી છે ? આસ્થા ઘટી છે ?

(b) શું તમારી નિરાશાઓ, તમારાં દુઃખો અને કડવાશ તમારા પ્રભુને લઈ ગયા છે ?

(c) શું તમારી સંસ્થાની અથવા મંડળીની બાહ્ય પ્રવૃત્તિઓ અને ધમધમાટવાળા પ્રોગ્રામો ઈસુને લઈ ગયા છે ? એ બધામાં ઈસુ અદ્રશ્ય થઈ ગયો છે ?

(d) પાપ પ્રત્યેની તમારી ઓછી સમજણ તમારા પ્રભુને લઈ ગઈ છે. પાપને તમે માત્ર એક ભૂલ ગણો છો ? એની ભયંકરતાને ઓછી આંકો છો?

૨. મરિયમે પોતાના પ્રભુને ગુમાવી દીધો અને રડતી ઊભી હતી.

શા માટે મરિયમે પ્રભુને ખોઈ નાખ્યા ? કારણ કે મરિયમ ખોટી જગાએ ઈસુને શોધતી હતી. કબરમાં શોધતી હતી. “પણ તે અહીં નથી પણ ઊઠ્યો છે.” એ વાત તે ભૂલી ગઈ. કબર તો ખાલી છે.

શું આપણે ઈસુને ખાલી કબરમાં શોધીએ છીએ ? ખોટી જગાએ ? લૂક ૨ પ્રમાણે મરિયમ અને યુસફે પણ ઈસુની ખોટી જગાએ શોધ કરી હતી. “તેઓનાં સગાંઓમાં તેને શોધ્યો, પણ તે ત્યાં જડ્યો નહિ.”

જ્યારે મરિયમ ખાલી કબર તરફથી પાછી ફરી ત્યારે જ તેણે ઈસુને જોયા.

“રાબ્બોની” મારા ગુરુ - મારા પ્રભુ.

❖ ❖ ❖

# ૧૭. ઈબ્રાહીમ વેદી તરફ પાછો આવ્યો

ઉત્પત્તિ ૧૨મો અધ્યાય

ઈબ્રાહીમની સફળતા અને નિષ્ફળતા જોવા મળે છે.

૧૨મા અધ્યાયની શરૂઆતમાં ઈબ્રાહીમનો વિશ્વાસ, તેનું આજ્ઞાંકિતપણું જોવા મળે છે.

‘‘યહોવાના કહ્યા પ્રમાણે તે ચાલી નીકળ્યો.’’ કલમ ૪.

પણ ત્યાર પછી કંઈક જુદું ચિત્ર મળે છે. તેનો અવિશ્વાસ અને નિષ્ફળતા દેખાય છે.

૧. (a) દુકાળ પડ્યો ત્યારે ઈશ્વર ઉપર આધાર રાખવાને બદલે મિસર ઉપર આધાર રાખીને મિસરમાં જતો રહ્યો.

(b) મિસરમાં જૂઠું બોલવાનો પ્રસંગ આવ્યો. ફારૂનની બીકે તે જૂઠું બોલ્યો કે સારાહ મારી બહેન છે. ઈબ્રાહીમ ફરી પોતાના બચાવ માટે ઈશ્વર ઉપર આધાર રાખવાને બદલે ફારૂન ઉપર આધાર રાખે છે. પોતાની યોજના ઉપર આધાર રાખે છે.

(c) કલમ ૧૬ પ્રમાણે ફારૂને તેને ખૂબ ધન-દોલત આપ્યાં. આ ધન-દોલત ઈશ્વરના આશીર્વાદરૂપે નહિ, પણ તેની સ્ત્રી સારાહના ચારિત્ર્યના ભોગે મેળવેલી સંપત્તિ હતી. પરંતુ આ ધન-સંપત્તિથી ઈબ્રાહીમને સુખ શાંતિ મળ્યાં નહિ.

**૨. સુખ-શાંતિ ક્યારે મળ્યાં ?**

જ્યારે તે વેદી તરફ પાછો આવ્યો ત્યારે જ મળ્યાં. ઉત્પત્તિ ૧૩:૪ પ્રમાણે ‘‘અને જે ઠેકાણે તેણે પહેલાં વેદી બાંધી હતી ત્યાં લગી તે ગયો.’’ આ વેદી બેથેલ અને આયની વચ્ચે હતી. ઈબ્રાહીમ ત્યાં પાછો ગયો.

ઈશ્વર આપણને પણ કહે છે - તમે તમારી વેદી પાસે પાછા જાઓ. ત્યાં સુખ, શાંતિ અને આંનદ મળશે.

૩. **વેદી - Altar શું છે ?**

**(a) વેદી એ સમર્પણની જગા છે.**

નૂહે વેદી બાંધી, દાઉદે વેદી બાંધી, ગીદીઓને વેદી બાંધી. વેદી આગળ તેઓ બધા સમર્પિત થયા.

**(b) વેદી એ ઈશ્વર ઉપરના સંપૂર્ણ વિશ્વાસ અને ભરોસાની જગા છે.**

ઈબ્રાહીમ આ વેદી પાસે પાછો આવ્યો.

**(c) વેદી એ દર્શનની જગા છે.**

વેદી આગળ ઈબ્રાહીમને દર્શન મળ્યું. ઈશ્વરે દર્શનમાં કહ્યું, ''હું તારાથી એક મોટી દેશજાતી ઉત્પન્ન કરીશ.''

તમે તમારી વેદી આગળ પાછા આવો. શરૂઆતના સમયોમાં તમે આવી વેદી બાંધી હતી. પણ પછી ત્યાંથી દૂર નીકળી ગયા હો તો વેદી પાસે પાછા આવો.

❖ ❖ ❖

# ૧૮. ઈસુની પાછળ ચાલતાં ટોળાં

ઈસુની પૃથ્વી પરની ધર્મસેવા દરમિયાન લોકોનાં ટોળેટોળાં તેની પાછળ જતાં હતાં.

દા.ત. માથ્થી ૪:૨૫; માથ્થી ૮:૧, ૮:૧૯; માર્ક ૫:૨૪

શું આને ઈસુની સફળતા ગણાવી શકાય ?

મોટા ઉત્સવ વખતે કાયાફાસ યાજકની રેલીમાં દસ લાખ કરતાં વધારે લોકો ઉમટી પડતા હતા, શું આટલી મોટી મેદની ભેગી કરનાર કાયાફાસને સફળ યાજક ગણી શકાય !

જે ઉપદેશકની સભામાં ખૂબ લોકો આવે એ શું એની સફળતાની નિશાની છે ?

ઈસુની પાછળ જતાં લોકોનાં ટોળાં જુદા જુદા હેતુથી તેની પાછળ જતાં હતાં.

૧. કેટલાક **ખાવાનું મળે માટે** જતા હતા. યોહાન ૬:૨૬

આવો આગેવાન સારો, જે ખાવાનું આપે.

૨. બીજા કેટલાક **માત્ર સાજા થવા માટે** જ ઈસુની પાછળ જતા હતા. માથ્થી ૪:૨૩

તેઓ માત્ર શારીરિક સાજાપણું શોધતા હતા. આત્મિક સાજાપણાની ચિંતા નહોતી.

જે ઉપદેશકો સાજાપણાની સભા ભરે છે ત્યાં મોટી મેદની ભેગી થાય છે. એક સ્વાર્થ છે.

૩. બીજા કેટલાક માત્ર **ચમત્કારો જોવા માટે** ભેગા થતા હતા. કૂતુહલને કારણે ઈસુની પાછળ જતા હતા. કંઈક નવું જોવાનું મળે. ચાલો જઈએ, મઝા આવશે.

૪. કેટલાક **ઈસુને સપડાવવા માટે** તેની પાછળ જતા હતા. તેની ભૂલો શોધવા, તેની પરીક્ષા કરવાના હેતુથી જતા હતા. લૂક ૧૧:૫૩.

૫. કેટલાક સાચા હેતુથી **સેવા કરવાની ભાવનાથી** જતા હતા. કેટલીક સ્ત્રીઓ સેવા કરવા તેની પાછળ ચાલતી હતી.

સેવા કરવા - ભક્તિ કરવા - ભજન કરવા પણ આવા લોકોની સંખ્યા બહુ ઓછી હશે.

તમે શા માટે ઈસુની પાછળ ચાલો છો ?

❖ ❖ ❖

# ૧૯. ઉડાઉ દીકરો

લૂક ૧૫:૨૦

**૧. જે બાબતોએ તેને ઘરથી દૂર કર્યો.**

(a) **તેની અધીરાઈ** - બાપનો વારસો મળે માટે બાપના મરણ સુધી તેણે રાહ જોઈ નહિ.

(b) **ઉતાવળ** - ઘેરથી નીકળી જવાની ઘણી ઉતાવળ કરી. સંપતિ મળતાંની સાથે જ નીકળી ગયો.

(c) **સંપતિ ઉડાવી દીધી** - બદફેલીમાં બધી સંપતિ ઉડાવી દીધી.

(d) **જરૂરિયાત ઊભી થઈ** - બધું ખલાસ થઈ ગયું. હવે ભૂખે મરવા લાગ્યો. શીંગોથી પેટ ભરવાનું મન થયું. કંગાળ હાલતમાં આવી પડ્યો.

**૨. ઘેર પાછા લાવનારી બાબતો**

(a) **તે ભાનમાં આવ્યો** - ભૂલ સમજાઈ.

(b) **તેણે નિર્ણય કર્યો** - નવી શરૂઆત કરવાનો, ઘેર પાછા જવાનો નિર્ણય.

(c) **તે ઊઠ્યો** - માત્ર નિર્ણય જ નહિ, પણ ઊભો થયો અને બાપના ઘર તરફ ચાલવાની શરૂઆત કરી.

(d) **કબૂલાત કરી** - મેં પાપ કર્યું છે.

(e) થોડી વારમાં જ તે બાપની ગોદમાં આવી ગયો. તેનો સ્વીકાર થયો.

❖ ❖ ❖

# ૨૦. દફનક્રિયા

શા માટે મરણ પામેલી વ્યક્તિની દફનક્રિયા કરવામાં આવે છે ? તેનો હેતુ શો ?

(૧) મરણ પામેલી વ્યક્તિના મૃતદેહને અંતિમ અંજલિ આપવા, મરણની અદબ જાળવવા અને માન સાથે શબનો નિકાલ કરવા માટે. શબની યોગ્ય વ્યવસ્થા માટે.

(૨) આપણા ધાર્મિક વિશ્વાસની જાહેરાત કરવા માટે. ગીતો, પ્રાર્થના, બાઈબલના વચનોનું વાંચન, મનન એ બધા દ્વારા આપણા વિશ્વાસની કબૂલાત કરવામાં આવે છે. જાહેરાત થાય છે.

(૩) મંડળી - સમાજને જાણ થાય છે કે અમારી સંગતમાંથી એક સભ્ય ઓછા થયા છે.

(૪) દુઃખી કુટુંબને દિલાસો આપવાની, મદદ કરવાની તક મળે છે. તેઓ એકલા નથી પણ આપણે બધા તેમના દુઃખમાં ભાગીદાર છીએ એ દર્શાવાય છે.

(૫) હાજર રહેલા દરેક માણસને મરણ વિષે વિચારવાની તક મળે છે. મરણની તૈયારી કરવાની પ્રેરણા મળે છે.

## કુટુંબમાં મરણના પ્રસંગે

(૧) મરણને સ્વીકારી લેવું જોઈએ. કચકચ વગર ઈશ્વરને "આમ કેમ" એવો સવાલ પૂછ્યા વગર મરણનો સ્વીકાર કરવો જોઈએ. અયૂબ, દાઉદ વિગેરેએ મરણનો સ્વીકાર કર્યો હતો.

(૨) દુઃખના સમયમાં ઈશ્વર સાથે છે. દુઃખોના ભાગિયા છે. ઈશ્વર ઘાને રૂઝવે છે.

(૩) પુનરુત્થાનની આશા અને ખાતરી ઈસુએ આપ્યાં છે. ફરી મળવાની આશા છે. જુઓ રૂમી ૮ઃ૩૫-૩૯

❖ ❖ ❖

# ૨૧. મરણ શું છે ?

૧. પૃથ્વી ઉપર વિતાવેલાં વર્ષોમાં આવતી એક સૌથી મહાન પળ છે.

૨. પૃથ્વી ઉપરના સમયનો અંત છે, પણ આવનાર દુનિયા માટેની એક અજાયબ શરૂઆત છે. જ્યાં સમયનું બંધન નથી.

૩. શારીરિક યંત્ર શાંત થઈ જાય છે, પણ બંધનોમાંથી આત્મા મુક્ત બને છે.

૪. દેહમાં જે બધા પ્રશ્નો અને મૂંઝવણ હતી. જેના ઉત્તરો મળ્યા નહોતા એ બધા પ્રશ્નોનો જવાબ મરણમાં મળી જાય છે.

૫. દૈહિક દૃષ્ટિને ઉતારી નાખવામાં આવે છે, પણ દર્શનને ઊંચું કરવામાં આવે છે.

૬. પૃથ્વી ઉપરના સઘળાં દુઃખો, માંદગી વિગેરેથી છુટકારો મળે છે અને આત્મિક તંદુરસ્તી ભર્યું- ચળકાટભર્યું નવું જીવન મળે છે.

૭. માણસ માટે મરણ, એ ઈશ્વરે કરેલી એક મહિમાવંતી આખરી વ્યવસ્થા છે. "હું જઈને તમારે માટે જગા તૈયાર કરીશ."

❖ ❖ ❖

# ૨૨. સ્વર્ગ

પ્રકટીકરણ ૨૧માં અધ્યાયમાં સ્વર્ગની અજાયબીઓનું વર્ણન કરવામાં આવ્યું છે.

સ્વર્ગ એ આશાનું સ્થળ છે. આપણને સ્વર્ગની આશા છે.

૧. સ્વર્ગ એ ન્યાયીપણાની જગા છે.

૨ પિતર ૩:૧૩

૨. સ્વર્ગ એ આરામની જગા છે.

પ્રકટીકરણ ૨૧:૩-૪

૩. સ્વર્ગ એ આનંદ કરવાનું સ્થળ છે.

ગી. શા. ૧૬:૧૧

૪. સ્વર્ગ એ ફરી મળવાની જગા છે.

લૂક ૨૩:૪૩

૫. સ્વર્ગ એ યાદગીરીની જગા છે.

ગી. શા. ૧૧૨:૬

❖ ❖ ❖

# ૨૩. હું ક્યાં નાસી જાઉં ?

ગી. શા. ૧૩૯: ૭

ઈશ્વરથી દૂર નાસી જવાનો માણસનો સ્વભાવ અને પ્રયત્ન એ નવી બાબત નથી. સાર્વત્રિક બાબત છે.

૧. (a) આદમે ઈશ્વરની આજ્ઞા તોડી પાપ કર્યું અને ઈશ્વરથી સંતાઈ ગયો, નાસી ગયો. પાપ અને નાસી જવું.

(b) યાકૂબે તેની માની ચઢવણીથી તેના બાપને અને તેના ભાઈને છેતર્યા અને ત્યાંથી નાસી ગયો. પાપ અને પાપ કરીને નાસી જવાનું કૃત્ય.

(c) ઉડાઉ દીકરો પોતાના બાપના હૃદયને દુઃખ પહોંચાડીને, મિલકત લઈને દૂર નાસી ગયો.

(d) ગીતકર્તા - ઈશ્વરથી દૂર દૂર નાસી જવા માગે છે.

૨. **ઈશ્વરથી દૂર નાસી જવું શક્ય નથી. વ્યર્થ પ્રયત્ન છે.**

(a) આદમને ઈશ્વરે શોધી કાઢ્યો.

(b) યાકૂબને ભાન થયું કે પાછા જવું જ પડશે. છૂટકો નથી.

(c) ઉડાઉ દીકરાને પાછા જવાનું ભાન થયું.

(d) ગીતકર્તા કબૂલ કરે છે કે એવું કોઈ સ્થળ નથી જ્યાં ઈશ્વર ના હોય, ઈશ્વરથી સંતાવાની કોઈ જગા નથી.

શું તમે કદી આવો વ્યર્થ પ્રયત્ન કર્યો છે ?

❖ ❖ ❖

# ૨૪. લોટની પસંદગી

ઉત્પતિ ૧૩

"પસંદગીની પળ એક આવે,

દરેક જન કે પ્રજા માટ."

**લોટની પસંદગી અને પડતી :**

લોટે ખોટી પસંદગી કરી, ભૂલો કરી, પરિણામે તેની પડતી થઈ.

(૧) **યરદન કરતાં વધારે ઊંચે કે દૂર જોઈ શક્યો નહિ.** ઉત્પત્તિ ૧૩:૧૦

Eyes not higher than Jorden.

જગતનો માર્ગ પસંદ કર્યો.

મૂર્ખ ધનવાન - મિલકત ઉપર જ નજર રાખી તેનાથી આગળ જોઈ શક્યો નહિ. દેમાસ હાલના જગત ઉપર પ્રેમ રાખીને જતો રહ્યો.

(૨) **લોટ સદોમ તરફ તંબુ મારતો મારતો આગળ વધતો રહ્યો.** ઉત્પત્તિ ૧૩:૧૨

'સદોમ' નો અર્થ થાય "બળતું"

ગમોરાહનો અર્થ થાય "નષ્ટ થવું"

જે બળતું હતું, જે નષ્ટ થવાનું છે, તેની તરફ આગળ વધતો ગયો.

(૩) **લોટ સદોમમાં આવીને વસ્યો** ઉત્પત્તિ૧૩:૧૨

જે જગાના લોકો દુષ્ટ હતા, પાપી હતા એવી જગાએ તે આવીને વસ્યો.

આદમને ઈશ્વરનો સવાલ - **તું ક્યાં છે ?**

આપણને સવાલ - **તમે ક્યાં છો ?**

પ્રકટીકરણમાં પેર્ગામમમાંની મંડળીને પ્રભુ કહે છે "તું ક્યાં વસે છે તે હું જાણું છું."

તમે ક્યાં વસો છો ? કેવા લોકો સાથે, કેવા મિત્રો સાથે, કેવા વાતાવરણમાં વસો છો ?

(૪) **લોટ સદોમની ભાગોળમાં બેઠો** - ઉત્પત્તિ ૧૯:૧

Sat in the gat

જ્યાં જાત જાતના લોકો બેસતા એવા લોકો સાથે તે બેઠો, તેઓની સાથે પોતાને એકરૂપ કર્યો.

સુલેમાન રાજા મૂર્તિપૂજકો સાથે એકરૂપ થઈ ગયો.

(૫) **પરિણામ :**

લોટે પોતાની મિલકત ગુમાવી ઉત્પત્તિ ૧૪:૧૨

લોટે પોતાની સાક્ષી ગુમાવી ઉત્પત્તિ ૧૯:૧૪

તેણે પોતાની પત્ની ગુમાવી ઉત્પત્તિ ૧૯:૨૬

તેણે વિશ્વાસ ગુમાવ્યો ઉત્પત્તિ ૧૯:૧૯

ઈશ્વર સાથેની સંગત ગુમાવી.

❖ ❖ ❖

# ૨૫. વધસ્તંભે ત્રણ અજાયબીઓ અને વધસ્તંભ નીચે ત્રણ બદલાણ

"દિવસને ત્રીજે કલાકે તેઓએ તેને વધસ્તંભે જડ્યો."

(માર્ક ૧૫:૨૫)

૧. વધસ્તંભે ત્રણ અજાયબ બનાવો :

(a) ૬ઠ્ઠા કલાકથી ૯મા કલાક સુધી - બપોરના ૧૨ વાગ્યાથી ૩ વાગ્યા સુધી. **આખા દેશમાં અંધકાર છવાઈ ગયો.** ભરબપોરે જાણે રાત પડી. સૂર્ય છુપાઈ ગયો.

દેવના નિર્દોષ પુત્રનું દુઃખ અને બલિદાન જોઈને સૂર્યે પોતાનું મોં છુપાવી લીધું. આ તો પાપની અને માનવીના ધિક્કારપાત્ર કૃત્યોની ભયંકરતાનું પરિણામ છે.

**(b) મંદિરનો પડદો ઉપરથી તે નીચે સુધી ફાટીને તેના બે ભાગ થઈ ગયા.**

પવિત્ર સ્થાન અને પરમ પવિત્ર સ્થાનની વચ્ચેનો આ પડદો ફાટી ગયો. પરમ પવિત્ર સ્થાન હવે બધાને માટે ખુલ્લું થયું. પરમ પવિત્ર સ્થાનમાં સંતાયેલા ઈશ્વર હવે ખુલ્લા થયા. દરેકને માટે ઈશ્વર પાસે જવાનો માર્ગ ખૂલ્યો.

**(c) કબરો ઊઘડી ગઈ**

ધરતીકંપ થયો, ખડકો ફાટી ગયા, કબરો ઊઘડી ગઈ અને મૂએલાં ઊઠ્યાં.

ઈસુએ મરણની સત્તા તોડી નાખી છે મરણ અને કબરની ભયંકરતા તોડી નાખી છે.

પ્રેરિત પાઉલ કહે છે : અરે મરણ તારો ડંખ ક્યાં ? ડંખ તોડી નાખવામાં આવ્યો.

૨. **વધસ્તંભ નીચે ત્રણ બદલાણ :**

ઈસુના વધસ્તંભે અનેકનાં બદલાણો કર્યા છે, અને તેની શરૂઆત પહેલા દિવસથી જ થઈ ગઈ.

પહેલા દિવસે જ વધસ્તંભનું એ કારમું દશ્ય જોઈને ત્રણ વ્યક્તિઓ ઈસુ પાસે આવી.

(a) **સૂબેદાર :** તે કબૂલ કરે છે કે ઈસુ ન્યાયી માણસ હતો, દેવનો દીકરો હતો. તેણે વધસ્તંભે ઈસુનો પ્રેમ જોયો. ઈસુનો મહિમા જોયો અને બદલાણ પામ્યો. **વધસ્તંભનું આ પ્રથમ ફળ.**

(b) **મરતો ચોર :** બે ચોરોમાંના એકે ઈસુનો પ્રેમ, માફી, દયા વધુ નજદીકથી જોયું. વિનંતી કરી, "પ્રભુ, તારા રાજ્યમાં મને યાદ કરજે." ઈસુનો ઉત્તર : " આજ તું મારી સાથે પારાદૈશમાં હોઈશ." **વધસ્તંભનું આ બીજું ફળ.**

(c) **આરીમથાઈનો યુસફ :** આ માણસ સાન્હેદ્રીમનો સભ્ય હતો, પણ ઈસુનો ન્યાય થતો હતો, અરે, અન્યાય કરવામાં આવી રહ્યો હતો ત્યારે તે ઈસુના પક્ષમાં એક પણ શબ્દ બોલ્યો નથી. પણ જ્યારે ઈસુને વધસ્તંભે મરતા જોયા ત્યારે તેની ઘેરી અસર તેના ઉપર થઈ.

તેની બીક જતી રહી અને હવે હિંમતથી પીલાતની પાસે ઈસુનું શબ માગ્યું.

અગાઉ ઈસુનો ખાનગી શિષ્ય હતો, હવે ખુલ્લો થયો. જાહેર થયો.

દંતકથા કહે છે કે પાઉલથી સુવાર્તા પ્રગટ કરતાં કરતાં તે શહીદ બની ગયો.

**વધસ્તંભનું આ ત્રીજું ફળ**

અને ત્યાર પછી તો ૬૦ ગણાં અને ૧૦૦ ગણાં ફળો આવતાં જ રહ્યાં છે.

"વધસ્તંભને નિહાળ ઓ પાપી આજ, વિંધાય મુક્તિદાતા એ તારે કાજ."

❖ ❖ ❖

# ૨૬. બાઈબલની ધન્યતા :

બાઈબલની ધન્યતા અને મહાનતા બે સત્યો ઉપર આધારિત છે, જે બે બાબતો બાઈબલમાં નથી.

૧. **પહેલી બાબત :** બાઈબલમાં કોઈ જગાએ એવું લખેલું નથી કે કોઈ માણસ ઈસુ પાસે આવ્યો હોય અને ઈસુએ તેને પૂછ્યું હોય :

તેં કયાં કયાં પાપ કર્યાં છે ?

કેટલાં પાપ કર્યાં છે ?

કેવા સંજોગોમાં કર્યાં છે ?

કોની વિરુદ્ધ કર્યાં છે ?

ભયંકર પાપ છે કે નાનાં નાનાં ?

માફ કરી શકાય એવાં છે કે શિક્ષા થાય એવાં છે ?

તારાં પાપોનું વર્ણન કર, વિગતો આપ, પછી જ હું તને માફી આપીશ. ના - આવું કોઈ જગાએ નથી. એના બદલે ઈસુએ દરેકને કહ્યું : **"શાંતિએ જા, તારાં પાપ તને માફ થયાં છે."**

પક્ષઘાતી માણસને એમ કહ્યું.

વ્યભિચારમાં પકડાયેલી સ્ત્રીને કહ્યું.

પાપીણી સ્ત્રીને કહ્યું.

શાઉલને કશું પૂછ્યું નથી. જાખી દાણીને ઈસુએ કશું પૂછ્યું નથી.

ઈસુને આપણા ભૂતકાળમાં રસ નથી, પણ વર્તમાનકાળ અને ભવિષ્યકાળમાં રસ છે. માણસના ભૂતકાળને પ્રભુ ઉખેડતા નથી, પણ માફ કરવા તૈયાર છે. જા, હવેથી પાપ કરતો ના.

૨. **બીજી બાબત :**

બાઈબલમાં કોઈ જગાએ એવો ઉલ્લેખ મળતો નથી, જ્યાં કોઈએ

ઈસુની પાસે આવીને પોતાના પાપ માટે માફી માગી હોય, "પ્રભુ મને માફ કર." અને છતાં ઈસુએ એના મનની સ્થિતિ જોઈને એને માફી આપી છે.

પિતરે ઈસુનો ત્રણ વખત નકાર કર્યો. પછી તેણે માફી માગી હોય એવો ઉલ્લેખ છે ? છતાં તેને માફ કર્યો.

શિષ્યો ઈસુના મરણ પછી વિખેરાઈ ગયા, અને પુનરુત્થાન પછી ફરી ઈસુ તેમને મળ્યા ત્યારે કોઈ શિષ્યએ એમ નથી કહ્યું, "પ્રભુ અમને માફ કરો."

થોમાએ માફી માગ્યાનો ઉલ્લેખ નથી. વધસ્તંભ ઉપરના ચોરે વિનંતી કરી કે "તારા રાજ્યમાં મને યાદ કરજે" પણ તેણે પોતાના પાપો માટે માફી માગી નથી.

શાઉલે માફી માગ્યાનો ઉલ્લેખ નથી.

આ બધાનું કારણ કે જે કોઈએ ઈસુની આંખોમાં જોયું તેને ઈસુની આંખોમાં પ્રેમ અને માફી દેખાયાં અને બોલવાની જરૂર પડી નહિ. ઈસુએ તેમના મનને વાંચી લીધું અને માફી આપી દીધી. ઉડાઉ દીકરો હજી બોલતો હતો, એટલામાં તેના બાપે તેને ગોદમાં લઈ લીધો.

"કેમ કે અનુપકારીઓ પર તથા ભૂંડાઓ પર તે માયાળુ છે." લૂક ૬:૩૫.

માટે, "દીકરા, દીકરી, શાંતિએ જા, તારાં પાપ તને માફ થયાં છે. હવેથી પાપ કરતો ના." આ બાઈબલની મહાનતા છે.

❖ ❖ ❖

# ૨૭. બાઈબલની બારીઓ

"When God closes the door,

he openes the window."

**બાઈબલમાંની ચાર બારીઓ :**

(૧) **છુટકારાની બારી :** યહોશુઆ ૨:૨૧

રાહાબે જાસૂસોને ઘરની બારીમાંથી બહાર મોકલી દીધા, અને એમ એમના જીવ બચાવ્યા. એ બારીએ કિરમજી રંગની દોરી બાંધવામાં આવી, એ દ્વારા રાહાબનો અને તેના ઘરનાં સર્વનો બચાવ થયો. રાહાબના ઘરની એ બારી જાસૂસો માટે અને ખુદ રાહાબ માટે બચાવ અને છુટકારાનું કારણ બની ગઈ.

(૨) **આશાની બારી :** ઉત્પતિ ૬:૧૬; ૮:૬

નૂહે બનાવેલા વહાણમાંની બારી એ આશાની બારી છે. એ બારીમાંથી બહાર ગયેલું કબૂતર જૈતવૃક્ષનું પાંદડુ લાવ્યું. આશા બંધાઈ કે હવે પૃથ્વી ઉપર વસવા માટે જગા થઈ છે. આ આશાની બારી છે.

(૩) **પ્રાર્થનાની બારી :** દાનિયેલ ૬:૧૦

દાનિયેલ પોતાના ઘરની બારી ઉઘાડી રાખીને, યરૂશાલેમ ભણી મોં રાખીને દિવસમાં ત્રણ વખત પ્રાર્થના કરતો હતો. નિરાશા અને દુ:ખના સમયોમાં આ બારી હિંમત અને સામર્થ્ય આપે છે.

(૪) **આશીર્વાદની બારી :** માલાખી ૩:૧૦

યહોવા કહે છે : તમારા દશાંશો ભર્યા પૂરા ભંડારમાં લાવો અને

પારખું કરી જુઓ, હું તમારે માટે આકાશની બારીઓ ખોલી નાખીશ. આશીર્વાદની બારીઓ ખોલીને તમને આશીર્વાદ આપીશ.

અહીં નોંધ લો કે એકવચન નહિ, પણ બહુવચન છે - **બારી નહિ, પણ બારીઓ.** ઘણી બારીઓ ખોલીને આશીર્વાદ આપીશ.

પ્રભુ આપણે માટે આ બધી બારીઓ ઉઘાડો.

બચાવની, આશાની, પ્રાર્થનાની અને આશીર્વાદની.

❖ ❖ ❖

## ૨૮. સંતાન વિહોણી માતાઓ

સંતાન વિહોણી માતાઓએ માગીને લીધેલાં સંતાન :

૧. **સારાહ - ઈબ્રાહીમ :** દીકરો **ઈસ્હાક**, તે ઈસ્રાએલનો ધર્મપિતૃ બન્યો.

૨. **મનોઆહ અને તેની સ્ત્રી :** દીકરો **શામશૂન**, તે ઈસ્રાએલનો ન્યાયાધીશ બન્યો.

૩. **એલ્કાનાહ - હાન્ના :** દીકરો **શમૂએલ**, તે ઈસ્રાએલનો પ્રબોધક, ન્યાયાધીશ બન્યો.

૪. **ઝખાર્યાહ - એલિસાબેત :** દીકરો **યોહાન**, તે મહાન આગેવાન, સુવાર્તિક અને પ્રભુને માટે માર્ગ તૈયાર કરનાર બન્યો.

૫. **રાહેલ :** દીકરો **યુસફ**, તે મહાન આગેવાન બન્યો.

**હાન્નાની પ્રાર્થના : ૧ શમુએલ ૧**

હાન્નાનો અર્થ - મહેરબાની, કૃપા. શમુએલનો અર્થ - યહોવા પાસેથી માગી લીધેલો.

**(a) હાન્નાને દીકરાની અગત્યતા હતી.**

દીકરો નહોતો. પનિનાહ મહેણાં મારતી હતી, આથી હાન્નાને બાળકની જરૂરિયાત હતી, અને તે માટે પ્રાર્થના કરતી હતી.

**(b) આગ્રહથી પ્રાર્થના કરતી હતી.**

બોજ સાથે, પોતાનો આત્મા રેડી દીધો. યહોવા આગળ પ્રાર્થનામાં દિલ ઠાલવતી હતી.

**(c) આત્મામાં પ્રાર્થના.**

તેના શબ્દો સંભળાતા નહોતા, માત્ર હોઠ હાલતા હતા, એક ચિત્તે પ્રાર્થનામાં તલ્લીન હતી.

**(d) વિશ્વાસથી પ્રાર્થના કરતી હતી.**

ઈશ્વર પ્રાર્થના સાંભળશે અને ઉત્તર આપશે એવા વિશ્વાસથી પ્રાર્થના કરતી હતી. કલમ ૧૮ માં એલીની વાત માનીને શાંતિએ પોતાને ઘેર ગઈ. પ્રાર્થનાનો જવાબ મળ્યો છે એવા વિશ્વાસથી ઘેર પાછી ફરી.

(e) હાન્નાએ ઈશ્વરને આપેલા વચન પ્રમાણે પોતાના પુત્રને ઈશ્વરની સેવા માટે આપી દીધો ત્યારે તે પુત્ર વગરની બની ગઈ નથી, પણ ઈશ્વરે એને બીજા ત્રણ પુત્રો આપ્યા. (૨:૨૧). હાન્નાને કેટલો મોટો બદલો મળ્યો, કેવું મોટું માન મળ્યું !

❖ ❖ ❖

## ૨૯. દુઃખ અને આનંદ મિશ્રિત મરિયમ

જે દિવસે ગાબ્રીએલ દૂત દ્વારા મરિયમને પુત્ર થશે એવો સંદેશો મળ્યો તે દિવસને બુક ઓફ કોમન પ્રેયરમાં સ્થાન આપવામાં આવ્યું છે, અને આ દિવસને "Lady day of the blessed Virgin Mary"ના નામે ૨૫મી માર્ચે ઉજવવામાં આવે છે.

આ દિવસે મરિયમે ઈસુની મા થવાનું સ્વીકાર્યું. "તારા કહ્યા પ્રમાણે મને થાઓ."

આ આનંદના સમાચારનો દિવસ લેન્ટના દિવસોમાં આવે છે એ નવાઈ લાગે છે, પણ ગુડફ્રાઈડેના દિવસમાં અને આ દિવસમાં એક સામ્ય છે. ગુડફ્રાઈડેના દિવસે દીકરાએ કહ્યું, "બાપ, હું મારો આત્મા તારા હાથમાં સોંપુ છું." અહીં મા કહે છે, "બાપ મારું શરીર તારા હાથમાં સોંપુ છું. તારી ઈચ્છા પ્રમાણે થાઓ."

**મરિયમના જીવનમાં સાત આનંદ અને સાત દુઃખ ગણાવવામાં આવ્યાં છે.**

(૧) મરિયમને ઈસુની મા થવાનો હક મળ્યો, સર્વ સ્ત્રીઓમાં ધન્ય ગણાઈ એ મરિયમ માટે આનંદની બાબત હતી.

પણ સાથે સાથે આ સમાચારથી તેનો પતિ યુસફ શંકાશીલ બન્યો એ દુઃખની બાબત હતી.

(૨) પોતાના પુત્રનો આવકાર, ભજન વિગેરે દૂતો દ્વારા, માગીઓ અને ભરવાડો દ્વારા કરવામાં આવ્યો એ એને માટે આનંદની વાત હતી.

પણ સાથે દુઃખની વાત એ બની કે પોતાના નાના બાળકને લઈને હેરોદની બીકે મિસરમાં નાસી જવું પડ્યું. આઠ જ દિવસના બાળકને લઈને નાસી જવું પડ્યું.

(૩) પોતાના આઠ દિવસના બાળકનું મંદિરમાં અર્પણ થયું એ પ્રસંગ આનંદનો હતો.

પણ સાથે તે વખતે શીમીઓન પ્રબોધકે ઉચ્ચારેલી વાણી દુઃખદ

હતી. "તારા જીવને તરવાર વિંધી નાખશે."

(૪) બાર વર્ષની ઉંમરે પોતાનો દીકરો મંદિરમાં પંડિતો સાથે શાસ્ત્રની ચર્ચા કરે છે. માણસોની પ્રસન્નતા મેળવે છે એ મરિયમ માટે આનંદની વાત હતી.

પણ સાથે સાથે એ દીકરાના વિયોગનું દુઃખ વેઠવાનું હતું. દીકરો ઘેર રહેવાને બદલે ફરતો ઉપદેશક બની ગયો, જેને રહેવાનું કે ખાવાનું ઠેકાણું નહોતું.

(૫) કાના ગામના લગ્ન પ્રસંગે ઈસુને પાણીનો દ્રાક્ષારસ બનાવતો જોઈને માને આનંદ થયો.

પણ સાથે પુત્રએ ઠપકો આપ્યો કે, "બાઈ મારે ને તારે શું" એથી તેને કેટલું દુઃખ થયું હશે, તેની લાગણી દુભાઈ હશે.

(૬) પોતાનો પુત્ર માંદાઓને સાજા કરે છે, ચમત્કારો કરે છે એ જાણીને મરિયમને કેટલો આનંદ થતો હશે.

પણ સાથે સાથે પુત્રની સતાવણી કરવામાં આવે છે. તેની નિંદા કરવામાં આવે છે. તેના ઉપર ખોટા તહોમતો મૂકાય છે એ જાણીને મરિયમને કેટલું દુઃખ થતું હશે.

(૭) મરિયમને માટે અતિ કષ્ટદાયક અને હૃદયને વિંધી નાખનાર દિવસ તો એ હતો જ્યારે પોતાનો પુત્ર વધસ્તંભે લટકી રહ્યો હતો. શીમીઓને આજ ભવિષ્યવાણી કહી હતી.

પણ જ્યારે પુત્રએ વધસ્તંભ ઉપરથી માને યાદ કરી અને યોહાનને માની સંભાળ લેવાની જવાબદારી સોંપી ત્યારે માને કેટલો આનંદ થયો હશે ! પુત્ર માટે કેવો ગર્વ થયો હશે ! અને એથી વિશેષ જ્યારે પુત્રએ મરણને હરાવીને વિજય મેળવ્યો, પુનરુત્થાન પામ્યો ત્યારે માના હરખનો પાર નહિ હોય !

દુઃખ અને આનંદની મિશ્રિત લાગણીઓથી ભરેલી એવી મરિયમને માન આપીએ, અને તેના પેટના ફરજંદને - ઈસુને ભજીએ.

❖ ❖ ❖

## ૩૦. પ્રભુ ઈસુનું બીજું આગમન

૨ પિતર ૩:૮-૧૮

બાઈબલમાંના વિષયોમાંનો આ એક મુખ્ય વિષય છે. આખા બાઈબલમાં ૨૫૦૦ વખત અને નવા કરારમાં ૩૦૦ વખતથી વધુ ખ્રિસ્તના બીજા આગમન સંબંધી ઉલ્લેખ મળે છે. બીજી વખતે ઈસુ રાંક અને નમ્ર - ગધેડા ઉપર બેસીને - વધસ્તંભ ઊંચકીને - આવશે નહિ; પણ મહિમા સહિત, રાજા તરીકે, ન્યાયાધીશ તરીકે આવશે.

### (૧) ઈસુએ પોતે વચન આપ્યું છે.

યોહાન ૧૪:૩. "હું જઈને તમારે માટે જગા તૈયાર કરીને પાછો આવીશ અને તમને મારી સાથે લઈ જઈશ."

### (૨) ઈસુનું આવવું પ્રત્યક્ષ અને ખરેખર થશે.

કેટલાક એવું શીખવે છે કે ઈસુ કોઈક આત્મિક સ્વરૂપે આવશે, પણ બાઈબલ કહે છે કે તે આવશે ત્યારે બધા તેને જોશે. પ્રે.કૃ. ૧:૧; માથ્થી ૨૪:૩૦; પ્રકટીકરણ ૧:૭ દરેક આંખ તેને જોશે.

### (૩) તેના આવવાનો સમય અજાણ છે.

માથ્થી ૨૪:૪૨. "તમે જાણતા નથી કે કયા દિવસે તમારો પ્રભુ આવશે."

તેના આવવાની તારીખો આપવી એ નર્યું જુઠાણું છે. બાપ સિવાય કોઈ જાણતું નથી. દીકરો પણ નહિ. તો તેના પાછા આવવાની તારીખો આપનારા તમે કોણ ?

### (૪) તેના આવવાની નિશાનીઓ.

નિશાનીઓ આપવામાં આવી છે, તેના ઉપરથી જાણી શકાય કે તેનું આવવું નજદીક છે.

(a) તે આવે તે પહેલાં સર્વ પ્રજાને સુવાર્તા પ્રગટ કરવામાં આવશે.

(b) ઈસ્રાએલી રાષ્ટ્રવાદનો ઉદય થશે.

(c) જુઠ્ઠા ખ્રિસ્તો ઊભા થશે. લૂક ૨૧:૮; માથ્થી ૨૪:૫

(d) ઈસુનું આગમન એ આ યુગનો અંત હશે અને નવા યુગનો ઉદય થશે. નવું આકાશ અને નવાં પૃથ્વી થશે.

(e) લડાઈઓ અને જાતજાતની અફવાઓ, કુદરતી આફતો આવશે. આ બધી તેના આવવાની નિશાનીઓ છે. આ નિશાનીઓ પૂરી થતી જોવામાં આવે છે.

**તો પછી વિલંબ કેમ ?**

બધી નિશાનીઓ પૂરી થઈ રહી છે તો પછી વિલંબ શા માટે ? કેમ ઈસુ જલદી આવી જતા નથી ?

૨ પિતર ૩:૯ પ્રમાણે - "કોઈનો નાશ ન થાય પણ સઘળા પશ્ચાતાપ કરે એવું ઇચ્છીને પ્રભુ ધીરજ રાખે છે." પસ્તાવો કરવાનો વધુ સમય આપે છે, ધીરજ રાખે છે.

**પ્રભુ આવે ત્યાં સુધી :**

પ્રભુ આવે ત્યાં સુધી મંડળીએ શું કરવાનું ?

(a) તેના આવવાની વાટ જોવાની, અને

(b) તે આવે ત્યાં સુધી તેની યાદગીરીમાં ભોજન પાળતા રહો. "મારા ફરી આવતાં સુધી તમે આ ભોજન પાળ્યા કરો."

(c) ઈસુ આવે ત્યારે તેને મળવાની તૈયારી કરવાની. નિત્ય તૈયાર થઈ રહો.

❖ ❖ ❖

# ૩૧. વિધવાઓ

યાકૂબ ૧:૨૭

મંડળી બહાર - અન્ય ધર્મોમાં વિધવાનું સ્થાન નીચું ગણાય છે. અપશુકનિયાળ ગણાય છે. કાળાં કપડાં પહેરાવાય છે. સતી થવાનો રિવાજ પણ હતો. વિધવાનું જીવન નીરસ અને નકામું બની જતું.

પરંતુ શરૂઆતથી જ મંડળીએ વિધવાને ઊંચું સ્થાન આપ્યું છે. પ્રે.કૃ. ૬:૧ માં વિધવાઓની કાળજી લેવાની સૂચના મળે છે.

બાઇબલમાં વિધવાઓનું સ્થાન નીચું કે ઊતરતું ગણવામાં આવ્યું નથી.

લૂકની સુવાર્તામાં પાંચ વિધવાઓ વિષેની વાત મળે છે.

(૧) **આન્ના :** ૮૪ વર્ષથી વિધવા હતી. પ્રબોધીકા હતી. સમાજમાં માનભર્યું સ્થાન હતું. ઈશ્વરની સેવા કરતી હતી. તે વિધવા હતી, પણ આશા ગુમાવી નહોતી. દુ:ખી હતી પણ મનમાં કડવાશ નહોતી કારણ કે તેણે ઈશ્વરનું ભજન કરવાનું બંધ કર્યું નહોતું. ૨:૩૬-૩૮

(૨) **સારફાથની વિધવા :** ઈશ્વરે આ વિધવાનો એલિયાહની સેવા માટે ઉપયોગ કર્યો હતો. એલિયાહની સેવા કરવાનું તેને માન મળ્યું હતું. દુકાળના સમયમાં બનેલા મહાન ચમત્કારમાં ઈશ્વરે આ વિધવાનો ઉપયોગ કર્યો. ૪:૨૫-૨૬.

(૩) **નાઈન નગરની વિધવા :** પુત્રના મરણને લીધે દુ:ખી હતી, પણ ઈસુએ તેને દિલાસો આપ્યો અને પુત્ર પાછો આપ્યો. ઈસુને તેના ઉપર કરુણા આવી હતી. ૭:૧૧-૧૫.

(૪) **દાદ માગતી વિધવા :** આ વિધવા પોતાની ફરિયાદ વારંવાર કરતી રહી. હારી ગઈ નહિ, થાકી ગઈ નહિ. આખરે તેની હિંમત અને વિશ્વાસને દાદ મળી અને તેની ફરિયાદ સાંભળવામાં આવી. ૧૮:૨-૫.

(૫) **ગરીબ વિધવા :** આ વિધવા ગરીબ હતી, પણ પ્રભુને આપવામાં વિશ્વાસુ હતી, તેણે નમૂનો આપ્યો. તેની કદર કરવામાં આવી. ૨૧:૧-૪.

આજે દેશમાં - સમાજમાં - મંડળીમાં ઘણી વિધવા બહેનો છે. કેટલીક વિધવાઓ સમાજ અને કુટુંબથી તરછોડાયેલી હશે. એકલવાયું જીવન જીવતી હશે. કોઈના પ્રેમ, કાળજી અને સંગત માટે ઝંખતી હશે. કેટલીક વિધવાઓ તેમનાં સંતાનો હોવા છતાં એકલવાયું અને નિરાધાર જેવું જીવન જીવતી હશે. ઘરડા ઘરમાં દિવસો પસાર કરતી હશે.

આવી ઉપેક્ષા અનુભવતી કોઈ વિધવા બહેનની તમને ખબર છે ? આવી કોઈ વિધવા બહેન શું તમારી મા કે બહેન છે ?

તમારી મંડળીમાં કોઈ છે ?

વિધવાઓને પડતી મૂકશો નહિ, પ્રે.કૃ. ૬:૧ દુઃખના વખતે તેઓની મુલાકાત લો. યાકૂબ ૧:૨૭

❖ ❖ ❖

## ૩૨. જેને સાંભળવાને કાન છે તે સાંભળે.

માથ્થી ૧૩: ૪૩

**(૧) કાનનો ઉપયોગ :**

કાન સાંભળવા માટે છે.

ચશ્મા ભરાવવા માટે તેનો ઉપયોગ થાય છે.

ભૂલ કબૂલ કરવા કાન પકડવામાં આવે છે.

શિક્ષા માટે સ્કૂલમાં બાળકના કાન આમળવામાં આવે છે.

આભૂષણો પહેરવા માટે કાનનો ઉપયોગ થાય છે.

જૂના કરારમાં યાજકોની પ્રતિષ્ઠા વખતે તથા સાજા થયેલાં કોઢિયાના શુદ્ધિકરણ વખતે જમણા કાન ઉપર લોહી છાંટવામાં આવતું હતું. નિર્ગ. ૨૯:૨૦; લેવી ૮:૨૩.

નિર્ગ. ૨૧:૬ અને પુન. ૧૫:૧૭ પ્રમાણે ગુલામના કાન વિંધવામાં આવતા, જેથી તે હંમેશ માટે પોતાના માલિકનો ગુલામ બની જતો.

**(૨) ઈશ્વરના કાન સાંભળે છે.**

આપણી પ્રાર્થનાઓ પ્રત્યે અને આપણા પોકારો પ્રત્યે ઈશ્વરના કાન ખુલ્લા હોય છે.

(a) કાઈન-હાબેલની વાર્તામાં - હાબેલના લોહીનો પોકાર ઈશ્વરે સાંભળ્યો. "તારા ભાઈ હાબેલનું લોહી ભૂમિમાંથી મને હાંક મારે છે."

(b) મિસરમાંથી ઈસ્રાએલી લોકોનો પોકાર ઈશ્વરે સાંભળ્યો અને તેઓને છોડાવ્યા.

(c) ગીતકર્તા ભક્ત દાઉદ લખે છે : "મેં પોકાર કર્યો ને ઈશ્વરે સાંભળીને મને કાદવમાંથી ખેંચી કાઢ્યો."

**(૩) મંડળીના કાન ખુલ્લા છે ?**

પ્રભુ ઈસુનું શરીર - મંડળીના કાન ખુલ્લા છે ? તે અન્યના પોકારો, વિનંતીઓ સાંભળે છે ?

જગતમાં ચારે બાજુ જાતજાતના પોકારો પડે છે, મદદ માટે વિનંતીઓ થાય છે એ બધા પ્રત્યે મંડળીના કાન ખુલ્લા છે ?

(a) કુટુંબમાં ઝઘડા, અદેખાઈ, પ્રશ્નો, ચિંતાઓ વિગેરેના પોકારો પડે છે. શું મંડળી તે સાંભળે છે ?

(b) જેઓ પાપના બંધનમાં પડેલા છે, સામાજિક દુષણોના બંધનમાં છે તેઓના પોકારો મંડળીને સંભળાય છે ?

"અમે ઈસુનાં દર્શન કરવા માગીએ છીએ" એ વિનંતી મંડળીને સંભળાય છે ?

(c) આજના જુવાનોનો પોકાર, તેમની ફરિયાદો મંડળી સાંભળે છે ? તેમની મદદ માટે હાથ લંબાવે છે ?

આજે અનેક પ્રકારના કાદવમાં ખૂંપી ગયેલાના પોકારો છે - **"અમને બહાર કાઢો" - "અમારી મદદ કરો" - "અમને છોડાવો"** - આવા પોકારો મંડળીએ સાંભળવાની જરૂર છે. પોતાના કાન ખુલ્લા રાખવાની જરૂર છે.

❖ ❖ ❖

# ૩૩. લગ્નવાદીઓને

નારી નરમાંથી લેવામાં આવેલી છે, તે તેના હાડકામાંનુ હાડકું અને માંસમાંનું માંસ છે.

"એ સારુ, માણસ પોતાનાં મા-બાપને છોડીને, પોતાની વહુને વળગી રહેશે; અને તેઓ બંને એક દેહ થશે." ઉત્પતિ ૨:૨૪

લગ્નની પાયારૂપ ત્રણ બાબતો અહીં ઈશ્વરે પોતે બતાવી છે.

(૧) **છોડીને :** છોડવું પડશે.

સ્ત્રી પોતાનાં માબાપને, મિલકતને, ઘરને, સગાંવહાલાંઓને છોડીને પતિને ઘેર જાય છે, ત્યારે માણસે પણ પોતાના સુખી લગ્ન જીવનને માટે છોડવું પડશે.

માબાપને, જૂના સંબંધોને, છોડવું અઘરું છે, પણ તે વગર બીજો રસ્તો નથી. સુખી લગ્નજીવન માટે ચૂકવવામાં આવતી આ કિંમત છે.

(૨) **વળગી રહેવું :** "પોતાની વહુને વળગી રહેશે."

છોડવાની બાબત જાહેર છે, વળગી રહેવાની બાબત અંગત છે. જેમ વેલ પોતાની વૃદ્ધિ માટે ઝાડને વળગી રહે છે એમ પતિ અને પત્નીએ એકબીજાને વળગી રહેવું.

ક્યાં સુધી ? "મરણ આપણ બંનેને જુદાં ન પાડે ત્યાં સુધી."

(૩) **એક દેહ થશે :**

ગાઢ સંબંધ ૧ + ૧ = ૧

આમાં શારીરિક સંબંધ જોડાયેલો છે. તેઓ પોતાનો આનંદ અને દુઃખ વહેંચીને લેશે. મારું-તારું નહિ, પણ "આપણું' બનશે.

સુખી લગ્ન જીવન માટે આ ત્રણ પાયાની બાબતો છે.

"One mind, one goal and one purpose in life."

❖ ❖ ❖

# ૩૪. તેણે પોતાને ખાલી કર્યો

જગતના તારણ માટે ઈશ્વરે પસંદ કરેલો માર્ગ - ખ્રિસ્તે પોતાને ખાલી કર્યો. ફિલી. ૨:૧-૧૧

**એમાં શું સમાયેલું છે ?**

(1) Christ was made flesh.

શબ્દ સદેહ થયો. તેણે દેહ ધારણ કર્યો. યોહાન ૧:૧૪. જેને અગાઉ માનવી દેહ નહોતો, માનવી મર્યાદાઓ નહોતી તે ખ્રિસ્તે દેહ ધારણ કરીને સ્વીકારી.

(2) Chirst was made sin.

"તેને પાપરૂપ કરવામાં આવ્યો." ૨ કોરિંથી ૫:૨૧ જેણે કદી પાપ જાણ્યું નહોતું તે આપણે વાસ્તે પાપરૂપ બન્યો. યશા. ૫૩:૬ "યહોવાહે તેના પર આપણ સર્વના પાપનો ભાર મૂક્યો." તે અપરાધીઓમાં ગણાયો.

(3) Chirst was made Curse.

તે **શાપિત** બન્યો. ગલાતી ૩:૧૩. ઈસુ આપણે વાસ્તે નીચામાં નીચી કક્ષાએ - હલકી કક્ષાએ ઊતર્યો. તે શાપિતોમાં ગણાયો.

(4) Chirst was made poor.

તે ગરીબ બન્યો. ૨ કોરિંથી ૮:૯

જે ધનવાન હતો તે આપણે વાસ્તે ગરીબ બન્યો. એવો ગરીબ કે જેને માથું મૂકવાનું ઠામ-ઠેકાણું નહોતું. એવો ગરીબ કે જેને જન્મ લેવા માટે ગભાણ કરતાં સારી જગા મળી નહિ. એવો ગરીબ કે જ્યારે તે મરણ પામ્યો ત્યારે પોતાની કબર સુદ્ધાં નહોતી.

(5) Chirst was made a servant.

તે દાસ બન્યો, સેવક બન્યો, પૃથ્વી પર આવીને તેણે દાસનું રૂપ ધારણ કર્યું. તેણે પાણી લીધું, રૂમાલ લીધો અને શિષ્યોના પગ ધોયા.

“આપ જ આવા તો જોયા પિતા પ્રભુ,
આપ જ આવા તો જોયા,
ગુરુએ થઈ ચેલાના પગ ધોયા,
પિતા પ્રભુ આપ જ આવા તો જોયા.”

❖ ❖ ❖

## ૩૫: બેથલેહેમનો માર્ગ

"ચાલો, આપણે બેથલેહેમ જઈએ." લૂક ૨:૧૫

**પ્રભુ ઈસુના ત્રણ માર્ગ :**

(a) સ્વર્ગમાંથી બેથલેહેમની ગભાણ

(b) બેથલેહેમની ગભાણથી કાલવરી

(c) કાલવરીથી સ્વર્ગ - પિતાની ગોદ.

**(૧) પ્રભુ ઈસુને માટે બેથલેહેમનો માર્ગ**

ઈસુ ખ્રિસ્ત બેથલેહેમના માર્ગે ચાલ્યા, તેમને માટે આ માર્ગ એટલે **નમ્રતાનો** માર્ગ હતો. પોતાને ખાલી કરવાનો માર્ગ હતો, ત્યાગ કરવાનો માર્ગ હતો. ઈસુ એ માર્ગે ચાલ્યા. તમે એ માર્ગે ચાલવા તૈયાર છો ?

**(૨) મરિયમ - યુસફને માટે બેથલેહેમનો માર્ગ**

મરિયમ અને યુસફ બેથલેહેમના માર્ગે ચાલ્યાં. તેમને માટે આ માર્ગ એટલે **આધિનતાનો** માર્ગ હતો. "જો હું પ્રભુની દાસી છું, તારા કહ્યા પ્રમાણે મને થાઓ."

માનવજાતના તારણ માટે ઈશ્વરે જે યોજના કરી હતી તે **યોજનાને માર્ગે** મરિયમ અને યુસફ ચાલ્યાં. તમે એ માર્ગે ચાલવા તૈયાર છો ?

**(૩) માગીઓ માટે બેથલેહેમનો માર્ગ**

માગીઓ બેથલેહેમના માર્ગે ચાલ્યા. તેમને માટે બેથલેહેમનો માર્ગ એટલે **અર્પણો ચઢાવવાનો** માર્ગ, **ભેટો ધરવાનો** માર્ગ, **ભજન કરવાનો** માર્ગ હતો. તેમણે સોનુ, બોળ અને લોબાનનું નજરાણું ધર્યું, અને પગે પડીને ભજન કર્યું. માગીઓ બેથલેહેમના માર્ગે ચાલ્યા. શું તમે બેથલેહેમના માર્ગે ચાલવા તૈયાર છો ?

**(૪) ભરવાડો માટે બેથલેહેમનો માર્ગ**

ભરવાડો બેથલેહેમના માર્ગે ચાલ્યા. ભરવાડો માટે બેથલેહેમનો માર્ગ એટલે દેવનો **મહિમા કરવાનો** માર્ગ, **સ્તુતિ કરવાનો** માર્ગ, **આભાર માનવાનો** માર્ગ હતો.

"અને તેઓ દેવનો મહિમા તથા સ્તુતિ કરતા પાછા ગયા."

વળી, જે વાત તેમને કહેવામાં આવી તે તેમણે બીજાઓને જાહેર કરી. ભરવાડો માટે બેથલેહેમનો માર્ગ એ **જાહેર કરવાનો - સાક્ષી આપવાનો** માર્ગ હતો. ભરવાડો આ બેથલેહેમના માર્ગે ચાલ્યા. શું તમે બેથલેહેમના માર્ગે ચાલવાં તૈયાર છો ?

"તેઓએ એકબીજાને કહ્યું, ચાલો આપણે બેથલેહેમ જઈએ."

"આવો વિશ્વાસુઓ, જયાનંદ કરીને
આવો રે આવો બેથલેહેમ."

❖ ❖ ❖

## ૩૬. રોટલી ભાંગતાં તે ઓળખાઈ ગયો.

લૂક ૨૪:૧૩-૩૫

તે જ દહાડે - ઈસુ મરણમાંથી ઊઠ્યા તે જ દહાડે, બે જણ - કલીઓપાસ અને લૂક પોતે, યરૂશાલેમથી એમ્મોસ જતા હતા.

યરૂશાલેમથી ચાર ગાઉ પશ્ચિમે આવેલું એમ્મોસ. તેઓની ચાલવાની દિશા સૂર્યાસ્ત ભણી હતી.

માર્ગમાં ઈસુ તેઓની સાથે ચાલ્યા, પણ તેઓ તેને ઓળખી શક્યા નહિ.

(૧) **કેમ ઓળખી શકયા નહિ ?**

કારણ કે, (a) **તેઓ પશ્ચિમ દિશા તરફ જતા હતા.** સૂર્યાસ્તની દિશા તરફ જતા હતા. ગણના ૨૧:૧૧ પ્રમાણે ઈસ્રાએલીઓને ઉગમણી દિશા તરફ ચાલવાની આજ્ઞા હતી. અહીં આ બે જણ આથમણી દિશા તરફ ચાલે છે.

(b) કારણ કે, **અંધારું થવા આવ્યું હતું.** સાંજ પડવા આવી હતી.

(c) **તેઓ ઉદાસ હતા,** મન બેચેન હતાં.

(d) **અવિશ્વાસ હતો.** ઈસુ મરણમાંથી ઊઠ્યા છે એ વાત તેમના માન્યામાં આવતી નહોતી.

પ્રભુ ઈસુએ તેમને શાસ્ત્રના આધારે ખુલાસો આપ્યો અને તેમના મનમાં પ્રકાશ પડ્યો.

આ બે જણે ઈસુને - અજાણ્યા મુસાફરને આમંત્રણ આપ્યું, **"અમારી સાથે રહે."**

(૨) અને તેઓ જમવા બેઠા ત્યારે ઈસુએ રોટલી લઈને, સ્તુતિ કરીને ભાંગી અને તેઓને આપી, ત્યારે તેઓની આંખો ઉઘડી ગઈ અને તેઓએ તેને ઓળખ્યો.

અગાઉ, આ રીતે તેમણે ઈસુને રોટલી ભાંગતાં અને સ્તુતિ કરતાં જોયા હતા. પાંચ હજારને જમાડ્યા ત્યારે, છેલ્લા ભોજન વખતે - આથી જ્યારે અહીં ઈસુએ એ જ રીત પ્રમાણે રોટલી લઈને સ્તુતિ કરી અને ભાંગી ત્યારે તેઓ તેને ઓળખી ગયા કે આ તો અમારો ગુરુ અને પ્રભુ છે.

રોટલી ભાંગતા તે ઓળખાઈ ગયો.

(૩) **પરિણામ :**

તેઓ આનંદ પામ્યા અને તે જ ઘડીએ, એટલે સાંજે ને સાંજે, સમય બગાડ્યા વગર ઊઠીને યરૂશાલેમ ભણી પાછા વળ્યા. (કલમ ૩૩) કેવો આનંદ, આ ખુશીના સમાચાર બીજાને કહેવાની કેટલી ઉતાવળ.

યરૂશાલેમ આવીને તેમણે બીજા શિષ્યોને કહ્યું હશે, અરે સાંભળો, સાંભળો, તેણે રોટલી ભાંગી અને અમે તેને ઓળખી ગયા કે તે જ ઈસુ ખ્રિસ્ત છે, તે જીવતો છે, તે ઊઠ્યો છે.

અમે તેને રોટલી ભાંગતાં ઓળખ્યો છે. વહાલાંઓ, શું તમે તેને ઓળખ્યો ?

❖ ❖ ❖

# ૩૭. પિતર ભાઈઓની વચમાં ઊભો થયો.

પ્રે.કૃ. ૧:૧૫

"પિતર ભાઈઓની વચમાં ઊભો થયો."

તે વખતે ત્યાં ૧૨૦ માણસો હાજર હતા. તેઓની વચમાં ઊભા થઈને પિતરે બોલવાનું શરૂ કર્યું.

આ નવાઈ નથી લાગતી ? અરે, પિતર, તું કેવી રીતે મંડળી આગળ ઊભો થઈને કશું પણ બોલી શકે ! તારામાં આવી હિંમત ક્યાંથી આવી ?

(૧) **ભૂતકાળ :** જો ભૂતકાળના પાપોને અને ભૂલોને યાદ કરીને શરમાવાનું કે દુ:ખી થવાનું કોઈને સબળ કારણ હોય તો તે પિતર પોતે જ છે.

(a) ગેથસેમાની વાડીમાં તેણે ગુસ્સે થઈને ચાકરનો કાન કાપી નાખ્યો ત્યારે ઈસુએ તેને ઠપકો આપ્યો હતો.

(b) ત્રણ વખત તેણે ઈસુનો નકાર કર્યો હતો કે "હું તેને ઓળખતો નથી."

(c) ઉપલી મેડીમાં ઉત્સાહી જણાય છે, પણ ગેથસેમાની વાડીમાં જાગતા રહેવું જોઈએ ત્યારે ઊંઘી ગયો હતો.

(d) ઈસુનો ઉદ્ધારનો માર્ગ સમજી શક્યો નહોતો અને તેથી કહે છે કે પ્રભુ મરણ તારાથી દૂર રહો. અને છેલ્લે ખુલ્લે ખુલ્લો નકાર કર્યો હતો.

આવો પિતર કયા મોંઢે ભાઈઓની વચમાં બોલવા ઊભો થયો ? તે કેવી રીતે બોલી શકે ? મંડળી આગળ ઊભા થવાની એની હિંમત કેવી રીતે ચાલી ?

(૨) **વર્તમાન :** કારણ કે ઈસુએ તેને માફી આપી હતી અને પિતરે એ માફી સ્વીકારી હતી. એના ભૂતકાળના પાપને ઈસુએ માફ કરી

દીધું હતું. માટે જ, જેને માફી મળી ચૂકી છે એને હવે શરમાવાનું કોઈ કારણ નથી. દુઃખી થવાની જરૂર નથી. સેવા છોડી દેવાની જરૂર નથી.

"જેનું પાપ માફ થયું છે અને જેનાં ઉલ્લંઘન ઢંકાઈ ગયાં છે તેને ધન્ય છે." ગી.શા. ૩૨:૧

પિતરને માફી મળી ચૂકી છે, તેથી હવે ભૂતકાળને યાદ કરીને તે દુઃખી થતો નથી. શરમાતો નથી, સેવા અને આગેવાની છોડી દેતો નથી, અને તેથી પ્રે.કૃ. ૧:૧૫ માં આપણે ફરીથી પિતરને શિષ્યોના આગેવાન તરીકે તેઓની વચમાં ઊભો રહેલો જોઈએ છીએ. તે પુનઃ સ્થાપિત થઈ ચૂક્યો છે, તેથી તેને હિંમતથી બોલતો સાંભળીએ છીએ.

જેના ભૂતકાળને ઈસુના લોહી નીચે ઢાંકી દેવામાં આવ્યો છે, માફી મળી ચૂકી છે તેને હવે શરમાવાનું કે બીવાનું કોઈ કારણ નથી. વાંચો - કોલોસી ૨:૧૪; યોહાન ૧:૭; ૨ કોરિંથી ૬:૧૦-૧૧

જો તમને તમારાં ભૂતકાળનાં પાપોની માફી મળી ચૂકી છે, તેની ખાતરી મળી છે, તો હવે તેને યાદ કરશો નહિ, દુઃખી થશો નહિ, સેવા છોડી દેશો નહિ. ફિલીપી ૩:૧૩-૧૪.

❖ ❖ ❖

## 38. No Man

**No man** will be exempted or excused, every man will give account, every man will stand before God in Judgement. Rom 14:11-12; Rev. 20:12

**No man** will be abused or wrongly judged. Acts 17:30-31

**No man** can come to God except by Jesus. John 14:6

**No man** can be saved any other way. 1 John 5:1; 2 Peter 3:9

**No man** knows the day or hour of Jesus coming. Matthew 24:36; Luke 12:40

**No man** shall be able to stand... excepet whose names are written in the Lamb's book of life. Rev. 21:17.

**No man** can come to me except the father which hath sent me drow him John 6:44

**No man** is able to pluck them out of my father's hand. John 10:27-29

**No man** can open the door or shutt the door. Rev. 3:7.

**No man** can win the victory over the world, sin and devil except through him. 1 cor. 10:12

❖ ❖ ❖

# ૩૯. ત્રણ સવાલ

માર્ક ૪:૩૫-૪૧માં સમુદ્રમાં તોફાન થયું તે વિશેની વાત મળે છે.

ખરી રીતે તો શિષ્યોની આ મુસાફરી આરામદાયક બનવી જોઈતી હતી, કારણ કે

(a) તેઓ ઈસુના કહેવા પ્રમાણે – તેની આજ્ઞા પ્રમાણે સમુદ્રને પેલે પાર જવા નીકળ્યા હતા.

(b) ઈસુ પોતે તેઓની સાથે હતા.

અને છતાં સમુદ્રમાં તોફાન થયું, હોડી ડૂબવા લાગી અને શિષ્યો ગભરાઈ ગયા.

આપણે જગતમાં છીએ અને જગતમાં સંકટો - મુશ્કેલીઓ રહેવાની. પણ ''હિંમત રાખો, જગતને મેં જીત્યું છે.'' ખ્રિસ્તી માણસના જીવનમાં મુશ્કેલીઓ આવશે નહિ એવું ઈસુએ કદી કહ્યું નથી. જુઓ યોહાન ૧૭. ઈસુની પ્રાર્થના.

૧. **પહેલો સવાલ :** શિષ્યો દ્વારા પૂછવામાં આવ્યો અને ઈસુને પૂછાયો.

''ઉપદેશક, અમે નાશ પામીએ છીએ, તેની તને શું કંઈ ચિંતા નથી ? કલમ ૩૮

જો ઈસુને અમારી ચિંતા હોય તો તે ઊંઘી જાય નહિ. શિષ્યોને સાબિતી જોઈએ છે. જો તને અમારી ચિંતા હોય તો આ તોફાનમાંથી અમને બચાવ.

આવો સવાલ આ કંઈ પહેલીવાર અને છેલ્લીવાર પૂછાયો નથી. વારંવાર લોકો આ સવાલ પૂછે છે. શું ઈશ્વર અમારા ઉપર પ્રેમ કરે છે ?

જો પ્રેમ કરતા હોય તો આમ કેમ બન્યું ! માંદગી કેમ, મરણ કેમ, દુઃખ કેમ આવ્યું ? Why ?

૨. **બીજો સવાલ :** પ્રભુ ઈસુ શિષ્યોને પૂછે છે.

"તમે કેમ ભયભીત થયા છો ? શું તમને હજીયે વિશ્વાસ નથી ?"

તમે ઈસુના ઉપદેશો સાંભળ્યા છે, ચમત્કારો જોયા છે, છતાં તમને વિશ્વાસ નથી ?

ઈસુનો આ સવાલ આપણા બધાને માટે છે. તમે કેમ ભયભીત થાઓ છો ? મારા પર વિશ્વાસ રાખો. તમારે મરણની છાયાની ખીણમાં થઈને ચાલવાનો વખત આવશે ત્યારે હું તમારી સાથે છું. ઈશ્વર મરણની ખીણને દૂર કરતા નથી, તોફાનને દૂર કરતા નથી, પણ એ બધા સમયોમાં તે આપણી સાથે છે.

ખ્રિસ્તના પ્રેમથી આપણને કોણ જુદા પાડી શકશે ? રૂમી ૮; યોહાન ૧૪:૧

૩. **ત્રીજો સવાલ :** શિષ્યોનો સવાલ આશ્ચર્યથી, અચંબો પામીને પૂછે છે, **"આ તે કોણ છે ?"** આ ઈસુ કોણ છે કે સમુદ્ર તથા પવન પણ તેનું માને છે ?

આજે પણ લોકો મંડળીને આ સવાલ પૂછે છે ઈસુ કોણ છે ? શા માટે જગતના પોણા ભાગના લોકો તેની પાછળ ચાલે છે ? શા માટે હજારો લોકો તેના નામમાં શહીદ બની ગયા છે ? માણસનાં જીવનો બદલી નાખનાર આ ઈસુ કોણ છે ? તમારો શો જવાબ છે ?

❖ ❖ ❖

## ૪૦. ઈતિહાસનો મહાન બનાવ

જો પ્રભુ ઈસુનું પુનરુત્થાન થયું ના હોય તો તેના જન્મનું મહત્ત્વ કોઈ પણ મહાન માણસના જન્મથી જરા પણ વધારે ના હોત. ૧ કોરિંથી ૧૫:૧૪-૧૭

માથ્થી ૨૮:૧-૨૦માં ત્રણ મહાન બાબતો નોંધવામાં આવી છે.

૧. કલમ ૧-૧૦ **મહાન સામર્થ્ય**

પુનરુત્થાન વખતે ધરતીકંપ થયો, દૂત આકાશથી ઊતર્યો, ચોકીદારો ધ્રૂજી ગયા, કબર ઊઘડી ગઈ - આ બધું દેવના મહાન સામર્થ્ય અને પરાક્રમને કારણે બન્યું.

એફેસી ૧:૧૯-૨૦. "તેણે સામર્થ્ય દેખાડીને ખ્રિસ્તને મૂએલામાંથી ઊઠાડ્યો."

ઉત્પતિ વખતે દેવનું જે સામર્થ્ય હતું તેના કરતાં પણ વધારે સામર્થ્ય ઈસુના પુનરુત્થાનમાં રહેલું છે.

૨. કલમ ૧૧-૧૫ **મહાન જૂઠ્ઠાણું**

દેવના મહાન સામર્થને દાબી દેવા માટે જગતે મહાન જૂઠ્ઠાણાનો આશરો લીધો.

યાજકો અને વડીલોએ લાંચનાં નાણાં આપીને ચોકીદારોને જૂઠ્ઠું કહેવા કહ્યું કે "અમે ઊંઘતા હતા ત્યારે શિષ્યો આવીને ઈસુના શબને ચોરી ગયા."

સાચી વાત દબાઈ જાય છે, લોકો ભૂલી જાય છે. પણ જૂઠ્ઠાણું લોકોને યાદ રહે છે. ૨ થેસ્સા. ૨:૧૧

૩. કલમ ૧૬-૨૦ **મહાન આજ્ઞા**

"એ માટે" - એટલે મને અપાયેલા અધિકારને કારણે, હું તમને આજ્ઞા આપું છું કે, "તમે જઈને સર્વ દેશનાઓને શિષ્ય કરો, બાપ, પુત્ર અને પવિત્ર આત્માને નામે બાપ્તિસ્મા આપતા જાઓ."

શિષ્યોને શિષ્યો બનાવવાની આજ્ઞા આપવામાં આવી. આ વિનંતી નથી, પણ આજ્ઞા છે.

❖ ❖ ❖

## ૪૧. ત્રણ પ્યાલા

૧. **પિતાએ પુત્રને પીવા આપેલો પ્યાલો.**

ગેથસેમાની વાડીમાં પુત્ર આ પ્યાલો દૂર થાય એવી ત્રણ વખત વિનંતી કરે છે. આ વિનંતી સ્વીકારવામાં આવી નહિ, તેથી આખરે તેણે પ્યાલો પીધો.

"બાપ, જો બની શકે તો આ પ્યાલો મારાથી દૂર કર."

"મારી નહિ, પણ તારી ઇચ્છા પૂરી થાઓ." યોહાન ૧૮:૧૧માં ઈસુ પિતરને ઠપકો આપતાં કહે છે, "જે પ્યાલો મારા બાપે મને આપ્યો છે તે શું હું ના પીઉં ?"

**આ પ્યાલામાં શું હતું ?**

(a) મરણ, દુ:ખ, કષ્ટ, શરમ, માર, મહેણાં વિગેરે આ પ્યાલામાં હતાં. ઉપરાંત

(b) જગતના તમામ લોકોનાં પાપનો નીચોડ આ પ્યાલામાં હતો.

૨. **પુત્ર - ઈસુ આપણને જે પ્યાલો પીવા માટે આપે છે તે.**

"ઈસુએ પ્યાલો લઈને સ્તુતિ કરીને કહ્યું, તમે સહુ એમાંથી પીઓ, કેમ કે નવા કરારનું એ મારું લોહી છે, જે તમારે માટે વહેવડાવવામાં આવ્યું છે." માથ્થી ૨૬:૨૭

આપણે આ પ્યાલો પીવાનો છે.

**આ પ્યાલામાં શું છે ?**

(a) **પાપની માફી** - માથ્થી ૨૬:૨૮

(b) **સમાધાન** - દેવ સાથે સમાધાન થાય છે.

(c) **પસ્તાવો** - આ પ્યાલામાંથી પીતાં આપણે પસ્તાવો કરીએ પસ્તાવા દ્વારા **તારણ** છે.

કડવો પ્યાલો ઈસુએ પોતે પીધો, આપણને અમૃતપાન પીવડાવે છે. (ભજનસંગ્રહ ગીત ૧૧૯)

3. **મારો પ્યાલો**

ગી. શા. ૨૩માં દાઉદ ભક્ત લખે છે, "મારો પ્યાલો ઊભરાઈ જાય છે."

**આ પ્યાલામાં શું છે ?**

(a) **આશીર્વાદો** - ઈશ્વરની સંપત્તિનો વારસો એમાં રહેલો છે.

(b) **આનંદ - શાંતિ** - આ પ્યાલમાં રહેલાં છે. ઈશ્વર તરફથી મળતો આનંદ અને શાંતિ મારા પ્યાલામાં છે.

આ પ્યાલો ઊભરાતો અને છલકાતો પ્યાલો છે. જેઓ, પ્રભુએ આપેલો પ્યાલો પીવે છે, તેમનો પ્યાલો ઊભરાઈ જાય છે. ગી.શા. ૧૧૬:૧૩

❖ ❖ ❖

# ૪૨. પાપની ભયંકરતા

આજે પાપને જુદાં જુદાં નામ આપીને તેને હળવું ગણવામાં આવે છે. પણ પાપ એ પાપ છે. આજે લોકો પાપ વિષે સાંભળવાનું ખાસ પસંદ કરતા નથી. તેઓ કહે છે, "Preacher say something nice."

**(૧) કોઈ પણ પાપ એ ઈશ્વરની વિરુદ્ધનું કૃત્ય છે.**

(a) આખાન કબૂલ કરે છે કે ખરેખર મેં ઈસ્રાએલના દેવ યહોવાની વિરુદ્ધ પાપ કર્યુ છે. યહોશુઆ ૭:૨૦

(b) ઉડાઉ દીકરો કબૂલ કરે છે કે મેં આકાશ સામે પાપ કર્યું છે. લૂક ૧૫:૨૧

(c) પિતર અનાન્યાને ઠપકો આપે છે કે તેં માણસોને નહિ પણ દેવને જૂઠું કહ્યું છે. પ્રે.કૃ. ૫:૧-૬

(d) દમસ્કના માર્ગ ઉપર દેવની વાણીએ શાઉલને કહ્યું, ''તું મને કેમ સતાવે છે ?'' પ્રે.કૃ. ૯.

**(૨) પાપના છાંટા બીજાને પણ ઊડે છે.**

પાપનાં પરિણામો બીજાઓને પણ ભોગવવાં પડે છે. પાપની આગ બીજાને પણ દઝાડે છે.

આખાનના પાપને કારણે તેની પત્ની, બાળકોને પણ સહન કરવું પડ્યું. તેમનો નાશ થયો. ઢોરઢાંકનો પણ નાશ થયો. ગુનો કરીને જેલમાં જતો માણસ એકલો સજા ભોગવતો નથી, પણ એના કુટુંબને પણ સજા ભોગવવી પડે છે. એકનું પાપ બીજાને પણ ડૂબાડે છે.

**(૩) પાપને સંતાડી શકાતું નથી :**

ગમે ત્યારે ખુલ્લું થાય છે, જાહેર થાય છે. ''સાવધાન રહો. તમારું

પાપ નિશ્ચે તમને પકડી પાડશે.'' ખાનગીમાં કરેલું પાપ છાપરા ઉપરથી જાહેર કરવામાં આવશે.

આદમ, કાઈન વિગેરેએ પોતાનાં પાપને સંતાડવાના પ્રયત્નો કર્યા, પણ દેવે તેમને પકડી પાડ્યા. દાઉદ ગી.શા. ૧૩૯ માં લખે છે કે, ''હે યહોવા હું તારી હજૂરમાંથી કયાં નાસી જાઉં?'' તમારું પાપ તમને પકડી પાડશે.

**(૪) પાપનું પરિણામ :**

બાઈબલ કહે છે : પાપનો મુસારો મરણ છે; અને એકલું મરણ જ નહિ, પણ ત્યાર પછી ન્યાય. ''તારા કારભારનો હિસાબ આપ.''

**(૫) બચવાનો ઉપાય :**

પાપથી - મરણથી - ન્યાયથી બચવાનો ઉપાય છે, પસ્તાવો કરો, કબૂલાત કરો, માફી મેળવો. વિશ્વાસ કરો.

❖ ❖ ❖

## ૪૩. હલવાનની કન્યા સ્વર્ગે ઊંચકાઈ જશે.

પ્રકટીકરણના ચોથા અધ્યાય સુધી મંડળી પૃથ્વી ઉપર છે, ત્યાર પછી મંડળી સ્વર્ગમાં ગયેલી છે. ચોથા અધ્યાય બાદ આવતી બીનાઓ બાકી રહેલા લોકો માટે છે. જે બધા અનર્થો થાય છે અને નાશ થાય છે ત્યારે મંડળી પૃથ્વી ઉપર નથી. મંડળીને ઉપર લઈ લેવામાં આવેલી છે, તેથી આ અનર્થો મંડળીને ભોગવવાના નથી. મંડળી ઉપર ગયા પછી જ બધા અનર્થો મોકલવામાં આવે છે. થોડા દાખલા જોઈએ.

(૧) ૨ પિતર ૨:૭ સદોમ-ગમોરાહ શહેરોનો આગ અને ગંધકથી નાશ કરવામાં આવ્યો, પણ તે પહેલાં દેવે પોતાના ભક્ત લોટ અને તેના કુટુંબને શહેરની બહાર કાઢી લીધાં હતાં, તેઓ શહેરની બહાર નીકળી ગયાં પછી જ શહેરનો નાશ કરવામાં આવ્યો. દેવે લોટને બચાવી લીધો.

(૨) ઉત્પતિ ૬ માં ઈશ્વર જળપ્રલયથી દુનિયાનો નાશ કરે તે પહેલાં ભક્ત નૂહ તથા તેના કુટુંબને ઈશ્વરે વહાણમાં મોકલી દીધાં હતાં. તેઓ વહાણમાં પેઠાં ત્યાર પછી જ દેવે વરસાદ માટે આકાશનાં દ્વારો ઉઘાડ્યાં, ત્યાર પછી જ જળનિધિના ઝરા ખુલ્લાં મૂકયા. પણ નૂહનો બચાવ થઈ ચૂક્યો હતો.

(૩) યહોશુઆ ૬માં યરેખો શહેરનો કોટ તૂટી પડ્યો. શહેરનો નાશ થયો, પણ આ બધું થાય તે પહેલાં વચન પ્રમાણે રાહાબને યરેખોમાંથી બહાર કાઢી લેવામાં આવી હતી. બધાનો નાશ થાય તે પહેલાં રાહાબને ઈસ્રાએલની છાવણીમાં લાવી દેવામાં આવી હતી.

(૪) નિર્ગમન ૧૪માં મિસરીઓનો લાલ સમુદ્રમાં નાશ થવાનો છે. તેઓ ડૂબી મરવાના છે, પણ સમુદ્રનાં પાણી ભેગાં થાય તે પહેલાં દેવે

ઈસ્રાએલીઓને નદી પાર ઉતારી દીધા હતા. જ્યારે ઈસ્રાએલીઓ નદી પાર ઓળંગી રહ્યા ત્યાર પછી જ પાણી ભેગાં થયાં અને મિસરીઓ ડૂબી મર્યા.

એમ જ મંડળી - દેવના લોકો યરદન નદી પાર ઊતરી જશે, ગગનમાં તણાઈ જશે, બાપના ઘરમાં પહોંચી જશે, ત્યાર પછી જ પૃથ્વીનો નાશ થશે.

માથ્થી ૨૪:૩૦ થી - "પૃથ્વી પરનાં સઘળાં કુળો શોક કરશે... પણ પ્રભુ ચારે દિશાથી તેના પસંદ કરેલાંઓને એકઠા કરશે."

❖ ❖ ❖

# ૪૪. દેવનાં વચનોની અસર

નહેમ્યાહ ૮મો અધ્યાય

લોકોએ એઝરા શાસ્ત્રીને વિનંતી કરી કે તે તેઓને દેવનાં વચનો સંભળાવે. તેઓની વિનંતીના જવાબમાં એઝરાએ વહેલી સવારથી બપોર સુધી વચનો વાંચી સંભળાવ્યાં. લોકો ધ્યાનથી સાંભળતા હતા.

**વચનોની અસર :**

**(૧) તેઓએ દેવનાં વચનોને ખૂબ માન આપ્યું.**

કલમ ૭, બધા ઊભા થઈને વચનો સાંભળતા હતા. ઊભા થવું એ માનની નિશાની છે.

**(૨) તેઓએ યહોવાની સ્તુતિ કરી.**

બધા લોકોએ પોતાના હાથ ઊંચા કરીને આમીન, આમીન કહ્યું. કલમ ૬.

**(૩) તેઓએ ઈશ્વરનું ભજન કર્યું. કલમ ૬.**

તેઓએ પોતાના માથાં નમાવીને, મુખ ભૂમી તરફ રાખીને ભજન કર્યું.

**(૪) તેઓના હૃદયોમાં અતિ આનંદ થયો. કલમ ૧૨.**

"તેઓ આનંદ પામ્યા."

**(૫) વહેંચણી કરી.**

પોતાના માટે જે ખોરાક તૈયાર કર્યો હતો તેમાંથી બીજાઓને હિસ્સા મોકલી આપ્યા. (કલમ ૧૦, ૧૨).

❖ ❖ ❖

# ૪૫. જુઓ, આ માણસ

સંદર્ભ - યોહાન ૧૯:૧-૫; પ્રકટીકરણ ૧:૧૩-૨૦; પ્રકટીકરણ ૧૯:૧૧-૧૬

બાપની સાથે ઈસુનો મહિમા અને ગૌરવ જુઓ અને એ જ ઈસુને વધસ્તંભે જુઓ.

(૧) ગી.શા. ૨:૯ પ્રમાણે "તું લોઢાના દંડથી તેઓને તોડી પાડશે અને કુંભારના વાસણની પેઠે અફાળીને ટુકડે ટુકડા કરશે."

આવું જેનું સામર્થ્ય અને પરાક્રમ છે એવા ઈસુને વધસ્તંભે જુઓ. તેના હાથ ખાલી છે, લાચાર છે.

(૨) પ્રકટીકરણ ૧:૧૩માં તેણે લાંબો ઝભ્ભો પહેર્યો છે, તેના ઉપર સોનાનો પટ્ટો બાંધેલો છે, ઝભ્ભા ઉપર "રાજાઓનો રાજા અને પ્રભુઓનો પ્રભુ" એવું નામ લખેલું છે.

આવા પ્રભુને જુઓ. અહીં માત્ર સીવણ વગરનો જાંબુઆ રંગનો ઝભ્ભો પહેર્યો છે. આ ઝભ્ભો પણ બીજાઓએ તેને પહેરાવ્યો છે. આ ઝભ્ભા માટે ચિઠ્ઠીઓ નાખવામાં આવી ને અંદરો અંદર વહેંચી લેવામાં આવ્યો. કેવી આ દશા ?

(૩) પ્રકટીકરણ ૧૯:૧૨ પ્રમાણે ઈસુની મહિમાવંતી સ્થિતિમાં તેના માથા ઉપર ઘણા મુગટ મૂકેલા છે. તેના ઉપર નામ લખેલું છે. વળી તેના માથે સોનાનો મુગટ મૂકેલો છે.

એવા ઈસુને અહીં જુઓ - તેના માથા ઉપર કાંટાનો મુગટ છે. કાંટાથી તેના માથામાંથી લોહી ફૂટે છે.

(૪) પ્રકટીકરણ ૧:૫. મહિમાવંતી સ્થિતિમાં ઈસુના મોંમાંથી ધારવાળી તરવાર નીકળે છે. તેના વચનો તરવારની ધાર જેવાં છે. પ્રકટીકરણ ૧૯:૧૫ તેના સાદ પુષ્કળ પાણીના અવાજ જેવો છે. એવા

ઈસુને જુઓ - તે શાંત ઊભો છે, મૂંગો ઊભો છે. તેના ઉપર જુલમ ગુજારવામાં આવ્યો તોપણ ઘેટીની માફક તે મૂંગો રહ્યો, તેણે પોતાનું મોં ઉઘાડ્યું નહિ.

(૫) પ્રકટીકરણ ૧:૧૬ પ્રમાણે ઈસુનો ચહેરો પૂર્ણ તેજથી પ્રકાશતા સૂર્ય જેવો છે. એનો પ્રકાશ એટલો બધો છે કે યોહાન એના તેજમાં ઊભો રહી શક્યો નહિ. મૂએલા જેવો થઈને ઢળી પડ્યો.

જેનો આવો તેજસ્વી ચહેરો હતો એવા ઈસુને વધસ્તંભ આગળ જુઓ. તેનો ચહેરો કરમાઈ ગયો છે. રૂપ બદલાઈ ગયું છે. કદરૂપો બન્યો છે, જેને જોઈને આપણે મુખ અવળુ ફેરવી લઈએ એવો કદરૂપો. (યશાયાહ ૫૩).

"જુઓ આ માણસ."

રે પાસે થઈને જનાર માનવી, શું આ તારી નજરમાં કંઈ નથી ?

શા માટે મહિમાવંતો મનુષ્ય - દેવ પુત્ર વધસ્તંભ આગળ આવી સ્થિતિમાં ઊભો છે ? યશાયાહ ૫૩ - "આપણાં પાપોને લીધે ..."

ગલાતી ૩:૧૩ "ઈસુ શાપિત થયા એટલા માટે કે આશીર્વાદ વિદેશીઓને - આપણને મળે."

❖ ❖ ❖

# ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના પ્રકાશનો

| ક્રમ | પુસ્તકનું નામ | રકમ |
|---|---|---|
| | **જીવન ચરિત્રો** | |
| ૧ | વધસ્તંભ એજ સ્વર્ગ | ૨૦-૦૦ |
| ૨ | ગુરુને ચરણે | ૧૦-૦૦ |
| ૩ | સાચુ મોતી | ૧૦-૦૦ |
| ૪ | રેવ. થોમાભાઈ પાથાભાઈ | ૧૦-૦૦ |
| ૫ | ડી.એલ.મૂડી | ૧૦-૦૦ |
| ૬ | ડેવિડ બાઉમન | ૨૦-૦૦ |
| ૭ | વિલ્યમ કેરી | ૧૫-૦૦ |
| ૮ | જેમ્સ હડસન ટેલર | ૧૫-૦૦ |
| ૯ | પંડિતા રમાબાઈની સાક્ષી | ૨૦-૦૦ |
| ૧૦ | ડૉ.ઈ.સ્ટેન્લી જોન્સ | ૩૦-૦૦ |
| ૧૧ | ચાર્લ્સ સ્પર્જન | ૫૦-૦૦ |
| ૧૨ | સાધુ સુંદરસિંગ(ગ્રંથ) | ૧૨૫-૦૦ |
| ૧૩ | ડેવિડ બ્રેઇનર્ડ | ૨૦-૦૦ |
| | **મનન** | |
| ૧ | કૌટુંબિક વેદી | ૧૦-૦૦ |
| ૨ | જીવન સાફલ્ય ને મનન | ૬૦-૦૦ |
| ૩ | ટેકરીઓનો સાદ | ૧૨૫-૦૦ |
| ૪ | દૈનિક પ્રકાશ | ૭૫-૦૦ |
| ૫ | ઉપલીમેડી દૈનિક પ્રકાશ | ૩૦-૦૦ |
| ૬ | ઉપલીમેડી દૈનિક મનન | ૬૦-૦૦ |
| | **બાળકો** | |
| ૧ | બાલબલની સરળ વાર્તા | ૧૦-૦૦ |
| ૨ | વધામણીની વાતો | ૧૦-૦૦ |
| ૩ | ઝેરાહ | ૧૫-૦૦ |
| ૪ | સપના ઉકેલનાર યોસેફ | ૧૫-૦૦ |
| ૫ | વ્હાલા પંખીડા | ૧૫-૦૦ |
| ૬ | આઝાદીનો લડવૈયો | ૧૨-૦૦ |
| ૭ | વાટને વિસામે | ૪૦-૦૦ |
| ૮ | નાતાલની વાતો | ૧૦-૦૦ |
| ૯ | રાજાનો કેદી દાનીએલ | ૧૫-૦૦ |
| ૧૦ | કલરવ ભાગ-૨ | ૩૦-૦૦ |
| ૧૧ | કલશોર | ૨૦-૦૦ |
| ૧૨ | ફૂલદાની | ૧૫-૦૦ |
| ૧૩ | સાચો મિત્ર | ૨૫-૦૦ |
| ૧૪ | બાઈબલ ક્વીઝ | ૩૦-૦૦ |
| ૧૫ | કલરવ | ૨૫-૦૦ |
| ૧૬ | બહાદુર ગોવાળિયો | ૩૦-૦૦ |
| ૧૭ | આવો ભૂલકા | ૫૦-૦૦ |
| ૧૮ | પતંગિયા | ૩૫-૦૦ |
| ૧૯ | ફૂલડાની ફોરમ | ૨૦-૦૦ |
| | **બાઇબલ સેમીનરી** | |
| ૧ | પુલ્પીટ હેલ્પસ ભાગ-૧ | ૩૦-૦૦ |
| ૨ | પુલ્પીટ હેલ્પસ ભાગ-૨ | ૩૦-૦૦ |
| ૩ | પુલ્પીટ હેલ્પસ ભાગ-૪ | ૩૦-૦૦ |
| ૪ | પુલ્પીટ હેલ્પસ ભાગ-૫ | ૪૦-૦૦ |
| ૫ | ધર્મનું તત્વજ્ઞાન | ૪૦-૦૦ |
| ૬ | પવિત્ર શાસ્ત્રનો અભ્યાસી | ૭૫-૦૦ |
| ૭ | પિતૃઓના કૂવા | ૩૫-૦૦ |
| ૮ | રેલો અને ગીતો | ૩૫-૦૦ |
| ૯ | વધસ્તંભના સાત વચન | ૧૫-૦૦ |
| ૧૦ | ખ્રિસ્તી મંડળીનો ઈતિહાસ | ૫૦-૦૦ |
| ૧૧ | ક્રોસ કથાના પાત્રો | ૧૦-૦૦ |
| ૧૨ | આત્મામાં સ્વપ્નો તથા સંદર્શનો | ૧૫-૦૦ |
| ૧૩ | ખ્રિસ્તી ઈશ્વર વિદ્યાના તત્વો | ૩૫-૦૦ |
| ૧૪ | પ્રબોધકો અને તેમના કાર્યો | ૨૦-૦૦ |
| ૧૫ | જૂનો કરાર તેની રચના તથા સંદેશા | ૬૫-૦૦ |
| ૧૬ | એ શી તરેહનું માણસ | ૩૦-૦૦ |
| ૧૭ | જન સામન્ય માટે બાઈબલ માર્ગદર્શિકા | ૪૦-૦૦ |
| ૧૮ | દાઉદ ભકતના પસંદિત ગીતો આધારિત મનન | ૪૦-૦૦ |
| ૧૯ | પવિત્ર આત્મા વિષે સમજ | ૫૦-૦૦ |
| ૨૦ | નાઝરેથનો ઈસુ | ૧૫-૦૦ |

**નવલિકા**

| | | |
|---|---|---|
| ૧ | વધસ્તંભ અને ચપ્પુ | ૩૦-૦૦ |
| ૨ | સમૃધ્ધ ખ્રિસ્તી જીવન | ૩૦-૦૦ |
| ૩ | ચિરાયેલો પડદો | ૩૦-૦૦ |
| ૪ | સ્ત્રી રત્નો | ૨૦-૦૦ |
| ૫ | ક્વો-વાડીસ | ૩૦-૦૦ |
| ૬ | બારાબ્બાસ | ૩૦-૦૦ |
| ૭ | ધી-રોબ | ૩૫-૦૦ |
| ૮ | કલ્યાણી | ૧૦-૦૦ |
| ૯ | ટૈટસ | ૩૫-૦૦ |
| ૧૦ | માણસ એ કોણ છે | ૧૦-૦૦ |
| ૧૧ | અરમાન નાટય સંગ્રહ | ૪૦-૦૦ |
| ૧૨ | પડદાની પેલે પાર | ૪૦-૦૦ |
| ૧૩ | યાત્રાકારી ભાગ-૧ | ૨૦-૦૦ |
| ૧૪ | ફબીઓલા | ૩૫-૦૦ |
| ૧૫ | નિર્મળા | ૧૦-૦૦ |
| ૧૬ | યોનેકો | ૧૫-૦૦ |
| ૧૭ | યાત્રાકારી ભાગ-૨ | ૩૦-૦૦ |
| ૧૮ | બેનહર | ૩૦-૦૦ |
| ૧૯ | હૃદય પલટો વિશ્વપલટો | ૧૦-૦૦ |
| ૨૦ | જખમ અને જીવન | ૩૦-૦૦ |
| ૨૧ | શરણાગતિ | ૨૦-૦૦ |

**અન્ય**

| | | |
|---|---|---|
| ૧ | યુવાવસ્થા સોનાની ખાણ | ૧૫-૦૦ |
| ૨ | પરિશ્રમની કેડીએ ભાગ-૧ | ૧૫-૦૦ |
| ૩ | પરિશ્રમની કેડીએ ભાગ-૨ | ૧૫-૦૦ |
| ૪ | ઝબકાર અને ઝાંખી | ૨૦-૦૦ |
| ૫ | વેસ્લીયન પ્રણાલી મુજબનું ભક્તિયુક્ત જીવન | ૧૫-૦૦ |
| ૬ | સ્ત્રી-પુરૂષ સંબંધ | ૨૦-૦૦ |
| ૭ | પ્રભુ જીવન કેવી રીતે પ્રાપ્ત કરી શકાય | ૧૦-૦૦ |
| ૮ | પરિવર્તન પામેલા પાત્રો | ૧૫-૦૦ |
| ૯ | ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીનો ૧૫૦ વર્ષનો ઈતિહાસ | ૩૦-૦૦ |
| ૧૦ | ક્ષિતિજને પેલે પારથી | ૨૦-૦૦ |
| ૧૧ | સ્વર્ગ યાત્રા | ૨૦-૦૦ |
| ૧૨ | ઈશ્વરનો સાક્ષાત્કાર | ૨૦-૦૦ |
| ૧૩ | ખ્રિસ્તી કુટુંબ અને ઘર | ૨૦-૦૦ |
| ૧૪ | ઇશ્વર મારા ધંધાના માલિક છે | ૧૫-૦૦ |
| ૧૫ | પિતરનો પહેલો પત્ર | ૧૨૫-૦૦ |

**કોમેન્ટરી**

| | | |
|---|---|---|
| ૧ | કાળવૃતાંતનો સંદેશ | ૧૨૫-૦૦ |
| ૨ | પ્રેષિતોના કાર્ય ધ્વારા મળતો ઈશ્વરીય સંદેશ | ૮૦-૦૦ |
| ૩ | ફિલિપ્પીનો પત્રનો સંદેશ | ૪૦-૦૦ |
| ૪ | ગિરિપ્રવચન | ૪૦-૦૦ |
| ૫ | કરંથિઓનો પહેલા પત્રનો સંદેશ | ૪૦-૦૦ |
| ૬ | કરંથિઓનો બીજા પત્રનો સંદેશ | ૩૦-૦૦ |
| ૭ | ઉત્પત્તિનો સંદેશ ૧૨ થી ૫૦ | ૪૦-૦૦ |
| ૮ | હિબ્રૂઓના પત્રનો સંદેશ | ૫૦-૦૦ |
| ૯ | અયૂબ | ૬૦-૦૦ |
| ૧૦ | યશાયા | ૧૨૫-૦૦ |
| ૧૧ | ગીતોનું ગીત | ૬૦-૦૦ |
| ૧૩ | વૈદિક ખોજની પરિપૂર્ણતા ઇસુખ્રિસ્ત | ૨૫-૦૦ |

**અન્ય**

| | | |
|---|---|---|
| ૧ | દુ:ખ દ્વારા શિક્ષણ | ૧૦-૦૦ |
| ૨ | મને પ્રાર્થના કરતાં શીખવો | ૨૫-૦૦ |
| ૩ | પવિત્ર યુદ્ધ | ૧૦૦-૦૦ |
| ૪ | રશિયા ઇઝરાયેલ અને બાઇબલ | ૪૦-૦૦ |
| ૫ | ક્રોસ કથાના પાત્રો | ૨૦-૦૦ |
| ૬ | તમારા પ્રશ્નોના ઉત્તર | ૨૦-૦૦ |
| ૭ | સૂર-સંદેશ | ૨૦-૦૦ |
| ૮ | મિલેનિયમનો સ્વામી | ૨૫-૦૦ |
| ૯ | એસ્તર | ૨૦-૦૦ |
| ૧૦ | અનેક માની આસુંભરી પ્રાર્થનાના પરિણામ | ૩૦-૦૦ |
| ૧૧ | અંતરના અજવાળા | ૨૫-૦૦ |
| ૧૨ | ભલો ભરવાડ | ૨૦-૦૦ |

# લેખકનો પરિચય



રેવ. બી. એસ. પરમાર પાળક, શિક્ષક અને લેખક હતા. પાળક તરીકેની તેમની સેવા લોકો માટે આશીર્વાદીત રહી હતી. જ્યારે શિક્ષક ની વાત કરીએ ત્યારે તેઓએ પોતાની વિવિધ મંડળી મધ્યેની સેવામાં બાઇબલને બહું સરળ તથા અસરકારક શૈલીમાં લોકોને શીખવ્યું હતું. લેખક તરીકેની તેમની સેવા ગુજરાતી ખ્રિસ્તી સમાજ ખ્રિસ્તીબંધુમાં પ્રગટ થતાં તેમના લેખો દ્વારા માણી છે. ઉપરાંત પુલ્પિટ હેલ્પસ પાંચ ભાગ દ્વારા તેમણે બહુ મોટી સેવા સમાજની અને ખાસ કરીને પાળકવર્ગની કરી છે.

રેવ. બી. એસ. પરમારસાહેબ શાંત સ્વભાવના હતા. તેઓનો ચાહકવર્ગ મોટો રહ્યો હતો. વળી તેમનામાં રમુજવૃતિ પણ એટલીજ હતી.

રેવ. પરમાર સાહેબ મેથોડિસ્ટ મંડળીના એક આગેવાન પણ હતા. પરંતુ તેઓને અન્ય મંડળીના લોકો એટલાજ માનથી જોતાં હતાં. તેઓ સાહેબ બધાજ લોકોમાં આવકાર્ય અને સ્વીકાર્ય હતા. પોતાને મળેલી તક અને શક્તિનો તેમણે ભરપૂર રીતે પ્રભુના મહિમા માટે હંમેશા ઉપયોગ કર્યો છે.

રેવ. બી.એસ. પરમાર સાહેબે પુલ્પિટ દ્વારા કરેલી સેવા કદાચ મેથોડિસ્ટ મંડળીની પૂરતી સિમિત રહી. જ્યારે સાહિત્ય દ્વારા કરેલી સેવા જેને કોઈ બંધન નડ્યા નહિ. ગુજરાતી ખ્રિસ્તી સમાજે તેઓની આ સેવાને આનંદથી સ્વીકારી છે અને તે દ્વારા આશિષ પણ પામ્યા છે.

પ્રભુના સેવકમાટે પ્રભુનો જ આભાર માનીએ.

પ્રેમભાવથી,
**રેવ. હેમંતકુમાર જે. પરમાર**
સેક્રેટરી

Published

GUJARAT TRAC

29BGP2

Sahitya Seva Sac
Ellisbridge, Ahmedabad - 380006. INDIA
Phone : 26445281 E-mail : gtbs_1852@yahoo.co.in